श्रीशिवयोगिशिवाचार्यविरचितः

# श्रीसिद्धान्तशिखामणिः

गुजरातीव्याख्याकारः

डॉ. करुणा एस. त्रिवेदी

श्री शिवयोगीशिवाचार्यविरचित

# श्रीसिद्धान्तशिखामणि

ગુજરાતી અનુવાદ

**ડૉ. કરુણા સુધીર ત્રિવેદી**
આચાર્ય
*તલકચંદમ્યાચંદ શાહ મહિલા આર્ટ્સ કોલેજ, ઈડર*
*(સાબરકાંઠા) ગુજરાત*

: પ્રકાશક :

**શૈવભારતી-શોધપ્રતિષ્ઠાન**

*ડી.૩૫/૭૭ જઙ્ગમવાડી મઠ, વારાણસી - ૨૨૧૦૦૧*

**प्रकाशक :**
**शैवभारती शोध प्रतिष्ठानम्**
डी. 35/77, जङ्गमवाड़ी मठ
वाराणसी- 221001
दूरभाष : (0542) 2450546

© शैवभारती शोध प्रतिष्ठानम्

**Editor**

**All rights reserved, no part of this book may be reproduced or utilized in any form or by any means, electronic or mechanical including photocopy, publication or any information storage and retrieval system without the written permission of the editor.**

**The views expressed by the authors in the articles are their own. Editor and publisher is not responsible for this.**

**प्रथम संस्करण 2015**

मूल्य : रु. 600.00 (सजिल्द), रु. 450.00 (अजिल्द)

**अक्षर संयोजन : मालवीय कम्प्यूटर्स,**
B 31/21 लंका, वाराणसी-5
दूरभाष : 236398

**मुद्रक :**
मित्तल ऑफसेट्
सुन्दरपुर वाराणसी

# SRISIDDHANTASIKHAMANIH
**of Sivayogi Sivacarya**
with Tattvapradipika Sanskrta Commentary
&
'Jnanavati' Hindi Commentary

By
**Dr. Karun Sudhir Trivedi**
Professor
T.M. Shah Women Art's College
(Sabarkatha) Gujarat

**SHAIVA BHARATI SHODHA PRATISHTHANAM**
D. 35/77, Jangamwadimath, Varanasi-221001

**॥ ૐ નમઃ પઞ્ચજગદ્ગુરુભ્યઃ ॥**

*શૈવભારતી શોધપ્રતિષ્ઠાનના સંસ્થાપક શ્રીકાશીવિશ્વારાધ્ય*

*જ્ઞાનસિંહાસનાધિશ્વર શ્રી ૧૦૦૮ જગદગુરૂ ડૉ. ચંદ્રશેખરજી*

*શિવાચાર્ય મહાસ્વામીજીનો આશીર્વાદ*

# શુભાશીર્વચન

*શૈવ ભારતી શોધ પ્રતિષ્ઠાનના ૫૦ વાઁ ગ્રંથપુષ્પના રૂપમાં 'જ્ઞાનવતી' ગુજરાતી ભાષાતરની સાથે શ્રીસિદ્ધાંતશિણામણિ ગ્રંથનો શિવાર્પણ કરતા હુઁ ખુબજ હર્ષની લાગણી અનુભવી રહ્યો છું.*

*હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિર્વસિટી (પાટણ) ગુજરાત સાથે જોડાયેલ શ્રી ટી.એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજ, ઈડર ના સંસ્કૃત વિભાગના અધ્યક્ષ અને હાલમાં આચાર્યની પદવી ધરાવતા અને સન્માનીય રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત પં. વ્રજવલ્લભ દ્વિવેદ્વી (વારાણસી) ના દીકરી ડૉ. કરુણા સુધીર ત્રિવેદીએ આ ગ્રંથનો ગુજરાતી ભાષાંતર કરીને આ ગ્રંથપુષ્પની ઉપાદેયતાને વધારી દીધી છે. આજ દિન સુધી અનેક વિદ્વાનો દ્વારા શ્રીસિદ્ધાંતશિખામણીના સંસ્કૃત, કન્નડ, મરાઠી, તેલગુ, તમિલ, અંગ્રેજી, હિન્દી, ભોજપુરી, અવધી, ઉર્દુ, નેપાઈી, રશિયન અને ગુજરાતી વગેરે ભાષાઓમાં અનુવાદ થયો છે.*

*શ્રીસિદ્ધાંતશિખામણિનો ગુજરાતી ભાષાંતર હવે ગુજરાતમાં પણ તેની મહત્તાને વધારવા સક્ષમ બનશે.*

*શ્રીસિદ્ધાંતશિખામણિ સમ્પૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના શક્તિવિશિષ્ટાદ્વૈત વેદાંતાચાર્ય પરીક્ષાના અને કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના ધર્માગમ્ આચાર્ય પરીક્ષાના અભ્યાસક્રમમાં પાઠ્ય ગ્રંથના રૂપમાં સ્વીકૃત થયો છે. હવે આ ગ્રંથનો ગુજરાતી ભાષાતર ગુજરાતના વિદ્વતજન માટે પણ ઉપયોગી સિદ્ધ થશે એવી મારી ધારણા છે.*

*હુઁ કામના કરું છું કે ડૉ. કરુણા ત્રિવેદી પણ નિરોગી રહી સંસ્કૃત સાહિત્યની સેવામાં તત્પર રહે અને સમાજની સેવા માં પોતાની યોગદાન આપતા રહે ભગવાન શિવશંકર, માતા અન્નપૂર્ણા અને શ્રી જગદ્ગુરૂ વિશ્વારાધ્યની અસીમ કૃપા તેમના સમસ્ત પરિવાર ઉપર સદૈવ બની રહે.*

**ઈત્યાશિષ**

******

# પરિચય

*જાણીતા પંડિત વ્રજવલ્લભ દ્વિવેદીના દીકરી ડૉ. કરુણા સુધીર ત્રિવેદીનો જન્મ હિન્દુ, ઔદિચ્ય બ્રાહ્મણ પરિવારમાં વારાણસી મુકામે ૫ ઑગસ્ટ, ૧૯૬૦ ના રોજ થયો હતો. પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ એમણે વારાણસીમાં લીધું હતું. એમણે ૧૯૯૧માં ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્યભવનના સંસ્કૃત વિભાગના પૂર્વ અધ્યક્ષ ડૉ. ભગવતીપ્રસાદ પંડયાના માર્ગદર્શન હેઠળ 'કૂર્મપુરાણ ધર્મ ઔર દર્શન' વિષય પર પીએચ. ડી.ની ઉપાધિ મેળવી છે. ૧૯૮૯થી ત્રણેક વર્ષ સુધી જુદી-જુદી કૉલેજોમાં પાર્ટ ટાઇમ અધ્યાપક તરીકે અધ્યાપન કર્યુ હતું. ૧૯૯૨ થી ઇડરની શ્રી ટી. એમ. શાહ મહિલા આર્ટ્સ કૉલેજમાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે જોડાયા અને સંસ્કૃત વિભાગના અધ્યક્ષ તરીકે કાર્યરત રહ્યા.*

*ડૉ. કરુણા ત્રિવેદીએ રાજ્ય કક્ષાના, રાષ્ટ્રીય કક્ષાના અને અન્તર્રાષ્ટ્રીય કક્ષાના વિવિધ સેમિનારોમાં ભાગ લઈ પેપર વાંચન પણ કર્યા છે. કૉલેજના એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઑફિસર તરીકે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની સંસ્કૃત વિષયની બૉર્ડ ઑફ સ્ટડિઝની સમિતિમાં સભ્ય તરીકે, ગુજરાત રાજ્ય પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગરના પાઠયપુસ્તકની હસ્તપ્રતોના પરામર્શક તરીકે, પ્રાચીન હસ્તપ્રતોના સંશોધક તરીકે, આકાશવાણી અમદાવાદમાં રેડિયો ટૉક આપીને - એમ વિવિધ પ્રકારની કામગીરી સફળતાપૂર્વક બજાવેલ છે. સંસ્કૃત ભાષા - સાહિત્ય વિષયક તેમના વિવિધ પ્રકારના અભ્યાસલેખો સામયિકોમાં પ્રગટ થયેલ છે. 'કૂર્મપુરાણ ધર્મ ઔર દર્શન', 'મીરાંબાઈ ઔર ગુજરાત' તથા 'વેદસાર સમુચ્ચય' એ ત્રણે હિન્દી ભાષામાં પ્રગટ થયેલા એમના પુસ્તકો છે. 'અવગાહન' એ ગુજરાતીમાં પ્રગટ થયેલ તેમના પુસ્તક છે. આ ઉપરાંત અભ્યાસ ક્રમના વિવિધ પુસ્તકો 'સભાપર્વ',*

*'માલવિકાગ્નિમિત્ર', 'રઘુવંશ' અને 'સંસ્કૃતસાહિત્યનો ઈતિહાસ' જેવા પુસ્તકોનું સંપાદન પણ કરેલ છે.*

*તેઓશ્રી એ કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર, સંસ્કૃત યુનિવર્સિટી, સોમનાથ વેરાવણ અને પેસીપીક યુનિવર્સિટી, ઉદેપુરથી પીએચ.ડી.ના માર્ગદર્શકની માન્યતા પણ મેળવી છે. ત્રણ અધ્યાપક તેમના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. ની પદવી પ્રાપ્ત કરી ચુક્યા છે.*

*હાલમાં તેઓ શ્રી ટી.એમ. શાહ મહિલા આર્ટ્સ કોલેજમાં આચાર્યા તરીકેની ફરજ બજાવી રહ્યા છે અને રોટરી ક્લબ ઈડરના પ્રેસીડેન્ટ પણ છે.*

******

# પ્રસ્તાવના

ભારતીય ધર્મપરંપરામાં વીરશૈવ ધર્મ એક સનાતન ધર્મ માનવામાં આવે છે. આ ધર્મના સંસ્થાપકો પાંચ આચાર્યો છે. તેઓને જગદ્ગુરૂ પદ્માચાર્ય કહેવામાં આવે છે. સિદ્ધાંતશિખામણી એક વીરશૈવ ધર્મગ્રંથ છે, આ ઉપરાંત આ પ્રસંગમાં જગદ્ગુરૂ પદ્માચાર્યનો ટૂંકમાં પરિચય આપતાં શ્રી જગદ્ગુરૂ રેણુકાચાર્યજી અથવા સિદ્ધાંતશિખામણીના સંદર્ભે વિસ્તૃત વિવરણ માટે આવશ્યકતા હોય એવું પ્રતિત થાય છે. આપણે આગળ ચાલીને ઉપરોકત વિષય પર સંભવતઃ પ્રકાશ પાડીશું. તો પણ ઉત્સાહી લોકોની જીજ્ઞાસાનું સમાધાન વિશાળ માત્રામાં થઈ શકે છે.

ભારતીય ધર્મસંપ્રદાયોમાં વીરશૈવ ધર્મસંપ્રદાયનું એક વિશિષ્ટ સ્થાન રહેલું છે. આ સંપ્રદાયની સ્થાપના રેણુક, દારૂક, ઘંટાકર્ણ, ધેનુકર્ણ અને વિશ્વકર્ણ નામના પાંચ મુખ્ય શિવભકતોએ શિવજીના આદેશ અનુસાર સ્થાપના કરી છે. આ પાંચ ગુરૂઓને પદ્માચાર્ય કહેવાયા છે. આ પદ્માચાર્ય ભૂલોકમાં ક્રમશઃ આંધ્રપ્રદેશના કોલ્લીપાકી વિસ્તારમાં આવેલું સોમનાથ, મધ્યપ્રદેશમાં ઉજૈનના મધ્ય વટ વિસ્તારમાં સિદ્ધેશ્વર, આંધ્રપ્રદેશના શ્રીશૈલ વિસ્તારમાં મલ્લિકાર્જુન અને ઉત્તરપ્રદેશના કાશીમાં વિરેશ્વર જ્યોતિર્લિંગોમાંથી પ્રગટ થયેલા છે. તેઓએ ધર્મ સ્થાપના નિમિત્તે રમ્ભાપુરી(કર્ણાટક), ઉજૈન(મધ્યપ્રદેશ અને કર્ણાટક), ઓખીમઠ(ઉત્તરાંચલ) તથા કાશી(ઉત્તરપ્રદેશ) વિસ્તારમાં પાંચ ધર્મપીઠોની સ્થાપના કરી હતી. આ પાંચ પીઠ વીરશૈવ ધર્મની રાષ્ટ્રીય પીઠ તરીકે ઓળખાય છે. આ પાંચ પીઠોના પાંચ આચાર્યોએ પાંચ મહર્ષિઓને સૂત્ર રૂપે વીરશૈવ

ધર્મ–સંપ્રદાયનો ઉપદેશ આપવામાં આવ્યો.  આમાંથી રમ્ભાપુરી પીઠના શ્રી જગદ્ગુરૂ રેણુકાચાર્યજીએ મહર્ષિ અગસ્ત્યને ષડવિડિ સૂત્રનો, હિમવત્ ઉજૈન પીઠના જગદગુરૂ દારુકાચાર્યજીએ દધીચિ મહર્ષિને વૃષ્ટિસૂત્રનો કેદારપીઠના ઘંટાકર્ણજીએ વ્યાસ મહર્ષિને લમ્બનસૂત્રનો, શ્રી શૈલપીઠના જગદ્ગુરૂ ધેનુકર્ણાચાર્યજીએ સાનન્દ મહર્ષિને મુકતાગુચ્છ – સૂત્રનો અને કાશીપીઠના જગદ્ગુરૂ વિશ્વકર્ણાચાર્યજીએ મહર્ષિદુર્વાસાને પંચવર્ણ – મહાસૂત્રનો ઉપદેશ આપ્યો.

આ સંદર્ભે –

पञ्चाननमुखोद्भूतान पञ्चाक्षरमनूपमान्।

पञ्चसूत्रकृतो वन्दे पञ्चाचार्यान् जगद्गुरुन् ॥

(પંચમુખ સદાશિવના પાંચ મુખો દ્વારા  પ્રગટ થઈ ન, મ, શિ, વા અને ય આ પંચાક્ષરો સમાન સ્વરૂપવાળા સૂત્રોની રચના કરવાવાળા જગદ્ગુરૂ પદમાચાર્યોને નમસ્કાર) આ પરંપરાગત શ્લોક સુપ્રસિદ્ધ છે.

આમાંથી કાશી પીઠના જગદ્ગુરૂ વિશ્વકર્ણાચાર્યજી દ્વારા મહર્ષિ દૂર્વાસાને ઉપદિષ્ટ પદ્મવર્ણમહાસૂત્રને ભાષ્ય અને હિન્દી વ્યાખ્યા સાથે ઈ.સ. ૨૦૦૫માં કાશી જગંમવાડી મઠના શૈવભારતી શોધપ્રતિષ્ઠાન દ્વારા પ્રકાશિત થઈ ચૂકયો છે. આ સંશોધન સંસ્થાના નિર્દેશક રાષ્ટ્રીય પંડિત વ્રજવલ્લભ દ્વિવેદીજીએ કઠિન પરિસ્થિતિમાં હિન્દી અનુવાદન સાથે એમનું સંપાદન કરેલું છે. આશા છે કે અન્ય આચાર્યો દ્વારા ઉપદિષ્ટ અવશિષ્ટ ચાર સૂત્રોનું સંશોધન અને સંપાદન પણ સારી રીતે સંપન્ન થશે.

રમ્ભાપુરી પીઠના જગદ્ગુરૂ દ્વારા મહર્ષિ અગસ્ત્યને ષડવિડિ સૂત્રની સાથે આગમોકત વીરશૈવ સિદ્ધાંતનો જે વિસ્તારથી ઉપદેશ આપવામાં આવ્યો હતો, એનો સંગ્રહ શ્રી શિવયોગી શિવાચાર્યએ કર્યો છે.તે ગ્રંથ આજે શ્રીસિદ્ધાંતશિખામણીના નામથી પ્રસિદ્ધ છે.

શ્રીસિદ્ધાંતશિખામણી વીરશૈવ ધર્મ સંપ્રદાયનો પ્રતિપાદક અને અદ્વિતીય સંસ્કૃત ગ્રંથ કહેવામાં આવે છે. જે રીતે વેદાંત– પ્રસ્થાનત્રયીમાં ઉપનિષદોની સારભૂત ભગવદ્ગીતા ભગવાન શ્રીકૃષ્ણ દ્વારા કહેવાયેલ હોવા છતાં પણ મહર્ષિ વ્યાસ દ્વારા લિપિબદ્ધ કરવામાં આવી, આ રીતે જગદ્ગુરૂરેણુકાચાર્યજી દ્વારા મહર્ષિ અગસ્ત્યજીને કહેવાયેલ વીરશૈવ સિદ્ધાંતને શિવયોગી શિવાચાર્ય નામના સુપ્રસિદ્ધ વીરશૈવ આચાર્યએ રેણુકાગસ્ત્યસંવાદ રૂપે લિપિબદ્ધ કરેલ છે. જે રીતે ભગવદ્ગીતા સમગ્ર ઉપનિષદનો સારસર્વસ્વ છે, તે રીતે શ્રીસિદ્ધાંતશિખામણી કામિકાદિ વાતુલાન્ત ૨૮ સિદ્ધાંતોનો સારાંશ છે.

એકવીસમાં પરિચ્છેદમાં ઉપનિબદ્ધ શ્રીસિદ્ધાતંશિખામણીમાં પ્રથમ ૧૪૦૦ શ્લોક છે. આ ગ્રંથમાં પ્રથમ પરિચ્છેદથી લઈને ચતુર્થ પરિચ્છેદ સુધી મંગલાચરણ, કવિનું વંશવર્ણન, કૈલાશ–પર્વત– વર્ણન, જગદ્ગુરૂ રેણુકાચાર્યજીના લિંગાવતારનું વર્ણન અને મહર્ષિ અગસ્ત્યજીના આશ્રમ વગેરેનું વર્ણન કરવામાં આવ્યુ છે. આ પરિચ્છેદમાં વિભીષણની પ્રાર્થના અનુસાર શ્રીલંકામાં જગદ્ગુરૂ રેણુકાચાર્યજી દ્વારા ત્રણ કરોડ શિવલિંગની યુગપત્ સ્થાપના કરવાના મહિમાનું વર્ણન કર્યુ છે. આ ગ્રંથના પાંચમા પરિચ્છેદથી વીસમા પરિચ્છેદ સુધીના ભાગમાં વીરશૈવ ધર્મ સંપ્રદાયના ષટ્સ્થલ સિદ્ધાંત એક સો એક (૧૦૧) અવતાર સ્થળ રૂપે ખુબ જ વિસ્તારથી પ્રતિપાદિત કરેલ છે.

શ્રીસિદ્ધાંતશિખામણિ એવો પ્રથમ ગ્રંથ છે, જેમાં વીરશૈવ ષટ્સ્થળ સિદ્ધાંતને એકોત્તરશત સ્થળ રૂપે શાસ્ત્રોકત રીતે પ્રતિપાદિત કરવામાં આવ્યુ છે. અન્ય શૈવાગમોમાં ષટ્સ્થળોનું ફકત નામનો ઉલ્લેખ તથા એમના સિદ્ધાંતોને પ્રતિપાદિત કરવામાં આવ્યા છે. પરંતુ શ્રી શિવયોગી શિવાચાર્યજીએ આગમોકત ષટ્સ્થળ સિદ્ધાંતને આધાર માની આ ષટ્સ્થળોને ૧૦૧ સ્થળોમાં વિસ્તૃત કરી એક અપૂર્વ અને અદ્ભૂત પદ્ધતિ દ્વારા વિવેચન

કરવામાં આવ્યું છે. આથી ષટ્સ્થળોના એકોત્તરશત સ્થળની રૂપમાં પ્રથમ વિવેચક શ્રી શિવયોગી શિવાચાર્ય કહેવાયા છે.

**ગ્રંથનામ રહસ્ય :**

શ્રી રેણુકાગસ્ત્યસંવાદાત્મક આ ગ્રંથનું ઢશ્રીસિદ્ધાંતશિખામણિ' નામકરણ કરવામાં આવ્યુ છે. એનું રહસ્ય આ છે કે કામિકાદિ વાતુલાન્ત શિવ ઉપાસક ૨૮ શૈવાગમ સિદ્ધાંન્તાગમ નામથી પ્રસિદ્ધ છે. આ સિદ્ધાંતાગમોના ઉત્તર ભાગમાં વીરશૈવ સિદ્ધાંત નિરૂપણ છે. આ રીતે સિદ્ધાંતગમોના ઉત્તરભાગમાં કરવામાં આવેલ નિરૂપણને શ્રી શિવયોગી શિવાચાર્યએ પોતાની વિશિષ્ટ રચનાશૈલીમાં ગ્રંથસ્થ કરેલ છે. તે સંગ્રહિત સિદ્ધાંત શિખામણી, શિરોરત્ન સમાન હોવાને લીધે ઢસિદ્ધાંતશિખામણિ' કહેવામાં આવે છે. આ અર્થનું સમર્થન કરતાં ગ્રંથકારે કહયુ છે કે

**सर्वेषां शैवतन्त्रणामुत्तरत्वात्रिात्तरम्।**

**नाम्ना प्रतीयते लोके यत्सिद्धान्तशिखामणिः॥**

આ રીતે આગમપ્રતિપાદિત અનેક સિદ્ધાંતોમાં વીરશૈવ સિદ્ધાંત એક શિખામણિસદશ હોવાના લીધે પ્રસ્તુત ગ્રંથમાં પ્રતિપાદિત છે. એટલા માટે આ ગ્રંથનેઢશ્રીસિદ્ધાંતશિખામણિ' કહેવામાં આવ્યો છે.

**ગ્રંથકાર અને સમય :**

ગ્રંથકાર શ્રી શિવયોગી શિવાચાર્યએ આ ગ્રંથના પ્રથમ પરિચ્છેદમાં શ્લોક ૧૩ – ૨૦ માં ગ્રંથકારે પોતાનું વર્ણન કર્યુ છે. આ વર્ણન દ્વારા જાણી શકાય છે કે એમના વંશમાં વર્ષો પહેલાં શિવયોગી નામનો એક મહાન યોગી પેદા થયો હતો. એમના વંશમાં મુદ્દદેવ નામનો આચાર્ય થયા હતા. એમનો સિદ્ધનાથ નામનો એક પુત્ર હતો. એમના ખોળે ફરી પાછો શિવયોગી નામનો પુત્ર થયો હતો. તે શિવયોગી જ આ ગ્રંથના રચિયતા શિવયોગી શિવાચાર્ય છે.

**ગ્રંથકારનું વંશવૃક્ષઃ**

શિવયોગી–મુદદદેવ–સિદ્ધનાથ–શિવયોગી – (સિદ્ધાંતશિખામણીના રચયિતા)

આ વારસાગત વર્ણન દ્વારા શિવયોગી શિવાચાર્યજી દેશકાળના સંદર્ભે સ્પષ્ટ રીતે કોઈ પણ માહિતી મળતી નથી. ૧૭મીં શતાબ્દીમાં વર્તમાન કર્ણાટકના મરિતોણ્ટદાર્ય નામના એક વિદ્વાને આ ગ્રંથ ઉપર તત્ત્વપ્રદીપિકા નામની વ્યાખ્યા આપી છે. એમણે અવતરણના પ્રારંભે – **भकलिकालष्टप्रवेशानन्तरं लोकहितार्थं रेणुकगणेश्वर इति प्रसिद्धो रेवणसिद्धेश्वरः कुम्भ सम्भवाय वीरशैवशास्त्रमुपदिष्टवान्। तदनन्तरं। रेणवसिद्धेश्वरः दृष्टिगर्भ सम्भूतसिद्धरामेश्वरसम्प्रदायप्रसिद्धः सकलनिगमागमपारगः शिवयोगीश्वर इत्याभि धानवान् कश्चिन्माहेश्वरस्तद्रेणुकागस्त्यसंवादं निर्विध्नेन स्वशिष्यान् बोधयितुं स्वमनसि कृतसकल्पसिद्धान्तश्रेष्ठनिगमागमैक्य गर्भीकारलक्षणस्वष्टदेवतानमस्काररूपं मङ्गलं शिष्यशिक्षार्थं सप्तभिः श्लोकैर्निबध्नाति** ' આ સંદર્ભમાં ગ્રંથકારે શિવયોગી શિવાચાર્યજીએ શ્રી સિદ્ધરામેશ્વરજીના સંપ્રદાય સાથે નાતો એમના વંશજ માનવામાં આવ્યા છે. પરંતુ મરિતોણ્ડદાર્યજીની આ યુક્તિ તર્કસંગત પ્રતીત થતી નથી.

મહારાષ્ટ્ર વિસ્તારના સોલાપુર માં ૧૨ મી શતાબ્દીમાં શ્રી સિદ્ધરામેશ્વરજીના સંપ્રદાય સાથે નાતો, અર્થાત્એમનો વંશ જ માનવામાં આવ્યા છે. એમના પિતાનું નામ મુદદગૌડા હતુ અહીં શિવયોગી શિવાચાર્યએ એમના પૂર્વ વંશોજોમાંથી એકનું નામ મુદદદેવ રાખ્યુ છે. આ બાજું મુદદગૌડાના પુત્રનું નામ સિદ્ધરામ હતુ. અહીં મુદદદેવનો પુત્ર સિદ્ધનાથ છે. આ રીતે સરખા નામના લીધે શકય છે કે મુદદદેવને મુદદગૌડા માનવામાં આવ્યો હોય અને સિદ્ધનાથ ને સિદ્ધરામ માનીને મરિતોણ્ટદાર્યજીના મનમાં ભ્રમ પેદા થયો હશે. હકીકતમાં સોલાપુરના શ્રીસિદ્ધરામેશ્વરના વંશની સાથે શ્રી શિવયોગી શિવાચાર્યજીનો કોઈ નાતો

હોઈ શકે નહિ. કર્ણાટકના વીરશૈવ વિદ્વાન ડો. જ.ચ.નિ અને એન.આર.કરિબસવ શાસ્ત્રી જેવા વિદ્વાનોને શ્રી મરિતોણ્ટદાર્યજીના વિચારોને યથાર્થ ગણાવ્યા છે.

**ગ્રંથના સમયગાળા માટે દાસગુપ્તના અનુમાનો :**

ડો. એસ.એન. દાસગુપ્તા ભારતીય તત્વજ્ઞાનના ખુબ મોટા ઈતિહાસકાર માનવામાં આવ્યા છે. તેઓએ શ્રીસિદ્ધાંતશિખામણીના સમયગાળાનું વર્ણન કરતાં કહયું છે –ઢશ્રીસિદ્ધાંતશિખામણિ ગ્રંથમાં શ્રી બસવેશ્વરના નામનો ઉલ્લેખ હોવાથી આ ગ્રંથ બસવેશ્વર પછીનો તેમજ શ્રીકરભાષ્યમાં શ્રીસિદ્ધાંતશિખામણિનો ઉલ્લેખ હોવાથી આ પંડિતારાઘ્યના પહેલાની રચના હોય શકે છે. પરંતુ શ્રી દાસગુપ્તાજીના મત પ્રમાણે આ બે વિદ્વાનોની યુકિતના આધારે પણ શ્રીસિદ્ધાંતશિખામણિ શખામણીનો સમય શ્રીકરભાષ્યના મતે પ્રાચીન માનવું વધુ યોગ્ય છે. પરંતુ આ ગ્રંથ બસેશ્વર પછીના સમયનો છે, આ કથન નિરાધાર છે, કેમકે શ્રીસિદ્ધાંતશિખામણિના મુળ શ્લોકોમાં કોઈ પણ સ્થાને શ્રી બસવેશ્વરનો ઉલ્લેખ મળતો નથી. પરંતુ શ્રી મરિતોણ્ડદાર્યકૃત તત્ત્વપ્રદિપિકા વ્યાખ્યાના અવતરણમાં વીરભદ્રચાર અને બસવેશ્વરનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આથી સિદ્ધ થાય છે કે શ્રીસિદ્ધાંતશિખામણિની તત્ત્વપ્રદીપિકા વ્યાખ્યાના કર્તા શ્રી મરિતોણ્ડદાર્ય શ્રીબસવેશ્વરનો અનુગામી હતા નહિ કે મુળ લેખક શિવયોગી શિવાચાર્ય. શ્રીદાસગુપ્તાજી શકય છે ક ેશ્રીસિદ્ધાંતશિખામણિના સમયના સંદર્ભમાં મૂળગ્રંથ તથા એમની વ્યાખ્યાના રહસ્યને સમજી ન શકવાને લીધે અવધારણા કરી બેઠા છે.

અહી એક તથ્યને સમજી લેવું જોઈએ કે મહાત્મા બસવેશ્વરે એમના એક વચનમાં શ્રીસિદ્ધાંતશિખામણિની

भप्रसादाद् देवताभक्तिः प्रसादो भक्तिसंभवः।

यथैवाघरते बीजं बीजतो वा यथाऽघुरः॥

આ શ્લોકને પ્રમાણ આધારિત પ્રસ્તુત કર્યો છે. આ શ્લોક શ્રીસિદ્ધાંતશિખામણિના નવમા ગદ્યખંડનો ૩૬મો શ્લોક છે. આ સિવાય ૧૨મી શતાબ્દીના ચન્નબસવેશ્વર જેવા સંતોના જાતિવાદના નિરાકરણ પ્રસંગમાં –

शिवभक्तिसमावेशे क्व जातिपरिकल्पना।

इन्धष्वग्निदग्धेषु को वा भेदः प्रकीर्त्यते॥

(सि ॥शि ११॥ ५५)

સિદ્ધાંતશિખામણીમાં આ શ્લોકને આધારરૂપે પ્રસ્તૂત કર્યો છે. આથી શ્રીશિવયોગીશિવાચાર્ય ૧૨મી સદી પહેલાથી જ વિદ્વાન હતા, આ સ્પષ્ટરૂપે સિદ્ધ થાય છે.

આ ઉપરાંત શ્રીપંડિતરાય રચિત શ્રીકરભાષ્યમાં શ્રીસિદ્ધાંતશિખામણિનો સપ્રમાણ ઉલ્લેખ થવાને કારણે આ ગ્રંથકારનો સમય શ્રીપતિ પંડિતારાધ્યના પહેલા માનવો પડશે. શ્રીપતિ પંડિતારાધ્યનાજીનું લેખન કાર્યના સમય સંદર્ભે ભારતીય તત્વચિંતક સુપ્રસિદ્ધ વિદ્વાન સ્વર્ગીય પંડિત બળદેવ ઉપાધ્યાયેજીએ ઈ.સ. ૧૦૬૦નો સમય ગણાવ્યો છે. અને શ્રીકરભાષ્યમાં શ્રી રામાનુનંદચાર્યજીનો તથા એમના શ્રી ભાષ્યનો ઉલ્લેખ થવાને લીધે શ્રીપતિજી રામાનુનંદચાર્યનો પુરોગામી માની શકાય છે. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સ્વર્ગીય ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણજીએ રામાનુજાચાર્યનો સમયગાળો ઈ.સ. ૧૦૬૪ તથા ૧૦૭૨નો ગણાવ્યો છે.

કાશીનાથના પૂર્વ જગદ્‌ગુરુ વીરભદ્ર શિવાચાર્યની તથા શ્રી ટી.એસ નારાયણ શાસ્ત્રીજીએ શ્રીભાષ્યનો સમય પ્રાચીન શિલાલેખોના આધારે ક્રમશઃ ઈ.સ. ૧૦૬૪ તથા ઈ.સ.૧૦૭૨ ગણાવ્યો છે. આ સમગ્ર વિદ્વાનોના

વિચારો પરથી શ્રીપંડિતારાધ્યજીનો સમય ચોક્કસ રીતે ૧૧મીં સદીનો નિશ્ચિત થાય છે. એમના દ્વારા રચિત શ્રીકરભાષ્યમાં ઉલ્લેખ થયેલ મુજબ શ્રીસિદ્ધાંશિખામણિના રચિયતા શ્રી શિવયોગી  શિવાચાર્યજીએ એમના પણ પુરોગામી હશે એમ અવશ્ય રીતે માની શકાય છે. આ ઉપરાંત શ્રીસિદ્ધાંશિખામણિમાં શિવયોગી  શિવાચાર્યજીએ કહયું છે.

येन रक्षावती जाता शिवभक्तितः सनातन।

बौद्धादिप्रतिसिद्धन्तमयातांशुमालिना ॥

પ્રસ્તુત શ્લોકમાં બૌદ્ધ વગેરે પ્રતિસિદ્ધાંત વડે શિવભકતોના રક્ષા માટેનો પ્રસ્તૂત ગ્રંથની રચના કરવામાં આવી છે. એવું એમના કહેવા પ્રમાણે સાબિત થાય છે. ભારતમાં બૌધ ધર્મનો પ્રબળ પ્રચારોનો સમયગાળો ૬૦૦–૮૦૦ ઈ.સ. માનવામાં આવે છે. તેમજ શ્રીસિદ્ધાંતશિખામણિનો સમયગાળો ૬૦૦–૮૦૦ ઈ.સ. ગણાવવો જોઈએ. આ રીતે શ્રીસિદ્ધાંતશિખામણિનો સમયગાળો પણ આઠમી સદીનો માનવામાં કંઈ અનૌચિત્ય નથી.

## શિવયોગી શિવાચાર્યનો દેશકાળઃ

શ્રીસિદ્ધાંતશિખામણિના રચિયતા શ્રી શિવયોગી શિવાચાર્યએ એમના વંશના વર્ણનમાં કોઈ પણ ગામ કે પ્રદેશનો નિર્દેશ કરેલ નથી.આ ઉપરાંત એમના ગામ અથવા વતન માટે પણ કહેવું મુશ્કેલ છે. તે જ રીત કાશીનાથ શાસ્ત્રીજી અને ડો.જ.ચ.નિ મહોદયે  ઢશિવયોગી' શિવાચાર્યજી કર્ણાટક પ્રદેશના હતા તદઉપરાંત  વિજાપુર જીલ્લાના સાલોટગી ગામના નિવાસી હતા' આ પ્રકારે  એમના સ્થાનનું પ્રતિપાદન કર્યુ છે.

## શ્રીસિદ્ધાંતશિખામણિ ગ્રંથના ટીકાકારઃ

વીરશૈવના ધર્મ ગ્રંથરૂપે પ્રખ્યાત શ્રીસિદ્ધાંતશિખામણિ પર સંસ્કૃત, કન્નડ, હિન્દી, મરાઠી, તેલુગુ તથા અંગ્રેજી વગેરે ભાષામાં અનેક વિદ્વાનોએ

વ્યાખ્યાઓ  આપી છે. વીરશૈવ ધર્મ– ચિંતનનો કોઈ પણ ગ્રંથની વ્યાખ્યા સંસ્કૃત ગ્રંથની ભાષામાં થઈ છે. એટલી અન્ય કોઈ પણ ભાષામાં હજુ સુધી થઈ નથી. આથી જ આ ગ્રંથનું મહત્વ અને લોકપ્રિયતા સિદ્ધ થાય છે.

૧૭મી  સદીમાં વર્તમાન સોસલે રેવણારાધ્ય નામના કન્નડવિદ્વાને આ ગ્રંથ ઉપર  ઢસિદ્ધાંતપ્રબોધિની' નામે કન્નડ વ્યાખ્યાનની રચના કરી છે. ત્યાર બાદ ૧૭ મી સદીમાં શ્રીમરિતોણ્ટદાર્યજી એ ઢતત્ત્વપ્રદીપિકા' નામનું સંસ્કૃત વ્યાખ્યાનની રચના કરી છે. ત્યાર પછી મૈસૂરની સંસ્થાના વિદ્વાન લિ. એન.આર. કરિબસવ શાસ્ત્રીજી મૈસૂરના જ લિ.પ.કાશીનાથ શાસ્ત્રીજી એમ.એસ.નાગણ્ણાજી વિજાપુરના જ્ઞાન યોગાશ્રમના સ્થાપકશ્રી મલ્લિકાર્જુન સ્વામીજી વગેરે ૨૦મી સદીના વિદ્વાનોએ કન્નડ ભાષામ પોતપોતાની શૈલીમા વ્યાખ્યાન લખે છે.

કર્ણાટકના ચિત્રદુર્ગના એમ.એસ. સિદ્દય્યા નામના વિદ્વાને શ્રીસિદ્ધાંતશિખામણિ ઉપર કન્નડભાષમાં ઢભામિની ષટ્પદી'નામનું કન્નડ છંદમાં પદ્ય રૂપે ટીકા લખી છે. આ એક વિલક્ષણ કૃતિ છે. બેંગ્લોર વિશ્વવિદ્યાલયના ભૂતપૂર્વ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડો. એમ. શિવકુમાર સ્વામીજી ઈ.સ. ૧૯૬૮ માં  શ્રીસિદ્ધાંતશિખામણિ ના મહત્વના શ્લોકોનો અંગ્રેજી અનુવાદ કરી તેને ઢશ્રીરેણુકગીતા'ના નામથી પ્રકાશિત કરે છે. આજે એવા મહાન વિદ્વાને મરિતોણ્ટદાર્યજીની ટીકા સાથે મૂળ સંપૂર્ણ ગ્રંથનું અંગ્રેજી ભાષામાં અનુવાદ કરી રહયા છે. આ ગ્રંથનું પ્રકાશન લગભગ સંભવતઃ ઈ.સ. ૨૦૦૬ થી ૨૦૦૭માં જંગમવાડી મઠના શૈવભારતી શોધપ્રતિષ્ઠાન દ્વારા થશે.

મહાત્માગાંધી કાશી વિદ્યાપીઠના કન્નડભાષાના પ્રાધ્યાપક લિંગૈકય ષ.બ્ર. ડો. શ્રીપતિ પંડિતારાધ્ય શિવાચાર્ય હિરેજેવરગીએ (શાંત શર્મા હિરે મઠ) શ્રીસિદ્ધાંતશિખામણિ ઢભાવમંજુષા' નામની હિન્દી ટીકા લખી હતી. પરંતુ એમનું અકાળે અવસાન થતા સામગ્રી લુપ્ત થઈ ગઈ. જેનું પ્રકાશન

થઈ ન શકયુ એ દુઃખની વાત છે. સમપ્રતિ કાશીહિન્દુ વિશ્વવિદ્યાલયમાં સંસ્કૃત વિભાગના પૂર્વ પં. રાધેશ્યામ ચતુર્વેદીએ શ્રીસિદ્ધાંતશિખામણિ પર ઢ જ્ઞાનમતિ'નામનું વ્યાખ્યાન લખીને શૈવભારતી શોધપ્રતિષ્ઠાનને પ્રકાશિત કરવા સમર્પિત કરે છે. ઈ.સ.૨૦૦૬માં કરી મહાશિવરાત્રી પર્વની ઉજવણીના આયોજનના વિદ્વાનોની સભામાં શિવાર્પણ કરી અને અપાર હર્ષ લાગણી અનુભવી હતી. શ્રીસિદ્ધાંતશિખામણિના રાષ્ટ્રભાષામાં અનુવાદ થવાથી ઉત્તર ભારતની જનતા માટે મહત્વનું રહેશે. એટલા માટે પં. પં. રાધેશ્યામ ચતુર્વેદી પ્રસંશાને પાત્ર છે.

કર્ણાટકના સુપ્રસિધ્ધ સંશોધક તેમજ મોટાગજાના સાહિત્યકાર ડો.જ.ચ.ની (નિડુમામીડિ સંસ્થાનના શ્રી ષ.બ્ર.ડો.ચન્નબસવરાજ દેશિકેન્દ્ર મહાસ્વામીજી) મહોદયે શ્રીસિદ્ધાંતશિખામણિ ગ્રંથ ઉપર ઢજીવનસિદ્ધાંત'ના નામે વિસ્તૃત વિવેચનાત્મક ટીકા લખી છે જે છ ભાગમાં ૧૯૬૯થી ૧૯૭૦માં પ્રકાશિત થઈ કર્ણાટકમાં પ્રસિદ્ધ થઈ ગઈ છે.

શ્રી શંકરાચાર્ય પૂર્વાશ્રમમાં શ્રીસિદ્ધાંતશિખામણિ પર કન્નડ ભાષામાં પ્રવચન કરતા એમ ધીરે ધીરે આ ગ્રંથના ૧૦૧ સ્થળો પર અલગ અલગ પ્રવચન ગ્રંથ પ્રકાશિત કરવાની તેમની ઈચ્છા જાગી **'श्रीसिद्धांतशिखामणीप्रवचनप्रमे'** નામે ઈ.સ.૧૯૮૧ સુધીમાં એમના છ ભાગો પ્રકાશિત થય ગયા છે. કાશી જંગમવાડી મઠના પીઠાધીશ્વર થયા પછી તેઓએ બાકી રહેલા બીજા ધાર્મિક સ્થળો પર વ્યાખ્યાન લખી ૧૦૧ સ્થળ ોને બે બૃહ્દ ભાગોમાં (૧૭૪૭ પૃષ્ઠ) ઈ.સ.૨૦૦૦માં મુદ્રિત કરી પ્રથમવાર પ્રકાશિત કર્યા છે.

કન્નડ ભાષામાં પ્રગટ પ્રવચનશૈલીના આ બે ભાગ અતિશય લોકપ્રિય હોવાને લીધે આજ સુધીમાં ઘણી આવૃતિ છપાય ચૂકી છે. ૨૦૦૬માં ચોથી આવૃત્તિ પણ પ્રકાશિત થઈ ગઈ છે. આ બંને ભાગોનું સંકલન કાર્યમાં કાશી જંગમવાડી મઠના વરિષ્ઠ શોધ છાત્ર અને બલેશ્વર બૃહ્દ મઠના પટ્ટાધ્યક્ષ

શ્રી ષ.બ્ર.ડો. મહાદેવ શિવાચાર્ય સ્વામીજીનું મહત્વપૂર્ણ યોગદાન રહયું છે. તેથી તેઓ પણ અભિનંદનને પાત્ર છે.

શ્રીસિદ્ધાંતશિખામણિ પર મહત્વના અમારા પ્રવચનોના સોલાપુરના મરાઠી વીરશૈવ સાહિત્યના ખૂબ મોટા વિદ્વાન ડો. પસારકરે સંગ્રહ મરાઠી ભાષામાં અનુવાદ કરેલ છે. આ મરાઠી પ્રવચચનોના સગ્રહ ઢજન્મહા અમેરચા' નામોપ્રકાશિત થયા. એની પણ અત્યાર સુધીમાં ત્રણ આવૃત્તિ મુદ્રિત થઈ ચૂકી છે. આ રીતે શ્રીસિદ્ધાંતશિખામણિમાં પ્રતિપાદિત વીરશૈવ ચિંતનનો સિદ્ધાંત લોકોને સમજવા માટે અનેક વિદ્વાનોએ વિભિન્ન ભાષાઓમાં ટીકા, વ્યાખ્યાન અને પ્રવચનો લખી વીરશૈવ સાહિત્યના સંવર્ધનમાં મોટું યોગદાન પુંરું પાડયું છે.

**શ્રીસિદ્ધાંતશિખામણિ પર આધૃત શોધપ્રબંધ :**

દાર્શનિક તત્વચિંતનનો ગ્રંથ હોવાથી શ્રીસિદ્ધાંતશિખામણિ પર એક સમીક્ષાત્મક અધ્યયન કરવાની ઈચ્છા મારામનમાં જાગી. ઈ.સ.૧૯૭૩માં વેદાંતાચાર્ય પરીક્ષામાં ઉતીર્ણ થયા પછી સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના તત્કાલીન વેદાંત વિભાગ અધ્યક્ષ સ્વર્ગીય પં. દેવસ્વરૂપ મિશ્રના માર્ગદર્શન હેઠળ **'श्रीसिद्धांतशिखामणैदर्शनान्तरीय सिद्धांतै सह समीक्षाः'** વિષય પર અનુસંધાન કાર્ય ૧૯૭૪ માં શરૂ થયું ઈ.સ.૧૯૮૪માં અનુસંધાનનું કામ પુરું થયું ત્યાર બાદ ઈ.સ. ૧૯૮૯માં શૈવભારતીનું ભવન જંગમવાડી મઠ દ્વારા આનું પ્રકાશન થયું આ પ્રકાશન માટે કેન્દ્ર સરકારના માનવસંશાધનવિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ દ્વારા આર્થિક સહાય મળી હતી. ઢ શ્રીસિદ્ધાંતશિખામણિસમીક્ષા' નામનો શોધપ્રબંધ સંપૂર્ણાનંદ સંસ્કૃત વિશ્વવિદ્યાલયના વેદાંત વિભાગમાં શકિતવિશિષ્ટાદ્વૈત વેદાંતાચાર્યની તેમજ કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના સંસ્કૃત વિદ્યા ધર્મવિજ્ઞાન સહાયકના ધર્માગમ વિભાગના આચાર્યની પરીક્ષા માટે પાઠયગ્રંથ તરીકે સ્વીકૃત થયો છે.

કાશી જંગમવાડી મઠીય જગદ્‌ગુરુ વિશ્વારાધ્ય ગુરુકુળનો શોધછાત્ર શ્રી ષ.બ્ર.ડો.સિદ્ધરામ પંડિતારાધ્ય શિવાચાર્ય (સિદ્ધરામ દેવ હિપ્પરગી)એ કાશી હિન્દૂવિશ્વ વિદ્યાલયના સંસ્કૃતવિદ્યા–ધર્મવિજ્ઞાન સહાયના વેદાંત વિભાગના પ્રોફેસર પંડિત સુધાંશુશેખર શાસ્ત્રીજીના માર્ગદર્શનમાં શ્રીસિદ્ધાંતશિખામણિ અને શ્રીમદ્‌ભગવત્‌ગીતાનો તુલનાત્મક અભ્યાસ કરી ડોકટરેટની ડિગ્રી પ્રાપ્ત કરી. આ શોધનિબંધમાં શ્રીસિદ્ધાંતશિખામણિ અને શ્રીમદ્‌ભગવદ્‌ગીતાની તાત્ત્વિક સિદ્ધાંતોની તુલના કરવામાં આવી છે.

**શ્રીસિદ્ધાંતશિખામણિ પર રાષ્ટ્રિય શાસ્ત્રઙગોષ્ઠિ :**

૧૫ ઓકટોબર થી ૧૭ ઓકટોબર ૧૯૬૭ સુધી કાશી જંગમવાડી મઠમાં ઢ શ્રીસિદ્ધાંતશિખામણિના વિવિધ આયામો પર વિચાર વિમર્શ નામનો એક રાષ્ટ્રિય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. એમાં સમગ્ર ભારતના વિવિધ પ્રદેશોમાંથી વીસ જેટલા મહાનુભાવો એવા વિદ્વાનોએ ભાગ લીધો હતો. આ પરિસંવાદમાં વિદ્વાનોના નિબંધ વાંચન તથા વિવિધ ચર્ચાઓ થઈ હતી. આ સમગ્ર વિષયોને ઢસિદ્ધાંતશિખામણિ' મીમાંસા નામનો શોધગ્રંથ રૂપે જંગમવાડી મઠના શૈવભારતી સંશોધક દ્વારા ઈ.સ.૨૦૦૦માં પ્રકાશિત કરવામાં આવ્યો હતો. આ રીતે અનેક વિદ્વાનોએ શ્રીસિદ્ધાંતશિખામણિ ગ્રંથ પર વ્યાખ્યાન, પ્રવચન, સંશોધન વગેરે કાર્ય કરી તત્વચિંતનના સંદર્ભે ગ્રંથના મહત્વને સમજાવવામાં આવ્યું.

**શ્રીજગદ્‌ગુરૂ રેણુકાચાર્યનો લિંગોદ્‌ભવ લીલા :**

શિવના આદેશાનુસાર વીરશૈવ ધર્મના સંસ્થાપક શ્રીજગદ્‌ગુરૂ રેણુકાચાર્ય ભૂલોકમાં શિવલિંગ સ્વરૂપે પ્રગટ થયેલા હતા. આ વિષય શિવાગમોમાં પ્રતિપાદિત છે. શ્રીસિદ્ધાંતશિખામણિના ત્રીજા અને ચોથા પરિચ્છેદમાં શ્રીજગદ્‌ગુરૂ રેણુકાચાર્યના લિંગોદ્‌ભવલીલાનું વર્ણન છે. એમના અનુસાર એક વાર કૈલાસમાં ભગવાન શિવની સભા ચાલી રહી હતી. ત્યારે

ભગવાન શિવને તામ્બુલ પ્રસાદ આપવા માટે રેણુક એ ગણેશ્વરનુ આહ્‌વાન કર્યું. આ આહ્‌વાનથી પ્રસન્ન  રેણુક ગણેશ્વરના હરોળમાં બેઠેલા દારુકને પછાડી શિવજી પાસે પહોંચી ગયા. આ દશ્ય જોઈ ક્રોધિત શિવજીએ રેણુક ગણેશ્વરને ભૂલોકમાં જન્મ લેવાનો આદેશ આપ્યો.

એવા સમયે રેણુકગણેશ્વર ભગવાન શિવજીને પ્રાર્થના કરી કહે છે. – ઢ હે ભગવાન! આપના આદેશથી હું ભૂલોકમાં જવા તૈયાર છું. પરંતુ સામાન્ય માણસની જેમ મારે જન્મ લેવો ન પડે ! આપ આટલી મારા પર કૃપા કરો ' આવી પ્રાર્થનાથી સંતુષ્ટ શિવજીએ કહયુ–હે રેણુક ! તુ બિલકુલ ભયભીત થઈશ નહિ. હું ભૂલોકમાં ત્રિલિંગાદેશ (આંધ્રપ્રદેશ)માં વિદ્યમાન સુપ્રસિદ્ધ છે.  શ્રીશૈલ ક્ષેત્રની ઉત્તર દિશામાં   ઢકોલ્લિપાકિ'નામનું એક ક્ષેત્ર છે. ત્યાં હું સોમેશ્વર શિવલિંગ નામે વિદ્યમાન છું તું ત્યાં જઈ શિવલિંગમાં પ્રગટ થઈશ તો તને મનુષ્યનો સ્પર્શ થશે નહિ આ રીતે તું માનવ લિંગોદ્‌ભવ થઈ સંપૂર્ણ માનવ જાતિનું કલ્યાણ કરવા માટે મારા દ્વારા કહેવાયેલી દિવ્યવાણી ના વેદ–વેદાંતસમ્મત શિવાદ્વૈત સિદ્ધાંત અર્થાત્‌ વીરશૈવ સિદ્ધાંતની સ્થાપના કરવી' શિવના આદેશાનુસાર રેણુક ગણેશ્વર આ સોમેશ્વર શિવલિંગ રૂપે દિવ્યદેહધારણ કરી પ્રગટ થયા આ ઘટનાને જગદ્‌ગુરૂ શંકરાચાર્યજીની લિંગોદ્‌ભવને  લીલા કહે છે.

માર્કેણ્ડેય મહર્ષિને યમના ભયથી મુકત કરવા માટે જે રીતે શિવ એક સ્થાવર લિંગ સ્વરૂપે પ્રગટ થયા હતા. જે રીતે પ્રહ્‌લાદને બચાવવા માટે ભગવાન નૃસિંહ થાંભલામાંથી પ્રગટ થયા હતા. તેવી રીતે જગદ્‌ગુરુ રેણુકાચાર્યજી લોકોના કલ્યાણ અર્થે શ્રી સોમેશ્વર શિવલિંગમાંથી પ્રગટ થયા. જન્મ અને પ્રાગટયમાં ખૂબ મોટો તફાવત છે. જન્મ લેવા માટે જન્મ પહેલાં જનક અને જનનીની સહવિદ્યમાનતા નિતાંત જરૂરી હોય છે, જ્યારે પ્રગટ થવા માટે માતા–પિતાની આવશ્યકતા હોતી નથી. જે લોકો યોગસિદ્ધ હોય છે. તેઓનું અસ્તિત્ત્વ પહેલાંથી જ વિદ્યમાન હોય છે. તેઓ ધારે ત્યાં પ્રગટ

થઈ શકવાની ક્ષમતા ધરાવે છે. શ્રી જગદ્‌ગુરુ રેણુકાચાર્ય શિવ સમાન અણિમાદિ આઠ સિદ્ધિઓના ધનવાન હતા. એટલે ભૂલોકમાં પ્રગટ થવું તેમના માટે કોઈ આશ્ચર્યની વાત ન હતી.

માર્કેણ્ડય મહર્ષિ પતંજલિ –**'ततोऽणिमादिप्रादुर्भावः कायसम्पत् तद्धर्मानभिघातश्च'** (યો.સૂ.૩.૪૫)ના યોગસૂત્રમાં અને **'यथा परमाणुत्वं प्राप्तो वज्रादिनामप्यतः प्रविशति'** ભોજવૃત્તિમાં કહેવામાં આવ્યું છે. કે યોગસામર્થ્ય દ્વારા અણિમાદિ અષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરી યોગી અણુરૂપ ધારણ કરી અત્યંત કઠિન વજ્રમાં પણ પ્રવેશ કરી ફરીથી પ્રગટ થઈ શકે છે.

આવી અલૌકિક ઘટનાઓ સામાન્ય જનતા માટે અસંભવ જેવી લાગે છે. પણ યોગીસાધકો માટે આવી ઘટના સહજ ગણાય છે. કાશીમાં વિશુદ્ધાનંદ નામે એક દિવ્યયોગી ૨૦મી સદીમાં થયા હતા. મહામહોપાધ્યાય પં. ગોપીનાથ કવિરાજજી એમના પરમ શિષ્ય હતા. એક વાર યોગસામર્થ્યની ચર્ચા કરતાં વિશુદ્ધાનંદજીએ **'जात्यान्तपरिणाम'** આ વિષય પર પ્રકાશ પાડતાં કહયું છે કે એકજાતિની વસ્તુને બીજી જાતિની વસ્તુમાં પરિવર્તિત કરી શકાય છે. આવું સાંભળી પં. ગોપીનાથ કવિરાજ કહે છે. આ કેવી રીતે શકય બની શકે છે ? એવો તર્ક પ્રસ્તુત કરતાં વિશુદ્ધાનંદજીએ પોતાના હાથમાં સ્થિત એક ગુલાબના ફૂલને યોગસામર્થ્યથી એમની ( ગોપીનાથની) ઈચ્છાનુસાર લાલ બન્ધૂક કુસુમ રૂપે પરિવર્તિત કરી બતાવ્યું આ વિષયની ચર્ચા પં. ગોપીનાથ કવિરાજજીએ કલ્યાણ માસિકના ઢયોગાङ्क' ના પૃષ્ઠ.૭૪૮માં ઢસૂર્યવિજ્ઞાન' નામના લેખમાં કરી છે.

કાશીના સુપ્રસિદ્ધ તૈલંગ સ્વામીજીએ ૨૮૦ વર્ષ સુધી જીવિત રહી અનેક લીલાઓ કરી એમની લીલાઓના સંદર્ભે શ્રી રાજેન્દ્રપ્રસાદ પાંડેય નામના લેખકે ૨૮/૦૧/૧૯૮૩માં અહીંથી પ્રકાશિત દૈનિક પત્ર ઢઆજ્ વર્તમાન પત્રમાં એક લેખ આપ્યો હતો.એમના કહેવા પ્રમાણે એક બ્રિટિશ અધિકારીએ તેલંગણ સ્વામીજીને નગ્ન ફરવાને લીધે જેલમાં બંધ કરી દીધો

હતો. પરંતુ બીજા દિવસે તાળુ બંધ હોવા છતાં તૈલંગ સ્વામી બહાર નીકળ ી આવ્યા હતા. આ રીતે આખા દેશમાં યોગની ચામત્કારિક ઘટનાઓ ઘટતી આવી છે. તેથી સાક્ષાત શિવના અણિમાદિ અષ્ટસિદ્ધિથી યુકત હોવાને લીધે લિંગોદ્ભવ લીલા અક સહજ ઘટના છે.

**શ્રીજગદ્ગુરૂ રેણુકાચાર્ય દ્વારા ત્રિકોટિ શિવલિંગ (સ્થાપન લીલા) :**

શ્રીસિદ્ધાંતશિખામણિના અંતના ૨૧માં પરિચ્છેદમાં ત્રિકોટી શિવલિંગની સ્થાપન લીલાનું વર્ણન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત પરિચ્છેદનો સાર આ છે કે લિંગાધિપતિ રાવણે નવકોટિ લિંઙ્ગોની સ્થાપના કરવાનો સંકલ્પ લીધો હતો. એમના જીવનકાળમાં તેઓએ છ કોટિ શિવલિંગોની સ્થાપના કરી હતી. શ્રીરામની સાથે યુદ્ધ કરતાં કરતાં સ્વર્ગને પ્રાપ્ત કરતો રાવણે એમના નાનાભાઈ વિભીષણને બોલાવી એમના અધૂરા રહી ગયેલા સંકલ્પને પૂર્ણ કરવાની જવાબદારી આપી. એક મુહુર્તમાં ત્રણ કોટિ શિવલિંગની સ્થાપના કરવા માટે વિભીષણ ઘણા દિવસો સુધી ચિંતિત રહે છે.

આ સમયે શ્રીજગદ્ગુરૂ રેણુકાચાર્યજી મહર્ષિ અગસ્ત્ય શિવાદ્વૈત સિદ્ધાંતનો ઉપદેશ આપ્યા પછી આકાશ માર્ગે શ્રીલંકા નગરીમાં આવી પહોંચે છે. શ્રીજગદ્ગુરૂ રેણુકાચાર્યજી શ્રીલંકામાં પધારવા સમાચાર જાણી વિભીષણ એમની પાસે આવી માન–સન્માન સાથે પોતાના રાજમહેલમાં લઈ ગયા. એમનું ભવ્ય સ્વાગત કરી પાદપૂજા કરીને તેઓએ એમના મોટાભાઈ રાવણના સંકલ્પને એમની આગળ રજૂ કર્યો. આ સમયે જગદ્ગુરૂ રેણુકાચાર્યજી રાવણના સંકલ્પને પૂર્ણ કરવા માટે એક જ સમયમાં ત્રણ કોટિ ગુરૂ–રૂપ ધારણ કરી ત્રણ કોટિ શિવલિંગોની સ્થાપના આ રીતે જગદ્ગુરૂ રેણુકાચાર્યે પોતાની યોગ સાધનાથી પોતાના જેવા ત્રણ કરોડ આચાર્યોના રૂપ ધારણ કરીને પોતાનો મહિમા બતાવી.

આ રીતે શ્રીજગદ્ગુરૂ રેણુકાચાર્યજીએ ભૂલોકમાં સોમેશ્વર લિંગ દ્વારા પ્રભાવિત થઈ અગસ્ત્યને શિવદ્વૈત સિદ્ધાંતનો ઉપદેશ આપ્યો. ત્યાર બાદ શ્રીલંકામાં ત્રિકોટિ શિવલિંગોની સ્થાપના કરીને પોતાની મહાન શકિતનું પ્રદર્શન કર્યુ. અવતારનો હેતુ પૂર્ણ થયા બાદ રેણુકાચાર્યએ ફરી પાછા સોમેશ્વર શિવલિંગમાં અન્તર્હિત થઈ ગયા.

આ રીતે શ્રીજગદ્ગુરૂ રેણુકાચાર્યજીએ લોક કલયાણ કે વીરશૈવ ધર્મની સ્થાપના માટે અવતાર લઈ લોકોને એમના દ્વારા શિવલિંગનો મહિમા સમજાવી મહર્ષિ અગસ્ત્યને શિવાદ્વૈત સિદ્ધાંતનું જ્ઞાન આપ્યુ. તે જ્ઞાન શ્રી શિવયોગી શિવાચાર્ય દ્વારા સંગ્રહિત કરી. આજે શ્રીસિદ્ધાંતશિખામણિના રૂપે સર્વ માટે સુલભ થઈ ગયુ છે. આ ગ્રંથ વીરશૈવ ધર્મના પ્રમુખ આકર ગ્રંથ માનવામાં આવે છે.

શ્રીજગદ્ગુરૂચંદ્રશેખરશિવાચાર્ય મહાસ્વામીજી

જંગમવાડી મઠ, વારાણસી

******

# ભૂમિકા

## (શ્રીસિદ્ધાંતશિખામણિ : સમીક્ષા )

**શૈવ– વીરશૈવધર્મ અને દર્શન :–** અદ્‌ભુત વિશ્વસૃષ્ટિનું રહસ્ય, એના દ્દષ્ટા, એનો સર્જનહાર વગેરે વિશે ભારતીય મનીષી સુદુર અતીત અથવા ભારતીય માન્યતા મુજબ અનાદિકાળથી રહસ્યમય છે. વિશ્વના સર્વપ્રથમ અથવા અપૌરૂષેય ગ્રંથ ઋગ્વેદના નાસદીય સૂકત (ઋ.૧૦.૧૨૯.૧), શ્વેતાશ્તર ઉપનિષદનો મંત્ર વગેરે ઈત્યાદિ આ તથ્યનું અવિનાશી પ્રમાણ છે. પોતાની સીમિત અથવા ખંડ દૃષ્ટિથી જે મનીષી ઋષિએ જેવું વિચાર્યુ. તે સ્વરૂપે એના રહસ્યના પ્રગટ કરવાની ઈચ્છા કરી. આ ઈચ્છાના દ્વિવિધ આયામો સંસારમાં પ્રચલિત થયા. એવું પણ નથી કે ઋષિએ જે રીતે વર્ણન કર્યુ, એમની જ્ઞાનાત્મક ક્ષમતા એટલી જ હતી. પરંતુ જીજ્ઞાસુ કે ઓછા જીજ્ઞાસુ જનોની પાત્રતાને કેન્દ્રમાં રાખી ઋષિઓએ પોતાની દિવ્યવાણીનો પ્રચાર–પ્રસાર કર્યો. આ વિવિધ સીમિત વર્ણનોની પૃષ્ઠ ભૂમિમાં એક પૂર્ણ કે અચળ ચિત્તસત્તા નિત્ય બિરાજમાન રહે છે, આ તથ્ય સર્વસમ્મત છે.

ચરમ સત્યને, બૌદ્ધિક સ્તર પર તર્ક વિતર્ક સાથે સમજવાનો પ્રયાસ દર્શન કહેવાય છે. શરીરની સમગ્ર ક્રિયાઓ સાથે માનસિક સ્તર સુધી પહોંચી શકાય તેને ધર્મ કહેવાય છે. ગહન વિચાર કરવાથી પ્રતીત થાય છે કે દર્શન્ અને ધર્મ એકજ વસ્તુના બે આયામો છે. જ્ઞાન અને ક્રિયા અથવા દર્શન અને ધર્મ બંને એકબીજાના પૂરક છે. એટલું અવશ્ય કહી શકાય કે ક્રિયા ઋજુ પથ છે અને દર્શન ટૂંકો માર્ગ છે. એની પાછળ ક્રમશઃ એની

સ્થૂળતા અને સૂક્ષ્મતા મૂળ કારણ છે. સ્થૂળથી સૂક્ષ્મ તરફ વધવાનો માનવીનો સ્વભાવ છે. અને એના માટે શ્રેષ્ઠ પણ છે એટલા માટે ગૃહસ્થાશ્રમમાં જે યોગ વગેરે સ્થૂળ કર્મોનુ સ્થૂળ આચરણનો નિયમ છે. વાનપ્રસ્થમાં એનું જ સૂક્ષ્મ રૂપમાં મનન અને નિદિધ્યાસનનું વિધાન છે –

' सोऽकामयत मेध्यं म इदं स्याद् आत्मन्वी अनेन स्यामिति।
ततोऽश्वः समभवत्।

यत्तदश्ववश्वत्तन्मेध्यमभूदिति तदेवात्तश्वमेद्यस्याश्वमेद्यत्वम्। एष ह वा
अश्वमेद्यं वेद य एवमेवं वेद .....(બૃ.ઉ.૧.૨.૭)''

ભારતની ભૂમિ પર શૈવ અને વૈષ્ણવ બંને ધારાઓ પોતાનો ધર્મ અને ચિંતન રૂપે આયામો સાથે વહેતી રહી છે. વૈષ્ણવીધારાનો મૂળ આધાર વેદ અને શૈવ ધારાનું આગમ હતુ. તેઓ મૂળ સ્વરૂપે બંને સ્વતંત્ર હોવા છતાં પણ કાળક્રમે માનવીય સ્વભાવના કારણે મિશ્રિત થઈ અને વર્તમાન સમયે મિશ્રણોનું મિશ્રણ થતાં નવા નવા સંપ્રદાયો અસ્તિત્વમાં આવ્યા. એમાં દ્વૈત, દ્વૈતાદ્વૈત અને અદ્વૈતના ભેદથી ત્રિવિધ સ્વરૂપોનું મુખ્યત્વે ચિંતન રૂપે થાય છે. દ્વૈતા દ્વૈતથી અને અદ્વૈતની ઉપલબ્ધિ જ માનવનો પરમ પુરૂષાર્થ છે. ભારતમાં શૈવ ધર્મ ચિંતનની પરંપરા ઉત્તર થી દક્ષિણ સુધી પ્રચલિત હતી. સિંધુ ઘાટીના પ્રાગૈતિહાસિક અવશેષોથી આ તથ્ય સુપ્રમાણિત છે કે ઉત્તર ભારતમાં વૈદિક આર્યસભ્યતાના પ્રચાર પહેલાં જે લોકો અહીંના રહેવાસી હતા. તેઓ શૈવ વીરશૈવના અનુયાયી હતા. મોહનજોદડો અને હડપ્પાનું ખોદકામ પણ આ પુરવાર કરે છે કે તે અતિપ્રાચીન કાળમાં લિંઙ્ગપૂજા, ઈષ્ટલિંઙ્ગપૂજા, માતૃશકિતપૂજા અને પશુપતિ શિવપૂજા, જે શૈવ ધર્મનું મુખ્ય અંઙ્ગ છે. ભારતવાસિઓને સુપ્રચલિત હતી. ઉપરોકત ખોદકામ વખતે મળેલી ભગવાન પશુપતિની ત્રિનેત્ર અને ત્રિમુખ પ્રતિમા વર્તમાન સમયના ત્રિમૂર્તિ શિવનુ જ રૂપ છે. બિરાજમાન મૂર્તિથી

અભિવ્યકત થતી જ્ઞાનમુદ્રા તથા અર્ધમિચેલ નેત્રવાળી એક યોગીની મૂર્તિ દ્વારા સાંકેતિક સંભવિત મુદ્રા આ વાતનું સ્પષ્ટ પ્રમાણ  છે કે આજથી પાંચ હજાર વર્ષ પહેલાં શૈવ અને વીરશૈવ યોગ સાધનાનો પ્રચુર માત્રામાં પ્રસાર થયો હતો. એનાથી આ વાત સ્પષ્ટ થઈ જાય છે કે તે સુદુર અતીતમાં માત્ર શૈવ–વીરશૈવ ધર્મ જ નહિ પણ તત્સમ્બધ્ધ ચિંતનનો પણ મોટાપાયે પ્રસાર થયો હતો. આ ઉપરાંત ૠગ્વેદમાં ઈન્દ્રને મોટા દેવ માનવામાં આવ્યા હતા. પરંતુ  યજુર્વેદમાં રૂદ્ર મુખ્ય ગણાયા છે. કૃષ્ણયજુર્વેદના ચતુર્થ કાંડના પંચમ પ્રપાઠક તરીકે અહીં પ્રમાણ પણ છે. એનાથી આ પણ સિદ્ધ થાય છે. વેદમાં રુદ્રનું વર્ણન છે, તદ્ોપરાંત વેદ દ્વારા સ્વતંત્ર એક પરંપરા ભારતમાં અવશ્ય પ્રચલિત હતી. જેનો પ્રભાવ  પ્રવર્તમાન સમયમાં બૌદ્ધોનો યોગાચાર, વજ્રયાન, કાલમક્રયાન, પાશુપાત, શૈવસિદ્ધાંત નાથસંપ્રદાય પર પડયો. મહાત્મા બુદ્ધના યોગ ગુરૂ અરાડ અને ઉદ્રક શૈવી યોગસાધનાના અનુયાયી હતા. દક્ષિણ ભારતની આલવાર અને નાયનાર નામના સંત પરંપરા પણ શૈવ સાધનાથી પ્રભાવિત પ્રતીત થાય છે. આ રીતે કહી શકાય છે કે છે કે શૈવ ધર્મ હિમાલય થી લઈ કન્યાકુમારી સુધી પ્રચલિત હતો.

**શ્રીસિદ્ધાંતશિખામણિ : એક દર્શન ગ્રંથ  :–**

જીવ, જગત અને મોક્ષના વિષયે કરવામાં આવેલ વિચાર અથવા ઢઢ ચિંતન'' દર્શન કહેવાય છે જીવનું સ્વરૂપ શું છે ? જગતની ઉત્પત્તિનું કારણ શું છે ?  જીવનો જગત સાથેનો કયો સંબંધ છે ? મોક્ષનું સ્વરૂપ અને એની પ્રાપ્તિનો ઉપાય શું છે ? વગેરે બિંદુ દર્શનમાં વિચારો અભિવ્યકત કરવામાં આવ્યા છે. રેણુક–અગસ્ત્ય – સંવાદના માધ્યમથી ઉપરોકત બિંદુઓ પર ઉત્કૃષ્ટ વિચારો પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવ્યા છે. જે કર્મ ફળના ભોગી અલ્પજ્ઞ,કિચિંતકર્તા, અનાદિ શરીરવાન, અનાદિ બધ્ધ, અવિદ્યોપાધિના લીધે મોહમાં બંધાય છે.  એને જીવ કહેવાય છે. બ્રહ્મૈકયજ્ઞાન રહિત  આ જીવન પોત –પોતાના કર્મો અનુસાર દેવ પશુ– પક્ષી– મનુષ્ય વગરે અનેક

યોનિઓમાં ભ્રમણ કરતો રહે છે. આ સ્વરૂપના વિષયની ગ્રંથકાર ચાર્વાકથી લઈ બૌધ્ધના મત સુધીની ચર્ચાકરતાં સિદ્ધાંત રૂપે કહયું છે કે આ આત્મા શરીર – ઈન્દ્ર – બુધ્ધિથી ભિન્ન છે. આ શરીર નશ્વર છે. પરંતુ આત્મા અમર અથવા નિત્ય છે આ નિત્ય આત્મા કર્મવશાત્ બ્રાહ્મણ દેહ ધારણ કરી ત્રિતાપના વિશાળ અગ્નિમાં બળતો રહે છે. જે શરીરને ધારણ કરી ભોગ ભોગવે છે. તે પણ કઠિન અને મહાદુઃખ દાયક છે. નિત્યાનિત્યસ્તુ વિવેક દ્વારા આ શરીરના મોહનો ત્યાગ કરી વૈરાગ્ય દ્વારા સ્વરૂપની પ્રાપ્તિ રૂપે મોક્ષને પ્રાપ્ત કરે છે.

જગતની ઉત્પત્તિના સંદર્ભમાં અહી કહેવામાં આવ્યું છે કે તે ચરાચર જગત મહાદેવ થકી ઉત્પન્ન છે. જે રીતે કરોળિયો એમના દ્વારા રચેલી જાળ ની અભિન્નનિમિત્તોપાદાનનું કારણ બને છે. તે રીતે મહાદેવ શિવ આ જગતના ઉપાદાન કે  નિમિત્ત બંને કારણો છે. જેવી રીતે સમુદ્રમાંથી ઉઠતી લહેરોના વમળનું ટીપેટીપુ સમુદ્રથી ભિન્ન નથી. અથવા  કિનારા પણ અલગ  નથી. તંતુઓ દ્વારા પથરાયેલો પટ તંતુઓથી અલગ હોય શકે નહિ. તેવી રીતે આ જગત શિવજીએ નિર્માણ કરેલું શિવથી ભિન્ન હોય ન શકે. ગ્રંથકારે અનેક ઉદાહરણો દ્વારા પ્રકારનારથી લઈ વેદાંતના વિવર્તવાદ, સાંખ્યના સત્કાર્યવાદ શાકત દૃષ્ટિ વગેરેનું સમર્થન કર્યુ છે. પરંતુ એને માયાવિકલ્પથી ઉત્પન્ન થયેલ માનીને હેય કહેવામાં આવ્યો છે. અર્થાત્ આ જગતનો શિવથી અતિરિકત માનવાની ભાવનાનો ત્યાગ બતાવ્યો છે.

મોક્ષના વિષયમાં ગ્રંથકારનો મત છે કે શિવત્ત્વલાભ જ મોક્ષ છે. મુકિતના ચાર પ્રકારોનું શાસ્ત્રમાં વર્ણન છે. (૧) સાલોકય  (૨) સામીપ્ય (૩) સારુપ્ય અને (૪) સાયુજ્ય

શ્રીસિદ્ધાંતશિખામણિમાં સાયુજ્ય મુકિતની ચર્ચા છે. આ મુકિત અન્ય સંપ્રદાયોની જેમ છે. જીવનમુકિત અને  વિદેહમુકિત  બે પ્રકારની કહેવામાં

આવી છે. શ્રીસિદ્ધાંતશિખામણિમાં જીવનમુક્તિનું સ્વરૂપ અદ્વૈત વેદાંતસમ્મતા મુક્તિની જેમ છે. પણ એમા આગમ શાસ્ત્રનો પણ આ સંકેત મળે છે. શૈવગમ સંસારને એટલો જ સત્ય ગણે ના છે. જેટલો કે શિવ થકી સંસારનું નિરાકરણ શકય નથી. નિરાકરણ ફકત અહંતા અને મમતાનું હોય છે. આત્મા પોતે વિશુદ્ધ કે મુળ રૂપે સદા મુકત છે. અનાદિ અજ્ઞાનતાના કારણે આબધ્ધ જીવ શિવના સાક્ષાત્કાર પછી દેહમાં રહેતો હોવા છતાં પણ દેહ રહિત થઈ જાય છે. ભેદબુદ્ધિ બંધનનું કારણ હોય છે. અભેદ બુદ્ધિ જ મુકિત છે. જીવનકાળમાં આમ કરવાથી યોગીઓને જીવન મુકિતવાન ગણવામાં આવે છે. જેમાં સ્વરૂપ સિવાય કંઈ પણ દેખાતુ નથી. આ સ્થિતિ સુખદ સ્વરૂપ હોવાથી આ શિવના પ્રભાવથી યુકત હોય છે. વેદાંતમાં જીવની સ્થિતિ પ્રકાશ કે આનંદ રૂપી છે. પરંતુ જીવને એનો અનુભવ થતો નથી. રેણુકાચાર્ય સંવિદને ઉલ્લાસમય અને મુકિતને સંવિદના ઉલ્લાસદર્શી કહે છે. અર્થાત્ જીવન મુકત અવસ્થામાં સ્વને આનંદમયતાનો અહેસાસ થયા કરતો હોય છે. આવી સ્થિતિ પ્રાપ્ત કરવા માટે યોગીએ ચિદાકાશ સ્વરૂપ શિવ તત્ત્વના અંદર વિલીન કરી દેવું પડે છે. તે જ સાયુજ્ય મુકિત છે. જે સર્વોત્તમ છે.

**શ્રીસિદ્ધાંતશિખામણિ : એક આગમ ગ્રંથ :–**

આગમ શાસ્ત્રના ચાર વિભાગો ગણાવ્યા છે. વિદ્યા(જ્ઞાન)ક્રિયા યોગ અને ચર્યા શ્રીસિદ્ધાંતશિખામણિમાં ઓછામાં ઓછા ચાર ચરણનું વ્યૂસહન મળે છે. ક્રિયા વિશે કહયું છે. કે શિવયોગીને સમગ્ર ક્રિયાનો ત્યાગ કરીને માત્ર લિંજ્ઞપૂજા રૂપી ક્રિયા કરવી જોઈએ. યજ્ઞ, અગ્નિહોત્ર, દુશ્ચર, તપ, આ બધા લિંજ્ઞપૂજાના ક્ષુદ્ર અંશ સમાન છે. જે યોગી લિંજ્ઞાર્ચન કરે છે તે સમગ્ર ક્રિયા કરતો થઈ જાય છે. ત્યાં સુધી કે બ્રહ્મા વગેરે પણ જે પોતાના પગ પર પ્રતિષ્ઠિત છે. એના મૂળમાં એમના થકી વિદ્યિયમાન લિંજ્ઞાર્ચન જ છે. શિવ જ સાક્ષાત પરમતત્ત્વ છે. એટલા માટે શિવ સંદર્ભે ક્રિયા કરવાનું

વિધાન છે. શિવમાં સમાવેશ માટે ક્રિયા એક આવશ્યક કર્તવ્ય છે. જે રીતે પથ્થરમાં સ્થિત અગ્નિને પ્રગટ કરવા માટે ઘર્ષણની ક્રિયા અનિવાર્ય હોય છે, તે જ રીતે અંતઃસ્થ શિવના પ્રકાશ માટે લિંઙ્ગાર્ચન ક્રિયા આવશ્યક છે. આ ક્રિયા આગમશાસ્ત્રનું જ્ઞાન થયા બાદ જ કરવી જોઈએ. શિવ રહસ્યમાં કહયું છે –

**न क्रियारहितं ज्ञानं न ज्ञान रहिता क्रिया।**

**अपश्यन्नन्धको दग्धोऽगच्छन् पङ्गुश्च दह्यते॥**

એટલા માટે ગુરૂનો આદેશ લઈ (નહિ કે માત્ર  ગ્રંથનું અધ્યયન કરી) મહેશ્વરનું લિંઙ્ગાર્ચન કરવુ જોઈએ.

આ ઉપરાંત પ્રજાકાળમાં ભગવાન શિવલિંગમાં દિવ્યમાન થાય છે. પરંતુ આ સમયે પણ શિવને સર્વવ્યાપી સમજવો જોઈએ. કારણ કે સર્વગામિત્વ એમનો સ્વભાવ છે. અને સ્વભાવ  ઢસ્વ'થી પૃથક હોતો નથી. આ સંસાર આત્મરૂપી શિવથી ઉત્પન્ન છે. તેથી તે સ્વના ઉપાદાનથી ભિન્ન હોઈ ન શકે. અજ્ઞાનવશ સ્થિતિમાં સર્પત્ત્વ અથવા આકાશમાં ગંધર્વનગરત્વની જેમ શિવમાં જગતનો આભાસ થાય છે. શિવ સર્વવ્યાપી હોવા છતાં પણ કૈલાશ, સ્મશાન, સુમેરુ અને ભકતોના હૃદયમાં વિશેષ રૂપે રહે છે. ક્રિયાની સીમા સ્થૂળ સુધીની છે, ભાવની સીમા સૂક્ષ્મ સુધી છે. પરંતુ જ્ઞાન સ્થૂળ અને સૂક્ષ્મ બંનથી અતીત હોય છે. શિવપૂજાનો પ્રારંભ સ્થૂળ મૂર્તિ અર્થાત્ લિંઙ્ગ દ્વારા થાય છે. પછી એમના મનમાં  સૂક્ષ્મ રૂપે ભાવના હોય છે. પરંતુ એનાથી પરે અખંડ જ્ઞાન રૂપે એમનું ભજન જ મોક્ષદાયી હોય છે. તેથી ક્રિયા દ્વારા  વિદ્યા અથવા જ્ઞાન તરફ ચાલવું જોઈએ.

જ્યાં સુધી યોગનો પ્રશ્ન છે પ્રસ્તૂત ગ્રંથમાં બે પ્રકારના યોગની ચર્ચા છે.

(૧) જપયોગ અને (૨) ભકિતયોગ નાદતત્વ કે શબ્દબ્રહ્મને સાક્ષાત કરવા માટે જપ એક સરળ અને સુદ્દઢ ઉપાય છે. **'तज्जपस्तदर्थभावनम् '** જપનાં મહત્તા પર પ્રકાશ પાડયો છે. મહર્ષિ પતંજલિ આ જપને સ્વાધ્યાયની સંજ્ઞા આપી એમને ક્રિયા યોગના રૂપે નિર્ધારિત કરે છે. શ્રીસિદ્ધાંતશિખામણિમાં જે મંત્રના જપનું વિધાન છે, તે છે પંચાક્ષરી મંત્ર ઢ નમઃ શિવાય' કેટલાક આને છઅક્ષરી પણ કહે છે. શિવ પદમાં ચાર અક્ષર **श् इ व् अ** છે. આમાંથી **'श'** અથર્વવેદ નો, યજુર્વેદનો, **'अ'** ઋગ્ તેમજ સામ તથા 'व' વ્યાકરણના પ્રતીક છે. આ રીતે શિવ પદ વેદ અને વેદાંગ્ર બંનેનો વાચક છે. પક્ષાન્તરમાં ઢશિવ' પદસ્થ શકાર પંચ બ્રહ્મનો અને વકાર માયાનો વાચક છે. તેથી ઢશિવ' પદ સંપૂર્ણ સૃષ્ટિનું વાચક છે. આ પંચાક્ષરી મંત્રનું જ્ઞાન ધરાવનારને અન્ય મંત્રોનો જપ કરવાની જરૂર રહેતી નથી. પંચાક્ષરમાં પંચમહાભૂત, પંચતંત્રમાત્ર, પંચજ્ઞાનેન્દ્રિય, પંચકર્મેન્દ્રિયો, પંચબ્રહ્મ, પંચકૃત્ય આદિનો સમાવેશ છે. ગ્રંથમાં જપના વાચક, ઉપાંશુ અને માનસ ભેદોની ચર્ચા કર્યા પશ્ચાત એનું મહત્વ બતાવતાં કહયું છે –

**यावन्तः कर्मयज्ञाद्या व्रतदानतपांसि च।**

**सर्वे ते जपयज्ञस्य कलां नार्हन्ति षोऽशीम्॥**

શ્રીસિદ્ધાંતશિખામણિમાં ભકિતયોગની વિશદ ચર્ચા મળે છે. ભકિતના વિષયમાં શ્રીમદ્ભાગવત મહાપુરાણનું કથન છે.

**श्रवणं कीर्तनं विष्णोः स्मरणं पादसेवनम्।**

**अर्चन वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्॥**

શિવયોગીશિવાચાર્યએ નવમાં પરિચ્છેદના પ્રારંભમાં ''**विष्णो**'' ના સ્થાને ''**शम्भो**'' લખીને ઉપરોકત શ્લોકને ઉદ્ધત કરે છે.

ઉત્તમ ભકતના ક્રિયા – કલાપોની ચર્ચા પણ ભાગવતમાં મળે છે

''वाणी गुणानुकथने श्रवणौ कथायां
हस्तौ च कर्मसु मनस्तव पादयोर्नः।
स्मृत्यां शिरस्तव निवासजगत्प्रणामे
दृष्टिः सतां दर्शनेऽस्तु भवत्तनूनाम्॥''

આ ભકિતના બે પ્રકાર સિધ્ધાંતશિખામણીમાં વર્ણવ્યા છે. (૧) બાહયભકિત અને (૨) આંતરીક ભકિત શિવલિળ્ંજ્ઞની નાના ઉપચારોથી કરવામાં આવતી ભકિતને બાહય ભકિત કહેવાય છે. આ સર્વ સાધારણ લોકો માટે છે. આંતરીક પૂજાનું સામર્થ્ય ફકત વીર શૈવ ધર્મમાં જ હોય છે. એમાં પ્રાણને લિંજ્ઞમાં અને લિંજ્ઞને પ્રાણમાં પ્રતિષ્ઠિત કરી શિવના અતિરિકત કોઈ અન્યનું ઘ્યાન ન કરવાનું વિધાન છે. શામ્ભવી મુદ્રા અથવા શામ્ભવ યોગ દ્રારા ભકિતનું અનુષ્ઠાન થાય છે. એવો યોગી જીવનમુકત હોય છે. આ ગ્રંથમાં ભકિતના ત્રણ પ્રકારો ગણાવ્યા છે. ૧. માનસિક ૨. વાચિક અને ૩. કાયિકી શિવનું રૂપ આદિનું ઘ્યાન એમની પૂજા આદિનું ચિંતન, માનસિક ભકિત છે. જપ આદિ વાચિક કે બાહય શિવલિંજ્ઞ પૂજા, શૈવ, મંદિર, આદિમાં જઈ દર્શન વગેરે કરવું તે કાયિકી ભકિત છે. એક બાહયાંતર પૂજા હોય છે, તે ત્રીજી છે. એમાં મનને મહેશ્વરમાં લીન કરવું પડે છે. ફળસ્વરૂપે સમગ્ર પ્રકારની પૂજા સ્વયં થવા લાગે છે. શિખામણીકારે ભકિતના પાંચ આયામ બતાવ્યા છે. તપ, કર્મ, જપ, ઘ્યાન અને જ્ઞાન. શિવ માટે દેહને શુષ્ક બનાવવું તપ છે, નહિ કે ૠ꠰હમત્ર 'બ્દજાબ્ઝે, (બ્દર્તઉદ્ઘ આદિ શિવની પૂજા જ કર્મ છે. નહિ કે યાગ–યજ્ઞ વગેરે પંચાક્ષર મંત્ર અથવા પ્રણવનો જપ જ જપ છે. વેદના અન્ય સૂકતો આદિનો પાઠ ન કરતાં માત્ર રૂદ્રાષ્ટાઘ્યાયી અને રૂદ્ર મંત્રોંનો જ પાઠ કરવાનું વિધાન છે. શિવના રૂપ, ગુણ આદિનું જ ઘ્યાન કરવું જોઈએ. નહિ કે આત્માનું. આ

પ્રકારે કેવલ શૈવશાસ્ત્રોનો નહિ કે વૈષ્ણવ આદિ અન્ય શાસ્ત્રોનું અધ્યયન જ્ઞાન કહેવાય છે. આ રીતે ભકિત ભેદ– પ્રસાર આ રીતે સમજવો જોઈએ.

| ભકિત | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| બાહય | | | આભ્યન્તર | | | બાહભ્યન્તર | | |
| માનસિક | વાચિક | કાયિક | માનસિક | વાચિક | કાયિક | માનસિક | વાચિક | કાયિક |
| તપ | તપ | તપ | તપ | તપ | તપ | તપ | તપ | તપ |
| કર્મ | કર્મ | કર્મ | કર્મ | કર્મ | કર્મ | કર્મ | કર્મ | કર્મ |
| જપ | જપ | જપ | જપ | જપ | જપ | જપ | જપ | જપ |
| ધ્યાન | ધ્યાન | ધ્યાન | ધ્યાન | ધ્યાન | ધ્યાન | ધ્યાન | ધ્યાન | ધ્યાન |
| જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન | જ્ઞાન |

તપ આદિ પાંચ પ્રકારોના અનુષ્ઠાનને શિવયજ્ઞ કહેવામાં આવે છે. જો આ પાંચ યજ્ઞથી શિવની અહર્નિશ પૂજા કરે છે, તે જ ભકિત યોગી છે.

આગમશાસ્ત્રનું ચતુર્થ પાદ ચર્યા છે. ચર્યાનું તાત્પર્ય છે, આચરણ. શિવયોગીએ કેવું આચરણ કરવું જોઈએ. એનું વિગતે વર્ણન રેણુકાચાર્યજીએ કર્યુ છે. ખરી રીતે જોવા જઈએ તો સિદ્ધાંતશિખામણી વિશેષ રૂપે ચર્યાગ્રંથ છે. વીરશૈવના મતાનુસાર સમગ્ર આગમઅનુયાયી જનો માટે જ્ઞાનની અપેક્ષા ચર્યાનું અધિક મહત્ત્વ છે. કેમ કે ચર્યાના પથનો પથિક થતાં પામર વ્યકિત પણ અંતે શિવસાયુજ્ય પ્રાપ્ત કરી શકે છે. અને અપામર અર્થાત્ શાસ્ત્રજ્ઞાની જન પણ ચર્યા વગર શિવ સાયુજ્ય પ્રાપ્ત કરી શકતો નથી. આ રીતે ચર્યા પામર અપામર બંને માટે અનિવાર્ય છે.

**દીક્ષા :**

ચર્યાનો પ્રથમ ક્રમ દીક્ષા છે. દીક્ષાનું લક્ષણ આ પ્રમાણે છે.

**दीयते च शिवज्ञानं क्षीयते पाशबन्धनम्।**
**यस्मादतः समाख्याता दीक्षेतीयं विचक्षणैः॥**

આ દીક્ષા ત્રણ પ્રકારની છે – (૧) વેધાદીક્ષા (૨) મંત્રદીક્ષા અને (૩) ક્રિયાદીક્ષા.

પ્રથમ દીક્ષામાં ગુરૂ શિષ્ય ઉપર દષ્ટિ કરી હાથ પોતના શિષ્યના માથા ઉપર મૂકે છે, તેથી શિષ્યને શિવસમાવેશ પ્રાપ્ત થઈ જાય છે. મંત્ર દીક્ષામાં ગુરૂ શિષ્યના કાનમાં પંચાક્ષર મંત્રનો ઉપદેશ આપે છે. મંત્રનું મનન કરવાથી ત્રાણ કરવા વાળી આ દીક્ષા માન્ત્રી દીક્ષા કહેવાય છે. ક્રિયા દીક્ષાનું વર્ણન વિસ્તારથી આ ગ્રંથમાં મળે છે. આમાં કોઈ શુભ મુહુર્તમાં આચાર્ય ઋત્વિજોની સાથે મળીને શિષ્યનો અભિષેક કરી ડાબા કર્ણમાં પંચાક્ષરી મંત્રનો ઉપદેશ આપે છે. તત્પશ્ચાત પંચાક્ષર મંત્રનો ન્યાસ વિનિયોગ આદિ બતાવે છે.

**લિંગધારણ :–** દીક્ષા બાદ ગુરૂ એક લિઙ્ગ લાવીને એની પૂજા કર્યા બાદ એને શૈવી કલા દ્વારા યુક્ત કરે છે. તદ્પરાંત આ લિંઙ્ગમાં શિષ્યનો પ્રાણ સંચાર કરી ગુરૂ એકરૂપ કરી દે છે. આ લિંઙ્ગને શિષ્યના હાથમાં અર્પણ કરી ઉપદેશ આપે છે. પ્રાણ સંકટની સ્થિતિ ઉભી થાય તો પણ આ લિંઙ્ગને આપણા શરીરથી અલગ થવા દેવું નહિ. આ તો બાહય લિંગ જે સ્ફટિક પત્થર આદિથી નિર્માણ પામે છે, ધારણની પ્રક્રિયા છે. એમની સહાયતાથી શિષ્યને આન્તર લિંગ ધારણ કરવાનો અભ્યાસ કરવો જોઈએ. મૂળાધાર, હૃદય અથવા ભ્રૂમધ્યમાં જ્યોતિર્લિઙ્ગનું અનુસંધાન કરવું જોઈએ. મૂલાધારમાં સ્વર્ણિમ, હૃદયમાં મૂંગાસદૃશ અને ભ્રૂમધ્યમાં સ્ફટિકોપમ લિંગનું ધ્યાન બતાવવામાં આવ્યું છે. બાહય લિંગનું ધારણ આવી સ્થિતિમાં કરવું જોઈએ. આંતરીક લિંગ ધારણ કરવામાં યોગીઓ અસમર્થ હોય એવા ત્રણ પ્રકારના લિંગ છે.૧. સ્થૂળ ૨. સૂક્ષ્મ અને ૩. પરાત્પર. સ્ફટિક આદિ દ્વારા નિર્મિત બાહયલિંગ, જેને શિર, કંઠ, હૃદય કે હાથ વગેરે સ્થાને ધારણ કરવામાં આવે છે. પ્રાણને સૂક્ષ્મ લિંગ કહેવાય છે. જે પરાત્પર લિંગ છે, તેને તૃપ્તિલિંગ કહેવાય છે. સ્થૂળલિંગનું ધારણ નાભિના નીચે ન કરતાં એની

પૂજા હાથમાં મૂકીને કરવી જોઈએ.

**ભસ્મધારણ :–** લિંઙ્ગ–ધારણમાં અનન્તર ભસ્મ–ધારણ પણ શિવયોગીઓ માટે અનિવાર્ય ક્રિયા છે. ઢભસ્મ' શબ્દ ઢભાસ' ધાતુથી મનિન્ પ્રત્યય જોડીને બને છે. આનો અર્થ થાય છે.– ભાસન અર્થાત્ પ્રકાશન કરવાવાળો થાય છે. જે શિવનું  પ્રકાશન કરાવે છે,  તે પંચાક્ષરી મંત્ર તો જ વાસ્તવિક ભસ્મ છે. એના પ્રતિક રૂપે મંત્ર ન્યાસ ધ્યાન વગેરેથી પ્રગટ સ્થૂળ ભસ્મને ધારણ કરવાની વિધિનું સિધ્ધાંતશિખામણીમાં વર્ણન છે. ભસ્મની વિભૂતિ, ભસિત આદિ પાંચ સંજ્ઞાઓ છે અને એમના પોત–પોતાના  વિશિષ્ટ અર્થ છે. આ ભસ્મ કપિલ કૃષ્ણ આદિ પાંચ વર્ણો વાળી નંદા આદિ પાંચ ગાયો દ્વારા ઉત્પન્ન થયેલ છે. તેથી આની ઉત્પત્તિમાં સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરૂષ અને ઈશાન નામના પંચબ્રહ્મ કારણ છે. આ ભસ્મને નિત્ય ધારણ કરવી જોઈએ. એમની ધારણા ત્રિપુંડ રૂપે કરવાનું વિધાન  છે ત્રિપુંડનો અર્થ અનામિકા મધ્યમાં તર્જની દ્વારા ભસ્મની ત્રણ ત્રાસી રેખાઓ બનાવવી, એને  ધારણ કરવાના અંગો છે. મસ્તક, કપાળ, બંને કાન, ગળુ, બંને હાથ, હૃદય નાભિ, પીઠ, બંને કોણી તેમજ બંને મણિબંધ(કાંડા)ના સ્થાને ધારણ કરવાથી મનુષ્ય રૂદ્ર જેવો મહાન બની શકે છે.

**રૂદ્રાક્ષધારણ :–** ભસ્મ –ધારણ પશ્ચાત રૂદ્રાક્ષ ધારણ કરવાનું વિધાન પ્રસ્તુત ગ્રંથમાં કરવામાં આવ્યું છે.  ત્રિપુરદાહના પ્રારંભકાળમાં ભગવાન રુદ્રએ ક્રોધિત થઈ ત્રણે લોકનું દર્શન કરાવ્યું તે સમયમાં ક્રોધિત થયેલા રુદ્રના ત્રણે નેત્રોમાંથી જે આંસુઓ ખરી પડયા  તે રુદ્રાક્ષ કહેવાયા રૂદ્રની અથી અર્થાત્ આંખમાંથી ઉત્પન્ન થવાને લીધે તેનું નામ પડયું એમના સૂર્યાત્મક ડાબા નેત્રમાંથી કપિલ વર્ણના બાર જમણા  નેત્રથી સોળ શ્વેત, તથા કપાળના અગ્નિમય નેત્ર દ્વારા દશ વર્ણોના રુદ્રાક્ષ ઉત્પન્ન થયા. આ રીતે રુદ્રાક્ષ ૧૨–૧૬–૧૦ ૩૮ આડત્રીસ પ્રકારના હોય છે. રુદ્રાક્ષ ધારણ

કરવાવાળા શિવભકત બ્રહ્મહત્યા જેવા મહાપાપો તથા અન્ય સમગ્ર પાતકો ઉપપાતકો દ્વારા મુકત થઈ જાય છે. મૃત્યુકાળમાં રુદ્રાક્ષને વાટીને પાણી સાથે પીવાથી મનુષ્ય રુદ્ર લોકને પ્રાપ્ત થાય છે.

**મંત્રજપ :–** પંચાક્ષર મંત્રનો જપ એક અન્ય ચર્યા છે. જપના વાચિક, ઉપાંશુ, અને માનસ ત્રણ પ્રકારના જપને જપયજ્ઞ કહેવામાં આવે છે. એમ પણ કહેવાય છે કે સમગ્ર કર્મયજ્ઞ અથવા વ્રતદાન વગેરે જપયજ્ઞ સોળમી કલાના તુલ્ય પણ નથી હોતા. આણવ, માયા, તેમજ કર્મોના બંધનથી મુકિત માટે જપ કરવો જોઈએ. અભક્ષણ, વાયુ –ભક્ષણ કે અન્ય વ્રત કરવા વાળા પણ એમના દ્વારા શિવલોકને પ્રાપ્ત કરી શકતા નથી. આ મહામંત્ર એક વાર ઉચ્ચારીત થઈને સર્વસિધ્ધિ અપનાવનારો હોય છે. પંચાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરી શિવલિંગ પર પુષ્પ અર્પણ કરવાથી એક સહસ્ત્ર વાજપેય યજ્ઞનું ફળ મળે છે. વશિષ્ઠ, વામદેવ આદિ ઋષિગણ આ મંત્રના જપ દ્વારા પ્રાપ્ત કરી છે. શતાનંદ મુનિએ નરક ને સ્વર્ગ બનાવી દીધુ. બ્રહ્મમા આદિના અંદર સૃષ્ટિનું નિર્માણ કરવાનું સામર્થ્ય આ મંત્રના કારણે છે.

ઉપરોકત ચર્યાવિધિના અતિરિકત અન્ય પ્રકારની ઘણી ચર્યાઓનું વર્ણન સિધ્ધાંતશિખામણીમાં મળે છે. આ રીતે જોવા જઈએ તો સંપૂર્ણ ગ્રંથ પ્રકારાન્તથી ચર્યા–વર્ણન–પ્રધાન ગ્રંથ છે. એમાં અતિશયોકિતનું નથી. ગુરુનો મહિમા, લિંઙ્ગધારણની મહત્તા, ગુરુ પ્રત્યેનું કર્તવ્ય, લિંગનું મહત્વ, લિંઙ્ગાધારણાની મહત્તા, શિવયોગીનો મહિમા, શિવાર્ચનનું મહત્વ વગેરે અનેક વિષય છે, જેના પર ગ્રંથકારે મોટા પ્રમાણમાં પ્રકાશ પાડયો છે. આચાર્ય અભિનવગુપ્તએ આગમશાસ્ત્રને પ્રક્રિયા શાસ્ત્ર કે અનુભવ શાસ્ત્ર પણ કહયો છે. ક્રિયા, પ્રક્રિયા, સાધના, અનુષ્ઠાન, વગેરે પ્રારંભિક સ્તરના વિષયો છે. ક્રિયા વગર કંઈ પણ કરી શકાતુ નથી. ક્રિયાનો જેમ ઉત્કર્ષ થાય છે. તેમ–તેમ પ્રભુની કૃપા ત માત્રામાં ભકતને તો રહે અનુગ્રુહિત

કરતી છે. એવા સમયે ભકતને અનેક પ્રકારના દિવ્ય અનુભવો પ્રાપ્ત થવા લાગે છે. તથા સાધક દિવ્યશકિતઓથી સમન્વિત થઈ જાય છે. સાધના – ક્રમમાં એક અવસર એવો આવે છે, જ્યારે ક્રિયા કે પ્રક્રિયાને કરવી નથી પડતી , તે અનાયાસે જ ભકતને થવા લાગે છે. જપ, ધ્યાન વગેરેની આ અવસ્થા ઉચ્ચકોટિની હોય છે. અંતમાં '**यद् यत् कर्म करोमि तत्तदखिलं शम्भो तवाराधनम्**' ની સ્થિતિ આવી જાય છે. અને સાધકને અલગથી કંઈ કરવું પડતું નથી. તેઓ સ્વયં શિવત્વનો અનુભવ કરે છે. એમનાં સમગ્ર કાર્યો શિવના જ થઈ જાય છે. ઉપનિષદોમાં કરેલુ વર્ણન '**आत्मरतिः आत्मक्रीडः**' વગેરે વચન આ અવસ્થાના પૂરક છે. ગણેશપુરી (મહારાષ્ટ્ર)ના શિવસ્વરૂપ સંત ભગવાન નિત્યાનંદ કયારેક –કયારેક એમના દ્વારા એમની જ પૂજા કરતા હતા. '**ॐ गन्धं समर्पयामि आत्माने नमः ॐ पुष्पं समर्पयामि आत्माने नमः**' વગેરેનું ઉચ્ચારણ કરી એમના જ હાથોથી પોતાના ઉપર ગન્ધ, પુષ્પ વગેરે ચઢાવતા હતા. સિધ્ધાન્તશિખામણિના અઢારમાં પરિચ્છેદથી લઈને વીસમાં પરિચ્છેદ સુધીનું વર્ણન શિવયોગીની સાધનાને ચરમ ઉત્કર્ષ નો સંકેત મળે છે.

જનસામાન્ય લોકોની અવધારણા છે કે આગમશાસ્ત્ર પહેલાંથી જ પ્રાયઃ વેદ–વિરોધી છે. આંશિક રૂપે આ અવધારણા સત્ય છે. બ્રાહ્મણ આદિ ગ્રંથોનું જટિલ કર્મકાંડ તેમજ એમના અધિકારીનું વિશિષ્ટ વર્ણન અવસ્થા વગેરેથી યુકત આવા કોઈ પણ નિયમ નિર્દેશ છે, એનાથી તંત્રશાસ્ત્ર સહમત નથી. આ શાસ્ત્ર અત્યંત ઉદાર છે. શૈવી સાધના, શિવસાયુજ્યનો અધિકાર માનવ માત્રને છે. એવી આગમન શાસ્ત્રની દૃઢ માન્યતા છે. અહી સુધી કે જે સ્ત્રીને યજ્ઞ કરવા માટેનો અધિકાર વેદોમાં નિષેધ છે, આગમમાં એને લિંગ્ગર્ચનનો સંપૂર્ણ અધિકાર છે. તેથી અહી કહયું છે કે –

**भलिंङ्गार्चनरतायास्तु ऋतौ नार्या न सूतकम्।**
**तथा प्रसूतिकायाश्च सूतकं नैव विघतेद्ध**

(સિ.શિ.૯/૪૪)

એટલા માટે પરવર્તીકાળમાં ૧૧મી સદી કે એના પછી વેદો કે આગમોમાં એક પ્રકારનું સામંજસ્ય સ્થાપિત કરવાનું અભિયાન ચલાવ્યુ અને આચાર્ય  અભિનવગુપ્ત એ કહેવું પડયું–

'गर्भाधानादितः कृत्वा यावदुद्वाहमेव च ।

तावत्तु वैदिकं कर्म पश्चाच्छैवे ह्यनन्यभाक् ॥'

સિધ્ધાંતશિખામણિના કથનના મૂળમાં સામજસ્યની ભાવના નિહિત છે. ગ્રંથકાર શિવયોગી શિવાચાર્યએ સાંખ્ય, યોગ, પાંચરાત્ર, વેદ તેમજ પાશુપાતની પ્રામાણિકતાને એક સમાન ગણાવ્યા છે. અને એમાં પણ વેદને સર્વપ્રધાન કહે છે. વેદના પ્રમાણથી શેષ સાંખ્ય યોગ આદિનું પ્રામાણ્ય છે.

सांख्य योगः पाश्चरात्रं वेदाः पाशुपतं तथा ।

एतानि मानभूतानि नोपहन्यानि युक्तिभिः ॥

અને

वेदाः प्रधानं सर्वेषां सांख्यादीनां महामुने ।

वेदानुसारणादेषां प्रामाण्यमिति निश्चितम् ॥

(સિ. શિ. ૫/૪–૫)

રેણુકાચાર્યએ કયાંક કયાંક એવા શ્લોકોનું પણ નિરૂપણ કર્યુ છે જે ગીતા અને ઉપનિષદના શ્લોકોની સરખામણી રૂપ હોય એવી પ્રતીતિ  થાય છે. ઉદાહરણ રૂપે –

भजातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च ।

जन्तुर्मरणजन्मभ्यां परिभ्रमति चक्रवत् ॥द्ध

(સિ.શિ.૫/૬૩)

આ શ્લોક ગીતાના  જ પૂર્વાધ રૂપે ઉદ્વત કર્યો છે. આ રીતે **'पृथिव्याद्यष्टमूर्तित्वर्भाश्वरस्य प्रकीर्तितम्'** (સિ.શિ.૧૦/૪૯) વચન બૃહદારુણ્યક

ઉપનિષદ્ ના '**यस्य पृथिवी शरीरम्**' થી લઈ '**यस्यात्मा शरीरम्**
(૩/૭/૩/–૩/૭/૨૩) અને

'**नित्यं भासि तदीयस्त्वं या ते रुद्र शिवा तनूः।**

**अघोराऽपापकाशीति श्रुतिराह सनातनी॥**'

(સિ.શિ.૧૦/૪૯)

શુક્લયજુર્વેદ વાજસનેહિસંહિતાના ૧૬/૨ મંત્રને ઉદ્ધત કરી આપ્યો છે. આ પ્રકારે તૈત્તિરીય ઉપનિષદ્, બ્રહ્મબિન્દુપનિષદ, શ્વેતાશ્વર ઉપનિષત્ આદિ શ્રુતિઓની પ્રતિછાયા વચન પ્રસ્તુત ગ્રંથ માં દરેક જગ્યાએ જોવા મળ ે છે. એનો નિષ્કર્ષ આ છે કે શિવયોગી શિવાચાર્યજીએ આ ગ્રંથમાં વેદોપનિષદ્ગીતા સમ્મત ઉપદેશ આપ્યો છે.

**શ્રી સિદ્ધાંશિખામણિઃ એક મહાકાવ્ય : –** દર્શનશાસ્ત્ર કે આગમશાત્રનો ગ્રંથ હોવા સાથે–સાથે સિધ્ધાન્તશિખામણી એક મહાકાવ્ય પણ છે. એકવીસમાં પરિચ્છેદમાં વિભકત આ ગ્રંથ '**सर्गबन्धो महाकाव्य**'ના નિષ્કર્ષ પર ઉચ્ચકોટિનું મહાકાવ્ય સિધ્ધ થાય છે. આ ગ્રંથના નાયક રેણુકાચાર્ય છે. જે ધીરોદાત્ત નાયકના ગુણોથી પણ ઉચ્ચ સ્તરના ગુણોથી યુકત છે. તેઓ આત્માશ્લાધારહિત છે. તેમણે અગસ્ત્ય અને વિભીષણની પ્રશંસા કરી પોતાની નહિ. ક્ષમા એમના વ્યકિતત્વમાં એટલી હતી કે શિવ દ્વારા શાપિત થવા છતાં પણ તેઓ ક્રોધિત ન થયા, પ્રત્યુત્તરમાં એમણે વિનમ્રતા સાથે શિવ આગળ શાપના ઉદ્ધારની યાચના કરી શિવના પ્રિય ગણેશ્વર હોવાના કારણે ગામ્ભીર્ય અને મહત્તાથી યુકત હોવુ એમનો સ્વભાવ હતો. દઢ પ્રતિજ્ઞા કે શિવના આદેશનું પાલનનો સંકલ્પ લઈ મહામુનિ અગસ્ત્યને આદેશ આપી તેમણે વીરશૈવ સિદ્ધાંતનો પ્રચાર–પ્રસાર કર્યો. તથા વિભીષણના નિવેદન પર એક સાથે ત્રણ કરોડ શરીર ધારણ કરી ત્રણ કરોડ શિવલિંગોની સ્થાપના લંકામાં કરી.

આ મહાકાવ્યમાં શાંત રસ મુખ્ય છે. સંપૂર્ણ ગ્રંથના અધ્યયન સમયે આદ્યોપાન્ત નિર્વેદ ભાવ જાગૃત થયા કરતો હોય છે. ગુરુ, શિષ્ય, શિવભકત, લિંઙ્ગાંર્ચન, કષ્ટ, લિંગાર્ચન, સમર્પણ, વગેરે અનેક વિષય વ્યકિતના મનમાં જગત પ્રત્યે વિરકિત અને શિવ પ્રત્યે ભકિત અને સમર્પણના ભાવોનુ ઉત્પન્ન કરે છે. નાયકનું વ્યકિતત્વ વર્ણન, નાયિકા વર્ણન, પ્રકૃતિ વર્ણન, વગેરે મહાકાવ્યના અનિવાર્ય વિષયો હોય છે. ગ્રંથકારે ગ્રંથના પ્રારંભમાં શિવસ્તુતિ, શકિતસ્તુતિના માઘ્યમથી નાયક–નાયિકાનું વર્ણન કર્યુ છે. રઘુવંશ મહાકાવ્યની કંડિકાનું અનુસરણ કરતાં શિવયોગી ગ્રંથકારે વંશનું વર્ણન કર્યુ છે. શિવ નામના પરબ્રહ્મના દ્વિતીય પરિચ્છેદમાં વિશેષ કરી એમાંનો તૃતીય શ્લોક થી ૯ થી ૨૩ સુધી પંદર શ્લોકાત્મક વંશનું વર્ણન કરવામાં આવ્યું છે. આ રીતે ભવાનીમાં ૨૪ થી લઈ ૩૫ શ્લોક સુધી ૧૩ શ્લોકોમાં સૌદર્ય વર્ણન છે. તૃતીય પરિચ્છેદના પ્રારંભમા પ્રકૃતિ વર્ણન પણ છે.

જ્યાં સુધી અલંકારોનો પ્રશ્ન છે. એમાં અનેક અલંકારોનો પ્રયોગ જોવા મળે છે. કેટલાક ઉદાહરણો અહીં પ્રસ્તુત છે.

ઉપમા– नाभिस्थानावलम्बिन्या नवमौक्तिकमालया।
गङ्गयेव कृताश्लेषमौलिभागावतीर्णया॥ (૩.૨૨)

માલોપમા – अर्थहीना यथा वाणी पतिहीना यथा सती।
श्रुतिहीना यथा बुद्धिर्भावहीना तथा क्रिया॥ (૧૬.૧૯)
शिवानंन्द समासाद्य को वाऽन्यमुपतिष्ठते।
गङ्गमृतं परित्यज्य कः काङ्क्षेन्मृगतृष्णिकाम्॥ (૧૩.૭)

રૂપક– त्रैलोक्यसम्पदालेख्यसमुल्लेखनभित्तये।
सच्चिदानन्दरुपाय शिवाय ब्रह्मणे नमः॥ (૧.૧)

**ज्ञानचन्द्रसमुद्भूतां परमानन्दचन्द्रिकाम्।**

**पश्यन्ति परमाकाशे मुक्तिरात्रौ महाधियः॥** (૧૯.૧૪)

ઉપરોકત કેટલાક ઉદાહરણ આ તથ્યના પ્રમાણ છે. કે પરમ આલંકારિક શિવયોગી શિવાચાર્યએ આ મહાકાવ્યમાં યથાસંભવ યથોચિત કે યથાસ્થાન અલંકારોનો સમાવેશ કર્યો છે.

છંદના બાબતે મહત્વનું આ છે કે આ મહાકાવ્યમાં અનુષ્ટુપ (શ્લોક) છંદનું જ મુખ્ય રૂપે પ્રયોગ કરેલ છે. જેવી રીતે મહાકાવ્યમાં શૈલી હોય છે પ્રત્યેક ગદ્યખંડના અંતમાં છંદ બદલી દેવામાં આવ્યા છે. અંતિમ પદ્ય મોટા છંદોમાં લખ્યા છે. એનું સંક્ષિપ્ત વિવરણ આ રીતનું છે.

| **પરિચ્છેદ** | **અંતિમ પદ્યનો છંદ** |
|---|---|
| ૧. | માલિની |
| ૨. | વંશસ્થ |
| ૩. | શાર્દુલવિક્રીડિત |
| ૪. | વસન્તતિલકા |
| ૫. | શાર્દુલવિક્રીડિત |
| ૬. | વંશસ્થ |
| ૭. | વંશસ્થ |
| ૮. | માલિની |
| ૯. | વંશસ્થ |
| ૧૦. | વંશસ્થ |
| ૧૧. | વંશસ્થ |
| ૧૨. | વંશસ્થ |
| ૧૩. | વંશસ્થ |
| ૧૪. | વંશસ્થ |

| | |
|---|---|
| ૧૫. | શાર્દુલવિક્રીડિત |
| ૧૬. | પુષ્પિતાગ્રા |
| ૧૭. | શાર્દુલવિક્રીડિત |
| ૧૮. | વંશસ્થ |
| ૧૯. | શાર્દુલવિક્રીડિત |
| ૨૦. | અનુષ્ટુપ્ (શ્લોક) |
| ૨૧. | શાર્દુલવિક્રીડિત |

આ ગ્રંથનું નિરૂપણ વૈદર્ભી શૈલીમાં થયું છે પ્રથમ સમાસરહિત પદ કોમળ વર્ણનો પ્રયોગ વૈદર્ભી રીતિની વિશેષતાઓ છે. આ રચનામાં મૂર્ધન્ય વર્ગના દ્વિતીય ચતુર્થ વર્ણનો પ્રયોગ અત્યંત અલ્પ માત્રામાં કર્યો છે. આ રીતે આ રચના પ્રાસાદગુણ વાળી છે. એમાં શ્રુતિકટૂત્વ, દુરાન્વય કિલષ્ટતા, સંદેહ વગેરે દોષો નથી. ગ્રંથના અઘ્યયન સમયે અઘ્યેતાના મનમાં શાંતરસ મિશ્રિત ભકિતની ધારા પ્રવાહિત વહેતી રહે છે. આ ગ્રંથ યથાર્થતઃ વીરશૈવ સિદ્ધાન્તોની શિખામણિ છે.

*શ્રીસિદ્ધાંતશિખામણિના ગુજરાતી ભા"ાતરમાં જેમનું આર્શીવચન સહજ સ્નેહમયી "રણા છે યોગદાન રહ્યું છે. એમાં સર્વ"થમ વિશ્વારાધ્ય સિંહાસનધીશ્વર શ્રી ૧૦૦૮ જગદ્ગુરૂ ડૉ. ચંદ્રશેખરજી શિવાચાર્ય મહાસ્વામીજીનું નામ સ્મરણીય છે. ગુરૂકૃપા અભ્યુદય અને નિઃશ્રેયસ બંનેને સિદ્ધ કરે છે. એટલે હું સર્વ"થમ એમના ચરણોમાં શાશ્વત વંદન કરું છું.*

*તે પછી મારા માતા-પિતાનો પણ ચરણ સ્પર્શ કરું છું જેઓએ મને "રણા, સ્નેહ અને મમતા "દાન કરી મને સંસ્કાર આપ્યા. મારા પરિવારના સભ્યોનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું જેઓએ મને સદા "ોત્સાહન આપ્યું છે. મારા મહાવિદ્યાલયના સાથી મિત્ર ડૉ. સવિતાબેનનો પણ અહિં હું ખૂબ-ખૂબ આભાર માનું છું જેઓએ સતત મને ગુજરાતી ભા"ાતંર માટે*

*મદદ કરી હતી. હું હૃદયથી તેમને  નમન કરું છું.*

*અંતમાં માનવ સુલભ ત્રુટિઓ, મર્યાદાઓ માટે પાઠ્યવૃંદને પણ નિવેદન કરું છું કે, તેઓ આના પર ધ્યાન આપી ગ્રંથસ્થ વિશે"ાતાઓને હૃદયઃરૂ  કરે એવી અભ્યર્થના સાથે મને આ કાર્યમાં મારી આ સાધનામાં મને કેટલી સફળતા મળી છે તેના નિ"ક"ર્ તો વિદ્વતજન અને અભ્યાસી વ્યક્તિ જ કરી શકે છે. છેલ્લે સંસ્કૃત સાહિત્ય માટે એટલું જ કહીશ કે -*

**यावत्स्थास्यन्ति शैलेन्द्राः "रितश्च महीतले ।**
**तावत"स्कृत माहात्म्यं लोकेऽस्मिन प्रचरिष्यति ॥**

*વિનયશીલ*
*ડૉ. કરુણા ત્રિવેદી*

******

## વિષય સંક્ષેપ

**પ્રથમ ત્રીજો પરિચ્છેદ :**

*કોઈપણ વિઘ્ન વગર ગ્રંથનું સમાપન થાય એટલા માટે પરિચ્છેદના પ્રથમ બાર શ્લોકો સુધી મંગલાચરણ સિવાય શિવયોગી શિવાચાર્યના વંશનું વર્ણન કરવામાં આવે છે. શિવયોગી (પ્રથમ)નો પુત્ર મુદ્દદદેવ એમનો પુત્ર સિદ્ધનાથ, સિદ્ધનાથનો પુત્ર શિવયોગી (દ્વિતીય) કહેવાયા. આ વીરશૈવના અનુગામી કહેવાયા. તેઓએ શ્રીસિદ્ધાંત શિખામણિની રચના કરી છે.*

*બ્રહ્મ સચિદાનંદરૂપ અને સનાતન છે. સૃષ્ટિના પૂર્વ આ વિશ્વ એમનામાં લીન રહે છે. એમની શક્તિ પણ એમના સમભાવ સંબંધથી નિત્ય વર્તમાન રહે છે. આ પરમેશ્વરે બ્રહ્માની સૃષ્ટિ રચી તેને સમગ્ર વિદ્યાઓ સાથે અલંકૃત કરી. તેમજ સૃષ્ટિનો ઉપાય બતાવ્યો અને શિવજીએ જ સર્વવ્યાપ્ત સર્વશક્તિમાન પ્રમથ ગણો ને ઉત્પન્ન કર્યા. આ સર્વ ગણો માંથી રેણુક અને દારૂક આ બંને ગણ શિવજી ના અતિપ્રિય બન્યા. તેઓ હમેશા અંતપુરના દ્વારે રહી ભગવાન શિવની સેવા કરતા હતા.*

*એક વાર ભગવાન શિવ કૈલાશપર્વત ઉપર બિરાજમાન હતા. ભગવતી પાર્વતી તેમજ એમનો પરિવાર પણ સાથે શોભામાં અભિવૃદ્ધિ કરતાં હતા. સરસ્વતી, વેદ, દિવ્ય કન્યાઓ, સ્ત્રીઓ, વિઘ્નેશ્વર, નંદી આદિગણ,પ્રમથગણ વગેરે દેવો શિવજીની સેવા કરી રહ્યા હતા. તેમની સાથે બ્રહ્મા, ઈન્દ્ર જેવા દેવો, વશિષ્ટ જેવા મહાન ઋષિ, દ્વાદશ આદિત્ય, અષ્ટ વસુ, એકાદશ રુદ્ર, રાક્ષસ, દાનવો વગેરે એમની સેવામાં કાર્યરત હતાં. શંકર ભગવાન પણ ક્રમશઃ સૌને એમની કૃપાથી ખુશ કરી રહ્યા હતા. આ પ્રક્રિયાઓ ચાલતી હતી ત્યાં જ વચમાંથી*

*ભગવાન શિવજીએ રેણુકને પ્રસાદના રૂપમાં તાંદુલ લેવા માટે બોલાવી. રેણુકએ શિવજીનું આહ્‌વાન સાંભળી સ્વાભિમાની થઈ દારૂકને ઓળંગી શિવની પાસે જવાની ધૃષ્ટતા કરી. ભગવાન શિવએ આવું અધમ કત્ય ને જોઈ રેણુકને કહ્યુ અરે કુમાર્ગી ! શિવભક્તોનું ઉલ્લંઘન પરમ અનર્થનું કારણ માનવામાં આવે છે. એટલે મનુષ્ય જેવા આચરણ કરવાના અપરાધવત મનુષ્ય થઈ જા. ભયભીત રેણુકએ ભગવાન શિવને પ્રાર્થના કરી કે તેમને મનુષ્ય યોનિથી જન્મ લેવો ન પડે. રેણુકની પ્રાર્થના થકી પ્રસન્ન થયેલા ભગવાન શિવએ કહ્યું શ્રીશૈલના ઉત્તર ભાગમાં ત્રિલિંગ દેશ (=શક્યતા તેલગાંણાં) માં સોમેશ્વર નામનું મારું એક લિંગ છે. તેમાંથી તમારું પ્રાકટ્ય થશે અને તમે વેદ-સમ્મત સમાન વીરશૈવ શાસ્ત્રની ભૂલોકમાં સ્થાપના કરશો. એવું કહી ભગવાન પોતાના અંતપુરમાં જતા રહ્યા અને રેણુકએ આ ધરતી પર અવતાર લીધો.*

**ચોથા - પાંચમોં પરિચ્છેદ :**

*જ્યારે સોમેશ્વર મહાદેવથી પ્રભાવથી રેણુકનું પ્રાગટ્ય થયું. ત્યારે તૈલગાંના દેશના સર્વે પ્રાણીઓ રેણુકનું તેજસ્વી રૂપ જોઈને આશ્ચર્યચકિત થયા. એમનું સંપૂર્ણ અંગ ભસ્મમય હતું. માથા ઉપર પુણ્ડ સુશોભિત હતું. કટિપ્રદેશ માં મેખલા ધારણ કરેલ, હાથોમાં યોગદંડ, ભસ્મપાત્ર અને કમંડલ હતો. “આપ કોણ છો ?” લોકોએ એમને પૂછ્યુ ત્યારે તેઓ એ કહ્યું “હું ભગવાન શિવનો સહચર રેણુક છું. કોઈ કારણસર અહીં શિવલિંગ થી મારી ઉત્પત્તિ થઈ જૈન, બૌદ્ધ, ચાર્વાક જેવા નાસ્તિક દર્શનોનોખંડન કરી વીરશૈવ સિદ્ધાંતની સ્થાપના કરાવી મારા અવતારનો પ્રયોજન છે. આમ કહી રેણુકાચાર્ય આકાશ માર્ગે મલય પર્વત પર આવીને અગસ્ત્યના આશ્રમમાં પધાર્યા તે આશ્રમ અત્યંત રમણીય તેમજ તપસ્વીઓથી પરિપૂર્ણ (બ્રહ્મ લોક) સમાન હતો. આશ્રમના મધ્ય ભાગમાં ચંદનવૃક્ષના નીચે મહર્ષિ અગસ્ત્ય બેઠા હતા પિંગજટાધારી ત્રિપુણ્ડ્રાઙ્કિત મસ્તકવાળા અગસ્ત્યના ચારે બાજુ તપસ્વી અને ઋષિમુનિએ બિરાજમાન હતા. રેણુકાચાર્યને પોતાના દિવ્યચક્ષુ દ્વારા આવતા જોઈ ઋષિ અગસ્ત્ય એમના*

વ્યક્તિત્વને પામી ગયા કે તે કોણ છે અને ક્યા કારણસર અહીં પધાર્યા છે લોપામુદ્રા દ્વારા લાવેલા જળથી રેણુકની પૂજા કરી ને અગસ્ત્ય અન્ય બીજા આસન પર જઈને બેઠા. "

ત્યારબાદ અગસ્ત્ય અને રેણુકાચાર્ય બંને વચ્ચે આ રીતે સંવાદ થયો -

રેણુકાચાર્યે કહ્યુ - હે મુનિવર ! આપ મહાન તેજસ્વી છો, તેથી આપના નિત્ય-નિયમ વગેરે માં વિઘ્ન ની જરા પણ એવી સંભાવના કઈ રીતે શક્ય બની શકે છે ? આપે વિધ્યાચલને ઝુકાવી દીધા, સમુદ્રના જળને ડહોળીને કીચડ બનાવી દીધો, વાતાયાં રાક્ષસને આપની જઠરાગ્નિમાં ખાખ કરી દીધો, પૂર્વકાળ માં સ્વામી કાર્તિકેયે આપને શિવધર્મનો ઉપદેશ આવ્યો. જેથી આપ શિવજીના પરમ ભક્ત કહેવાયા.

અગસ્ત્યે કહ્યું - હું સદા માટે મુનિઓનો આદરણીય રહ્યો છું હું તો આપને રેણુક નામથી ગણેશ્વરના રૂપે જાણું છું મારા ઉપર કૃપા કરવા માટે આપ આ ધરતી પર અવતર્યા છો. હું આપના મુખેથી શ્રુતિસમ્મત શૈવસિદ્ધાંત સાંભળવા માંગુ છું. અનેક આગમોના શ્રવણના કારણે મારા મનમાં સંશય પેદા થયો એટલે હે દિવ્યયોગી ! આપ મને ઉપરોક્ત સિદ્ધાંત સંભળાવી ધન્ય ધન્ય કરો.

અગસ્ત્યના વચનને સાંભળી આચાર્ય રેણુક એ કહ્યુ - હે અગસ્ત્ય ! હું આપને શિવના જ્ઞાનનો ઉપદેશ સંભળાવીશ. જીજ્ઞાસુઓના મંતવ્યો પ્રમાણે સાંખ્ય, યોગ, પાઞ્ચરાત્ર, વેદ, પાશુપત આવા અનેક સિદ્ધાંત પ્રચલિત છે. આ બધા પ્રામાણિક દર્શન છે. એમનું ખંડન ન કરવું જોઈએ. આ શૈવતંત્ર બીજા બધા દર્શનોની અપેક્ષા શ્રેષ્ઠ છે. શૈવ, પાશુપત, સોમ અને લાકુલ ભેદનથી આગમ ચાર પ્રકારના છે. એમાં શૈવાગમ, વામ, દક્ષિણ, મિશ્ર અને સિદ્ધાંત ભેદથી ચાર પ્રકારના છે. વામ આગમ શક્તિપ્રધાન, દક્ષિણાગમ ભૈરવપ્રધાન, મિશ્રાગમ સપ્તમાતૃકાપરક અને સિદ્ધાંત વેદપ્રધાન છે. આ ઉપરાંત શિવોપદિષ્ટ કામિકાદિ વાતુલાંત આગમોના અપેક્ષા વીરશૈવમત વધારે પ્રામાણિક છે.

*વીરશૈવ તેમજ વીરમહેશ્વર પદનું અર્થનિર્વચન કર્યા પછી વીરશૈવના છઃ ભેદ બતાવવામાં આવ્યા છે તે છે - ભક્ત. સ્થળ, મહેશ્વર સ્થળ, પ્રસાદી સ્થળ, પ્રાણિલિઙ્ગી સ્થળ, શરણ સ્થળ અને એકય સ્થળ. તદ્‌ઉપરાંત ભક્ત સ્થળના અવાન્તર પંદર ભેદ ગણાવ્યા છે. એમના નામ છે - પિંડ સ્થળ, પિંડજ્ઞાન સ્થળ, સંસારહેય સ્થળ, ગુરૂકારૂણ્ય સ્થળ, લિંગધારણ સ્થળ, વિભૂતિધારણ સ્થળ, રુદ્રાક્ષધારણ સ્થળ, ચતુર્વિધ સારાય સ્થળ, સોપાધિદાન સ્થળ, પંચાક્ષરજપ સ્થળ, ભક્તમાર્ગક્રિયા સ્થળ, ઉભય સ્થળ, ત્રિવિધ સંપત્તિ સ્થળ, નિરુપાધિદાન સ્થળ અને સહજદાન સ્થળ છે. શિવ ભક્તોએ આ બધા સ્થળોનો પ્રયત્નપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.*

*પિંડ સ્થળમાં પિંડ અર્થાત્ શરીર, પિંડજ્ઞાન સ્થળ માં શરીરનું સ્વરૂપ સંસારમાં રહીને સંસાર યા સાંસારિક વસ્તુઓનો ત્યાગ હોવો અનિવાર્ય બતાવવામાં આવ્યો છે.*

**છઠ્ઠો - સાતમો પરિચ્છેદ :**

*છઠ્ઠા પરિચ્છેદમાં ગુરૂકારુણ્ય સ્થળમાં ગુરૂનો વિશિષ્ટ માહાત્મ્ય જણાવી શિષ્યએ ગુરૂની પાસે જવાનો મહિમા બતાવ્યો છે. ત્યાર પછી દીક્ષાની પરિભાષા, એના ત્રણ પ્રકાર, માંસપિંડને મંત્રપિંડના રૂપમાં સુસંસ્કૃત કરવા બતાવવામાં આવ્યું છે. લિંગધારણ સ્થળમાં શિષ્યના પ્રાણનું લિંગની સાથે સામ્યતા, લિંગધારણનું પ્રયોજન, એમના ધારક, અંતલિંગધારણ, બાહ્યલિંગધારણ, લિંગધારણ માં શ્રુતિના પ્રમાણનું વર્ણન કરવામાં આવ્યું છે.*

*સાતમાં પરિચ્છેદના ભસ્મધારણ સ્થળમાં ભસ્મના વિભૂતિ વગેરે પાંચ નામોનું ગૂઢઅર્થ, એના રૂપ, વિનિયોગ, ભસ્મનિર્માણની અનેક પ્રક્રિયાઓ, સ્નાનના સાત પ્રકાર, ભસ્મ સ્નાન, ત્રિપુણ્ડ્ ધારણ, ત્રિપુણ્ડધારી અંગોનું અને ત્રિપુણ્ડ્ધારી જીવોનું વર્ણન છે. રૂદ્રાક્ષધારી સ્થળમાં રુદ્રાક્ષોની ઉત્પત્તિ, રુદ્રાક્ષધારીના લક્ષણો, શરીરના કયા અંગમાં કેટલા રુદ્રાક્ષ ધારણ કરવા જોઈએ. રુદ્રાક્ષ ધારણ કરવાથી થતા લાભો વગેરેનું વર્ણન કરવામાં આવ્યું છે.*

**આઠમાં- દશમા પરિચ્છેદ :**

*આઠમાં પરિચ્છેદમાં પંચાક્ષરી વિદ્યાનું વર્ણન કરવામાં આવ્યું છે. જેમ કે શિવથી વિશેષ કોઈ તત્વ નથી, તેવી રીતે પંચાક્ષર (નમઃ શિવાય) થી વિશેષ અન્ય કોઈ મંત્ર નથી. ''શિવ'' નામના બે અક્ષર પરબ્રહ્મા કે પ્રકાશક છે. ૐકાર ની સાથે ષડ્ક્ષર મંત્ર પણ કહેવામાં આવે છે. આ ઉપરાંત પંચાક્ષર જપનું વિધાન, જપના ભેદ, જપયજ્ઞનું મહત્વ, માનસ જપની શ્રેષ્ઠતા, સમન્ત્રક શિવપૂજાની વિધિ અને તેનું મહત્વ, (પઞ્ચાક્ષરી) જપનું ફળ, જપ કરવાવાળા આચાર્યોની મહિમા નો વર્ણન કરીને પરિચ્છેદ સમાપ્ત કરવામાં આવ્યો છે.*

*નવમા પરિચ્છેદનો વિષય ભક્તિમાર્ગની ક્રિયાનો છે. આમાં ભક્તિના નવ ભેદો, બાહ્ય અને આભ્યન્તરની દૃષ્ટિ દ્વારા ભક્તિના બે પ્રકારો, ભક્તિના અનેક જન્મના લાભો, મન-વચન-કાયા ભેદ થકી પુનઃ ભક્તિના ત્રણ પ્રકારો, તપ, કર્મ, જપ, ધ્યાન અને જ્ઞાનના ભેદથી પાંચ પ્રકાર ના શિવયજ્ઞ, વીરશૈવ માર્ગમાં દીક્ષિતધારણ કરનાર ભક્ત માટે નિયમ, લિંગી અને અલિંગીના ભેદ તેમજ કર્તવ્ય, દાન અન્તર્ગત અન્ન-જલ--દાનની શ્રેષ્ઠતાનું વર્ણન કરવામાં આવ્યું છે. આના અંતર્ગત ઉભયસ્થળમાં શિવ અને ગુરૂના અભેદની ચર્ચા કરવામાં આવી છે.*

*આ ઉપરાંત ત્રિવિધ સમ્પતિ સ્થળમાં ગુરૂ, લિંગ અને જઙ્ગમ કરવામાં આવ્યો છે. શિવયોગીના વિવિધ આયામોની દૃષ્ટિથી વર્ણન ચતુર્વિધસરાય સ્થળમાં શિવનું ચરણામૃત, તેમને સમર્પિત બિલીપત્ર, માળા, અન્ન ગ્રહણના ફાયદા બતાવાયા છે. અંતે સોપાધિ, નિરૂપાધિ તેમજ સહજ સંજ્ઞક ત્રણ પ્રકારના દાનનો મહિમા બતાવ્યો છે.*

*દશમા પરિચ્છેદનો વિષય માહેશ્વર સ્થળ છે. એમાં માહેશ્વરની પ્રશંસા, લિંગનિષ્ઠા, પૂર્વાશ્રય નિરાસ, ઐદ્વત નિરાકરણ, આહ્વાન વર્જન, અષ્ટમૂર્તિ નિરાકરણ, સર્વભૂત તત્વોનું ખંડન, શિવ અને ભક્તોની શિવતા આરીતે નવ ભેદોની ચર્ચા કરી છે. જેઓ મહેશ્વરને સર્વશ્રેષ્ઠ સમજે છે, તે માહેશ્વર છે તેઓ*

પર સ્ત્રી-પરધન, પરાવલંબી શિવના માટે પ્રાણ-ત્યાગ કરવાવાળા હોય છે. એવા માહેશ્વર દ્વારા વિધીયમાન લિંગનિષ્ઠાનું સ્વરૂપ આ છે કે ભક્ત યુક્ત માહેશ્વર લિંગને સર્વસ્વ સમજે છે. તેઓ પ્રાણ - સંકટમાં મુકાયા હોવા છતાં પણ લિંગપૂજાનું વ્રત છોડતા નથી. તેઓને વેદપાઠ, યજ્ઞ જેવા કર્મો કરવા પડતા નથી. તેઓ પૂર્વ સ્વીકૃત ધર્મનો પણ ત્યાગ કરે છે. 'સર્વ કલ્યાણ બ્રહ્મ' ની ધારણઆનો પરિત્યાગ કરવાવાળા તેઓ લિગંને પૂજ્ય અને પોતાને પૂજક માની ને દ્વૈતભાવથી રહે છે. તેમને શિવનું આહ્વાન નહી કરવું જોઈએ, કારણ કે લિંગના રૂપમાં શિવ સદાયે તેમની સાથે છે. પૃથ્વી વગેરે આઠ તત્વો શિવથી ભિન્ન છે. એટલા માટે તેઓ સર્વત્ર હોવા છતાં પણ લિંગના રૂપમાં વિરાજમાન રહે છે. તેઓ જુદી રીતે પૂજા કરતા હોવા છતાં પણ પૂજકે શિવ સર્વવ્યાપ્ત છે એવી ભાવના કરવી જોઈએ. આમ હોવા છતાં પણ તેઓ ભક્તોના હૃદયમાં વિશેષ રૂપથી સ્થિત થઈ ને પ્રકાશે છે.

**એકાદશ - ત્રયોદશ પરિચ્છેદ :**

અગિયારમાં પરિચ્છેદમાં મુખ્ય પ્રસાદી સ્થલ છે. દ્વિતીય ગુરૂ માહાત્મ્ય ત્યાર બાદ લિંગ પ્રશંસા, જઙ્ગમ ગૌરવ, ભક્ત માહાત્મ્ય, શરણકીર્તન અને શિવપ્રસાદમાહાત્મ્ય - આ રીતે એમાં સાત સ્થળ (= ઉપપરિચ્છેદ) છે. પ્રસાદીસ્થળમાં મનની નિર્મળતા, નિર્મળતાની પ્રાપ્તિનો ઉપાય, નિર્મળતાથી થતા લાભ વગેરેની ચર્ચા કરવામાં આવી છે. ગુરૂમાહાત્મ્યમાં ગુરૂ અને શિવ વચ્ચે અભિન્ન એવી ધારણાથી લાભનું વર્ણન છે. તૃતીય સ્થળમાં લિંગનું સ્વરૂપ, બ્રહ્મ એ જ લિંગ છે. પરમાશક્તિ એની પીઠ છે, બંનેનું સમાયોગ વિશ્વલિંગ છે. એમની ઉપાસના થકી પરમ એશ્વર્ય મળે છે. શિવના ઉપાસકો શિવમય હોય છે. કામ આદિ દોષમુક્ત શિવજ્ઞાની શિવચિંતન પરાયણ વાસ્તવિક શિવભક્તો હોય છે. ભક્તમાહાત્મ્ય પરિચ્છેદમાં ભક્તના લક્ષણો, શિવ અને ભક્ત વચ્ચે અભિન્ન વિશેષતાઓ વર્ણવી છે. શરણસ્થળમાં શરણનો મહિમા, શરણાર્થીનું સ્વરૂપ, શિવપ્રાપ્તિનું મહત્વ બતાવ્યું છે.

*પ્રસાદ મહત્વ સ્થળનો વિષય, શિવ પ્રસાદનું સ્વરૂપ અંતે એમની મહિમાના વર્ણનથી પરિચ્છેદનો ઉપસંહાર કર્યો છે.*

*બારમાં પરિચ્છેદ પ્રણાલિગતસ્થળના નામે ઉચિત છે જેમાં પાંચ અનંત સ્થળો છે. પ્રાણલિંગ, પ્રાણલિંગી અર્ચન, શિવયોગસમાધિ, લિંગનિજસ્થળ તથા અંગલિંગ સ્થળ પ્રાણ અને અપાન ના સંયોજનથી મસ્તિષ્કના મધ્યભાગમાં પ્રગટ થતી જ્યોતને પ્રાણલિંગ કહેવામાં આવે છે. આવા પ્રાણલિંગના હૃદયકમલમાં અર્ચના પ્રાણલિંગાર્ચન છે. જેમના માટે ક્ષમા, વિવેક, સત્ય જેવા ગુણોનો ઉપચારના સ્વરૂપે પ્રયોગ થાય છે. શિવયોગસમાધિ સ્થળનું લક્ષણ, બાહ્યવાસનાના નિરાકરણના ઉપાયનું વર્ણન છે. લિંગનિજ સ્થળમાં લિંગસ્વરૂપની ચર્ચા, લિંગનું મહત્વ તેમજ ધ્યાનની વાત કરવામાં આવી છે. અંગલિંગસ્થળ માં બતાવવામાં આવ્યુ છે કે જ્ઞાનરૂપી અંગ અને જ્ઞાનરૂપીલિંગ આ બંને જેમની પાસે છે, તેને અંગલિંગ કહેવામાં આવે છે, જે આ બંનેથી શૂન્ય છે. તેમની મુક્તિ શક્ય નથી.*

*તેરમાં પરિચ્છેદમાં શરણ સ્થલ, તામસનિરસન સ્થલ, નિર્દેશ સ્થલ ઉપરાતં શીલસંપાદન સ્થલની વાત કહેવાઈ છે. પતિવ્રતા સ્ત્રીની જેમ જો શિવને પતિ અને પોતાને પત્ની સમજતા અન્ય આરાધ્ય દેવોથી વિમુખ છે, તેને શરણસ્થલવાન કહેવામાં આવે છે. ગુરૂના દ્વારા આ ભક્તોના હૃદયમાં જ્યારે સમગ્ર અન્ધકારને દૂર કરી દેવામાં આવે છે તો તે તામસનિરાસક ગણવામાં આવે છે. જેમનું જ્ઞાન તામસીમિશ્રિત છે, જેને કદી પણ મુક્તિ મળતી નથી. એટલા માટે જે શામ-દામથી યુક્ત છે, તેઓ સાત્વિક મહાયોગી કહેવાય છે. આ પ્રકારે શિવમય પ્રપંચમાં સાર્વત્રિક દ્વેષ ભાવના રાખવાવાળા રાજસી તેમજ સર્વત્ર અસત્યની ભાવના રાખવાવાળા તામસી શિવયોગી હોય છે. આમાંથી પ્રથમ કોટિના યોગી સર્વોત્તમ છે. આવા વ્યક્તિઓ થકી જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે સાચા જ્ઞાનનો નિર્દેશ આપે છે. આવા નિર્દેશ તરફ અંગુલિનિર્દેશ કરવા વાળો સાચો સંત છે. જેના થકી શિવ દ્વારા થતા લાભનું સમર્થન કરાવે છે.*

*શિવતત્વની જીજ્ઞાસા એમના પ્રતિ સ્થિર ભાવના વ્યક્તિત્વના નામથી અભિભૂત થાય છે. આ રીતે શિવજ્ઞાન, શિવધ્યાન, શિવપ્રાપ્તિના માટે ઉત્કંઠા આ સર્વે શીલ કહેવાય છે. એવા ભક્તો જ શિવલિંગીયોગી કહેવાયા છે.*

**ચૌદ - સોળ પરિચ્છેદ :**

*ચૌદમાં પરિચ્છેદમાં એકય, આચાર સમ્પતિ જેવા ચાર સ્થલ છે. શરણાગત ભક્ત પ્રાણ કે લિંગના યોગથી અતિશય સુખ પ્રાપ્ત કરી શિવની સાથે એકાકાર થઈ જાય છે. વિષયાનંદ માં આસક્ત થઈ તે શિવાનંદ રહે છે. એમને સંસારનું ભાન હોતુ નથી, કેમ કે ભેદ રૂપી સાગરમાં તે મગ્ન થઈ જાય છે માટે શિવએકય ભાવના બંધનરૂપી ઔષધિ છે જે શિવઐક્ય ભાવ ને પ્રાપ્ત કરે છે, તેઓને કર્મફળનો ભોગ કરવો પડતો નથી. આવી પરિસ્થિતિમાં બ્રાહ્મણ-ચંડાલ, પાપી-પુણ્યાત્મા એક સમાન થઈ જાય છે. એમના કર્મફળ શિવના જ્ઞાન થકી કૃતજ્ઞ થઈ જાય છે. એમના પ્રતિ સમગ્રકર્મ શિવની આરાધના સમાન થઈ જાય છે. તેઓ આ વિશ્વને શિવમયની દૃષ્ટિથી જુએ છે. શિવ અને વિશ્વ બંનેમાં એમને પરસ્પર આરાધ્યભાવની પ્રતીતિ થાય છે. શિવમાં મગ્ન એમનું નિરામય અંતર જ્યારે ઈચ્છાશૂન્ય થઈ જાય છે, ત્યારે તે મુક્ત થઈ જાય છે. ગુરૂ, શિવ અને શિષ્ય એક પ્રકારે સ્મરણ સહભોજન કહેવાય છે. જે આવું નથી સમજતા તેઓ વિશ્વભોજક નથી. જ્યારે તેઓ પરાવલંબી ભાવના માટે સ્વાવલંબનનું સમર્પણ કરે છે. ત્યારે તેઓ ને વિશ્વાત્મા કહે છે. સમગ્ર વિશ્વને 'અહમ્' રૂપમાં જોવું પૂર્ણતાનુ પ્રતીક છે.*

**પંદરમો પરિચ્છેદ :**

*પ્રસ્તુત પરિચ્છેદમાં દીક્ષાગુરૂ, શિક્ષાગુરુ વગેરે નવ સ્થલોનું વર્ણન કરવામાં આવ્યુ છે. એ શિવજ્ઞાન થકી ત્રિકાળ દૂષણોનો વિનાશ કરે છે એને દીક્ષા કહેવાય છે. આવા વિષયમાં ગુરૂને દીક્ષાગુરૂ કહેવામાં આવે છે. 'ગુ' અર્થાત્ ગુણાતીત 'રુ' અર્થાત્ રૂપાતીત જેઓ આવા ગુણોનું જ્ઞાન કરાવે તે સાચા ગુરુ કહેવાય છે. જેઓ આવા શાસ્ત્રના અર્થ ને સમજી પોતે આચરણ કરે અને*

બીજાને તે દિશા તરફ દોરે કે પ્રેરિત કરે તેને આચાર્ય કહેવાયા છે. તેઓ સમગ્ર વસ્તુમાં અખંડ ચૈતન્યની અભિવ્યક્તિનો પ્રાણ પુરે છે, એવા ગુરુઓ વિશ્વપ્રકાશક હોય છે. તે દિક્ષાગુરુ છે તેઓ જ શિષ્યોને બોધ આપનાર હોવાથી શિક્ષાગુરૂ પણ કહેવાય છે. આ રીતે જ્ઞાનજ્યોતથી શિષ્યનું કલ્યાણ કરનાર ગુરૂ દુર્લભ હોય છે, જે વ્યક્તિ શિવના રૂપને અનુલક્ષીને જ્ઞાન આપે છે, તેઓ જ્ઞાન ગુરૂના નામથી અભિહિત થાય છે. સૂર્ય માત્ર બાહ્ય અંધકારને દૂર કરે છે, પરંતુ જ્ઞાન આપનાર ગુરુતો બાહ્ય અને આંતરિક બંને અંધકારનો વિનાશ કરે છે. જ્ઞાનીઓને જ્ઞાન થકી કેટલીક વિશેષ ક્રિયાઓ જેમાં લીન થઈ જાય છે. એને ક્રિયાલિંગ્ગી કહેવામાં આવે છે. યોગિયો સમસ્ત ક્રિયાઓનો ત્યાગ કરીને ફક્ત લિંગ્ગ પૂજામાં વ્યસ્ત રહે છે, આથી ક્રિયાલિંગ્ગનો વિશેષ મહત્વ છે. આમ કરતા કરતા એક સ્થિતિ એવી આવે છે જ્યારે ક્રિયા અને ભાવ બંને લિઙ્ગમાં લીન થઈ જાય છે. તેને ભાવલિંગ્ગ કહેવામાં આવે છે. આવી પરિસ્થિતિમાં ભગવાન ભક્તના ભાવમાત્રથી પ્રસન્ન થાય છે. આ રીતે આંતરિક ભાવ સર્વોત્તમ છે. આવુ જ્ઞાની લોકો કહે છે. અહીં બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર જેવા ભેદો સમાપ્ત થઈ જાય છે. પરજ્ઞાન જ જ્ઞાનનો મુખ્ય વિષય બને છે. આવા બોધથી સંપૂર્ણ વ્યક્તિને જ્ઞાનલિંગી અને બોધને જ્ઞાનલિંગ કહે છે.

ભાવલિંગનું જ્ઞાનીપણુ જે જ્ઞાનમાં એકાકાર થઈ જાય છે, આવા જ્ઞાની વ્યક્તિ 'સ્વયં' કહેવાય છે તેઓ સંસારમાં રહેતા હોવા છતાં પરમાનંદમાં મગ્ન રહે છે. શિવનું ધ્યાન, શિવનું જ્ઞાન, ભિક્ષા એકાંત વાસ વગેરે એમના કર્મો છે. આવા સ્વયંલિંગયુક્ત સાધક જ્યારે કામ, ક્રોધથી રહિત સર્વત્ર સમબુદ્ધિવાળા 'સર્વ ખલ્વિદં બ્રહ્મ'ની ભાવના રાખી કહે છે તો એમને 'ચર' કહેવાય છે. તેઓ જ્યારે પોતે પોતાનામાં જ જુએ છે આવો બોધ પરબોધ કહેવાય છે. આ વર્ણ, આશ્રમ, ધર્મ વગેરેથી પર થઈને પોતાને જ સર્વોત્તમ સમજે છે. આવા શિવભક્તો દર્શન-સ્પર્શનથી અજ્ઞાનિઓને પણ મુક્તિ આપે છે. તે નિરંજન જીવનમુક્ત થઈ સામાન્ય લોક વ્યવહાર કરે છે.

**સોળમો પરિચ્છેદ :**

*આ પરિચ્છેદ માહેશ્વરના વર્ણનથી અલંકૃત છે. આમા માહેશ્વર સ્થળના નવ ખંડો ગણાવ્યા છે. જેમના નામ-ક્રિયાગમ, ભાવાગમ જ્ઞાનાગમ, સકાય, અકાય, પરકાય, ધર્માચાર ભાવાચાર અને જ્ઞાનાચાર છે. ક્રિયાગમસ્થળ માં શિવપૂજાની ચર્ચા કરી છે જેમકે અરણિમન્થન વગર અગ્નિ પ્રગટ નથી થતી, તે રીતે પૂજા વગર શિવનો સાક્ષાત્કાર થતો નથી. પરિણામે ગુરૂનો આદેશ લઈ ભગવાનની પૂજા કરવી જોઈએ. એમની પૂજા થકી સમગ્ર દેવો પૂજનીય કહેવાય છે જ્ઞાન અને ક્રિયા બંને પાંખ સમાન છે. એકથી જીવનરૂપી પક્ષી મોક્ષના આકાશમાં વિહાર કરી શકતું નથી. આવો અભ્યાસ કરતા કરતા ભાવશુદ્ધિ થઈ જાય છે. આવી પરિસ્થિતિમાં સર્વાત્રિક રીતે માહેશ્વરની ભાવના હોય છે ભાવ એજ જ્ઞાનનો ચક્ષુ છે. આ ચક્ષુ દ્વારા શિવનું દર્શન કરી શકાય છે. આવો ભક્ત પરમ જ્ઞાની થઈ શકે છે. જ્ઞાન વગરના કર્મો બંધનનું મૂળ છે જ્ઞાન જ મુક્તિ અપાવે છે અને આવા શાસ્ત્રોનો અભ્યાસ, ગુરુનો ઉપદેશ સત્સંગ વગેરેથી પ્રાપ્ત થાય છે દેહ અને કર્મથી અભિમાન મુક્ત યોગીનું શરીર આત્મસાત્ હોય છે. આવા યોગીઓ સંસારનું કલ્યાણ કરનારા કહેવાયા છે કેમ કે શરીર વગર યોગી સમાજના લોકોનું કલ્યાણ કરી શકતા નથી. શરીર થકી લોકોને સન્માર્ગે વાળી શકે છે. મૂર્તિના માધ્યમથી પરમેશ્વરની પૂજા કરી શકાય છે યોગી પણ લોકોમાં પૂજય હોય છે. તપશ્ચર્યા વગેરે સમગ્ર કાર્યોનું સંપાદન યોગીના શરીર દ્વારા જ થાય છે, પરિણામે શરીરનો ત્યાગ ન કરવો જોઈએ. શરીર હોવા છતાં પણ મોહમાયાથી પર હોવાથી પરકાયા કહેવામાં આવે છે. તેઓ પોતાને મનુષ્ય, દેવતા વગેરે નહીં પણ શિવ હોય એમ સમજે છે. મોહમાયા એમના વશમાં રહે છે અને માયાનો પણ સ્પર્શ થતો નથી. આ રીતે આ સચ્ચિદાનંદ સ્વરૂપ પરમ હોય છે. પરાહંતા અથવા પૂર્ણાહંતા પ્રાપ્ત કરનાર યોગી સમગ્ર વિશ્વને સ્વ-આત્મસ્વરૂપ તેમજ શિવરૂપે જુએ છે. પરીણામે તેઓ નિખાલસ હોય છે આવા પરમ યોગીનું જે આચરણ હોય છે, ધર્માચાર કહેવાય*

*છે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, દયા, ક્ષમા, દાન, પૂજા, જપ અને ધ્યાન આ ધર્મ છે. જેનું અનુકરણ કરવા વાળા અહંકારથી મુક્ત હોય છે. યોગીના મતે ધર્મના આચરણનું ત્યાગ કરવો ન જોઈએ. ધર્મના આચરણથી સંપન્ન યોગીનો ભાવ સામાન્ય લોકો પ્રત્યેનો આધ્ય ભાવ હોય છે. ભાવથી મન શુદ્ધિ હોય છે અને ભાવની શુદ્ધિ કર્મથી થાય છે. આ રીતે યોગીએ ભાવનો ત્યાગ કરવો ન જોઈએ. શિવ ભાવના દ્વારા કાર્યો કરનારા યોગી દોષ-ગુણ યુક્ત હોતા નથી. પોતાને, સંસાર અને શિવને સમાન માનનારો શિવદૃષ્ટ્રા છે. આવા યોગીનો જ્ઞાનમહિમા સામાન્ય લોકો માટે તો જ્ઞાનનું આચરણ થયું કહેવાય છે. શિવાદ્વૈત ભાવના જ જ્ઞાન છે. આવું સમજી જે સંસારમાં વ્યવહાર કરે છે તેઓ જ્ઞાનાચારી કહેવાય છે. તેઓ સમગ્ર લોકોને જ્ઞાનમયી બનાવે છે. ઐદ્વત ભક્તિ યુક્ત શિવયોગીની સમગ્ર ક્રિયાઓ ફક્ત ક્રિયા હોય છે. જેનાથી બંધન યા સંસારની ઉત્પત્તિ થતી નથી.*

**સત્તરમો પરિચ્છેદ :**

*સત્તરમાં ગદ્યખંડમાં પ્રસાદી સ્થળના નામથી પ્રસિદ્ધ છે. આમાં નવ સ્થલ છે જેના નામ છે - કાયાનુગ્રહ (ઈન્દ્રિ, યાનુગ્રહ), (પ્રાણ નુગ્રહ) , કાયાર્પિત, કરણાર્પિત, ભાવાર્પિત, શિષ્યસ્થળ, સુશ્રુષાસ્થળ અને સેવ્યસ્થળ, આપણા શરીરનું દર્શન કરાવતા શિવયોગી જ્યારે લોકો ઉપર અનુગ્રહ કરે છે ત્યારે તે કાયાનુગ્રહ કહેવાય છે. આવું એટલા માટે થાય છે કે શિવસ્વયં યોગીના શરીરમાં પ્રવેશ થઈ અનુગ્રહ કરે છે. આ રીતે શિવ યા શિવયોગી બંને શરીર પ્રત્યે અનાસક્ત થતા હોય છે. ઈન્દ્રિયોનું પરશિવથી અભેદ જ્ઞાન ઈન્દ્રિયગ્રાહ્ય કહેવાય છે. આવી પરિસ્થિતિમાં યોગી અતઃકરણમાં શિવનો અનુભવ કરતાં ક્યારેક ક્યારેક ક્ષણવાર માટે બાહ્ય પદાર્થો પણ અનુભવ કરે છે. એમને જરા પણ મરણનો ભય રહેતો નથી. તેઓ ઈન્દ્રિયોની સાથે પ્રાણને પણ મનથી સંકલિત કરી શિવ ભાવના કરતો રહે છે. ઈન્દ્રિયોને કાબુમાં રાખી યોગી જ્યારે પ્રાણવાયુ ગૌણ માની તાત્પર્યને જુએ છે, ત્યારે તેને પ્રાણાનુગ્રહ કહેવામાં*

આવે છે. તાત્પર્યદર્શનનો અર્થ છે - પરમ આનંદ શિવમાં પ્રાણને લીન કરી દેવુ - પ્રાણવૃત્તિલીન થવાથી મન શાંત થઈ જાય છે, પણ પોતાના શક્તિ-સંસ્કારના બળથી યોગી શરીર યાત્રા કરતો રહે છે. પરિણામે એમનું શરીર હોવા છતાં પણ શરીર ન હોવાનો અનુભવ કરે છે, કેમ કે એમને નિજ કાયાનું અભિમાન હોતુ નથી. આવા યોગીઓ કાયાર્પિત કહેવાય છે. શિવના માટે પોતાના શરીરનું અર્પણ ફળસ્વરૂપે આવો યોગી શિવ સમાન બની જતો હોય છે. સમગ્ર શરીરનું સુખ-દુઃખ શિવમય થઈ જાય છે કરણાર્પિત સ્થળનો વિષય છે, સમગ્ર ઈન્દ્રિયોનું શિવને સમર્પિત, વિષય સુખનો અનુભવ કરતી ઈન્દ્રિઓનું શિવાર્પણ કરવાવાળો યોગી કરણાર્પણ કહેવાય છે. ઈન્દ્રિયોનું પ્રધાન મન છે, મનને વશમાં લેવાથી સર્વ ઈનદ્રિયોને કાબુમાં કરી શકાય છે. ચિત્ત ને જગતના ચિદાગ્નિમાં આહુતિ આપવાથી સંસાર રહેતો નથી અને શિવયોગી મુક્ત બની જાય છે. આ રીતે નિશ્ચલ ભાવથી શિવના માટે સમગ્ર ભાવોનું અર્પણ ભાવસમર્પિત કહેવાય છે. મનમાં સદાભાવના ઉત્પન્ન થતી રહે છે. આ જ તો બંધનનું કારણ છે. 'શિવોઽહમ્' ની ભાવના ચિત્તમાં રહેલી અશુદ્ધ ભાવનાને નાશ કરે છે પછી ભોકતા, ભોગ્ય અને ભોગ આ ત્રિપૂટી વિનાશ પામે છે. સમસ્ત કર્મ શિવઆચરણ, સમગ્ર વચન શિવકીર્તન થઈ જાય છે. યધત્ કર્મ કરોમિ તત્તદખિલં શમ્ભો તવારાધનમ્' પરકાય શિવયોગી દ્વારા જે અધિકારી હોય છે, તે શિષ્ય છે. શામ, દામ, તપ, શીલ, સતવાણી, સમદષ્ટિ, ગુરૂ અને શિવમાં તુલ્યભાવ આ બધા શિષ્યોના ઉત્તમ લક્ષણો છે. શિષ્ય ચાહે છે કે તેઓ ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે. આવા શિષ્યોને ગુરૂ જ્યારે નિર્દેશ કરે છે કે 'આપ શિવ છો' ત્યારે તેઓ મુક્ત થઈ જાયછે. પરકાય ગુરૂના દ્વારે ઉપદિશ્યમાન આ શિષ્ય જ્યારે આવા ગુરૂની સેવામાં મગ્ન હોય છે ત્યારે સુશ્રુષુ કહેવાય છે શિષ્ય ફક્ત સેવા જ નથી કરતો, તેઓ પ્રશ્ન - પ્રતિપ્રશ્ન કરતો રહે છે કે ક્યુ પરમતત્વ જ્ઞેય છે? કેવા સાક્ષાત્કારથી મુક્તિ મળે છે. જેવા જવાબમાં ગુરૂ કહે છે. - શિવ જ જ્ઞેય છે. તમે શિવ છો. શિવનું શ્રવણ - ચિંતન - મનન

*કરો. જેનાથી મુક્તિલાભ થશે' ગુરૂના આવા ઉપદેશામૃતનું રસપાન કરી જીજ્ઞાસુ શિષ્ય જ્યારે શિવતત્વનું જ્ઞાન પ્રાપ્ત કરી લે છે, ત્યારે તેઓ સેવક કહેવાય છે. ગુરૂના ઉપદેશાનુસાર આચરણ કરવાથી તેઓ ગુરૂમય પૂજનીય બની જાય છે. એનું પરિણામ એવું આવે છે કે તે શિષ્ય પણ સ્વની દૃષ્ટિથી સામાન્ય લોકોને મોક્ષના માર્ગે લઇ જવામાં સમર્થ બની જતો હોય છે અને મુક્તિ તરફ લઈપણ જાય છે.*

**અઢારમો પરિચ્છેદ :**

*આ પરિચ્છેદ માં આત્મ સ્થલ, અંતરાત્મા સ્થલ, પરમાત્મા સ્થલ, નિર્દેશાગમન સ્થલ, નિર્ભાવાગમ સ્થલ, નષ્ટાગમસ્થલ, આદિપ્રસાદ સ્થલ, અંનત્યપ્રસાદ સ્થલ અને સેવ્ય પ્રસાદ સ્થલ છે. સેવ્યસ્થલ જ્યારે જીવભાવનો ત્યાગ કરી તત્વના રૂપમાં ભાવના વિષય હોય છે. ત્યારે એને આત્મા કહેવાય છે તે આત્મા બાલના અગ્રભાગનો શતાંશ રૂપ છે. પ્રાકતન કર્મરૂપી ભાવથી પર આ આત્મા હોય છે. તેમજ અહંકારથી આનો નાતો હોવાને લીધે શરીરવાન થાય છે પોતે મૂળ સ્વરૂપે નિસંદેહ અને નિર્મળ છે. આ અનામ અને અરૂપ છે. દેહધારી હોવાથી આ પુષ્કરપલાશના સદ્રશ શરીરથી અશક્ત છે. આવી પરિસ્થિતિમાં પણ તેઓ યોગના પ્રભાવથી શિવનો સાક્ષાત્કાર કરે છે. આવો અંતરાત્મા જ નિર્મળ થઇ પરમાત્મા થઇ જાય છે. શિવસર્વવ્યાપી ઉત્કૃષ્ટ આત્મતત્વ હોવાને લીધે પરમાત્મા છે. પરમાત્માસ્થળ પછી નિર્દેશાગમનસ્થળ નું વર્ણન છે. અહમ્ અને મમત્વ બંને નિરાશ થયા બાદ શરીરનું સ્થૂળપણાનું યોગીને ભાન હોતુ નથી. આવા યોગીને નિર્દેહ કહેવામાં આવે છે. તેમજ સામાન્ય લોકોની નજરમાં તેઓ શરીરમય હોય છે. પરંતુ યથાર્થતા રીતે તેઓ દેહભાવના તેમજ દેહવિકારથી પર હોય છે. સર્વવ્યાપી પરમાત્માની સાથે અભિન્ન હોવાથી પરિચ્છિન્ન દેહકર્મોથી પ્રભાવિત થતા નથી. આવા શિવયોગી નિર્દેહતત્વના પરીણામસ્વરૂપે રાગ-દ્વેષ જેવા ભાવોથી મુક્ત થઇ જાય છે. 'અહમ્' અને 'બ્રહ્મ' આ બે ભાવો છે ચિદાકાશમાં બંનેનું એક થવાથી*

*નિર્ભાવની સ્થિતિ ઊભી થાય છે વાણી અને મનની સીમાથી પર શૂન્ય ચિદાકાશમાં સ્વના અસ્તિત્વનો લય કરવાવાળા યોગી માટે ભાવનાની કલ્પના અસંભવ છે. આવી પરિસ્થિતિમાં જ્યારે જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય રૂપ ત્રિપૂટી ભાવ વિનાશ પામે છે. ત્યારે તેને નષ્ટગમ કહે છે. ત્રિપુટીની સ્થિતિ દ્વૈતમાં રહે છે. ઐદ્વતની સ્થિતિ નિર્માણ થતાં એમને પોતાનું પણ ભાન નથી હોતુ, પછી ત્રિપુટી યા ત્રિપુટીમય પ્રપંચ અને એમના ભાનની તોક્શૂ વાત ! ઐદ્વત-ભાવના ના અનંત શિવયોગીના માટે શિવત્વ પદની પ્રાપ્તિ અવશિષ્ટ રહે છે. એમના માટે શિવની કૃપા આવશ્યક રહે છે, આ રીતે શિવપદ પ્રાપ્ત કરવામાટે શિવની કૃપારૂપી કિરણ અનિવાર્ય હોય છે. શિવનો સાક્ષાત્કાર અને સંસારથી મુક્ત એક જ વાત છે. સંસારની મુક્તિનું બીજુ નામ 'અન્ત્ય' છે. સંસાર માયાવી છે જેનો અંત ચિદાકાશ-દર્શન થકી થાય છે. ચિદાકાશમાં સ્થાન પામ્યા પછી સંસાર રહેતો નથી. આવી સ્થિતિમાં સેવક શિવરૂપી ગુરૂની પ્રસન્નતાથી પ્રાપ્ત થાય છે. ગુરૂ જ પરમતત્વ છે. એની સાથે એકતા સધાયા પછી કંઈ પણ પ્રાપ્ય કરવાનું રહેતું નથી. આ સ્થિતિ નિત્ય-તૃપ્તિની હોય છે.*

**ઓગણીસમો પરિચ્છેદ :**

*ઓગણીસમો પરિચ્છેદ શરણસ્થલના નામ થી પ્રસિદ્ધ છે. એના બાર વિભાગો છે. એના નામ-દીક્ષાપાદોદક, શિક્ષાપાદોદક, જ્ઞાનપાદોદક, ક્રિયાનિષ્પત્તિક, ભાવનિષ્પત્તિક, જ્ઞાનનિષ્પત્તિક, પિંડાકાશસ્થલ, બિંદ્વાકાશસ્થલ મહાકાશ સ્થલ, ક્રિયાપ્રકાશન સ્થલ, ભાવપ્રકાશન સ્થળ અને જ્ઞાનપ્રકાશન સ્થળ છે. દીક્ષા દ્વારા દ્વૈતભાવ, નષ્ટ થઈ જાય છે અને ગુરૂ કે શિષ્યના વિષયમાં ઐક્યભાવના થઈ જાય છે, પરિણામે આને દીક્ષાપાદોદક કહેવામાં આવે છે. 'પાદ' નો અર્થ થાય છે - નિર્મળ પરમઆનંદ અને 'ઉદક' નો અર્થ છે - જ્ઞાન. દીક્ષા દ્વારા જ્ઞાન અને નિર્મલ આનંદ અભિન્ન થઈ જાય છે પરમાનંદથી યુક્ત શિવયોગી પરાનંદને પ્રાપ્ત કરી સર્વત્ર અભેદનો અનુભવ કરે છે. આવો આનંદ માત્ર ગુરૂકૃપાથી પ્રાપ્ત થાય છે.*

પૂર્વોક્ત જ્ઞાનનું મનન અને ગુરૂ-શિષ્યની એકરૂપતાનું જ્ઞાન આ બંનેનો સમરસ શિક્ષાપાદોદક કહેવામાં આવે છે. આનું પરીણામ આ થાય છે કે શિવયોગી વિષયાન્તથી પર થઈ નિજાનંદ સાગરમાં ગોતા ખાતો થઈ જાય છે. કારણ કે વિષયાનંદ આ પરમાનંદની રજમાત્ર હોય છે. આવા આનંદમયી યોગીની સમસ્ત ક્રિયાઓ ફળ આપતી નથી. આ જ્ઞાની કર્મ કરતા હોવા છતાં પણ આ પ્રકારે તૃપ્ત થતા નથી. જેમ કે ધૃતનો સ્વાદ લેવાવાળી જીભ તેનાથી લિપ્ત થતી નથી. જે શિવયોગીના અંદર ઉત્પન્ન થતા ભાવ પણ કલ્પિત હોય, તે ભાવનિષ્પત્તિ હોય છે. અર્થાત્ એમનો ભાવથી નાતો નથી હોતો તેમજ એમને તારક શિવના પ્રત્યે અૈદ્વત ભાવના કરવી જોઈએ, કારણ કે એમનો તે ભાવ અન્ય ભક્તો માટે તારણહાર બને છે. ભાવ વગર જ્ઞાન નથી, વિના જ્ઞાને ભાવ નથી હોતો. આ પ્રમાણે યોગીને જોઈએ કે આ બંનેનું આચરણ કરે. આ બંનેનું કારક મન છે. મન જ્યારે લક્ષ્ય પ્રાપ્ત કરી પરમતત્વમાં વિલીન થઈ જાય છે, ત્યારે એમનું જ્ઞાન સ્વપ્નમય બની જાય છે. આવા જ્ઞાની જ્ઞાનનિષ્પત્તિમાન કહેવાય છે. જે રીતે જાગવાથી સ્વપ્ન અને એમનું જ્ઞાન લુપ્ત થઈ જાય છે, આ રીતે આત્મજ્ઞાની થવાથી સંસાર અને એમનું જ્ઞાન બંને વિલુપ્ત થઈ જાય છે. આ સ્થિતિમાં અખંડ આનંદસ્વરૂપ શેષ રહી જાય છે.

પિંડાકાશસ્થલના સ્વરૂપ માટે કહેવાય છે કે જેમ આકાશના ઘટાવચ્છિન્ન, મઠાવચ્છિન્ન હોવા છતાં પણ એની પૂર્ણતા કાયમી રહે છે. આ રીતે પ્રસ્તુત પિંડમાં સ્થિત આત્માની પૂર્ણતા માં કોઈ કમી હોતી નથી. પરમેશ્વર પરલક્ષીસમાન છે. તેવા પ્રાણીઓના શરીરમાં સ્થિત હૃદય ગહનતામાં પણ રહે છે. યોગીઓ માને છે કે પરમેશ્વર અને જીવનું પરાકાશ કે પિંડાકાશ સમાન અભેદ ધ્યાન કરે. સદાશિવત્વથી લઈને પૃથ્વી સુધી સ્થિત સમગ્ર તત્વોનું મૂળકારણ વ્યાપક પરશિવ છે. એમના બિંદુસ્વરૂપે ધ્યાન કરવું જોઈએ. એજ બિન્દ્રાકાશ છે. આ આકાશ અને આત્મા બંને એક સમાન છે. આકાશથી ઉત્પન્ન વાયુ જેવી રીતે એક હોવા છતાં પણ સર્વત્ર સ્વરૂપે વાસ્તવિકતા ગ્રહણ કરવા

*છતાં પણ પરે રહે છે, તે જ રીતે પરમેશ્વર પણ સાર્વત્રિક શરીરમાં જીવ સ્વરૂપે સ્થિત હોવા છતાં પણ પરે છે તે જ બિંદુકાશ છે. જેવી રીતે પિંડ કે બ્રાહ્માડમાં સ્થિત બંને આકાશ પરસ્પર અભિન્ન છે, તે રીતે શિવયોગીનું કે ચેતન જીવાત્માથી પરમાત્માનો કોઈ ભેદ રહેતો નથી. એને મહાકાશસ્થલ કહેવામાં આવે છે. પરાનંદરૂપિણી સંવિત જ પરમાકાશ છે. શરીર વગરનો જીવ પણ તે છે સિંધુ અને એની લહેરોના સમાન પરમાત્મા, જીવાત્મા તથા વિશ્વ એક અને અભિન્ન છે. ભેદનું આભાસ ઉપાધિના કારણે થાય છે જો ચિદાકાશરૂપી પરિપૂર્ણ શિવનું આત્મારૂપે અનુસંધાન કરે છે. આ ક્રિયાપ્રકાશવાન હોય છે. આ પરિસ્થિતિમાં યોગીની અન્ય ક્રિયા લુપ્ત થઈ જાય એવું નથી હોતુ પણ એમના દ્વારા જાગૃત ક્રિયાઓને તુચ્છ સમજે છે જે રીતે સમુદ્રમાં તરંગો હોય તે સમુદ્રથી ભિન્ન નથી એ રીતે બુદ્ધિ અને ભાવ શિવાત્મા થઈ જાય છે. આવા જ્ઞાનના પ્રકાશમાં 'તત્વમસિ' મહાવાક્યમાં જેમ તત અને ત્વમ લક્ષણા દ્વારા અખંડ ચૈતન્યનો બોધ થાય છે. તે જ રીતે અખંડ શિવતા અર્થાત સત્યતાનું જ્ઞાન થાય છે શિવતત્વ જ્ઞાનનો વિષય નથી, આમાં આત્માથી અભિન્ન સમજણથી જ જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાન ઐદ્વત જ્ઞાન મોક્ષનું કારણ હોય છે. આવા સમયે સંસાર રહેતો નથી.*

**વીસમો પરિચ્છેદ :**

*આ પરિચ્છેદને એકયસ્થળ નામ આપવામાં આવ્યુ છે. આના અંતર્ગત નવસ્થલોની ચર્ચા કરવામાં આવી છે તે છે - સ્વીકૃતપ્રસાદૈક્ય સ્થલ, શિષ્ટોદનસ્થલ, ચરાચર સ્થલ, ભાંડસ્થલ, ભાજનસ્થલ, અંજ્ઞાલેપસ્થલ, સ્વપરાજ્ઞાસ્થલ, ભાવાભાવવિનાશ સ્થલ અને જ્ઞાનશૂન્ય સ્થલ છે.*

*જ્ઞાનપ્રકાશથી સંપન્ન યોગીના અંદર જયારે મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ બંનેનો અભાવ હોય છે, ત્યારે તેઓ પૂર્ણજ્ઞાન પ્રસાદવાળા થાય છે. આવી સ્થિતિમાં તે પ્રમાતા-પ્રમેય-પ્રમાણરૂપ ત્રિપૂટીમાં સમવાયેન વર્તમાન જ્ઞાનનો સાક્ષાત્કાર કરતાં સ્વસ્થ થઈ જાય છે પૂર્ણજ્ઞાની શિવયોગીને સંસાર સર્વત્ર શિવમય દેખાવા*

માંડે છે ત્યારે યોગી સમગ્ર એન્દ્રિય વિષયને ચિદાગ્નિમાં હોમીને નિર્મળ બની જાય છે. પરમાનંદ પ્રાપ્ત કરી વિષયને ભોગવે છે. માયાને ઓદનકહેવામાં આવ્યુ છે. જે રીતે ચોખા ઉદર માં પચીને લોહીના રૂપમાં શરીરને પુષ્ટ કરે છે. તેવી રીતે માયા પણ આ સંસારમાં નાના રૂપોમાં પ્રગટ થઈ તેને પુષ્ટ કરે છે. જ્યારે તે અન્તર્મનમાં લીન થઈ જાય છે. ત્યારે તેને શિષ્ટ કહેવામાં આવે છે. માયા સંસારીજનોનું સ્વામિની કે યોગીઓની મજાક થાય છે, કેમ કે મહાત્મા શિવયોગી ચિત્તસ્વરૂપજ્યોર્તિલિંગમાં નિમગ્ન રહે છે. આવા યોગી દ્વારા ભોગ્ય વિષય ચિદાત્મામાં લીન થઈ જાય છે. જેમકે અગ્નિ લાકડાને બાળીને સ્વયં નિર્મળ બની જાય છે, તેવી રીતે જ શિવયોગી દેહધારી હોવા છતાં પણ નિરાકાર થઈ જાય છે અને ચરાચરાત્મક જગતમાં સ્થિત માયાવીશક્તિનો વિનાશક બની જાય છે. જાગવાથી સ્વપ્નમય જગત અદ્દશ્ય કે નષ્ટ થઈ જાય છે, તે જ રીતે આત્મસાક્ષાત્કાર થવાથી સંપૂર્ણ સંસાર નષ્ટ થઈ જાય છે, અર્થાત્ ત્યારે યોગીના માટે સંસાર એવો રહેતો નથી, જે સામાન્ય જનો માટેનો હોય છે વાણી અને મનથી પર યોગી ચિદાનંદ મય શિવ સિવાય કંઈપણ જાણતો નથી.

શિવયોગીના વિચાર અનુસાર પરમબિંદુ બીજુ નામ ભાણ્ડસ્થલ છે. આ પરમશિવરૂપી યોગીની વિમર્શકલા છે, આમાં સમગ્રવિશ્વ મયુરોના કેકારવ જેવા પ્રસન્ન રહેતા હોય છે. આ જ શબ્દબ્રહ્મ છે. તે જ પરહંતારૂપ વિમર્શ છે આ વિમર્શરૂપી બ્રહ્માંડમાં સંપૂર્ણ વિશ્વને વિલીન કરી યોગી મુક્ત રહે છે અખિલ બ્રહ્માંડનો કારણભૂત વિમર્શ જેમા ભાસિત થાય છે. તે 'અહં' માં અકાર શિવ છે, હકાર શક્તિ છે. 'અહમ્' પદમાં શિવશક્તિ બંને એકરસ થઈ ને રહે છે. આ અહન્તામાં સંપૂર્ણ વિશ્વ વટબીજ માં નિહિત વૃક્ષની જેમ અવ્યક્ત રહે છે અહન્તામય યોગો વિશ્વાત્મા થઈને પ્રકાશે છે. અંગલેપનો અર્થ થાય છે તે રૂપ જો દેશકાલથી વિચ્છિન્ન ન થતાં ચિદાનંદ મય હોય છે. જેવી રીતે ધૂમ વગેરેથી આકાશ લિપ્ત થતું નથી તે જ રીતે યોગી પણ સંસારમાંથી લિપ્ત નથી થતા. તેમના માટે વિધિ નિષેધ વગેરે પણ નથી રહેતા. તે યોગી સર્વાકાર બની

જીવનમુક્ત બની જાય છે.

સ્વપરાજ્ઞસ્થલમાં પોતાના અને પારકાના અજ્ઞાનની વાત કરવામાં આવી છે. શિવયોગી જ્યારે પોતાને અપ્રમેય ચિદ્દ્વૈત તત્વમાં વિલીન કરી દે છે, ત્યારે તેને પણ સ્વ અને પરનું ભાન હોતું નથી. તેઓ વિજાતીય, સજાતીય અને સ્વગત ત્રણે ભેદોથી શૂન્ય બની જાય છે. સમગ્ર દ્વન્દ્વોથી પર જેને સ્વપરાજ્ઞસ્થલ કહે છે. આ પ્રકારે જો 'ત્વમ્' અને 'અહમ્' ના ભાવથી શૂન્ય બની જાય છે. તે ભાવાભાવના લયનું સ્થળ બની જાય છે. 'અહં' ભાવ 'સ્વ'ના ભાવથી તેઓ જીવનમુક્ત થઈ ચિત્ત સ્વરૂપ બની જાય છે ત્યારે એમના માટે સુખ-દુઃખનો ભાવ હોતો નથી અભાવ પણ હોતો નથી જે રીતે ઘી માં ઘી , તેલ માં તેલ, દૂધ માં દૂધ નાખવાથી ફરક રહેતો નથી, એ રીતે શિવયોગી અને પરબ્રહ્મમાં કોઈ ભેદ રહેતો નથી. સ્વયં વિભાગનું પણ અસ્તિત્વ રહેતું નથી. કેવલ ચિદાનંદ રૂપ તે તત્વમાં શક્ય નથી. કાર્ય - કારણ, શેષ-વિશેષ જેવા સમગ્ર સંબંધો શૂન્યાતામાં પ્રાપ્ત થઈ જાય છે આવા વ્યક્તિને જ્ઞાનશૂન્યસ્થલ કહેવાય છે.

ભગવાન શિવે ભગવતી પાર્વતીને જે ઐદ્વત આનંદ શિવ ધર્મનો ઉપદેશ આપ્યો હતો, ગણેશ્વર રેણુકાચાર્યએ મહર્ષિ અગસ્ત્યને આ બોધપાઠ સંભળાવી મૌન ધારણ કરી લીધુ. ત્યારબાદ મુનિ અગસ્ત્યે કહ્યું હે શિવજ્ઞાનના મહાસાગર ! આચાર્ય! આપના મુખેથીઆ નિર્મળશાસ્ત્ર સાંભળી મારું ચિત્ત અત્યંત પ્રભાવિત થયું. હું તો શિવજ્યોતિનો સાક્ષાત્કાર કરી રહ્યો છું. તપસ્યાનો પ્રભાવ અને શંકરની કૃપા વગર કોણ શાસ્ત્રને માણવાનો અધિકારી છે. આપ મને ખુશ કરવા માટે અહીં આવ્યા, પરંતુ મારો જન્મ સફળ થયો. હું સર્વે બંધનોથી મુક્ત થઈ ગયો. મારી તપશ્ચર્યા સફળ થઈ. આવા અગસ્તના વચનને સાંભળી રેણુકાચાર્યએ કહ્યું - હે મુનિશાર્દુલ આપનો સંદેશ સાંભળવાવાળો અન્ય કોણ બીજો શિવશાસ્ર ને જાણવાનો અધિકારી હોય શકે છે. આ તંત્રના આપ એક માત્ર અધિકારી છો. શિવપ્રબોધનું આવું સાધન અન્યત્ર ક્યાંય નથી. સર્વાનુગ્રહ શિવે લોકમંગલ માટે આ પ્રવચન કર્યુ હતું.

આપ આવા પ્રવચનો શિષ્યોની પરીક્ષા કર્યા પછી જ તેનો લાભ આપો. અયોગ્યને કદી પણ તેનો લાભ આપવું નહિ. આ શાસ્ત્રનો આપ ભૂમિ પર પ્રચાર-પ્રસાર કરો.

ઉપરોક્ત પ્રવચન કરતા અગસ્ત્યના નજર સમક્ષ રેણુક શિવનું મનમાં ધ્યાન કરતાં કરતાં સમાધિવશ થઈ ગયા. તપશ્ચર્યા દ્વારા ઈચ્છાનુસાર શરીર ધારણ કરવાવાળા ગણેશ્વર રેણુક લંકામાં પહોંચી ગયા. સર્વ વિદ્યાઓ ના જાણકાર આ ગણેશ્વરને આવતા જોઈને વિભીષણ તેમને પોતાના મહેલમાં લઈ આવ્યા. તેમને માન થી આસન પર બેસાડી ચરણ પ્રક્ષાલન, અર્ધ્ય વગેરે થી તેમની યોગ્ય પૂજા કરીને વિભીષણ પોતે એમના આસન પાસે બેસી ગયા. વિભીષણે હાથ જોડીને કહ્યુ - હે ગણનાયક ! આપ શિવ આજ્ઞાથી આ ધરતી પર અવતર્યા છો, એવું મેં સાંભળવ્યુ છે. મારું સૌભાગ્ય છે કે સાક્ષાત મહેશ્વરરૂપ આપ મારા ઘરે પધાર્યા છો. તેથી મારી લંકા નગરી અને હુઁ જાતે પાવન થઈ ગયો આ સાંભળી ગણેશ્વરે વિભીષણને કહ્યુ - હે રાક્ષસેન્દ્ર! લોકો આપને સમસ્ત શાસ્ત્ર ના જ્ઞાતા અને ધર્મ પરાયણવાળા કહે છે માટે હું કૈલાશ તરફ જતો હતો એટલે અહીં આવ્યો છું આપ મારી પાસેથી ઈચ્છાનુસાર વચન માંગો. વિભીષણે કહ્યું - હે ભગવાન ! વૃક્ષ જયારે પરિપક્વ થાય છે ત્યારે સ્વયં ફળ આપે છે. છતાં પણ મને એક વરદાન આપો. મારા ભાઈ રાવણે મને યુદ્ધમાં રામ સાથે લડવા બોલાવ્યા અને કહ્યું - હે વિભીષણ ! આ લંકામાં નવ કરોડ શિવલિંગની સ્થાપના કરવા મેં સંકલ્પ કર્યો હતો છ કરોડની સ્થાપના મે કરી છે. બાકી ત્રણ કરોડની સ્થાપના તમે કરશો. હે ગણેશ્વર ! એક સાથે આટલા શિવલિંગોની સ્થાપના અસંભવ છે એમ વિચારી હું ચિંતામાં છું આપ મારી ઈચ્છા પુરી કરો. ભગવાન રેણુકે વિભીષણની પ્રાર્થના સાંભળી તેમના અનુસાર ત્રણ કરોડ શરીર ધારણ કરી તે જ ક્ષણે ત્રણ કરોડ શિવલિંગની સ્થાપના કરી દીધી. વિભીષણે આ ગણેશ્વરનું મહાન કાર્ય નિહાળી વિસ્મય પામી એમના ચરણોમાં નત મસ્તક થઈ ગયા અને રેણુકાચાર્ય એમને ધન્યધન્ય કરી

અન્તર્હિત થઈ ગયા.

પૃથ્વીમંડલ પર આમ તેમ ફરતાં તથા લોકોનું કલ્યાણ કરતા રેણુક કોલ્લિપાકય નામના પોતાના સ્થાને આવી ગયા. ત્યાં લોકો દ્વારા પૂજનીય થઈ સોમેશ્વર મંદિરમાં આવી ને ભક્તિભાવથી શિવની સ્તુતિ કરી. સ્તુતિ દ્વારા પ્રસન્ન થઈ ભગવાને પોતાના જ લિંગથી શબ્દ ઉચ્ચારિત કર્યુ - 'હે વત્સ ! હું તારા પર પ્રસન્ન છું. આવું સાંભળી ગણેશ્વર રેણુક જ્યોતિસ્વરૂપે સોમેશ્વર લિંગ માં સમાવિષ્ટ થઈ ગયા.

******

# શ્રીસિધ્ધાંતશિખામણિ વિષયની અનુક્રમણિકા


| **વિષય** | **પૃષ્ઠ** |
|---|---|
| શુભાર્શાર્વચન | ૧–૨ |
| **પરિચય** | ૩–૪ |
| પ્રસ્તાવના | ૫–૨૦ |
| ભૂમિકા | ૨૧–૩૯ |
| વિષય સંક્ષેપ | ૪૦–૫૯ |
| **પ્રથમ પરિચ્છેદ** | **૧–૬** |
| શિવસ્તુતિ | ૧-૪ |
| ગ્રંથકાર વંશવર્ણન | ૪–૬ |
| **દ્વિતીય પરિચ્છેદ** | **૭–૧૨** |
| વિશ્વસૃષ્ટિનિર્દેશ | ૭-૮ |
| વિશ્વસૃષ્ટિ પ્રકાર | ૮-૯ |
| શિવ શકિતસ્વરૂપ | ૧૦-૧૧ |
| રેણુકદારુણાકવતરણ | ૧૧-૧૨ |
| **તૃતીય પરિચ્છેદ** | **૧૩–૨૮** |
| કૈલાશવર્ણન | ૧૩-૧૪ |
| પરમેશ્વરવર્ણન | ૧૫-૧૬ |
| પાર્વતીવર્ણન | ૧૭-૧૯ |

| | |
|---|---|
| દેવતાકૃતસેવા વર્ણન | ૨૦-૨૨ |
| પ્રમથગણનું વર્ણન | ૨૩-૨૪ |
| પરમેશ્વરરાજવ્યાપાર વર્ણન | ૨૪-૨૫ |
| રેણુકગણેશ્વરશિવભક્તિ વર્ણન | ૨૫-૨૫ |
| રેણુકકૃતશિવાભ્યર્થનરેણુકસ્ય | ૨૬-૨૭ |
| માનુષીયોન્યવતરણપ્રયોજન | ૨૭-૨૮ |
| **ચતુર્થ ગદ્યખંડ** | **૨૯–૩૮** |
| રેણુકસ્યસ્વરુપમ્ | |
| ભૂમાવતરણપ્રયોજન વર્ણન | ૨૯-૩૦ |
| મલયજપર્વતાગસ્ત્યાશ્રમનું વર્ણન | ૩૦-૩૧ |
| અગસ્ત્યસ્વરુપનું વર્ણન | ૩૨-૩૪ |
| રેણુકપૂજારેણુકાગસ્ત્યસંવાદ | ૩૫-૩૬ |
| અગસ્ત્યસ્વરુપવર્ણમગસ્ત્યકૃત રેણુકમહિમવર્ણન | ૩૭-૩૮ |
| **પંચમ પરિચ્છેદ** | **૩૯–૫૩** |
| નાનાદર્શનપ્રામાણ્યવીરશૈવશબ્દોયોનિર્વચન | ૩૯-૪૦ |
| વીરશૈવશાસ્ત્રસ્યસ્થળનામ્નાષડ્વિધત્વવર્ણન | ૪૧-૪૩ |
| ભક્તસ્થલસ્યપંચદશ – | |
| પ્રકારેષુપિંડસ્થળ વર્ણન | ૪૪-૪૬ |
| પિંડજ્ઞાનસ્થળ વર્ણન | ૪૭-૪૯ |
| સંસારહેય સ્થલવર્ણન | ૫૦-૫૩ |
| **છઠ્ઠો પરિચ્છેદ** | **૫૪૬૫** |
| દીક્ષાલક્ષણગુરુકારૂણ્યસ્થળ વર્ણન | ૫૪-૫૮ |
| લિંગધારણસ્થળ વર્ણન | ૫૯-૬૫ |
| **સપ્તમ પરિચ્છેદ** | ૬૬-૭૮ |
| ભસ્મધારણસ્થળ વર્ણન | ૬૬-૭૫ |

| | |
|---|---|
| રુદ્રાક્ષધારણસ્થળ વર્ણન | ૭૬-૭૮ |
| **આઠમોપરિચ્છેદ** | **૭૯-૮૭** |
| પંચાક્ષરીતાત્પર્ય વર્ણન | ૭૯-૮1 |
| ષડક્ષરીજપમાહાત્મ્યવર્ણન | ૮૨-૮૩ |
| જપવિધિસ્તત્પ્રકારયોવર્ણન | ૮૪-૮૫ |
| સમન્નશિવપૂજનસ્યફ વર્ણન | ૮૫-૮૬ |
| પંચાક્ષરીજપફળ વર્ણન | ૮૭-૮૭ |
| **નવમો પરિચ્છેદ** | **૮૮–૧૦૫** |
| ભકતભેદવર્ણનમ | ૮૮-૮૯ |
| આભ્યન્તરભકિતવર્ણન | ૯૦-૯૨ |
| અલ્પભકિતસ્તદ્ભેદવર્ણન | ૯૩-૯૪ |
| શિવભકતસ્યવિધેય વિધેયનું વર્ણન | ૯૪-૯૫ |
| ભકતાચારભેદવર્ણન | ૯૬-૯૭ |
| શિવગુર્વોરભેદભેદ વર્ણન | ૯૮-૯૯ |
| ત્રિવિધસંપત્તિસ્થળ વર્ણન | ૧૦૦-૧૦૧ |
| ચતુરર્વિધસારાયસ્થળ વર્ણન | ૧૦૨-૧૦૩ |
| સોપાધિનિરુપાધિસહજદાનસ્થળ વર્ણન | ૧૦૩-૧૦૫ |
| **દશમો પરિચ્છેદ** | **૧૦૬–૧૧૯** |
| માહેશ્વરસ્થળ વર્ણન | ૧૦૬-૧૦૭ |
| લિંઙ્ગનિષ્ઠસ્થળ વર્ણન | ૧૦૭-૧૦૮ |
| પૂર્વાશ્રયનિરસનસ્થળ વર્ણન | ૧૦૯-૧૧૦ |
| સવિદ્વૈતનિરસનનું વર્ણન | ૧૧૦-૧૧૧ |
| આહ્વાનનિરસનસ્થળ વર્ણન | ૧૧૧-૧૧૨ |
| અષ્ટમૂર્તિનિરસનસ્થળ વર્ણન | ૧૧૨-૧૧૪ |
| સર્વગતનિરસનસ્થળ વર્ણન | ૧૧૫-૧૧૬ |

| | |
|---|---|
| શિવજગજન્મયસ્થળ વર્ણન | ૧૧૬-૧૧૭ |
| ભકતદેહિકલિંગસ્થળ વર્ણન | ૧૧૮-૧૧૯ |
| **અગિયારમો પરિચ્છેદ** | **૧૨૦–૧૩૩** |
| પ્રસાદિસ્થળ વર્ણન | ૧૨૦-૧૨૨ |
| ગુરૂમાહાત્મ્યસ્થળ વર્ણન | ૧૨૩-૧૨૪ |
| લિઙ્ગમાહાત્મ્યસ્થળ વર્ણન | ૧૨૫-૧૨૬ |
| જઙ્ગમમાહાત્મ્યસ્થળ વર્ણન | ૧૨૭-૧૨૮ |
| ભકતમાહાત્મ્યસ્થળ વર્ણન | ૧૨૯-૧૩૧ |
| શરણમહત્વસ્થળ વર્ણન | ૧૩૧-૧૩૨ |
| પ્રસાદમહત્વસ્થળ વર્ણન | ૧૩૨-૧૩૩ |
| **બારમો પરિચ્છેદ** | **૧૩૪–૧૪૨** |
| પ્રાણલિઙ્ગસ્થળ વર્ણન | ૧૩૪-૧૩૫ |
| પ્રાણલિઙ્ગાર્ચનસ્થળ વર્ણન | ૧૩૬-૧૩૭ |
| શિવયોગસમાધિસ્થળ વર્ણન | ૧૩૮-૧૪૦ |
| લિઙ્ગનિજસ્થળનું વર્ણન | ૧૪૦-૧૪૧ |
| અંગલિઙ્ગસ્થળનું વર્ણન | ૧૪૧-૧૪૨ |
| **તેરમો પરિચ્છેદ** | **૧૪૩–૧૪૯** |
| શરણસ્થળ વર્ણન | ૧૪૩-૧૪૪ |
| તામસનિરસનસ્થળ વર્ણન | ૧૪૪-૧૪૫ |
| નિર્દેશસ્થળ  વર્ણન | ૧૪૬-૧૪૭ |
| શીલસમ્પાદનસ્થળ વર્ણન | ૧૪૮-૧૪૯ |
| **ચૌદમોપરિચ્છેદ** | **૧૫૦–૧૫૮** |
| એકયસ્થળ વર્ણન | ૧૫૦-૧૫૨ |
| આચારસંપત્તિસ્થળ વર્ણન | ૧૫૨-૧૫૪ |
| એકભાજનસ્થળ  વર્ણન | ૧૫૫-૧૫૬ |

| | | |
|---|---|---|
| સહભોજનસ્થળ વર્ણન | ૧૫૭-૧૫૮ | |
| **પંદરમો પરિચ્છેદ** | **૧૫૯-૧૭૨** | **૧૨૩-૧૩૦** |
| લિંઙ્ગસ્થળદીક્ષાગુરુસ્થળ વર્ણન | ૧૫૯-૧૫૦ | |
| શિક્ષાગુરુસ્થળ વર્ણન | ૧૫૧-૧૫૨ | |
| જ્ઞાનગુરુસ્થળ વર્ણન | ૧૫૨-૧૫૩ | |
| ક્રિયાલિંઙ્ગસ્થળ વર્ણન | ૧૫૪-૧૫૫ | |
| ભાવલિંઙ્ગસ્થળ વર્ણન | ૧૫૬-૧૫૦ | |
| જ્ઞાનલિંઙ્ગસ્થળ વર્ણન | ૧૫૧-૧૫૩ | |
| સ્વયંસ્થળ વર્ણન | ૧૫૪-૧૫૭ | |
| ચરસ્થળ વર્ણન | ૧૫૮-૧૬૫ | |
| પરસ્થળ વર્ણન | ૧૬૬-૧૭૨ | |
| **સોળમો પરિચ્છે** | **૧૭૩-૧૮૯** | |
| ક્રિયાગમસ્થળ વર્ણન | ૧૭૩-૧૭૫ | |
| ભાવાગમસ્થળ વર્ણન | ૧૭૬-૧૭૭ | |
| જ્ઞાનગમસ્થળ વર્ણન | ૧૭૮-૧૭૯ | |
| સકાથસ્થળ વર્ણન | ૧૮૦-૧૮૨ | |
| અકાયસ્થળ વર્ણન | ૧૮૨-૧૮૩ | |
| પરકાયસ્થળ વર્ણન | ૧૮૪-૧૮૫ | |
| ધર્માચારસ્થળ વર્ણન | ૧૮૬-૧૮૭ | |
| ભાવાચારસ્થળ વર્ણન | ૧૮૭-૧૮૮ | |
| જ્ઞાનાચારસ્થળ વર્ણન | ૧૮૮-૧૮૯ | |
| **સત્તરમો પરિચ્છેદ** | **૧૯૦-૨૦૬** | |
| પ્રસાદિસ્થળ વર્ણન | ૧૯૦-૧૯૧ | |
| (કાયાનુસ્થળગ્રહણવર્ણન) | | |
| ઈન્દ્રિયાનું ગ્રહસ્થળ વર્ણન | ૧૯૨-૧૯૪ | |

| | |
|---|---|
| પ્રાણાનુંગ્રહસ્થળ વર્ણન | ૧૯૫-૧૯૬ |
| કાયાર્પિતસ્થળ વર્ણન | ૧૯૬-૧૯૭ |
| કર્ણાર્પિતસ્થળ વર્ણન | ૧૯૮-૧૯૯ |
| ભાવાર્પિતસ્થળ વર્ણન | ૨૦૦-૨૦૨ |
| શિષ્યસ્થળ વર્ણન | ૨૦૩-૨૦૩ |
| સુષૂશ્રુસ્થળ વર્ણન | ૨૦૪-૨૦૫ |
| સેવ્યસ્થળ વર્ણન | ૨૦૫-૨૦૬ |
| **અઢારમો પરિચ્છેદ** | **૨૦૭-૨૨૧** |
| પ્રાણિલિંઙ્ગસ્થળભેદસ્થળનું વર્ણન (આત્મસ્થળવર્ણન) | ૨૦૭-૨૦૮ |
| અંતરાત્માસ્થળ વર્ણન | ૨૦૯-૨૧૦ |
| પરમાત્માસ્થળ વર્ણન | ૨૧૧-૨૧૨ |
| નિર્દેહાગમસ્થળ વર્ણન | ૨૧૩-૨૧૪ |
| નિર્ભાવગમસ્થળ વર્ણન | ૨૧૫-૨૧૬ |
| નષ્ટાગમસ્થળ વર્ણન | ૨૧૭-૨૧૮ |
| આદિપ્રસાદિસ્થળ વર્ણન | ૨૧૯-૨૨૦ |
| અન્ત્યપ્રસાદિસ્થળ વર્ણન | ૨૨૦-૨૨૧ |
| સેવ્યપ્રસાદિપ્રસાદિસ્થળ વર્ણન | ૨૨૧-૨૨૧ |
| **ઓગણીસમો પરિચ્છેદ** | **૨૨૨-૨૪૧** |
| શરણસ્થળ વર્ણન (દીક્ષાપાદોદકસ્થળવર્ણન) | ૨૨૨-૨૨૪ |
| શિક્ષાપાદોદકસ્થળ વર્ણન | ૨૨૫-૨૨૬ |
| જ્ઞાનાપાદોકસ્થળ વર્ણન | ૨૩૦-૨૩૧ |
| ક્રિયાનિષ્પત્તિસ્થળ વર્ણન | ૨૩૨-૨૩૩ |
| જ્ઞાનનિષ્પત્તિસ્થળ વર્ણન | ૨૩૩-૨૩૪ |

| | |
|---|---|
| પિંડાકાશસ્થળ વર્ણન | ૨૩૪-૨૩૫ |
| બિન્દ્વાકાશસ્થળ વર્ણન | ૨૩૬-૨૩૭ |
| મહાકાશસ્થળ વર્ણન | ૨૩૮-૨૩૮ |
| ક્રિયાપ્રકાશસ્થળ વર્ણન | ૨૩૮-૨૩૯ |
| ભાવપ્રકાશસ્થળ વર્ણન | ૨૩૯-૨૪૦ |
| જ્ઞાનપ્રકાશસ્થળ વર્ણન | ૨૪૦-૨૪૧ |
| **વીસમો પરિચ્છેદ** | **૨૪૨-૨૫૮** |
| એકયસ્થળનું વર્ણન | ૨૪૨-૨૪૩ |
| (સ્વીકૃતપ્રસાદીસ્થળવર્ણન) | |
| શિષ્ટોદનસ્થળનું વર્ણન | ૨૪૪-૨૪૫ |
| ચરાચરલયસ્થળનું વર્ણન | ૨૪૬-૨૪૭ |
| ભાણ્ડસ્થળનું વર્ણન | ૨૪૮-૨૪૯ |
| ભોજનસ્થળનું વર્ણન | ૨૫૦-૨૫૦ |
| અંગ્ઞાલેપસ્થળનું વર્ણન | ૨૫૧-૨૫૨ |
| સ્વપરાજ્ઞસ્થલ વર્ણન | ૨૫૩-૨૫૪ |
| ભાવાભાવવણય સ્થલ વર્ણન | ૨૫૫-૨૫૬ |
| જ્ઞાનશૂન્યસ્થળનું વર્ણન | ૨૫૬-૨૫૭ |
| ઉપદેશોસંહાર વર્ણન | ૨૫૭-૨૫૮ |
| **એકવીસમો પરિચ્છેદ** | **૨૫૯-૨૬૯** |
| વિભીષણાભષ્ટદાનવર્ણન | |
| **પરિશિષ્ટ** | |
| ૧. શ્લોકાર્ધાનુક્રમણી | |
| ૨.વ્યાખ્યાદ્ધતગ્રંથ – સંકેતસૂચિ | |
| ૩. ન્યાયસૂચિ | |


******

**શ્રી શિવયોગીશિવાચાર્યવિરચિત**

# શ્રી સિદ્ધાંત શિખામણિ

## પ્રથમ પરિચ્છેદ

**त्रैलोक्यसम्पदालेख्यसमुल्लेखनभित्तये।**
**सच्चिदानन्दरूपाय शिवाय ब्रह्मणे नमः।।१।।**

*જ્ઞાનવતી, ત્રૈલોક્યરૂપી સંપત્તિના લેખના ચિત્રણના આધાર સત્-ચિત્ત આનંદ સ્વરૂપ વ્યાપક શિવને નમસ્કાર છે.*

**ब्रह्मेति व्यपदेशस्य विषयं यं प्रचक्षते।**
**वेदान्तिनो जगन्मूलं तं नमामि परं शिवम्।।२।।**

*વેદાંતી લોકો જેમને "બ્રહ્મ" વ્યવહારનો વિષય બતાવે છે તે સંસારના મૂળ સ્વરૂપ પરમ શિવને હું પ્રણામ કરું છું.*

**यस्योर्मिबुद्बुदाभासः षट्त्रिंशत्तत्त्वसञ्चयः।**
**निर्मलं शिवनामानं तं वन्दे चिन्महोदधिम्।।३।।**

*છત્રીસ તત્વોનો સમૂહ જેના લહેર પરપોટાના આભાસ માત્ર છે તે શિવ નામના એ નિર્મલ ચિત્ત સિંધુ ને હું વંદના કરું છું.*

**यद्भासा भासते विश्वं यत्सुखेनानुमोदते।**
**नमस्तस्मै गुणातीतविभवाय परात्मने।।४।।**

*જેના પ્રકાશથી વિશ્વ પ્રકાશિત થાય છે, જેના આનંદથી તે આનંદિત*

*થાય છે, ગુણોથી પર અને વૈભવ સંપન્ન આ પરમાત્માને નમસ્કાર છે.*

**सदाशिवमुखाशेषतत्त्वोन्मेषविधायिने ।**
**निष्कलङ्कस्वभावाय नमः शान्ताय शम्भवे।।५।।**

*સદાશિવથી માંડીને પૃથ્વી પર્યંત સમસ્ત તત્વોના ઉન્મેશકર્તા, નિષ્કલંક સ્વભાવવાળા શાંત શંભુને હું પ્રણામ કરું છું.*

**स्वेच्छाविग्रहयुक्ताय स्वेच्छावर्तनवर्तिने।**
**स्वेच्छाकृतत्रिलोकाय नमः साम्बाय शम्भवे।।६।।**

*પોતાની ઈચ્છાથી શરીર ધારણ કરવાવાળા, પોતાની મુજબ વ્યવહાર કરવાવાળા તથા પોતાની જ ઈચ્છાથી ત્રિલોકની રચના કરવાવાળા શિવને માતા સહિત નમસ્કાર છે.*

**यत्र विश्राम्यतीशत्वं स्वाभाविकमनुत्तमम्।**
**नमस्तस्मै महेशाय महादेवाय शूलिने।।७।।**

*જેમનામાં ઐશ્વર્યની પરાકાષ્ઠા છે, જે સ્વભાવતઃ સર્વોત્તમ છે એવા ત્રિશૂલધારી મહાદેવ મહેશને નમસ્કાર છે.*

**यामाहुः सर्वलोकानां प्रकृतिं शास्त्रपारगाः।**
**तां धर्मचारिणीं शम्भोः प्रणमामि परां शिवाम्।।८।।**

*શાસ્ત્રોમાં પારંગત વિદ્વાન જેમને સમસ્ત લોકોના મૂળનું કારણ માને છે એવા શિવની ધર્મપત્ની પરાશિવાને હું વંદન કરું છું.*

**यया महेश्वरः शम्भुर्नामरूपादिसंयुतः।**
**तस्यै मायास्वरूपायै नमः परमशक्तये।।९।।**

*જેમના કારણે મહેશ્વર નામ રૂપ આદિ (ગુણ સંખ્યા પરિમાણ આદિ) થી યુક્ત થઈ શંભુ કહેવાય છે અથવા જેમના કારણે નામ રૂપ આદિથી યુક્ત શંભુ મહેશ્વર કહેવાય છે તે માયા સ્વરૂપ પરમ શક્તિને મારા નમસ્કાર છે.*

**शिवाद्यादिसमुत्पन्नशान्त्यतीतपरोत्तराम् ।।१०।।**
**मातरं तां समस्तानां वन्दे शिवकरीं शिवाम्।।१०।।**

*જે શિવથી સર્વપ્રથમ ઉત્પન્ન થઈ અને જે શાન્ત્યતીતાથી પર અને ઉત્તર છે સમસ્ત કલાઓ અથવા સમસ્ત સૃષ્ટિની માતા મંગલકારિણી એવી શિવા શક્તિને હું વંદન કરું છું.*

**इच्छाज्ञानादिरूपेण या शम्भोर्विश्वभाविनी।**
**वन्दे तां परमानन्दप्रबोधलहरीं शिवाम्।।११।।**

*જે શિવની ઈચ્છા જ્ઞાન આદિ (ક્રિયા) રૂપથી આ વિશ્વ ની પ્રકાશિકા છે પરમાનન્દ જ્ઞાનની લહેરરૂપા તે શિવાની હું વંદના કરું છું.*

**अमृतार्थं प्रपन्नानां या सुविद्याप्रदायिनी।**
**अहर्निशमहं वन्दे तामीशानमनोरमाम्।।१२।।**

*અમરત્વ પામવા જે શરણમાં આવ્યા તે ભક્તજનોને જે સદવિદ્યા આપવા વાળી કહેવાઈ છે ઈશાનની મનોરમા એવી શિવાની હું રાત-દિવસ વંદના કરું છું.*

**कश्चिदाचारसिद्धानामग्रणी: शिवयोगिनाम्।**
**शिवयोगीति विख्यात: शिवज्ञानमहोदधि:।।१३।।**

*આચારસિદ્ધ શિવયોગીઓમાં અગ્રણી શિવજ્ઞાનના મહાસાગર એવા કોઈ શિવયોગી પ્રસિદ્ધ હતા.*

**शिवभक्तिसुधासिन्धुजृम्भणामलचन्द्रिका।**
**भारती यस्य विदधे प्राय: कुवलयोत्सवम्।।१४।।**

*જેમની શિવભક્તિરૂપી સુધાના સમુદ્રના આનંદની ભરતીના માટે ચાંદનીના જેવી વાણી હંમેશા પૃથ્વીના વલયનો જેવો આનંદઉત્સવ કરતી હતી.*

**तस्य वंशे समुत्पन्नो मुक्तामणिरिवामल:।**
**मुद्देवाभिधाचार्यो मूर्धन्य: शिवयोगिनाम्।।१५।।**

*એમના વંશમાં નિર્મલમુક્તામણિ સમાન મુદ્દદેવ નામના આચાર્ય ઉત્પન્ન થયા જેઓ શિવયોગીઓમાં મૂર્ધન્ય હતા.*

**मुद्दानात्सर्वजन्तूनां प्रणतानां प्रबोधतः।**
**मुद्ददेवेति विख्याता समाख्या यस्य विश्रुता।।१६।।**

*શરણાગત સમસ્ત જીવોને આનન્દ આપવા તથા નિપુણ લોકોના જ્ઞાનમાં વૃદ્ધિ કરવાને કારણે એમનું નામ મુદ્દદેવ પ્રસિદ્ધ થયું.*

**तस्यासीन्नन्दनः शान्तः सिद्धनाथाभिधः शुचिः।**
**शिवसिद्धान्तनिर्णेता शिवाचार्यः शिवात्मकः।।१७।।**

*તેમના સિદ્ધનાથ નામના પુત્ર હતા જેઓ શિવાત્મક અને શિવસિદ્ધાંતના પરિણામભૂત શિવાચાર્ય હતા.*

**वीरशैवशिखारत्नं विशिष्टाचारसम्पदम्।**
**शिवज्ञानमहासिन्धुं यं प्रशंसन्ति देशिकाः ।।१८।।**

*આચાર્યગણ જેમની પ્રશંસા વીરશૈવચૂડામણિ, વિશિષ્ટ આચારથી સંપન્ન તથા શિવજ્ઞાન મહાસિન્ધુ ના રૂપમાં કરતા રહતા હતા.*

**यस्याचार्यकुलाज्जाता सतामाचारमातृका।**
**शिवभक्तिः स्थिरा यस्मिन् जज्ञे विगतविप्लवा।।१९।।**

*જેમનું આચાર્યકુળમાં ઉત્પન્ન થવું તથા સજ્જનોના આચારની જનની શિવભક્તિ ઉપદ્રવરહિત થઈને સ્થિર થઈ છે.*

**तस्य वीरशिवाचार्यशिखारत्नस्य नन्दनः।**
**अभवच्छिवयोगीति सिन्धोरिव सुधाकरः।।२०।।**

*વીર શૈવશિવાચાર્યોના મુકુટમણિના રૂપમાં વિદ્યમાન તે સિદ્ધનાથને સમુદ્રથી ચંદ્રમાના સમાન શિવયોગી નામક પુત્ર જન્મયા.*

**चिदानन्दपराकाशशिवानुभवयोगतः ।**
**शिवयोगीति नामोक्तिर्यस्य याथार्थ्ययोगिनी।।२१।।**

*ચિદાનંદયુક્ત પરાકાશરૂપી શિવતત્વના અનુભવથી યુક્ત હોવાના કારણે જેમનું "શિવયોગી" નામ તેમના અર્થના અનુરૂપ જ છે.*

**शिवागमपरिज्ञानपरिपाकसुगन्धिना ।**
**यदीयकीर्तिपुष्पेण वासितं हरितां मुखम्।।२२।।**

*શૈવાગમના પરિપૂર્ણ જ્ઞાનના પરિપૂર્ણ ફળથી સુગંધયુક્ત જેમના કીર્તિરૂપી પુષ્પથી બધી દિશાઓનો પ્રવેશ હંમેશા સુગંધિત રહે છે.*

**येन रक्षावती जाता शिवभक्तिः सनातनी।**
**बुद्धादिप्रतिसिद्धान्तमहाध्वांतांशुमालिना।।२३।।**

*વિદ્વાનો આદિના પ્રતિકૂળ સિદ્ધાંતરૂપી મહાઅંધકારના માટે સૂર્ય સમાન જેમના દ્વારા સનાતન શિવભક્તિની રક્ષા થઈ.*

**स महावीरशैवानां धर्ममार्गप्रवर्तकः।**
**शिवतत्त्वपरिज्ञानचन्द्रिकावृतचन्द्रमाः ।।२४।।**

*શિવતત્વના પરિપૂર્ણ જ્ઞાનરૂપી ચાંદનીથી પરિપ્લાવિત તેઓ શિવયોગી મહાવીર શૈવધર્મમાર્ગના પ્રવર્તક બન્યા.*

**आलोक्य शैवतन्त्राणि कामिकाद्यानि सादरम्।**
**वातुलान्तानि शैवानि पुराणान्यखिलानि तु।।२५।।**

*તેમણે ઈચ્છિત અને અનુકૂળ શૈવતંત્રો સમસ્ત શૈવપુરાણોના આદરની સાથે અધ્યયન કરીને વીરશૈવ મહાતંત્રની રચના કરી છે.*

**वेदमार्गाविरोधेन विशिष्टाचारसिद्धये।**
**असन्मार्गनिरासाय प्रमोदाय विवेकिनाम्।।२६।।**

*આ રચના વૈદિકમાર્ગનો વિરોધ ના કરીને વિશિષ્ટ આચારની સિદ્ધિ, અસત્ માર્ગને દૂર કરવા તથા જ્ઞાનીજનોના આનંદના માટે કરવામાં આવી.*

**सर्वस्वं वीरशैवानां सकलार्थप्रकाशनम्।**
**अस्पृष्टमखिलैर्दोषैरादृतं शुद्धमानसैः।।२७।।**

*વીર શૈવોના સર્વસ્વ, સમસ્ત તત્વોના પ્રકાશક તથા સંપૂર્ણ દોષોથી રહિત આ ગ્રંથના શુદ્ધ અન્તઃકરણ વાળા વિદ્વાનોએ આદર કર્યો.*

**तेष्वागमेषु सर्वेषु पुराणेष्वखिलेषु च।**
**पुरा देवेन कथितं देव्यै तन्नन्दनाय च।।२८।।**

*પ્રાચીનકાળમાં સમસ્ત આગમો તથા બધા પુરાણોમાં વર્ણિત આ સિદ્ધાંતને ભગવાન શિવ, દેવી પાર્વતી તથા તેમના પુત્ર કાર્તિકેય સ્વરૂપે દર્શાવાયા છે.*

**तत्सम्प्रदायसिद्धेन रेणुकेन महात्मना।**
**गणेश्वरेण कथितमगस्त्याय पुनः क्षितौ।।२९।।**

*આ શિવ સંપ્રદાયમાં પ્રસિદ્ધ મહિમાવંતા ગણેશ્વર રેણુકે આ શાસ્ત્રને પૃથ્વી પર મહર્ષિ અગત્સ્યને બતાવ્યો.*

**वीरशैवमहातन्त्रमेकोत्तरशतस्थलम् ।।३०।।**
**अनुग्रहाय लोकानामभ्यधात् सुधियां वरः।।३०।।**

*મનીષિઓમાં શ્રેષ્ઠ શિવયોગી અને શિવાચાર્ય એકસો એક સ્થળવાળા (વિષય) વીરશૈવ મહાતંત્રોનો મનુષ્ય ઉપર અનુગ્રહ કરવાને વર્ણન કર્યુ છે.*

**सर्वेषां शैवतन्त्राणामुत्तरत्वान्निरुत्तरम्।**
**नाम्ना प्रतीयते लोके यत्सिद्धान्तशिखामणिः।।३१।।**

*સમસ્ત શૈવ તત્વોના ઉત્તર અર્થાત્ અન્તિમ હોવાના કારણે નિરુત્તર એવા ગ્રંથલોકમાં સિદ્ધાંતશિખામણિના નામથી પ્રસિદ્ધ છે. શિખાના ઉપર કોઈ અંગ નથી હોતું અને એમાં નિબદ્ધ મણિ સર્વોપરી હોય છે તે રીતે આ ગ્રંથ વીરશૈવ સિદ્ધાંતની ચર્ચા કરવાવાળો શ્રેષ્ઠ ગ્રંથ ગણાય છે.*

**अनुगतसकलार्थे शैवतन्त्रैः समस्तैः**
**प्रकटितशिवबोधाद्वैतभावप्रसादे ।**
**विदधतु मतिमस्मिन् वीरशैवा विशिष्टाः**
**पशुपतिमतसारे पण्डितश्लाघनीये।।३२।।**

*વિશિષ્ટ એવા વીરશૈવ લોકો ! સમસ્ત શૈવતંત્રોના તત્વને પોતાનામાં સમાહિત કરવાવાળા પરમ શિવ અદ્વૈતભાવના આનંદને પ્રગટ કરવાવાળા પાશુપતમતના સારભૂત તથા પંડિતો દ્વારા પ્રશંસનીય આ ગ્રંથના અધ્યયનના વિષયમાં આપણું ચિત્ત એકાગ્ર કરીએ.*

******

## બીજો પરિચ્છેદ

### રેણુકદારૂકાવતરણમ્

**सच्चिदानन्दरूपाय सदसद्व्यक्तिहेतवे।।१।।**

**नम: शिवाय साम्बाय सगणाय स्वयम्भुवे।।१।।**

*સચ્ચિદાનંદ રૂપ સત્ અર્થાત્ ભાવ અર્થાત્ પારમેશ્વર સ્વરૂપ તથા અસત્ અર્થાત્ અભાવ અર્થાત્ જાગ્રત સ્વપ્ન-પ્રપંચ અથવા પ્રતિભાસિક અને વ્યવહારિક પ્રપંચની અભિવ્યક્તિનું કારણ, સ્વયંભૂ ગણોની સાથ, સામ્બ શિવને હું નમસ્કાર કરું છું.*

**सदाशिवमुखाशेषतत्त्वमौक्तिकशुक्तिकाम्।।२।।**

**वन्दे माहेश्वरीं शक्तिं महामायादिरूपिणीम्।।२।।**

*સદાશિવ તત્વથી પૃથ્વી સુધીના સમસ્ત તત્વરૂપી મોતિયોના સુક્તિસ્વરૂપ મહામાયા વગેરે આદિરૂપ મહેશ્વરની શક્તિને હું વંદન કરું છું.*

**अस्ति सच्चित्सुखाकारमलक्षणपदास्पदम्।।३।।**

**निर्विकल्पं निराकारं निरस्ताशेषविप्लवम्।।३।।**

*(પર બ્રહ્મ) સત્ ચિત્ત આનંદ સ્વરૂપ, લક્ષણરહિત, નિર્વિકલ્પ, નિરાકાર અને સમસ્ત ઉપદ્રવને દૂર કરવાવાળા પરમશિવ બ્રહ્મ છે.*

**परिच्छेदकथाशून्यं प्रपञ्चातीतवैभवम्।।४।।**

**प्रत्यक्षादिप्रमाणानामगोचरपदे स्थितम्।।४।।**

*તે બ્રહ્મ પરિસીમાની વાર્તાથી રહિત, પ્રપંચથી પર, વૈભવવાળા તથા પ્રત્યક્ષ અનુમાન વગેરે પ્રમાણના અવિષય છે ? કારણ કે અનુમાન વગેરે પ્રમાણ પણ પ્રત્યક્ષમૂલક અને અદશ્ય હોય છે.*

**स्वप्रकाशविराजन्तमनामयमनौपमम् ।।५।।**

**सर्वज्ञं सर्वगं शान्तं सर्वशक्ति निरङ्कुशम्।।५।।**

*તે સ્વ-પ્રકાશથી યુક્ત, વિશેષ રૂપથી દેદિપ્યમાન, નિર્મલ, નિરુપમેય, સર્વજ્ઞ, સર્વવ્યાપી, શાન્ત સર્વશક્તિ સંપન્ન તથા સ્વતંત્ર હોય છે.*

**शिवरुद्रमहादेवभवादिपदसंज्ञितम् ।।६।।**

**अद्वितीयमनिर्देश्यं परं ब्रह्म सनातनम्।।६।।**

*તે પરબ્રહ્મ શિવ, રુદ્ર, મહાદેવ, સંસાર આદિ પદોથી જ્ઞાત અદ્વિતીય અનિર્દેશ્ય અને સનાતન છે.*

**तत्र लीनमभूत् पूर्वं चेतनाचेतनं जगत्।।७।।**

**स्वात्मलीनं जगत्कार्यं स्वप्रकाश्यं तदद्भुतम्।।७।।**

*સૃષ્ટિથી પહેલા આ જડ-ચેતન જગત એમનામાં લીન હતું. આ જગતરૂપી અદ્ભૂત કાર્ય સ્વાત્મ અર્થાત્ પરબ્રહ્મમાં લીન થઈને સ્વયંપ્રકાશિત અર્થાત્ સ્વયં પરબ્રહ્મ ના દ્વારા પ્રકાશિત હોય છે.*

**शिवाभिधं परं ब्रह्म जगन्निर्मातुमिच्छया।।८।।**

**स्वरूपमादधे किञ्चित्सुखस्फूर्तिविजृम्भितम्।।८।।**

*શિવ નામક આ પરબ્રહ્મ જગત રચનાની ઈચ્છાથી કંઈક આનંદમિશ્રિત ઉલ્લાસથી યુક્ત સ્વરૂપ ધારણ કર્યુ.*

**निरस्तदोषसम्बन्धं निरुपाधिकमव्ययम्।।९।।**

**दिव्यमप्राकृतं नित्यं नीलकण्ठं त्रिलोचनम्।।९।।**

*તેઓ સ્વરૂપ દોષોથી અસંબદ્ધ ઉપાધિરહિત, નાશરહિત અર્થાત્ નિત્ય દિવ્ય અપ્રાકૃત નિલકંઠ અને ત્રિલોચન હતા.*

**चन्द्रार्धशेखरं शुद्धं शुद्धस्फटिकसन्निभम्।।१०।।**

**शुद्धमुक्ताफलाभासमुपास्यं गुणमूर्तिभिः।।१०।।**

*મસ્તક પર અર્ધચંદ્રવાળા, શુદ્ધ, શુદ્ધ સ્ફટિકના (બ્રહ્મા-વિષ્ણુ અને રૂદ્ર) સમાન સ્વચ્છ અને દેદીપ્યમાન, શુદ્ધ મોતી જેવા તથા ગુણમૂર્તિ અર્થાત્ ત્રિમૂર્તિ દ્વારા ઉપાસ્ય હતા.*

**विशुद्धज्ञानकरणं विषयं सर्वयोगिनाम्।।११।।**

**कोटिसूर्यप्रतीकाशं चन्द्रकोटिसमप्रभम्।।११।।**

*વિશુદ્ધ જ્ઞાનનું અસાધારણ કરાણ, સમસ્ત યોગીઓના ધ્યાનનો વિષય, કરોડો સૂર્યના સમાન દેદિપ્યમાન, કરોડો ચંદ્રની કાંતિવાળા હતા. પ્રાકૃતિક ગુણોથી ભિન્ન, સર્વજ્ઞતા તૃપ્તિ અનાદિ બોધ આદિ ગુણોનો આધાર તથા અનન્ત મહિમાથી યુક્ત છે.*

**अप्राकृतगुणाधारमनन्तमहिमास्पदम् ।।१२।।**

**तदीया परमा शक्तिः सच्चिदानन्दलक्षणा।।१२।।**

*પ્રાકૃતિક ગુણોથી ભિન્ન, સર્વજ્ઞતા તૃપ્તિ અનાદિ બોધ આદિ ગુણોનો આધાર તથા અનન્ત મહિમાથી યુક્ત તે પરમશિવસંબંધિની પરમા શક્તિ પરારૂપા વિમર્શશક્તિ સચ્ચિદાનંદલક્ષણ હોય છે.*

**समस्तलोकनिर्माण–समवायस्वरूपिणी।।१३।।**

**तदिच्छयाऽभवत् साक्षात्तत्स्वरूपानुसारिणी।।१३।।**

*તેમની સદ્ ચિત્ત આનંદ લક્ષણોવાળી પરમાશક્તિ જો કે સમસ્ત લોકનિર્માણની સમવાયરૂપા છે. તેમની ઈચ્છાથી તેમના સ્વરૂપ જેવી થઈ ગઈ.*

**जगत्सिसृक्षुः प्रथमं ब्रह्माणं सर्वदेहिनाम्।।१४।।**

**कर्तारं सर्वलोकानां विदधे विश्वनायकः।।१४।।**

*વિશ્વનાયક ભગવાન સર્વજ્ઞ સર્વશક્તિમાન તે શંભુ સંસારની રચના કરવાની ઈચ્છાથી યુક્ત થઈ સૌથી પહેલા સમસ્ત લોકોના સમસ્ત જીવોના કર્તા બ્રહ્માની રચના કરી.*

**तस्मै प्रथमपुत्राय शङ्करः शक्तिमान् विभुः।।१५।।**

**सर्वज्ञः सकला विद्याः सानुग्रहमुपादिशत् ।।१५।।**

*સર્વજ્ઞ શક્તિમાન તથા વ્યાપક ભગવાન શંકર ને તેમના પ્રથમ પુત્રને સમસ્ત વિદ્યાઓનો અનુગ્રહપૂર્વક ઉપદેશ આપ્યો.*

**समस्तलोकान्निर्मातुं समुद्यमपरोऽभवत्।।१६।।**

**कृतोद्योगोऽपि निर्माणे जगतां शङ्कराज्ञया।।१६।।**

**अज्ञातोपायसम्पत्तेरभवन्माययाऽऽवृतः।।१६।।**

*વિશ્વનિયામક મહાદેવથી વિદ્યા પ્રાપ્ત કરવાવાળા બ્રહ્મા સમસ્ત લોકની રચના કરવા લાગ્યા. શિવની આજ્ઞાથી સંસારના નિર્માણમાં પ્રયત્ન કરવા છતાં પણ ઉપાયોને ન જાણવાવાળા તેઓ માયાથી આવૃત અર્થાત્ વિમાસણમાં મૂકાઈ ગયા.*

**विधातुमखिलाँलोकानुपायं प्राप्तुमिच्छया।।१७।।**

**पुनस्तं प्रार्थयामास देवदेवं त्रियम्बकम्।।१७।।**

*સમસ્ત લોકોની રચનાને માટે ઉપાય પ્રાપ્ત કરવાની ઈચ્છાથી બ્રહ્માએ ફરીથી તે દેવાધિદેવ ત્રિલોચનની પ્રાર્થના કરી.*

**नमस्ते देवदेवेश नमस्ते करुणाकर।।१८।।**

**अस्मदादिजगत्सर्वनिर्माणनविधिक्षम।।१८।।**

*હવે તેમના દ્વારા કરેલી પ્રાર્થનાનો પ્રકાર છે - હે દેવાધિદેવ આપને પ્રણામ છે હે કરુણાનિધિ ! અમારા બધાંથી માંડીને તેમજ સમસ્ત જગતની સૃષ્ટિમાં સક્ષમ એવા આપને નમસ્કાર છે.*

**उपायं वद मे शम्भो जगत्स्रष्टः! जगत्पते।।२९।।**

सर्वज्ञः सर्वशक्तिस्त्वं सर्वकर्ता सनातनः।।**१९।।**

*હે શિવ ! હે સંસારના સ્વામી ! મને ઉપાય બતાવો, કારણકે આપ સર્વજ્ઞ સર્વશક્તિમાન સર્વકર્તા અને સનાતન છો.*

**इति संप्रार्थितः शम्भुर्ब्रह्मणा विश्वनायकः।।२०।।**

**उपायमवदत् तस्मै लोकसृष्टिप्रवर्तनम्।।२०।।**

*આ પ્રમાણે બ્રહ્માની પ્રાર્થનાથી વિશ્વવિનાયક શિવજીએ એમને લોકસૃષ્ટિ કારક ઉપાય બતાવ્યો.*

**उपायमीश्वरेणोक्तं लब्ध्वाऽपि चतुराननः।।२१।।**

**न समर्थोऽभवत् कर्तुं नानारूपमिदं जगत्।।२१।।**

*ઈશ્વર દ્વારા દર્શાવાયેલા ઉપાયને પ્રાપ્ત કરવા છતાં ચતુરાનન બ્રહ્મા નાના રૂપવાળા આ સંસારની રચના કરવામાં સફળ થયા નહીં.*

**पुनस्तं प्रार्थयामास ब्रह्मा विह्वलमानसः।।२२।।**

**देवदेव महादेव जगत्प्रथमकारण।।२२।।**

*આમ છતાં વ્યાકુળ ચિત્તવાળા બ્રહ્માએ ફરીથી ભગવાન શિવની પ્રાર્થના કરી - હે દેવાધિદેવ મહાદેવ ! સંસારના પ્રથમ કારણ આપને નમસ્કાર છે.*

**नमस्ते सच्चिदानन्द स्वेच्छाविग्रहराजित।।२३।।**

**भव शर्व महेशान सर्वकारणकारण।।२३।।**

*હે સચ્ચિદાનંદ ! સ્વેચ્છાએ શરીર ધારણ કરવાવાળા, ઉત્પત્તિ, વિષ્ણુ મહેશ્વર બધા કારણોને કારણે આપના દ્વારા દર્શાવાયેલો ઉપાય મારી સમજમાં આવતો નથી.*

**भवदुक्तो ह्युपायो मे न किञ्चिज्ज्ञायतेऽधुना।।२४।।**

**सृष्टिं विधेहि भगवन् प्रथमं परमेश्वर।।२४।।**

**ज्ञातोपायस्ततः कुर्यां जगत्सृष्टिमुमापते।।२४।।**

*હે પરમેશ્વર ! હે ઈશ્વર ! પ્રથમ તમે સૃષ્ટિ ઉત્પન્ન કરો ! હે ઉમાપતિ ! એના પછી ઉપાય જાણીને હું સંસારની રચના કરીશ.*

**इत्येवं प्रार्थितः शम्भुर्ब्रह्मणा विश्वयोनिना।।२५।।**

**ससर्जात्मसमप्रख्यान् सर्वगान् सर्वशक्तिकान्।।२५।।**

*વિશ્વના કારણભૂત બ્રહ્માના દ્વારા આ પ્રમાણે પ્રાર્થના કરવાથી ભગવાન શિવે પોતાની સમાન શોભાવાળા પ્રથમ ગણોને ઉત્પન્ન કર્યા.*

**प्रबोधपरमानन्दपरिवाहितमानसान् ।।२६।।**

**प्रमथान् विश्वनिर्माणप्रलयापादनक्षमान्।।२६।।**

*તે બધા સર્વગામી, સર્વશક્તિમાન, જન્મસિદ્ધ, પરમઆનંદથી પરિપૂર્ણ ચિત્તવાળા તથા વિશ્વની રચના માટે સમર્થ હતા.*

**तेषु प्रमथवर्गेषु सृष्टेषु परमात्मना।।२७।।**

**रेणुको दारुकश्चेति द्वावभूतां शिवप्रियौ।।२७।।**

*પરમાત્મા શિવના દ્વારા ઉત્પન્ન થયેલા તે પ્રથમ ગણોમાં રેણુક અને દારુક આ બંને શિવના પ્રિય થયા.*

**सर्वविद्याविशेषज्ञौ सर्वकार्यविचक्षणौ।।२८।।**

**मायामलविनिर्मुक्तौ महिमातिशयोज्ज्वलौ।।२८।।**

*આ બંને સમસ્ત વિદ્યાઓમાં પારંગત, સર્વકાર્યસંપાદનમાં કુશળ, માયાથી રહિત ઉપરાંત પોતાના મહિમાથી અત્યંત ઉજજવળ હતા.*

**आत्मानन्दपरिस्फूर्तिरसास्वादनलम्पटौ।।२९।।**

**शिवतत्त्वपरिज्ञानतिरस्कृतभवामयौ।।२९।।**

*આત્માનંદના પરમસ્ફૂરણથી જન્મેલા રસાસ્વાદમવાળા તથા શિવતત્વના સંપૂર્ણ જ્ઞાનના કારણે સંસારરૂપી રોગથી પર હતા.*

**नानापथमहाशैवतन्त्रनिर्वाहतत्परौ ।।३०।।**

**वेदान्तसारसर्वस्वविवेचनविचक्षणौ ।।३०।।**

*અનેક માર્ગવાળા શિવાદ્વય તંત્રના પરિપાલનમાં તત્પર તથા વેદાંત સારના સર્વસ્વની વિવેચના કરવામાં તત્પર હતા.*

**नित्यसिद्धौ निरातङ्कौ निरङ्कुशपराक्रमौ।।३१।।**

**तादृशौ तौ महाभागौ संवीक्ष्य परमेश्वरः।।३१।।**

**समर्थौ सर्वकार्येषु विश्वासपरमाश्रितौ।।३२।।**

**अन्तःपुरद्वारपालौ निर्ममे नियतौ विभुः।।३२।।**

*નિત્યસિદ્ધ આતંક રહિત અજેય પરાક્રમવાળા એવા ભાગ્યશાળી આ બંને ગણોને જોઈ પરમેશ્વરે એમને સર્વ કાર્યો કરવામાં સમર્થ તથા પરમ વિશ્વસનીય ગણ્યા. પરિણામે ભગવાન શિવ દ્વારા આ બંને ગણોને અંતઃપુરના દ્વારપાળ નિયુક્ત કરવામાં આવ્યા.*

**गणेश्वरौ रेणुकदारुकावुभौ विश्वासभूतौ नवचन्द्रमौलेः।।३३।।**

**अन्तःपुरद्वारगतौ सदा तौ वितेनतुर्विश्वपतेस्तु सेवाम्।।३३।।**

*આ પ્રમાણે રેણુક અને દારુક બંને બાલચંદ્રથી શોભતા મસ્તકવાળા શિવના વિશ્વાસપાત્ર બની હંમેશા અંતઃપુરના દ્વાર પર ઊભા રહી વિશ્વરક્ષક ભગવાન શિવની સેવા કરવા લાગ્યા.*

## ત્રીજો પરિચ્છેદ

### રેણુક અવતરણ કૈલાસ વર્ણન

**कदाचिदथ कैलासे कलधौतशिलामये।**
**गन्धर्ववामनयना - क्रीडामौक्तिकदर्पणे।।१।।**

*એક દિવસ ચાંદીની શિલાઓવાળા તથા ગંધર્વોની પત્નીઓની ક્રીડા માટે મોતીના જેવા દર્પણ સમાન કૈલાસ પર ભગવાન શિવ બેઠા હતા.*

**मन्दारवकुलाशोकमाकन्दप्रायभूरुहे ।**
**मल्लीमरन्दनिष्यन्दपानपीनमधुव्रते ।।२।।**

*તે પર્વત પર કલ્પવૃક્ષ અશોક, આંબાના વૃક્ષ ઉગ્યા હતા. મોગરાની સુગંધના રસપાનથી ત્યાંના ભ્રમર વિશાળ આકારવાળા હતા.*

**कुङ्कुमस्तबकामोदकूलङ्कषहरिन्मुखे ।**
**कलकण्ठकुलालापकन्दलद्रागबन्धुरे ।।३।।**

*દિશાઓ લાલપુષ્પોના ગુચ્છાઓના સુગંધથી આચ્છાદિત નદીઓથી ભરાયેલી હતી. તે પર્વત કોયલના વૃંદની મધુર ધ્વનિથી મનોહર હતો.*

**किन्नरीगीतमाधुर्यपरिवाहितगह्वरे ।**
**सानन्दवरयोगीन्द्रवृन्दालङ्कृतकन्दरे ।।४।।**

*તેની ગુફાઓ કિન્નરસ્ત્રીઓના માધુર્યગીતથી વ્યાપ્ત હતી. કંદરાઓ બ્રહ્માનંદની અનુભૂતિવાળા શ્રેષ્ઠ યોગીસમૂહથી શોભતો હતો.*

**हेमारविन्दकलिकासुगन्धिरसमानसे ।**
**शातकुम्भमयस्तम्भशतोत्तुङ्गविराजिते ।।५।।**

*માનસરોવર સુવર્ણકમળની કળીઓના સુગન્ધિતરસથી યુક્ત હતા. કાંચનથી નિર્મિત સૈંકડો ઊંચા ઊંચા થાંભલા ત્યાં વિરાજમાન હતા.*

**माणिक्यदीपकलिकामरीचिद्योतितान्तरे।**
**द्वारतोरणसंरूढशङ्खपद्मनिधिद्वये ।।६।।**

*તે પર્વતનો અંદરનો ભાગ માણેકદીપોની જ્યોતિરૂપી કળીઓની કિરણોથી પ્રકાશમાન હતો અને એના દ્વારના તોરણ પર શંખ અને પદ્મ બંને બિરાજમાન હતી.*

**मुक्तातारकितोदारवितानाम्बरमण्डिते ।**
**स्पर्शलक्षितवैडूर्यमयभित्तिपरम्परे ।।७।।**

*તે પર્વત મોતીઓના તારાઓથી અંકિત વિશાળ વસ્ત્રના તંબુથી સુશોભિત હતો. ત્યાં ભીંત પર સ્પર્શથી અનુભવી શકાય એવી વૈદૂર્ય (નીલમ) મણિ જડેલી હતી અર્થાત્ દિવાલો પર જડેલી વૈદૂર્ય મણિઓના સ્પર્શથી જ જાણી શકાય એમ હતું. માત્ર જોવાથી નહિ.*

**सञ्चरत्प्रमथश्रेणीपदवाचालनूपुरे ।**
**प्रवालवलभीशृङ्गशृङ्गारमणिमण्टपे ।।८।।**

*ત્યાં વિહાર કરવાવાળા મથગણોના પગમાં બાંધેલા ઘૂંઘરુંનો અવાજ સંભળાતો રહેતો હતો. પરવાળાથી બનેલી છાજલી તથા ટોચથી અલંકૃત મણિઓથી નિર્મિત મંડપ ત્યાં શોભાયમાન હતા.*

**वन्दारूदेवमुकुटमन्दाररसवासितम्।**
**रत्नसिंहासनं द्विव्यमध्यस्तं परमेश्वरम्।।९।।**

*સ્તુતિ કરવામાં મગ્ન દેવતાઓના મુગટમાં શોભતા કલ્પવૃક્ષના ફૂલોની પરાગથી સુગંધિત દિવ્ય સિંહાસન પર વિરાજમાન પરમેશ્વરની સેવા એમના પરિવારના સભ્યો કરી રહ્યા હતા.*

**तमास्थानगतं देवं सर्वलोकमहेश्वरम्।**
**त्रय्यन्तकमलारण्यविहारकलहंसकम्।।१०।।**

*દેવોથી યુક્ત સ્થાન પર વિરાજમાન સર્વ દેવોના સ્વામી તે દેવ વેદાંત અર્થાત્ ઉપનિષરૂપી કમળોના સમૂહમાં વિહાર કરવાવાળા રાજહંસ સમાન હતા.*

**उदारगुणमोंकारशुक्तिकापुटमौक्तिकम्।**
**सर्वमङ्गलसौभाग्यसमुदायनिकेतनम्।।११।।**

*તેઓ ઉદારતા આદિ ગુણઓથી યુક્ત, ૐકાર રૂપી સુક્તિઓના મોતી તથા સંપૂર્ણ મંગલકારી સૌભાગ્યસમુદાયના ભંડાર હતા.*

**संसारविषमूर्च्छालुजीवसञ्जीवनौषधम्।**
**नित्यप्रकाशनैर्मल्यकैवल्यसुरपादपम्।।१२।।**

*તે ભગવાન શિવ સંસારરૂપી વિષથી મૂર્છિત જીવોના માટે સંજીવની અર્થાત્ અમૃતરૂપી ઔષધ તથા નિત્યપ્રકાશ અને નિર્મળતાથી યુક્ત જ્ઞાનના કલ્પવૃક્ષ હતા.*

**अनन्तपरमानन्दमकरन्दमधुव्रतम् ।**
**आत्मशक्तिलतापुष्यत्त्रिलोकीपुष्पकोरकम्।।१३।।**

*તે પરમેશ્વર અનન્ત પરમાનંદ પરિમલનું સેવન કરવાવાળા ભ્રમર તથા પોતાની શક્તિરૂપી લતાથી પુષ્ટિ કરવાવાળા ત્રિભુવનરૂપી પુષ્પની કળીના સમાન શોભાયમાન હતા.*

**ब्रह्माण्डकुण्डिकाषण्डपिण्डीकरणपण्डितम्।**
**समस्तदेवताचक्रचक्रवर्तिपदे स्थितम् ।।१४।।**

*બ્રહ્માંડરૂપી કુડિકાના ટુકડાઓને જોડવામાં પંડિત અને સમસ્ત દેવતામંડલના ચક્રવર્તી પ્રતતિ થઈ રહ્યા હતા.*

**चन्द्रबिम्बायुतच्छायादायादद्युतिविग्रहम्।**
**माणिक्यमुकुटज्योतिर्मञ्जरीपिञ्जराम्बरम्।।१५।।**

*તે ભગવાન શંકર હજારો ચંદ્રમાના પ્રતિબિંબના સંબંધી પ્રકાશથી યુક્ત શરીરવાળા તથા માણેકજડેલા મુગટની જ્યોતિના કિરણોથી વ્યાપ્ત વસ્ત્રોવાળા હતા.*

**चूडालं सोमकलया सुकुमारबिसाभया।**
**कल्याणपुष्पकलिकाकर्णपूरमनोहरम्।।१६।।**

*તે કોમળ કમળરેસા સમાન ચંદ્રકલાને ચોટીમાં ધારણ કરી અને કલ્યાણરૂપી પુષ્પકલિકાના કર્ણપૂરથી મનોહર હતા.*

**मुक्तावलयसम्बद्धमुण्डमालाविराजितम्।**
**पर्याप्तचन्द्रसौन्दर्यपरिपन्थिमुखश्रियम्।।१७।।**

*તે મોતીઓની માળાથી ગૂંથાયેલા, મસ્તકરૂપીમાળાથી સુશોભિત તથા પ્રચુર ચંદ્રસૌંદર્યના પ્રતિસ્પર્ધી સૂલોચન શોભાવાળા હતા.*

**प्रातःसम्फुल्लकमलपरियायत्रिलोचनम्।**
**मन्दस्मितमितालापमधुराधरपल्लवम्।।१८।।**

*તેમના ત્રણે નેત્રો પ્રાતઃકાળમાં ખીલેલા કમળ જેવા હતા તથા હોઠ કૂંપળની મંદ મુસ્કાન તથા સુંદર વાણીથી મધુર હતા.*

**गण्डमण्डलपर्यन्तक्रीडन्मकरकुण्डलम्।**
**कालिम्ना कालकूटस्य कण्ठनाले कलङ्कितम्।।१९।।**

*મગરની આકૃતિવાળા કર્ણાભૂષણ એમના કપોલપ્રદેશ સુધી આવી રહ્યા હતા તથા કંઠની નળીઓ ઝેરથી કલંકિત એટલે કે લીલી થઈ ગઈ હતી.*

**मणिकङ्कणकेयूरमरीचिकरपल्लवैः।**
**चतुर्भिः संविराजन्तं बाहुमन्दारशाखिभिः।।२०।।**

*કલ્પવૃક્ષની ડાળીઓના જેવી સુડોળ તથા મોતીઓ જડિત કંકણ ધારણ કરી બળશાળીચાર ભુજાઓથી તેઓ પરમ શોભાયમાન હતા.*

**गौरीपयोधराश्लेषकृतार्थभुजमध्यमम्।**
**सुवर्णब्रह्मसूत्राङ्कं सूक्ष्मकौशेयवाससम्।।२१।।**

*તેમની ભુજાઓનો મધ્ય અર્થાત્ વક્ષસ્થળ ગૌરીના સ્તન સાથે સંલગ્ન હતા તથા તેઓ સુવર્ણની જનોઈ અને સૂક્ષ્મ રેશમી વસ્ત્ર ધારણ કર્યુ હતું.*

**नाभिस्थानावलम्बिन्या नवमौक्तिकमालया।**
**गङ्गयेव कृताश्लेषं मौलिभागावतीर्णया।।२२।।**

*નાભિસ્થળ સુધી લટકતી મોતીમાળા જાણે એમ પ્રતીત થતી જેવી રીતે માથા ઉપરથી ઉતરતી ગંગા તેમનો આલિંગન કરી રહી હોય.*

**पदेन मणिमञ्जीरप्रभापल्लवितश्रिया।**
**चन्द्रवत्स्फाटिकं पीठं समावृत्य स्थितं पुरः।।२३।।**

*મણિથી જટિત નૂપુરની કૂંપળ જેવી શોભાવાળા પગને ચંદ્રના જેવા સ્ફૂટિકથી નિર્મિત પીઠ પર મુકીને તે બેઠા હતા.*

**वामपार्श्वनिवासिन्या मङ्गलप्रियवेषया।**
**समस्तलोकनिर्माणसमवायस्वरूपया।।२४।।**

*પરમેશ્વરના ડાબી બાજુ ઉમા વિરાજમાન હતા. તેઓ મંગળ અને પ્રિય પરિધાન ધારણ કરી તથા સર્વલોકોની રચના માટે સમવાયિ કારણરૂપ હતી.*

**इच्छाज्ञानक्रियारूपबहुशक्तिविलासया।**
**विद्यातत्त्वप्रकाशिन्या विनाभावविहीनया।।२५।।**

*તે ભવાની ઈચ્છા જ્ઞાન ક્રિયા રૂપ અનેક શક્તિઓથી સુશોભિત, શુદ્ધ વિદ્યાતત્વને પ્રગટ કરનારી તથા શિવની સાથે અવિનાભાવી સંબંધવાળી હતી.*

**संसारविषकान्तारदाहदावाग्निलेखया।**
**धम्मिल्लमल्लिकामोदझङ्कुर्वद्भृङ्गमालया।।२६।।**

*તે સસારરૂપી વિષજંગલને સળગાવવાને માટે દાવાનળના અગ્નિની જવાળા સમાન શોભાયમાન હતા. એમની વેણીમાં ગૂંથાયેલી જૂઈની સુગંધથી ભ્રમરરૂપી માળા ઝંકાર કરતી રહેતી હતી.*

**सम्पूर्णचन्द्रसौभाग्यसंवादिमुखपद्मया।**
**नासामौक्तिकलावण्यनाशीरस्मितशोभया।।२७।।**

*તેમનું મુખકમળ પૂર્ણચંદ્રના સૌંદર્યનું તિરસ્કાર કરવાવાળું હતું. નાકમાં પહેરેલ મોતીના સૌંદર્યથી તેમનું નાસાછિદ્ર જાણે કે મંદહાસ્ય કરી રહ્યું હતું.*

**मणिताटङ्करङ्गान्तर्वलितापाङ्गलीलया।**
**नेत्रद्वितयसौन्दर्यनिन्दितेन्दीवरत्विषा।।२८।।**

*તે ઉમા મણિજડિત કર્ણાલંકારરૂપી રંગમંચ ઉપર જાણે કે નેત્રલીલા કરી રહી હોય એમ બંને નેત્રોના સૌંદર્યથી તેઓ નીલરંગના કમળની કાંતિને પણ તિરસ્કૃત કરી રહી હતી.*

**कुसुमायुधकोदण्डकुटिलभ्रूविलासया।**
**बन्धूककुसुमच्छायाबन्धुभूताधरश्रिया।।२९।।**

*તેમનો ભ્રમરવિલાસ કામદેવના ધનુષ્યના જેવો વક્ર હતો તથા હોઠની શોભા બંધૂકપુષ્પના પ્રતિબિંબ જેવી હતી.*

**कण्ठनालजितानङ्गकम्बुबिब्बोकसम्पदा।**
**बाहुद्वितयसौभाग्यवञ्चितोत्पलमालया।।३०।।**

*તે ઉમા કંઠનળીમાંથી નિકળેલા શબ્દો દ્વારા કામદેવના શંખના ધ્વનિસમ્પદાને જીતવાવાળી તથા બંને ભુજાઓના સૌંદર્યથી નીલમલકમળોને તિરસ્કૃત કરવાવાળી હતી.*

**स्थिरयौवनलावण्यशृङ्गारितशरीरया ।**
**अत्यन्तकठिनोत्तुङ्गपीवरस्तनभारया ।।३१।।**

*તેમનું શરીર સ્થિર યૌવનના લાવણ્યથી શ્રૃઙ્ગારયુક્ત લાગતું હતું. તે અત્યંત કઠિન ઉભારવાળા તથા મોટા સ્તનોના ભારથી યુક્ત હોવા છતાં નમ્ર હતા.*

**मृणालवल्लरीतन्तुबन्धुभूतावलग्नया ।**
**शृङ्गारतटिनीतुङ्गपुलिनश्रोणिभारया ।।३२।।**

*તેમનો કટિપ્રદેશ કમળનાળની દાંડી સમાન પાતળો હતો. તે શૃંગારરસરૂપી નદીના ઊંચા કિનારાના જેવા નિતંબના ભારથી આળસથી ગ્રસ્ત હતા.*

**कुसुम्भकुसुमच्छायाकोमलाम्बरशोभया।**
**शृङ्गारोद्यानसंरम्भरम्भास्तम्भोरुकाण्डया।।३३।।**

*કેસર ફૂલોના રંગવાળા કોમળ વસ્ત્રથી તેઓ શોભાયમાન હતા. તેમના નિતમ્બ શૃંગારરૂપી બાગમાં શોભાયુક્ત કેળાના થડ (સ્તંભ) જેવી હતી.*

**चूतप्रवालसुषुमासुकुमारपदाब्जया ।**
**स्थिरमङ्गलशृङ्गारभूषणालङ्कृताङ्गया।।३४।।**

*તેમના પગ આંબાના કોમળ નવી કૂંપળના જેવા સુંદર અને સુકુમાર હતા. તેમના અંગો મંગળમય શૃંગારવાળા આભૂષણોથી અલંકૃત હતા.*

**हारनूपुरकेयूरचमत्कृतशरीरया ।**
**चक्षुरानन्दलतया सौभाग्यकुलविद्यया।।३५।।**

*તેમનું શરીર હાર, ઝાંઝર અને બાજુબંધથી ચમકી રહ્યું હતું. આંખો આનંદની લતા સમાન હતી. પરિણામે તે સૌભાગ્યકુળવિદ્યા સ્વરૂપા હતા.*

**उमया सममासीनं लोकजालकुटुम्बया।**
**अपूर्वरूपमभजन् परिवाराः समन्ततः।।३६।।**

*લોકસમૂહના કુટુમ્બવાળી તે ઉમા સાથે ભગવાન શિવ બેઠા હતા. આવા અપૂર્વ રૂપવાળા ભગવાન ઉમાનાથની તેમના પરિવારના સભ્યો ચારે બાજુથી સેવા કરી રહ્યા હતા.*

**पुण्डरीकाकृति स्वच्छं पूर्णचन्द्रसहोदरम्।**
**दधौ तस्य महालक्ष्मीः सितमातपवारणम्।।३७।।**

*મહાલક્ષ્મીએ તેમનું છત્ર ધારણ કર્યું હતું જે કમળના આકારવાળું ઉજ્જવળ પૂર્ણચંદ્રસમાન તથા શ્વેત વર્ણનું હતું.*

**तन्त्रीझङ्कारशालिन्या सङ्गीतामृतविद्यया।**
**उपतस्थे महादेवमुपान्ते च सरस्वती।।३८।।**

*નજીકમાં સરસ્વતી વીણાની ઝંકારથી યુક્ત સંગીતરૂપી અમૃતવિદ્યાથી મહાદેવની ઉપાસના કરી રહી હતી.*

**झणत्कङ्कणजातेन हस्तेनोपनिषद्वधूः।**
**ओंकारतालवृन्तेन वीजयामास शङ्करम्।।३९।।**

*ઉપનિષદરૂપી વહુ ખનકતા કંકણવાળા હાથોથી ૐકારરૂપી વીંઝણા દ્વારા ભગવાન શંકરને વીંઝણો નાખી રહી હતી.*

**चलच्चामरिकाहस्ता झङ्कुर्वन्मणिकङ्कणाः।**
**आसेवन्त तमीशानमभितो दिव्यकन्यकाः।।४०।।**

*જેમના હાથથી ચામર ઢળાઈ રહ્યા હતા તથા મણિજડિત કંકણ ઝંકાર કરી રહ્યા હતા, એવી ઈન્દ્રાણી આદિ દિવ્ય કન્યાઓ તે પરમેશ્વરની બધી બાજુથી સેવા કરી હતી.*

**चामराणां विलोलानां मध्ये तन्मुखमण्डलम्।**
**रराज राजहंसानां भ्रमतामिव पङ्कजम्।।४१।।**

*હાલતા-ડોલતા ચામરના મધ્યેથી ભગવાન શંકરનું મુખ એવું લાગી રહ્યું હતું જાણે કે ફરી રહેલા રાજહંસોની વચ્ચે કમળ સ્થિર હોય.*

**मन्त्रेण तमसेवन्त वेदाः साङ्गविभूतयः।**
**भक्त्या चूडामणिं कान्तं वहन्त इव मौलिभिः।।४२।।**

*વેદાઙ્ગના અંગરૂપી વિભૂતિયોની સાથે વેદપુરુષ આપણા ઉપનિષદરૂપી મસ્તક ઉપર મનોહર ચૂડામણિ ધારણ કરીને ભક્તિની સાથે મંત્રો દ્વારા તે ભગવાન શંકરની સેવા કરી રહ્યા હતા.*

**तदीयायुधधारिण्यस्तत्समानविभूषणाः।**
**अङ्गभूताःस्त्रियः काश्चिदासेवन्त तमीश्वरम्।।४३।।**

*તે વેદોની અંગભૂત દિવ્ય સ્ત્રીઓ તેમના અસ્ત્ર-શસ્ત્રોને ધારણ કરીને તેમના જેવા આભૂષણોથી અલંકૃત થઈને તે ઈશ્વરની સેવા કરી રહી હતી.*

**आप्ताधिकारिणः केचिदनन्तप्रमुखा अपि।**
**अष्टौ विद्येश्वरा देवमभजन्त समन्ततः।।४४।।**

*અધિકાર પ્રાપ્ત અનંત વગેરે ઉત્તમ કોટિના આઠ વિદ્યાધિપતિ પણ ચારે તરફથી તેમની સેવા કરી રહ્યા હતા.*

**ततो नन्दी महाकालश्चण्डो भृङ्गी रिटिस्ततः।**
**घण्टाकर्णः पुष्पदन्तः कपाली वीरभद्रकः।।४५।।**

**एवमाद्या महाभागा महाबलपराक्रमाः।**
**निरङ्कुशमहासत्त्वा भेजिरे तं महेश्वरम्।।४६।।**

*ત્યાર પછી નંદી મહાકાળ, ચણ્ડ, ભૃંગી, રિટિ, ઘંટાકર્ણ, પુષ્પદન્ત, કપાલી, વીરભદ્ર વગેરે પ્રમથગણ જે કે મહાબળશાળી, મહાપરાક્રમી સ્વતંત્ર તથા મહાસત્વવાન છે. તે મહેશ્વરની સેવા કરી રહ્યા હતા.*

**अणिमादिकमैश्वर्यं येषां सिद्धेरपोहनम्।**
**ब्रह्मादयःसुरा येषामाज्ञालङ्घनभीरवः।।४७।।**

*હવે તે પ્રમથગણોની વિશેષતાઓ જોઈએ - તે પ્રમથગણોની સિદ્ધિની સમક્ષ સિદ્ધિપ્રાપ્ત (અણિમા) , મોદમી, બધિમા, ગરિમા, પ્રગપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ) વગેરેની સિદ્ધિ તુચ્છ હતી. બ્રહ્મા આદિ દેવતાઓ તેમની આજ્ઞાનું ઉલ્લઘંન કરવામાં ડરતા હતા.*

**मोक्षलक्ष्मीपरिष्वङ्गमुदिता येऽन्तरात्मना।**
**येषामीषत्करं विश्वसर्गसंहारकल्पनम्।।४८।।**

*તે લોકો પોતાની અંતરાત્મામાં મોક્ષલક્ષ્મીના આલિંગનથી આનન્દમય હતા. તેથી તેમના માટે વિશ્વની સૃષ્ટિ અને સંહાર એકદમ સરળ કાર્ય હતું અથવા વ્યર્થ હતું.*

**ज्ञानशक्तिः परा येषां सर्ववस्तुप्रकाशिनी।**
**आनन्दकणिका येषां हरिब्रह्मादिसम्पदः।।४९।।**

*તેમની પરા જ્ઞાનશક્તિ સમસ્ત વસ્તુને પ્રકાશિત કરવાવાળી હતી તથા વિષ્ણુ, બ્રહ્મા વગેરેની સંપત્તિ તેમની પાસે સ્થિત આનંદની કણિકાઓ માત્ર હતી.*

**आकाङ्क्षन्ते पदं येषां योगिनो योगतत्पराः।**
**काङ्क्षणीयफलो येषां सङ्कल्पः कल्पपादपः।।५०।।**

*યોગમાં તત્પર યોગીઓ તેમના પદની અભિલાષી રહેતા હતા. તેમનો સંકલ્પ પણ મનોવાંચ્છિત ફળ આપવાવાળું કલ્પવૃક્ષ છે.*

**कर्मकालादिकार्पण्यचिन्ता येषां न विद्यते।**
**येषां विक्रमसन्नाहा मृत्योरपि च मृत्यवः।।**
**ते सारूप्यपदं प्राप्ताः प्रमथा भेजिरे शिवम्।।५१।।**

*જેમને કર્મ અને કાળ આદિથી જન્મતા દુઃખની ચિંતા નથી હોતી. તેમનું પરાક્રમપૂર્ણ કાર્ય મૃત્યુનું પણ મૃત્યુ થતું હોય છે. ભગવાન શિવના મોક્ષપદ ને પ્રાપ્ત તે પ્રમથગણ શિવની સેવામાં નિરત હતા.*

**ब्रह्मोपेन्द्रमहेन्द्राद्या विश्वतन्त्राधिकारिणम्।**
**आयुधालङ्कृतप्रान्ताः परितस्तं सिषेविरे।।५२।।**

*બ્રહ્મા, વિષ્ણુ, દેવરાજ ઇન્દ્ર આદિ પોતપોતાના શસ્ત્રોથી સુસજ્જિત થઈને વિશ્વવિસ્તારના અધિકારી તે ભગવાન શિવની પૂર્ણરૂપથી સેવા કરતા હતા.*

**आदित्या वसवो रुद्रा यक्षगन्धर्वकिन्नराः।**
**दानवा राक्षसा दैत्याः सिद्धा विद्याधरोरगाः।।**
**अभजन्त महादेवमपरिच्छिन्नसैनिकाः।।५३।।**

*બાર સૂર્ય, આઠ વસુ, અગિયાર રુદ્ર, કુબેર વગેરે યક્ષ, હાહા હૂહૂ વગેરે ગંધર્વ, અશ્વમુખ વગેરે કિન્નર, બાણ આદિ દાનવ, રાવણ વગેરે રાક્ષસ, તારક વગેરે દૈત્ય, આદિનાથ આદિ સિદ્ધ, મણિભદ્ર આદિ વિદ્યાધર, શેષનાગ આદિ સર્પ, અસંખ્ય સૈન્યબળથી યુક્ત થઈને મહાદેવની સેવા કરી રહ્યા હતા.*

**वसिष्ठो वामदेवश्च पुलस्त्यागस्त्यशौनकाः।**
**दधीचिर्गौतमश्चैव सानन्दशुकनारदाः।।५४।।**

**उपमन्युभृगुव्यासपाराशरमरीचयः ।**
**इत्याद्या मुनयः सर्वे नीलकण्ठं सिषेविरे।।५५।।**

*વશિષ્ટ, વામદેવ, પુલસ્ત્ય, અગસ્ત્ય, શૌનક, દધિચિ, ગૌતમ, સાનન્દ, શુકદેવ, નારદ, ઉપમન્યુ, ભૃગુ, વ્યાસ, પરાશર, મરીચિ વગેરે સમસ્ત મુનિ નીલકંઠની સેવા કરી રહ્યા હતા.*

**पार्श्वस्थपरिवाराणां विमलाङ्गेषु बिम्बितः।**
**सर्वान्तर्गतमात्मानं स रेजे दर्शयन्निव।।५६।।**

*નજીકમાં સ્થિત પરિવારોના નિર્મળ અંગોમાં પ્રતિબિંબિત તે ભગવાન શિવ પોતાને બધાની અંદર વિરાજમાન બતાવીને શોભાયમાન હતા.*

**क्षणं स शम्भुर्देवानां कार्यभागं निरूपयन्।**
**क्षणं गन्धर्वराजानां गानविद्यां विभावयन्।।५७।।**

*ભગવાન શંકર એક ક્ષણના માટે ક્યારેક દેવતાઓના કાર્યને બતાવતા હતા તો ક્યારેક ગંધર્વોની ગાનવિદ્યાને સાંભળતા હતા.*

**ब्रह्मविष्ण्वादिभिर्देवैः क्षणमालापमाचरन्।**
**क्षणं देवमृगाक्षीणां लालयन्नृत्यविभ्रमम्।।५८।।**

*ક્યારેક ક્ષણવાર બ્રહ્મા, વિષ્ણુ આદિ દેવતાઓની સાથે વાત કરતા હતા તો ક્યારેક દેવતાઓની સ્ત્રીઓના નૃત્યની પ્રશંસા કરતા હતા.*

**व्यासादीनां क्षणं कुर्वन् वेदोच्चारेषु गौरवम्।**
**विदधानः क्षणं देव्या मुखे बिम्बाधरे दृशः।।५९।।**

*એક ક્ષણમાં વેદોચ્ચારણના વિષયમાં વ્યાસ આદિની પ્રશંસા કરતા તો બીજી ક્ષણે મા ઉમાના ચંદ્ર-સૂર્ય સમાન હોઠવાળા ચહેરાને જોયા કરતા હતા.*

**हास्यनृत्यं क्षणं पश्यन् भृङ्गिणा परिकल्पितम्।**
**नन्दिना वेत्रहस्तेन सर्वतन्त्राधिकारिणा।।६०।।**

**अमुञ्चता सदा पार्श्वमात्माभिप्रायवेदिना।**
**चोदितान् वासयन् कांश्चिद्विसृजन् भ्रूविलासतः।।**
**सम्भावयंस्तथा चान्यानन्यानपि नियामयन्।।६१।।**

*ક્યારેક ભ્રમરીઓના દ્વારા થયેલું હાસ્ય નૃત્યને જોતા, તો ક્યારેક સર્વ કાર્યોના અધિકારી નેત્રહસ્ત સદા સાથે ઊભા રહી અને આત્માના અભિપ્રાયને જાણવાવાળા નન્દીના દ્વારા બોલાવવામાં આવેલા લોકોને લઈ આવતા તથા નયનોના સંકેતથી અન્યને મોકલતા તથા કોઈને પ્રિય વચનોથી સંતુષ્ટ કરતા અને કોઈકને નિયંત્રિત કરતા હતા.*

**समस्तभुवनाधीशमौलिलालितशासनः।**
**अकुण्ठशक्तिरव्याजलावण्यललिताकृतिः।।६२।।**

*તેમનો આદેશ સમસ્ત ભુવનોના સ્વામી લોકોના માટે શિરોમાન્ય હતો. તેમની આકૃતિ સ્વાભાવિક સૌન્દર્યથી સુન્દર હતી તથા શક્તિ કુંઠારહિત અર્થાત્ અપ્રતિરુદ્ધ હતી.*

**स्थिरयौवनसौरभ्यशृङ्गारितकलेवरः।**
**आत्मशक्त्यमृतास्वादरसोल्लासितमानसः।।६३।।**

*તેમનું શરીર સ્થિર યૌવનની સુરભિથી સુસજ્જિત તથા મન આત્મશક્તિરૂપી અમૃતના રસાસ્વાદના કારણે ઉલ્લાસયુક્ત હતું.*

**स्वाभाविकमहैश्वर्यविश्रामपरमावधिः।**
**निष्कलङ्कमहासत्त्वनिर्मितानेकविग्रहः।।६४।।**

*સ્વભાવિક મહાઐશ્વર્યના વિશ્રામની અંતિમ સીમા તથા સ્વરૂપના કલંકરહિત મહાસત્વના દ્વારા અનેક શરીર ધારણ કરવાવાળા હતા.*

**अखण्डारातिदोर्दण्डकण्डूखण्डनपण्डितः।**
**चिन्तामणिः प्रपन्नानां श्रीकण्ठः परमेश्वरः।।६५।।**

*તે પરમેશ્વર શ્રી કંઠ સર્વ શત્રુઓની ભુજાઓની ખંજવાળને દૂર કરવામાં પંડિત, શરણાગતોને માટે ચિન્તામણિ સમાન શોભાયમાન હતા.*

**सभान्तरगतं तत्रं रेणुकं गणनायकम्।**
**प्रसादं सुलभं दातुं ताम्बूलं स तमाह्वयत्।।६६।।**

*એવા ભગવાન શિવે સભાની અંદર વિરાજમાન થયેલા મુખ્ય ગણનાયક રેણુકને પ્રસાદસુલભ તાંબુલ આપવા માટે બોલાવ્યા.*

**शम्भोराह्वानसन्तोषसंभ्रमेणैव दारुकम्।**
**उल्लङ्घ्य पार्श्वमगमल्लोकनाथस्य रेणुकः।।६७।।**

*તે રેણુક ભગવાન શંકરના આહવાનને શીઘ્ર સંતુષ્ટ કરવાને માટે દારુકને ઓળંગીને લોકનાથની પાસે અર્થાત્ સાધનાક્ષેત્રમાં પહોંચી ગયો.*

**तमालोक्य विभुस्तत्र समुल्लङ्घितदारुकम्।**
**माहात्म्यं निजभक्तानां द्योतयन्निदमब्रवीत्।।६८।।**

*સર્વવ્યાપી પરમેશ્વરે પોતાના ભક્તોનું માહાત્મ્ય દર્શાવવાના માટે દારુકનું ઉલ્લઘંન કરવાવાળા તે રેણુકને રહ્યું.*

**रे रे रेणुक दुर्बुद्धे कथमेष त्वयाऽधुना।**
**उल्लङ्घितः सभामध्ये मम भक्तो हि दारुकः।।६९।।**

*હે દુર્બુદ્ધિ રેણુક ! તમે સભાની વચ્ચે મારા આ ભક્ત દારૂણનું ઉલ્લંઘન કેમ કર્યુ.*

**लङ्घनं मम भक्तानां परमानर्थकारणम्।**
**आयुः श्रियं कुलं कीर्तिं निहन्ति हि शरीरिणाम्।।७०।।**

*મારા ભક્તોનો અનાદર કરવો મહા અનર્થનું કારણ બને છે તે મનુષ્યોનું આયુષ્ય, લક્ષ્મી, કુળ અને કીર્તિ ને નષ્ટ કરી દે છે.*

**मम भक्तमवज्ञाय मार्कण्डेयं पुरा यमः।**
**मत्पादताडनादासीत् स्मरणीयकलेवरः।।७१।।**

*પ્રાચીનકાળમાં યમરાજ મારા ભક્ત માર્કંડેયની અવગણના કરીને મારા પગના આઘાતથી નષ્ટ થઈ ગયા હતા.*

**भृगोश्च शङ्कुकर्णस्य मम भक्तिमतोस्तयोः।**
**कृत्वानिष्टमभूद् विष्णुर्विकेशो दशयोनिभाक्।।७२।।**

*મારા ભક્ત ભૃગુ અને શંકુકર્ણનું અનિષ્ટ કરીને વિષ્ણુ વિશિષ્ટ કેશ વાળા થઈગયા અર્થાત્ તેમના મસ્તક પર વાળ ઊગી નીકળ્યા તથા દશ વાર જન્મ લીધો.*

**मद्भक्तेन दधीचेन कृत्वा युद्धं जनार्दनः।**
**भग्नचक्रायुधः पूर्वं पराभवमुपागमत्।।७३।।**

*પ્રાચીનકાળમાં મારા ભક્ત દધીચિની સાથે યુદ્ધ કરીને ભગવાન વિષ્ણુ ચક્ર અને ધનુષ તૂટી જવાના કારણે પરાજિત થયા હતા.*

**कृताश्वमेधो दक्षोऽपि मद्भक्तांश्च गणेश्वरान्।**
**अवमत्य सभामध्ये मेषवक्त्रोऽभवत् पुरा।।७४।।**

*અશ્વમેઘ કરવાવાળા દક્ષે પણ ભરી સભાની વચ્ચે મારા ભક્ત ગણેશ્વરોનું અપમાન કરવાના કારણે ઘેટા નો ચહેરો મેળવ્યો હતો.*

**श्वेतस्य मम भक्तस्य दुरतिक्रमतेजसः।**
**औदासीन्येन कालोऽपि मया दग्धः पुराऽभवत्।।७५।।**

*પ્રાચીન સમયમાં ઉલ્લંઘન ન કરી શકાય એવા તેજવાળા મારા ભક્ત શ્વેતના ઉદાસીન થવાથી મે કાલને પણ સળગાવી દીધો હતો.*

**एवमन्येऽपि बहवो मद्भक्तानामतिक्रमात्।**
**परिभूता हताश्चासन् भक्ता मे दुरतिक्रमाः।।७६।।**

*એવી રીતે ઘણા બીજા લોકો મારા ભક્તોના અતિક્રમણને કારણે પરાજિત થયા અને મરણ પામ્યા. આથી મારા ભક્તોનું ઉલ્લંઘન યોગ્ય નથી.*

**अविचारेण मद्भक्तो लङ्घितो दारुकस्त्वया।**
**एष त्वं रेणुकानेन जन्मवान् भव भूतले।।७७।।**

*હે રેણુક ! તમે વિચાર્યા વિના મારા ભક્ત દારુકનું ઉલ્લઘંન કર્યુ આ કારણે તમે પૃથ્વી ઉપર જન્મ ધારણ કરો.*

**इत्युक्तः परमेशेन भक्तमाहात्म्यशंसिना।**
**प्रार्थयामास देवेशं प्रणिपत्य स रेणुकः।।७८।।**

*ભક્તોનું માહાત્મ્ય બતાવવાળા ભગવાનના દ્વારા આ પ્રમાણે કહેવામાં આવતા તે રેણુક ભગવાન શિવના ચરણોમાં પડીને પ્રાર્થના કરવા માંડયો.*

**मानुषीं योनिमासाद्य महादु:खविवर्धिनीम्।**
**जात्यायुर्भोगवैषम्यहेतुकर्मोपपादिनीम्।।७९।।**

**समस्तदेवकैङ्कर्यकार्पण्यप्रसवस्थलीम्।**
**महातापत्रयोपेतां वर्णाश्रमनियन्त्रिताम्।।**
**विहाय त्वत्पदाम्भोजसेवां किं वा वसाम्यहम्।।८०।।**

**यथा मे मानुषो भावो न भवेत् क्षितिमण्डले।**
**तथा प्रसादं देवेश विधेहि करुणानिधे।।८१।।**

*હે દેવોના ઈશ્વર ! મહાદુ:ખમાં વૃદ્ધિ કરવાવાળી જન્મ, આયુષ્ય અને ભોગની વિષમતામાં કારણભૂત કર્મ કરાવવાવાળી, સમસ્ત દેવતાઓના સેવકત્વરૂપી દીનતાની જન્મભૂમિ, દૈહિક, દૈવિક, ભૌતિક એમ ત્રિવિધ સંતાપથી યુક્ત ઉપરાંત વર્ણાશ્રમ ધર્મથી નિયંત્રિત મનુષ્યયોનિ પ્રાપ્ત કરીને આપના ચરણકમળની સેવાથી રહિત હું ત્યાં કેવી રીતે રહી શકીશ ? હે કરુણાનિધિ ! પૃથ્વીમંડળ પર મારો મનુષ્યભાવ જે પ્રકારે ન રહે તેવી મારી ઉપર કૃપા કરો.*

**इति सम्प्रार्थितो देवो रेणुकेन महेश्वरः।**
**मा भैषीर्मम भक्तानां कुतो भीतिरिहेष्यति।।८२।।**

*રેણુકના દ્વારા આ પ્રકારે પ્રાર્થના કરવાથી મહેશ્વરે કહ્યું - ગભરાવ નહીં. મારા ભક્તોને આ જગતમાં ભય ક્યાં.*

**श्रीशैलस्योत्तरे भागे त्रिलिङ्गविषये शुभे।**
**कोल्लिपाक्याभिधानोऽस्ति कोऽपि ग्रामो महत्तरः।।८३।।**

*શ્રીશૈલના ઉત્તર ભાગમાં સ્થિત તેલંગણા દેશમાં કૌલ્લિપાકી નામનું એક મોટું ગામ છે.*

**सोमेश्वराभिधानस्य तत्र वासवतो मम।**
**अस्पृशन् मानुषं भावं लिङ्गात्प्रादुर्भविष्यसि।।८४।।**

*ત્યાં સોમેશ્વર નામથી વસવાટ કરવાવાળા અર્થાત્ સ્થિત મારા લિગ (સોમેશ્વર મહેદાવ) થી તમે મનુષ્યભાવનો સ્પર્શ કર્યા વિના ઉત્પન્ન થશો અર્થાત્ મનુષ્યદેહથી તમારી ઉત્પત્તિ નહીં થાય.*

**मदीयलिङ्गसंभूतं मद्भक्तपरिपालकम्।**
**विस्मिता मानुषाः सर्वे त्वां भजन्तु मदाज्ञया।।८५।।**

*સર્વ લોક આશ્ચર્યયુક્ત થઈને મારી આજ્ઞાથી મારા શિવલિંગથી ઉત્પન્ન મારા ભક્તોના પરિપાલક સ્વરૂપ તમારી સેવા કરશે.*

**मदद्वैतपरं शास्त्रं वेदवेदान्तसंमतम्।**
**स्थापयिष्यसि भूलोके सर्वेषां हितकारकम्।।८६।।**

*તમે પૃથ્વીલોક ઉપર વેદવેદાન્તસંબંધી તથા બધાના માટે હિતકારક શિવાદ્વૈત શાસ્ત્ર (વીર શૈવ સિદ્ધાંત)ની સ્થાપના કરશો.*

**मम प्रतापमतुलं मद्भक्तानां विशेषतः।**
**प्रकाशय महीभागे वेदमार्गानुसारतः।।८७।।**

*હે રેણુક ! તારે વેદમાર્ગનું અનુસરણ કરતાં પૃથ્વીતલ પર મારા અતુલ્ય પ્રતાપનો વિશેષ રૂપથી મારા ભક્તોને બતાવો.*

**इत्युक्त्वा परमेश्वरः स भगवान् भद्रासनादुत्थितो**
**ब्रह्मोपेन्द्रमुखान् विसृज्य विबुधान् भ्रूसंज्ञया केवलम्।**
**पार्वत्या सहितो गणैरभिमतैः प्राप स्वमन्तःपुरं**
**क्षोणीभागमवातरत् पशुपतेराज्ञावशाद् रेणुकः।।८८।।**

*એમ કહીને તે ભગવાન પરમેશ્વર પોતાના ભદ્રાસનથી ઊભા થયા. માત્ર ચક્ષુના ઈશારાથી બ્રહ્મા ઉપેન્દ્ર આદિ દેવોને વિદાય આપી પ્રિય ગણો તથા પાર્વતીની સાથે પોતાના અંતઃપુર તરફ ચાલ્યા ગયા. પશુપતિની આજ્ઞાથી રેણુકે પણ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો.*

******

## ચોથો પરિચ્છેદ

### રેણુક અગસ્ત્યદર્શપ્રસંગ

**अथ त्रिलिङ्गविषये कोल्लिपाक्यभिधे पुरे।**
**सोमेश्वरमहालिङ्गात् प्रदुरासीत् स रेणुकः।।१।।**

*ત્યાર પછી રેણુક તેલંગણા દેશના કોલ્લિપાકી નામના નગરમાં સોમેશ્વર મહાદેવ નામના મહાલિંગમાંથી પ્રગટ થયા.*

**प्रादुर्भूतं तमालोक्य शिवलिङ्गात् त्रिलिङ्गजाः।**
**विस्मिताः प्राणिनः सर्वे बभूवुरतितेजसम्।।२।।**

*તેલંગણા દેશના સમસ્ત પ્રાણી અત્યંત તેજસ્વી તેમને શિવલિંગથી પ્રગટ થયેલા જોઈને આશ્ચર્યથી જોઈ રહ્યા.*

**भस्मोद्धूलितसर्वाङ्गं साररुद्राक्षभूषणम्।**
**जटामुकुटसंयुक्तं त्रिपुण्ड्राङ्कितमस्तकम्।।३।।**

*તે રેણુકનું આખું શરીર ભસ્મથી રંગાયેલું હતું. રુદ્રાક્ષમાળાથી વિભૂષિત જટામુકુટથી સંયુક્ત તેમનું મસ્તક ત્રિપુંડથી ભાસિત હતું.*

**कटीतटीपटीभूतकन्थापटलबन्धुरम्।**
**दधानं योगदण्डं च भस्माधारं कमण्डलुम्।।४।।**

*તેણે કટિપ્રદેશમાં વસ્ત્રની જગ્યાએ મેખલા બાંધી, યોગદંડ ધારણ કરીને ભસ્મપાત્ર તથા કમંડળધારણ કર્યુ હતું.*

**शिवाद्वैतपरिज्ञानपरमानन्दमोदितम्।**
**निर्धूतसर्वसंसारवासनादोषपञ्जरम्।।५।।**

*શિવાદ્વૈતના પરિપૂર્ણ જ્ઞાનથી જન્મેલ પરમ આનંદથી મુદિત તે બધા સંસાર સમસ્ત વાસનાદોષરૂપી પિંજરાને નષ્ટ કર્યું હતું.*

**शिवागमसुधासिन्धुसमुन्मेषसुधाकरम् ।**
**चित्तारविन्दसंगूढशिवपादाम्बुजद्वयम् ।।६।।**

*તે શૈવાગમરૂપી સુધાસિન્ધુની વૃદ્ધિને માટે ચંદ્ર જેવા હતા તથા પોતાના હૃદયકમળમાં ભગવાન શિવના બન્ને ચરણરૂપી કમળને છુપાવી રાખ્યા હતા.*

**यमादियोगतन्त्रज्ञं स्वतन्त्रं सर्वकर्मसु ।**
**समस्तसिद्धसन्तानसमुदायशिखामणिम् ।।७।।**

*તે યમ-નિયમ વગેરે યોગસાધનોના જ્ઞાતા, સર્વ કાર્ય કરવા માટે સ્વતંત્ર તથા સમસ્ત સિદ્ધ પરંપરા સમૂહના શિખામણિ હતા.*

**वीरसिद्धान्तनिर्वाहकृतपट्टनिबन्धनम् ।**
**आलोकमात्रनिर्भिन्नसमस्तप्राणिपातकम् ।।८।।**

*તે રેણુકાચાર્ય વીર શૈવસિદ્ધાંતનું નિર્વહણ કરવાને માટે કટિબદ્ધ તથા દર્શનમાત્રથી સમસ્ત પ્રાણીઓના પાપો દૂર કરવાવાળા હતા.*

**तमपृच्छन् जनाः सर्वे नमन्तः को भवानिति ।**
**इति पृष्टो महायोगी जनैर्विस्मितमानसैः ।।९।।**

**प्रत्युवाच शिवाद्वैतमहानन्दपरायणः ।**
**पिनाकिनः पार्श्ववर्ती रेणुकाख्यगणेश्वरः ।।१०।।**

*સર્વજનોએ એમને પ્રણામ કરી પૂછયું - આપ કોણ છો ? આશ્ચર્યયુકત મનવાળા લોકોના દ્વારા પૂછવાથી તે મહાયોગી બોલ્યા - હું શિવાદ્વૈત મહાઆનંદમાં મગ્ન ભગવાન શંકરનો અનુગામી રેણુક નામનો ગણેશ્વર છું.*

**केनचित्कारणेनाहं शिवलिङ्गादिहाभवम् ।**
**नाम्ना रेणुकसिद्धोऽहं सिद्धसन्ताननायकः ।।११।।**

*કોઈ કારણથી હું આ સંસારમાં અહીં શિવલિંગથી ઉત્પન્ન થયો છું. મારું નામ રેણુકસિદ્ધ છે. હું સિદ્ધ પરંપરાનો નાયક છું.*

**स्वच्छन्दचारी लोकेऽस्मिन् शिवसिद्धान्तपालकः।**
**खण्डयन् जैनचार्वाकबौद्धादीनां दुरागमान्।।१२।।**

*હું આ લોકમાં સ્વૈચ્છિક વિહાર કરવાવાળો, જૈન, ચાર્વાક, બૌદ્ધ આદિ નાસ્તિક આગમોનું ખંડન કરીને શિવસિદ્ધાંતનું પરિપાલક છું.*

**इत्युक्त्वा पश्यतां तेषां विषयस्थिरचक्षुषाम्।**
**उत्थाय व्योममार्गेण मलयाद्रिमुपागमत्।।१३।।**

*એમ કહી એકીટસે તેમને જોતા લોકોની સામેથી તે રેણુક ઊડીને આકાશમાર્ગેથી મલય પર્વત પર ચાલ્યા ગયા.*

**नवचन्दनकान्तारकन्दलन्मन्दमारुतम्।**
**अभङ्गुरभुजङ्गस्त्रीसंगीतरससंकुलम्।।१४।।**

*મલય પર્વતનું વર્ણન - તે મલયપર્વત નવા ચંદનના ગાઢ જંગલોથી ભર્યો હતો. તેમાં મંદ સમીર લહેરાતો હતો. અત્યંત નજીકથી વળગેલી સર્પિણિઓની અત્યંત તરસથી તે વ્યાપ્ત હતો.*

**करिपोतकराकृष्टस्फुरदेलातिवासितम्।**
**वराहदंष्ट्रिकाध्वस्तमुस्तासुरभिकन्दरम्।।१५।।**

*હાથીના બચ્ચાઓના દ્વારા સૂંઢથી ખેંચી લેવાયેલી એલચીથી તેઓ અત્યંત સુગંધયુક્ત હતા. ભૂંડના નાના નાના દાંતોથી નીચે પડી ગયેલા ઘાસની સુંગધથી તેની કંદરાઓ ભરેલી હતી.*

**पटीरदलपर्यङ्कप्रसुप्तव्याधदम्पतिम्।**
**माधवीमल्लिकाजातीमञ्जरीरेणुरञ्जितम्।।१६।।**

*ત્યાં વાઘદંપતી શ્વેતકેળાની બનેલી પથારી ઉપર સુતેલા હતા. તે પર્વત માધવી, જૂઈ અને ચંપાની પરાગથી આહલાદ્ક હતો.*

**तत्र कुत्रचिदाभोगसर्वर्तुकुसुमद्रुमे।**
**अपश्यदाश्रमं दिव्यमगस्त्यस्य महामुनेः।।१७।।**

*રેણુકે ત્યાં સમસ્ત ઋતુઓના ફૂલોવાળા વૃક્ષોથી ભરચક મહામુનિ અગસ્ત્યનો દિવ્ય વિશાળ આશ્રમ જોયો.*

**मन्दारचन्दनप्रायैर्मण्डितं तरुमण्डलैः।**
**शाखाशिखरसंलीनतारकागणकोरकैः ।।१८।।**

*તે આશ્રમ કલ્પવૃક્ષ, ચંદન વગેરે વૃક્ષોથી ભરચક હતો. તે વૃક્ષોની ટોચ પર લાગેલી કળીઓ એવી લાગતી હતી જાણે ત્યાં તારા જડયા હોય.*

**मुनिकन्याकरानीतकलशाम्बुविवर्धितैः।**
**आलवालजलास्वादमोदमानमृगीगणैः।।१९।।**

*તે વૃક્ષો મુનિકન્યાઓના હાથથી લવાયેલા કળશનાજળથી ઉછેરેલા હતા. મૃગલાઓનો સમૂહ તેમની થાડીમાં ભરાયેલાં પાણીને પીને આનંદિત થતા હતા.*

**हेमारविन्दनिष्यन्दमकरन्दसुगन्धिभिः।**
**मरालालापवाचालुवीचिमालामनोहरैः।।२०।।**

*સુવર્ણકમળમાંથી પડવાવાળી પરાગથી સુગંધયુક્ત તે આશ્રમ ધ્વનિતરંગોથી અત્યંત મનોહર લાગતો હતો.*

**इन्दीवरवरज्योतिरन्धीकृतहरिन्मुखैः।**
**लोपामुद्रापदन्यासचरितार्थतटाङ्कितैः।।२१।।**

*તે આશ્રમની દિશાઓ નીલકમલના પ્રકાશથી જાણે કે અંધકારમય અર્થાત્ વાદળી થઈ ગઈ હતી. તળાવના કિનારા લોપામુદ્રાના પગલાંઓથી અંકિત થયેલી હતી.*

**हारनीहारकर्पूरहरहासामलोदकैः ।**
**नित्यनैमित्तिकस्नाननियमार्थैस्तपस्विनाम्।।२२।।**

*તે તળાવનું જળ હાર બરફના કપૂર અથવા ભગવાન શિવના હાસ્ય જેવું સ્વચ્છ હતું. તે તપસ્વીઓના નિત્ય પ્રસંગોપાત સ્નાન અને નિયમોના પ્રયોજનવાળું હતું અર્થાત્ તપસ્વી લોકોતે જળથી નિત્યકર્મ કર્યા કરતા હતા.*

**प्रकृष्टमणिसोपानैः परिवीतं सरोवरैः।**
**विमुक्तसत्त्ववैरस्यं ब्रह्मलोकमिवापरम्।।२३।।**

*શ્રેષ્ઠ મણિઓથી બનેલા પગથિયાથી તે તળાવ ઘેરાયેલું હતું. તે આશ્રમ પ્રાણીઓના વૈરભાવથી મુક્ત બીજા બ્રહ્મલોકની સમાન હતું.*

**हूयमानाज्यसन्तानधूमगन्धिमहास्थलम्।**
**शुकसंसत्समारब्धश्रुतिशास्त्रोपबृंहणम्।।२४।।**

*ત્યાંની ભૂમિ હવન કરવાવાળા ઘીના ધૂમાડાથી ઘણી સુગન્ધયુક્ત હતી. ત્યાંના શેઠ સમાજ દ્વારા ઉચ્ચારવામાં આવેલા વેદમંત્રો દ્વારા તે આશ્રમ ભરેલો હતો.*

**तस्य मध्ये समासीनं मूले चन्दनभूरुहः।**
**सुकुमारदलच्छायादूरितादित्यतेजसः ।।२५।।**

*તે આશ્રમના મધ્યમા સુકુમાર પાંદડાઓની છાયાના દ્વારા સૂર્યનો પ્રકાશ તથા તાપને દૂર કરવાવાળા ચંદનવૃક્ષની નીચે બિરાજમાન થયેલા અગસ્ત્યને રેણુકે જોયા.*

**तडित्पिङ्गजटाभारैस्त्रिपुण्ड्राङ्कितमस्तकैः ।**
**भस्मोद्धूलितसर्वाङ्गैः स्फुरद्रुद्राक्षभूषणैः।।२६।।**

**नववल्कलवासोभिर्नानानियमधारिभिः ।**
**परिवीतं मुनिगणैः प्रमथैरिव शङ्करम्।।२७।।**

*અગ્નિના જેવી પીળી જટાઓવાળા, ત્રિપુંડથી અંકિત મસ્તકવાળા, સમસ્ત અંગોમાં ભસ્મ રમમાણ કરીને, રુદ્રાક્ષનું આભૂષણ ધારણ કરેલા, નવા વલ્કલનું વસ્ત્ર પરિધાન કરેલા, અનેક નિયમોનું પાલન કરવાવાળા મુનિસમૂહથી તે અગસ્ત્ય ઋષિ ઘેરાયેલા હતા. એમ લાગતું હતું જાણે પ્રમથગણોથી ભગવાન શંકર ઘેરાયેલા હોય.*

**समुज्ज्वलजटाजालैस्तपःपादपपल्लवैः।**
**स्फुरत्सौदामिनीकल्पैर्ज्वालाजालैरिवानलम्।।२८।।**

*તપસ્યારૂપી વૃક્ષના કૂંપળોના જેવી ચમકતી વીજળીના તાદશ ઉજજવળ જટાઓથી તે એવા લાગતા હતા જાણે જવાળાઓ જાળથી આવૃત અગ્નિ હોય.*

**विशुद्धभस्मकृतया त्रिपुण्ड्राङ्कितरेखया।**
**त्रिस्रोतसेव सम्बद्धशिलाभागं हिमाचलम्।।२९।।**

*વિશુદ્ધ ભસ્મથી કરેલા ત્રિપુંડની ત્રણ રેખાઓથી ગંગાના ત્રણ સ્ત્રોતોં થી સંબંધિત હિમાલયના જેવા લાગી રહ્યા હતા.*

**भस्मालङ्कृतसर्वाङ्गं शशाङ्कमिव भूगतम्।**
**वसानं वल्कलं नव्यं बालातपसमप्रभम्।।३०।।**

*તેમનું સમગ્ર શરીર ભસ્મથી અલંકૃત હતું. એમ લાગતું હતું જાણે ચન્દ્રમા પૃથ્વી ઉપર ઉતરી આવ્યા હોય. તેઓ બાલસૂર્યના કિરણોથી તાદ્દ્શ કાન્તિવાન નવું વલ્કલ ધારણ કર્યું હતું.*

**वडवाग्निशिखाजालसमालीढमिवार्णवम्।**
**सर्वासामपि विद्यानां समुदायनिकेतनम्।।३१।।**

*વડવાનલની શિખાઓથી વ્યાપ્ત સમુદ્રના જેવા લાગતા તે અગસ્ત્ય સમસ્ત વિદ્યાઓના સમુદાય ના આશ્રયસ્થાન હતા.*

**न्यक्कृतप्राकृताहन्तं निरूढशिवभावनम्।**
**तृणीकृतजगज्जालं सिद्धीनामुदयस्थलम्।।३२।।**

*પ્રકૃતિતત્વથી ઉત્પન્ન થયેલા અહંકારથી રહિત, શિવભાવનામાં દ્રઢ તે અગસ્ત્ય સંસારને તૃણસમાન માનવાવાળા તથા સિદ્ધિઓના ઉદ્ગમ હતા.*

**मोहान्धकारतपनं मूलबोधमहीरुहम्।**
**ददर्श स महायोगी मुनिं कलशसंभवम्।।३३।।**

*મોહરૂપી અંધકારના માટે સૂર્યની સમાન, બોધરૂપી વૃક્ષના મૂળસ્વરૂપ તથા ઘડામાંથી ઉત્પન્ન થયેલા અગસ્ત્યને તે મહાયોગી રેણુકે જોયો.*

**समागतं महासिद्धं समीक्ष्य कलशोद्भवः।**
**गणेन्द्रं रेणुकाभिख्यं विवेद ज्ञानचक्षुषा।।३४।।**

*કુંભમાંથી જન્મેલા તે મહાસિદ્ધને આવેલા જોઈને પોતાની દિવ્ય દ્રષ્ટિથી તેમને રેણુક નામના ગણેશ્વર છે એમ ધાર્યું.*

**तस्यानुभावं विज्ञाय सहसैव समुत्थितः।**
**लोपामुद्राकरानीतैरुदकैरतिपावनैः ।।**
**पादौ प्रक्षालयामास स तस्य शिवयोगिनः।।३५।।**

*તેમના પ્રભાવને સમજીને અગસ્ત્ય ઋષિ તત્કાળ ઊભા થયા અને લોપામુદ્રાના હાથે લવાયેલા અત્યંત પવિત્ર જળથી તે શિવયોગી રેણુકના ચરણ ધોયા.*

**संपूज्य तं यथाशास्त्रं तन्नियोगपुरस्सरम्।**
**मुनिर्विनयसम्पन्नो निषसादासनान्तरे।।३६।।**

*વિનયવાન મુનિ અગસ્ત્ય તેમની શાસ્ત્રવિધિ પ્રમાણે પૂજા કરી તેમની આજ્ઞાથી બીજા આસન ઉપર વિરાજમાન થયા.*

**समासीनं मुनिवरं सर्वतेजस्विनां विभुम्।**
**उवाच शान्तया वाचा रेवणः सिद्धशेखरः।।३७।।**

*બધા તેજસ્વીઓમાં શ્રેષ્ઠ ઋષિવરને વિરાજમાન કરી સિદ્ધશેખર રેણુકાચાર્યે શાંત વાણીમાં કહ્યું.*

**निर्विघ्नं वर्तसे किं नु नित्या ते नियमक्रिया।**
**अथ वाऽगस्त्य तेजस्विन् कुतः स्युस्तेऽन्तरायकाः।।३८।।**

*હે તેજસ્વી અગસ્ત્ય ! તમે નિર્વિઘ્ન અહીં રહી રહ્યા છો ? તમારી નિત્ય ક્રિયાઓ નિયમપૂર્વક નિર્વિઘ્ન ચાલી રહી છે ? અથવા આપને વિઘ્ન ક્યાંથી આવી શકે એમ છે ?*

**विन्ध्यो निरुद्धो भवता विश्वोल्लङ्घनविभ्रमः।**
**नहुषो रोषलेशात् ते सद्यः सर्पत्वमागतः।।३९।।**

*તમે વિશ્વનું ઉલ્લંઘનનું સાહસ કરવાવાળા વિધ્યાંચળ પર્વતને થંભાવી દીધો. તમારા રજમાત્ર ક્રોધથી નહુષ સર્પ બની ગયો.*

**आचान्ते भवता पूर्वं पङ्कशेषाः पयोधयः।**
**जीर्णस्ते जाठरे वह्नौ दृप्तो वातापिदानवः।।४०।।**

*પ્રાચીનકાળમાં તમે સમુદ્રને પી ગયા હતા અને તેમાં માત્ર કીચડ રહ્યો હતો. ભયંકર મદમત્ત વાતાપી રાક્ષસને તમે તમારા જઠરાગ્નિમાં સળગાવી દીધો હતો.*

**एवंविधानां चित्राणां सर्वलोकातिशायिनाम्।**
**कृत्यानां तु भवान् कर्ता कस्तेऽगस्त्य समप्रभः।।४१।।**

*તમે આ પ્રકારે લોકોત્તર કામ કરવાવાળા છો. હે અગસ્ત્ય ! તમારા જેવા તેજસ્વી કોણ છે ? અર્થાત્ કોઈ નથી ?*

**शिवाद्वैतपरानन्दप्रकाशनपरायणम् ।**
**भवन्तमेकं शंसन्ति प्रकृत्या सङ्गवर्जितम् ।।४२।।**

*લોકો આપને એકમાત્ર શિવાદ્વૈત પરાનંદના પ્રકાશનમાં સંલગ્ન અને સ્વભાવતઃ આસક્તિરહિત ના રૂપમા પ્રશંસા કરે છે.*

**पुरा हैमवतीसूनुरवदत् ते षडाननः।**
**शिवधर्मोत्तरं नाम शास्त्रमीश्वरभाषितम्।।४३।।**

*પ્રાચીનકાળમાં પાર્વતીપુત્ર ષડાનને આપને શિવભાષિત શિવધર્મોત્તર નામના શાસ્ત્રનો ઉપદેશ આપ્યો હતો.*

**भक्तिः शैवी महाघोरसंसारभयहारिणी।**
**त्वया राजन्वती लोके जाताऽगस्त्य महामुने।।४४।।**

*હે મહામુનિ અગસ્ત્ય ! આ લોકમાં મહાઘોર સંસારના ભયનું હરણ કરવાવાળા શૈવભક્તિ આપના જ કારણે ઉજ્જવળ છે.*

**इति तस्य वचः श्रुत्वा सिद्धस्य मुनिपुङ्गवः।**
**गम्भीरगुणया वाचा बभाषे भक्तिपूर्वकम्।।४५।।**

*મુનિશ્રેષ્ઠ અગસ્ત્ય તે રેણુકાચાર્યની વાત સાંભળી ભક્તિની સાથે ગંભીર વાણીમાં બોલ્યા.*

**अहमेव मुनीन्द्राणां लालनीयोऽस्मि सर्वदा।**
**भवदागमसम्पत्तिर्मां विना कस्य संभवेत्।।४६।।**

*(હે આચાર્યવર) તમારા આગમનરૂપી સંપત્તિ મારા સિવાય કોની પાસે સંભવ છે. આ કારણે હું સદાને માટે મુનિઓની વચ્ચે આદરપાત્ર બની રહું છું.*

**स्थिरमद्य शिवज्ञानं स्थिरा मे तापसक्रिया।**
**भवद्दर्शनपुण्येन स्थिरा मे मुनिराजता।।४७।।**

*આપના દર્શનજન્ય પુણ્યથી આજે મારું શિવજ્ઞાન સ્થિર થઈ ગયું છે. મારી તપસ્યા પણ સ્થિર છે અને મુનિઓની વચ્ચે મારી રાજતુલના પણ સ્થિર થઈ ગઈ છે અર્થાત્ હું સદાને માટે ઋષિશ્રેષ્ઠ થઈ ગયો છું.*

**संसारसर्पदष्टानां मूर्च्छितानां शरीरिणाम्।**
**कटाक्षस्तव कल्याणं समुज्जीवनभेषजम्।।४८।।**

*(હે આચાર્યવર) સંસારરૂપી સર્પોથી ડંખ દીધેલા અને મૂર્છા પામેલા મનુષ્યોના માટે આપની કૃપાદ્રષ્ટિ કલ્યાણકારી તથા સંજીવની ઔષધિસમાન છે.*

**समस्तलोकसन्दाहतापत्रयमहानलः ।**
**त्वत्पदाम्बुजकणास्वादादुपशाम्यति देहिनाम्।।४९।।**

*સર્વ લોકોને સળગાવી દેવાવાળા તથા જીવોને માટે ત્રિવિધતારૂપી અગ્નિ આપના ચરણ પખાળેલા જળનું એક ટીપું પીને શાંત થઈ જાય છે.*

**रेणुकं त्वां विजानामि गणनाथं शिवप्रियम्।**
**अवतीर्णमिमां भूमिं मदनुग्रहकाङ्क्षया।।५०।।**

*(હું) તમને ગણોના સ્વામી શિવના પ્રિય રેણુકના સ્વરૂપમાં જાણું છું. તમે મારા ઉપર કૃપા કરવાની ઈચ્છાથી આ ધરતી ઉપર અવતાર ધારણ કર્યો છે.*

**भवादृशानां सिद्धानां प्रबोधध्वस्तजन्मनाम्।**
**प्रवृत्तिरीदृशी लोके परानुग्रहकारिणी।।५१।।**

*(શિવ) બોધ દ્વારા નષ્ટ જન્મવાળા તમારા જેવા સિદ્ધની લોકોના વિષયમાં પ્રવૃત્તિ જ આ પ્રકારની બીજાના માટે અનુગ્રહનું કારણ બને છે.*

**त्वन्मुखाच्छ्रोतुमिच्छामि सिद्धान्तं श्रुतिसंमतम्।**
**सर्वज्ञ वद मे साक्षाच्छैवं सर्वार्थसाधकम्।।५२।।**

**सद्यः सिद्धिकरं पुंसां सर्वयोगीन्द्रसेवितम्।**
**दुराचारैरनाघ्रातं स्वीकृतं वेदवेदिभिः।।**
**शिवात्मैक्यमहाबोधसम्प्रदायप्रवर्तकम्।।५३।।**

*(હું) તમારા મુખમાંથી વેદસંમત શિવાદ્વૈત સિદ્ધાંતને સાંભળવા માગું છું. હે સર્વજ્ઞ ! તમે મને સાક્ષાત્ સર્વના હિતકારી, મનુષ્યોના માટે તુરંત જ સિદ્ધિદાતા સર્વ યોગીઓના દ્વારા આરાધ્ય દુરાચારિયોનાના દ્વારા અસ્પૃશ્ય, વેદજ્ઞાતાઓના દ્વારા સ્વીકૃત તથા શિવજીવૈક્ય મહાજ્ઞાનવાળા સંપ્રદાયના પ્રવર્તક શિવાદ્વૈત સિદ્ધાંતને સમજાવો.*

**उक्त्वा भवान् सकललोकमहोपकारं सिद्धान्तसंग्रहमनादृतबाह्यतन्त्रम्।।५४।।**
**सद्यः कृतार्थयितुमर्हति दिव्ययोगिन् नानागमश्रवणवर्तितसंशयं माम्।।५४।।**

*હે દિવ્યયોગી ! તમે સકળલોકમાં મહાન ઉપકારક (વેદ) બાહ્ય તંત્રનો અનાદર કરવાવાળા સિદ્ધાંતસંગ્રહને સમજાવી વિભિન્ન આગમોના શ્રવણના કારણે સંશયગ્રસ્ત મને તુરંત ધન્ય-ધન્ય કરો.*

******

## પાંચમો પરિચ્છેદ

### ભક્તસ્થલ પિણ્ડપિડજ્ઞાનસંસાર હેયસ્થલ પ્રસંગ

**अथागस्त्यवचः श्रुत्वा रेणुको गणनायकः।**
**ध्यात्वा क्षणं महादेवं साम्बमाह समाहितः।।१।।**

*ત્યાર પછી ગણાધિપતિ રેણુકાચાર્ય અગસ્ય ઋષિના વચન સાંભળી શાંતચિત્ત થઈ માતા પાર્વતી સહિત મહાદેવનું એક ક્ષણ ધ્યાન ધરી બોલ્યા.*

**अगस्त्य मुनिशार्दूल समस्तागमपारग।**
**शिवज्ञानकरं वक्ष्ये सिद्धान्तं शृणु सादरम्।।२।।**

*હે સમસ્ત આગમોના પારગામી મુનિશ્રેષ્ઠ અગસ્ત્ય ! હું તમને શિવજ્ઞાનદાયક સિદ્ધાંત સમજાવીશ. આદરભાવથી સાંભળો.*

**अगस्त्य खलु सिद्धान्ता विख्याता रुचिभेदतः।**
**भिन्नाचारसमायुक्ता भिन्नार्थप्रतिपादकाः।।३।।**

*હે અગસ્ત્ય ! રુચિભેદ પ્રમાણે ભિન્ન આચરણવાળા તથા ભિન્ન વિષયોના પ્રતિપાદક (અનેક) સિદ્ધાંત (સંસારમાં) જાણીતા છે.*

**सांख्यं योगः पाञ्चरात्रं वेदाः पाशुपतं तथा।**
**एतानि मानभूतानि नोपहन्यानि युक्तिभिः।।४।।**

*સાંખ્યયોગ, પાંચરાત્ર, વેદ પાશુપત આ બધા પ્રામાણિક દર્શન છે. તર્કના દ્વારા તેનું ખંડન ના કરવું જોઈએ.*

**वेदः प्रधानं सर्वेषां सांख्यादीनां महामुने।**
**वेदानुसरणादेषां प्रामाण्यमिति निश्चितम्।।५।।**

*હે મહામુનિ ! વેદ સાંખ્ય વગેરે સર્વ શાસ્ત્રોમાં મુખ્ય છે. વેદનું અનુસરણ કરવાને કારણે આ સાંખ્ય વગેરેનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું છે.*

**पाञ्चरात्रस्य सांख्यस्य योगस्य च तथा मुने।**
**वेदैकदेशवर्तित्वं शैवं वेदमयं मतम्।।६।।**

*હે મુનિ ! પાંચરાત્ર, સાંખ્ય અને યોગ તે વેદના એક ભાગને માને છે. એટલે તે અંશતઃ વૈદિક કાંતો અર્ધવૈદિક છે પરંતુ શૈવસિદ્ધાંત સંપૂર્ણરીતે વેદમય અર્થાત પૂર્ણવૈદિક છે.*

**वेदैकदेशवर्तिभ्यः सांख्यादिभ्यो महामुने।**
**सर्ववेदानुसारित्वाच्छैवतन्त्रं विशिष्यते।।७।।**

*હે મહામુનિ ! વેદના એક ભાગને માનવાવાળા સાંખ્ય વગેરેની અપેક્ષા સંપૂર્ણ વેદનું અનુસરણ કરવાવાળા હોવાના કારણે શૈવતંત્ર અર્થાત્ શૈવશાસ્ત્ર વિશિષ્ટ છે.*

**शैवतन्त्रमिति प्रोक्तं सिद्धान्ताख्यं शिवोदितम्।**
**सर्ववेदार्थरूपत्वात् प्रामाण्यं वेदवम् सदा।।८।।**

*શિવના દ્વારા ઉપદિષ્ટ સિદ્ધાંત નામનું તંત્ર જ શૈવતંત્ર કહેવાયું છે. સંપૂર્ણ વેદોના તાત્પર્યરૂપ હોવાના કારણે તેનું પ્રામાણ્ય હંમેશા વેદના સમાન હોય છે.*

**आगमा बहुधा प्रोक्ताः शिवेन परमात्मना।**
**शैवं पाशुपतं सोमं लाकुलं चेति भेदतः।।९।।**

*પરમાત્મા શિવે શૈવ પાશુપત સોમ લાકુલ ભેદથી અનેક પ્રકારના આગમો નો ઉપદેશ કર્યો છે.*

**तेषु शैवं चतुर्भेदं तन्त्रं सर्वविनिश्चितम्।**
**वामं च दक्षिणं चैव मिश्रं सिद्धान्तसंज्ञकम्।।१०।।**

*એમાંથી શૈવતંત્ર વામ દક્ષિણ મિશ્ર અને સિદ્ધાંત નામથી ચાર પ્રકારના છે- એમ બધાનું માનવું છે.*

**शक्तिप्रधानं वामाख्यं दक्षिणं भैरवात्मकम्।**
**सप्तमातृपरं मिश्रं सिद्धान्तं वेदसंमतम्।।११।।**

*વામ નામની તંત્રશક્તિને પ્રધાનતા આપે છે. દક્ષિણતંત્ર ભૈરવપ્રધાન હોય છે. મિશ્રતંત્ર સપ્તમાતૃકાપ્રધાન છે અને સિદ્ધાંતતંત્ર વેદસંમત છે.*

**वेदधर्माभिधायित्वात् सिद्धान्ताख्यः शिवागमः।**
**वेदबाह्यविरोधित्वाद् वेदसंमत उच्यते।।१२।।**

*સિદ્ધાંત નામનો શિવાગમ વદોક્ત ધર્મનું પ્રતિપાદક તથા વેદબાહ્યનું વિરોધી હોવાના કારણે વેદસંમત કહેવામાં આવે છે.*

**वेदसिद्धान्तयोरैक्यमेकार्थप्रतिपादनात् ।**
**प्रामाण्यं सदृशं ज्ञेयं पण्डितैरेतयोः सदा।।१३।।**

*એક અર્થ અર્થાત્ સમાન વિષયનું પ્રતિપાદન કરવાના કારણે પંડિતવર્ગના લોકો વેદ અને શૈવસિદ્ધાંત આ બંનેનું પ્રામાણ્ય એક સમાન સમજવું જોઈએ.*

**सिद्धान्ताख्ये महातन्त्रे कामिकाद्ये शिवोदिते।**
**निर्दिष्टमुत्तरे भागे वीरशैवमतं परम्।।१४।।**

*શિવના દ્વારા ઉપદિષ્ટ કામિકથી લઈને (વાતુલસુધીના) સિદ્ધાંત નામના મહાતંત્રના ઉત્તરભાગમાં ઉત્કૃષ્ટ વીર શૈવ મતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. (અને પૂર્વ શૈવમતનો પ્રતિપાદક છે.)*

**विद्यायां शिवरूपायां विशेषाद् रमणं यतः।**
**तस्मादेते महाभागा वीरशैवा इति स्मृताः।।१५।।**

*જો કે શિવરૂપા વિદ્યામાં વિશેષ રમણ હોય છે એટલા માટે આ મહાભાગ્યશાળી લોકોને વીરશૈવ કહેવામાં આવે છે.*

**वीशब्देनोच्यते विद्या शिवजीवैक्यबोधिका।**
**तस्यां रमन्ते ये शैवा वीरशैवास्तु ते मताः।।१६।।**

*(અથવા) "વી" શબ્દથી શિવજીવની એકરૂપ વિદ્યા કહેવાય છે. જો શૈવ તેમાં "ર" અર્થાત રમણ કરે છે તેમને વીર શૈવ કહેવામાં આવ્યા છે.*

**विद्यायां रमते यस्मान्मायां हेयां श्ववद्रहेत्।**
**अनेनैव निरुक्तेन वीरमाहेश्वरः स्मृतः।।१७।।**

*જો કે વિદ્યામાં રમણ કરે છે અને માયાનો કૂતરાની જેમ ત્યાગ કરે છે. આ નિરુક્તિથી (તે વીર શિવ) વીર મહેશ્વર તરીકે ઓળખાય છે.*

**वेदान्तजन्यं यज्ज्ञानं विद्येति परिकीर्त्यते।**
**विद्यायां रमते तस्यां वीर इत्यभिधीयते।।१८।।**

*જે જ્ઞાન વેદાંતથી ઉત્પન્ન થાય છે તે વિદ્ય કહેવાય છે. આ વિદ્યામાં જે સાધક રમણ કરે છે તે "વીર" કહેવાય છે.*

**शैवैर्माहेश्वरैश्चैव कार्यमन्तर्बहिःक्रमात्।**
**शिवो महेश्वरश्चेति नात्यन्तमिह भिद्यते।।१९।।**

**यथा तथा न भिद्यन्ते शैवा माहेश्वरा अपि।**
**शिवाश्रितेषु ते शैवा ज्ञानयज्ञरता नराः।।२०।।**

*શૈવ અને માહેશ્વર બંને દ્વારા લિંગાર્ચન ક્રમશઃ (હૃદયના) અંદર અને બહાર કરવું જોઈએ. જેવી રીતે શિવ અને માહશ્વેરમાં આત્યંતિક ભેદ નથી તેમ શૈવ અને માહેશ્વરમાં પણ (એકાન્તિક) ભેદ નથી.*

**माहेश्वराः समाख्याताः कर्मयज्ञरता भुवि।**
**तस्मादाभ्यन्तरे कुर्युः शैवा माहेश्वरा बहिः।।२१।।**

*શિવાશ્રિતોમાં જે લોકો જ્ઞાનયજ્ઞમાં લીન રહે છે તેઓ શૈવ (કહેવાય) છે. જે પૃથ્વી ઉપર કર્મયજ્ઞમાં સંલગ્ન રહે છે તેઓ માહેશ્વર કહેવાય છે. આ કારણે શૈવ લોકો આભ્યન્તર અર્થાત્ જ્ઞાનયજ્ઞકરે અને માહેશ્વર સાધક બાહ્ય અર્થાત્ કર્મયજ્ઞ કરે.*

**वीरशैवास्तु षड्भेदाः स्थलधर्मविभेदतः।**
**भक्तादिव्यवहारेण प्रोच्यन्ते शास्त्रपारगैः।।२२।।**

*વીરશૈવ-ભેદ-નિરૂપણ- ષટ્સ્થળ અને તેમના આચારના ભેદના કારણે ભક્ત (માહેશ્વર) વગેરેના વ્યવહારથી શાસ્ત્રપંડિતોએ વીરશૈવના છ ભાગ બતાવ્યા છે.*

**शास्त्रं तु वीरशैवानां षड्विधं स्थलभेदतः।**
**धर्मभेदसमायोगाद् अधिकारिविभेदतः।।२३।।**

*સ્થળભેદ તથા ધર્મભેદ સહિત અધિકારીના ભેદથી વીર શૈવોનું શાસ્ત્ર છ પ્રકારનું છે.*

**आदौ भक्तस्थलं प्रोक्तं ततो माहेश्वरस्थलम्।**
**प्रसादिस्थलमन्यत्तु प्राणलिङ्गिस्थलं ततः।।**
**शरणस्थलमाख्यातं षष्ठमैक्यस्थलं मतम्।।२४।।**

*પહેલું ભક્તસ્થળ ત્યાર પછી માહેશ્વરસ્થળ પછી પ્રસાદીસ્થળ ત્યાર પછી પ્રાણીલિંગસ્થળ, શરણસ્થળ અને છઠ્ઠું ઐક્યસ્થળ માનવામાં આવ્યું છે.*

**भक्तस्थलम्**

**भक्तस्थलं प्रवक्ष्यामि प्रथमं कलशोद्भव।**
**तदवान्तरभेदांश्च समाहितमनाः शृणु।।२५।।**

*ભક્તસ્થળવર્ણન - હે કુંભજ ! (હું) પહેલા ભક્તસ્થળ અને ત્યાર પછી અવાન્તર ભેદોને બતાવીશ. શાંતચિત્ત થઈ ને તમે સાંભળો.*

**शैवी भक्तिः समुत्पन्ना यस्यासौ भक्त उच्यते।**
**तस्यानुष्ठेयधर्माणामुक्तिर्भक्तस्थलं मतम्।।२६।।**

*જેનામા શિવના પ્રત્યે ભક્તિ ઉત્પન્ન થાય છે તેઓને ભક્ત કહેવામાં આવે છે. તેમના અનુષ્ઠેય ધર્મોના પ્રતિપાદન કરવાવાળું સ્થળ ભક્તસ્થળ તરીકે ઓળખાય છે.*

**अवान्तरस्थलान्यत्र प्राहुः पञ्चदशोत्तमाः।**
**पिण्डता पिण्डविज्ञानं संसारगुणहेयता।**
**दीक्षा लिङ्गधृतिश्चैव विभूतेरपि धारणम्।**
**रुद्राक्षधारणं पश्चात् पञ्चाक्षरजपस्तथा।।२८।।**

**भक्तमार्गक्रिया चैव गुरोर्लिङ्गस्य चार्चनम्।**
**जङ्गमस्य तथा ह्येषां प्रसादस्वीकृतिस्तथा।।२९।।**

**अत्र दानत्रयं प्रोक्तं सोपाधि निरुपाधिकम्।**
**सहजं चेति निर्दिष्टं समस्तागमपारगैः।**
**एतानि शिवभक्तस्य कर्तव्यानि प्रयत्नतः।।३०।।**

*વિદ્વત જન આ ભક્તસ્થળના પંદર અવાન્તર સ્થળ (ભેદ) દર્શાવાયા છે. એ છે (૧) પિંડસ્થળ (૨) પિંડજ્ઞાન સ્થળ (૩) સંસારહેય સ્થળ (૪) દીક્ષાપ્રાપ્તિરૂપ ગુરુકારુણ્ય સ્થળ (૫) લિંગધારણ સ્થળ (૬) વિભૂતિધારણ સ્થળ (૭) રુદ્રાક્ષધારણ સ્થળ (૮) પંચાક્ષરજપ સ્થળ (૯) ભક્તમાર્ગક્રિયા સ્થળ (૧૦) ઉભયસ્થળ અર્થાત્ ગુરુ અને શિવલિંગની પૂજારૂપ ઉભય સ્થળ (૧૧) ત્રિવિધ સંપત્તિનું સ્થળ (૧૨) ચતુર્વિધ સ્થળ તેમની પ્રસાદ સ્વીકૃતિ. ત્રણ પ્રકારના દાન કહેવામાં આવ્યા છે. એ છે. (૧૩) સોપાધિદાન સ્થળ (૧૪) નિરુપાધિદાન સ્થળ (૧૫) સહજદાન સ્થળ એમ પંદર અવાન્તર સ્થળ સમસ્ત આગમિક વિદ્વાનો દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવ્યા છે. શિવભક્ત તો એ પ્રયત્નપૂર્વક આનો અભ્યાસ કરવું જોઈએ.*

## अथ पिण्डस्थलम् – (१)

**बहुजन्मकृतैः पुण्यैः प्रक्षीणे पापपञ्जरे।**
**शुद्धान्तःकरणो देही पिण्डशब्देन गीयते ।।३१।।**

*પિંડસ્થળ વર્ણન - અનેક જન્મોમાં અર્જિત પુણ્યના દ્વારા જ્યારે પાપપિંજર નષ્ટ થઈ જાય છે ત્યારે શુદ્ધ અંતઃકરણથી સંલગ્ન જીવ પિંડ કહેવાય છે.*

**शिवशक्तिसमुत्पन्ने प्रपञ्चेऽस्मिन् विशिष्यते।**
**पुण्याधिकः क्षीणपापः शुद्धात्मा पिण्डनामकः।।३२।।**

**एक एव शिवः साक्षाच्चिदानन्दमयो विभुः।।३३।।**

*શિવ અને શક્તિ દ્વારા ઉત્પન્ન આ સંસારમાં પાપરહિત અને વધારે પુણ્યશાળી પિંડ નામક શુદ્ધ આત્મા સૌથી વિલક્ષણ હોય છે.*

**निर्विकल्पो निराकारो निर्गुणो निष्प्रपञ्चकः।**
**अनाद्यविद्यासम्बन्धात्तदंशो जीवनामकः।।३४।।**

**देवतिर्यङ्मनुष्यादिजातिभेदे व्यवस्थितः।**
**मायी महेश्वरस्तेषां प्रेरको हृदि संस्थितः।।३५।।**

*શિવ માત્ર એક છે. તે સાક્ષાત્ ચિદાનંદમય વ્યાપક નિર્વિકલ્પ નિરાકાર નિર્ગુણ તથા પ્રપંચરહિત છે. અનાદિ અવિદ્યાના સંબંધના કારણે જીવ નામનો તેનો અંશ દેવ તિર્યક મનુષ્ય વગેરે જાતિભેદના રૂપમાં સ્થિત છે. તે (જીવો) ના પ્રેરક મહેશ્વર અર્થાત્ માયાવાન ઈશ્વર તેમના હૃદયમાં સ્થિત છે.*

**चन्द्रकान्ते यथा तोयं सूर्यकान्ते यथानलः।**
**बीजे यथाङ्कुरः सिद्धस्तथात्मनि शिवः स्थितः।।३६।।**

*જે પ્રકારે ચંદ્રકાંત મણિમાં જળ, સૂર્યકાંતિમાં અગ્નિ તથા બીજમાં અંકુર પહેલેથી સ્થિત હોય છે. એ જ પ્રકારે આત્મામાં શિવ સ્થિત હોય છે.*

**आत्मत्वमीश्वरत्वं च ब्रह्मण्येकत्र कल्पितम्।**
**बिम्बत्वं प्रतिबिम्बत्वं यथा पूषणि कल्पितम्।।३७।।**

*જે પ્રકારે એક જ પૂષા અર્થાત્ સૂર્યમાં બિંબ અને પ્રતિબિંબત્વ બંને સ્થિત હોય છે એ જ પ્રકારે બ્રહ્મમાં આત્મત્વ અને શિવત્વ બંને કલ્પિત છે (માયામાં પ્રતિબિંબિત બ્રહ્મ ઈશ્વર તથા અવિદ્યામાં પ્રતિબિંબિત બ્રહ્મ જીવ કહેવાય છે.*

**गुणत्रयविभेदेन परतत्त्वे चिदात्मनि।**
**भोक्तृत्वं चैव भोज्यत्वं प्रेरकत्वं च कल्पितम्।।३८।।**

*(સત્વ, રજસ અને તમસ એમ) ત્રણ ગુણોના ભેદથી ચિત્તસ્વરૂપ પરમતત્વમાં ઉપભોક્તા, ઉપભોગ કરવાને યોગ્ય અને પ્રેરકત્વ કલ્પિત છે વાસ્તવિક નહિ.*

**गुणत्रयात्मिका शक्तिर्ब्रह्मनिष्ठा सनातनी।**
**तद्वैषम्यात् समुत्पन्ना तस्मिन् वस्तुत्रयाभिधा।।३९।।**

*બ્રહ્મમાં રહેવાવાળી ત્રિગુણાત્મકશક્તિ સનાતન અર્થાત્ નિત્ય છે. તે ગુણોના વૈષમ્યથી તે (બ્રહ્મ) માં ત્રણ પ્રકારના પદાર્થ ઉત્પન્ન થાય છે.*

**किञ्चित्सत्त्वरजोरूपं भोक्तृसंज्ञकमुच्यते।**
**अत्यन्ततामसोपाधिर्भोज्यमित्यभिधीयते।।**
**परतत्त्वमयोपाधिर्ब्रह्मचैतन्यमीश्वरः ।।४०।।**

**भोक्ता भोज्यं प्रेरयिता वस्तुत्रयमिदं स्मृतम्।**
**अखण्डे ब्रह्मचैतन्ये कल्पितं गुणभेदतः।।४१।।**

*કંઈક સત્વ અને કંઈક રજોગુણના મિશ્રણથી યુક્ત ચૈતન્ય ભોક્તા કહેવાય છે. અત્યંત તમસ ઉપાધિ વાળા બ્રહ્મ ઉપભોક્તા કહેવાય છે. પરમતત્વરૂપી સત્વની ઉપાધિથી યુક્ત ચૈતન્ય ઈશ્વર (પ્રેરક) છે. આ પ્રમાણે ભોક્તા, ભોજ્ય અને પ્રેરક આ ત્રણ પદાર્થ માનવામાં આવ્યા છે.*

**अत्र प्रेरयिता शम्भुः शुद्धोपाधिर्महेश्वरः।**
**संमिश्रोपाधयः सर्वे भोक्तारः पशवः स्मृताः।।४२।।**

*આ ત્રણેમાં શુદ્ધ સત્વની ઉપાધિ ધારણ કરેલા મહેશ્વર અર્થાત્ શંભુ પ્રેરણાસ્વરૂપ છે. કંઈક સત્વ અને તમોગુણથી મિશ્રિત રજસ ઉપાધિવાળા સમસ્ત ભોક્તાને પશુ ગણવામાં આવ્યા છે. શુદ્ધ તામસરૂપ અવ્યક્ત અર્થાત્ ગૂઢ ચૈતન્ય ઉપભોક્તા કહેવાય છે.*

**भोज्यमव्यक्तमित्युक्तं शुद्धतामसरूपकम्।**
**सर्वज्ञः प्रेरकः शम्भुः किञ्चिज्ज्ञो जीव उच्यते।।**
**अत्यन्तगूढचैतन्यं जडमव्यक्तमुच्यते।।४३।।**

*પ્રેરકશિવ સર્વજ્ઞ છે. જીવ અલ્પજ્ઞ છે. અત્યંત ગૂઢ ચૈતન્ય જડ અવ્યક્ત કહેવાય છે. વૃક્ષ આદિમાં માત્ર પિપાસા રહે છે. લીલો પાક અને પત્થર આદિમાં વૃદ્ધિ જોઈ શકાય છે એટલે એમ માનવું પડે છે કે તેમાં ચૈતન્ય અત્યંત ગૂઢ છે.*

**उपाधिः पुनराख्यातः शुद्धाशुद्धविभेदतः।**
**शुद्धोपाधिः परा माया स्वाश्रया मोहकारिणी।।४४।।**

*ઉપાધિ શુદ્ધ અને અશુદ્ધ ભેદથી (બે પ્રકારની) કહેવાઈ છે. શુદ્ધ ઉપાધિ માયા છે પોતાનામાં જ આશ્રિત રહે છે તે (ઈશ્વરને ) મોહમાં લઈ શકતી નથી અને ન લે છે.*

**अशुद्धोपाधिरप्येवमविद्याश्रयमोहिनी ।**
**अविद्याशक्तिभेदेन जीवा बहुविधाः स्मृताः।।४५।।**

*અશુદ્ધ ઉપાધિ અવિદ્યા છે તે પોતાના આશ્રય (જીવ)ને મોહમાં નાખે છે અવિદ્યાની શક્તિના ભેદથી જીવ અનેક પ્રકારના માનવામાં આવે છે.*

**मायाशक्तिवशादीशो नानामूर्तिधरः प्रभुः।**
**सर्वज्ञः सर्वकर्ता च नित्यमुक्तो महेश्वरः।।४६।।**

*ભગવાન શિવ માયા નામની શક્તિના કારણે અનેક રૂપ ધારણ કરે છે તે પરમેશ્વર સર્વજ્ઞ સર્વકર્તા અને નિત્ય મુક્ત છે.*

**किञ्चित्कर्ता च किञ्चिज्ज्ञो बद्धोऽनादिशरीरवान्।**
**अविद्यामोहिता जीवा ब्रह्मैक्यज्ञानवर्जिताः।।४७।।**

*અનાદિશરીરધારી પરમેશ્વર જ્યારે બંધાઈ જાય છે ત્યારે તે કંઈક કર્તા તથા અલ્પજ્ઞ અર્થાત્ જીવ થઈ જાય છે.*

**परिभ्रमन्ति संसारे निजकर्मानुसारतः।**
**देवतिर्यङ्मनुष्यादिनानायोनिविभेदतः ।।४८।।**

*અવિદ્યાના કારણે મોહયુક્ત જીવ સ્વાત્મબ્રહ્મૈકયજ્ઞાનથી રહિત થઈને પોતાના કર્મ પ્રમાણે દેવ તિર્યક મનુષ્ય વગેરે અનેક યોનિના ભેદથી સંસારમાં પરિભ્રમણ કરતા રહે છે.*

**चक्रनेमिक्रमेणैव भ्रमन्ति हि शरीरिण:।**
**जात्यायुर्भोगवैषम्यकारणं कर्म केवलम्।।४९।।**

*શરીરધારી અર્થાત્ જીવ ચક્રના મસ્તક પર સ્થિત ગોળાકારના સમાન કર્મથી (સંસારમાં) ભ્રમણ કરતાં રહે છે. જન્મ, આયુષ્ય અને ભોગની વિષમતાનું કારણ કેવળ કર્મ છે.*

**एतेषां देहिनां साक्षी प्रेरक: परमेश्वर:।**
**एतेषां भ्रमतां नित्यं कर्मयन्त्रनियन्त्रणे।।५०।।**

*નિત્ય ભ્રમણ કરવાવાળા આ જીવોના કર્મરૂપી યંત્રના નિયંત્રણમાં પ્રેરણા આપવાવાળા પરમેશ્વર જ એમનો સાક્ષી છે.*

**देहिनां प्रेरक: शम्भुर्हितमार्गोपदेशक:।**
**पुनरावृत्तिरहितमोक्षमार्गोपदेशक: ।।५१।।**

*શિવ જ દેહવર્ગના પ્રેરક તથા હિતકારી માર્ગના ઉપદેશક છે. તેઓ જ પુર્નજન્મરહિત અર્થાત્ પૂર્ણ અને નિત્યસ્થાયી મોક્ષના અધ્યાત્મ ગુરુ છે.*

**स्वकर्मपरिपाकेन प्रक्षीणमलवासन:।**
**शिवप्रसादाज्जीवोऽयं जायते शुद्धमानस:।।५२।।**

*આપણા કર્મોનો સંપૂર્ણ પરિપાક થવાથી (જીવથી) મળ અને વાસના ક્ષીણ થઈ જાય છે. ત્યારે શિવના અનુગ્રહથી તે જીવ શુદ્ધ ચિત્તવાળા થઈ જાય છે.*

**शुद्धान्त:करणे जीवे शुद्धकर्मविपाकत:।**
**जायते शिवकारुण्यात् प्रस्फुटा भक्तिरैश्वरी।।५३।।**

*શુદ્ધ અંતઃકરણવાળા જીવની અંદર શુદ્ધ કર્મના પરિપાકથી શિવની કરુણાવશ શિવના પ્રતિ સ્પષ્ટ ભક્તિ ઉત્પન્ન થાય છે.*

**जन्तुरन्त्यशरीरोऽसौ पिण्डशब्दाभिधेयक:।।५४।।**

*અંતિમ શરીરવાળા આ જીવ પિંડ શબ્દનું હોય છે.*

**शरीरात्मविवेकेन पिण्डज्ञानी स कथ्यते।**
**शरीरमेव चार्वाकैरात्मेति परिकीर्त्यते।।५५।।**

*પિંડજ્ઞાન સ્થળ વર્ણન - જે શરીર અને આત્માનો ભેદ જાણે છે તે પિંડજ્ઞાની કહેવાય છે. ચાર્વાક લોકો શરીરને જ આત્મા ગણે છે.*

**इन्द्रियाणां तथात्मत्वमपरै: परिभाष्यते।**
**बुद्धितत्त्वगतैर्बौद्धैर्बुद्धिरात्मेति गीयते।।५६।।**

*એ જ પ્રકારે અન્ય (ચાર્વાક) ઈન્દ્રયોને આત્મા કહે છે. બુદ્ધિતત્વને મૂળ માનવાવાળા બૌદ્ધ બુદ્ધિ (વિજ્ઞાન) ને આત્મા કહે છે.*

**नेन्द्रियाणां न देहस्य न बुद्धेरात्मता भवेत्।**
**अहंप्रत्ययवेद्यत्वाद् अनुभूतस्मृतेरपि।।५७।।**

*ન તો ઈન્દ્રિય, ન તો દેહ અને ન બુદ્ધિ જ આત્મા છે કારણ કે (આત્મા) અહં અહમ્ કરીને જે જ્ઞાન થાય છે તેનો વિષય છે તથા અનુભૂત વિષયનું સ્મરણ ઈન્દ્રિય વગેરેને નથી હોતું.*

**शरीरेन्द्रियबुद्धिभ्यो व्यतिरिक्त: सनातन:।**
**आत्मस्थितिविवेकी य: पिण्डज्ञानी स कथ्यते।।५८।।**

*આ માટે જો શરીર ઈન્દ્રિય બુદ્ધિથી ભિન્ન તથા સનાતન અર્થાત્ શાશ્વત છે તે જ આત્મા છે. આ પ્રકારની આત્મશક્તિનું વિવેક રાખવાવાળા પિંડજ્ઞાની કહેવાય છે.*

**नश्वराणि शरीराणि नानारूपाणि कर्मणा।**
**आश्रितो नित्य एवासाविति जन्तोर्विवेकिता।।५९।।**

*આ શરીર નશ્વર છે તથા કર્મના અનુસાર અનેક રૂપવાળું છે. આ આત્મા (શરીરમાં) આશ્રિત રહેવાવાળો તથા શાશ્વત છે. (જો કે શરીર અનિત્ય છે) આ જ જીવનો વિવેક છે.*

**शरीरात् पृथगात्मानमात्मभ्यः पृथगीश्वरम्।**
**प्रेरकं यो विजानाति पिण्डज्ञानीति कथ्यते।।६०।।**

*આત્મા શરીરથી અલગ છે અને તેમનો પ્રેરક ઈશ્વર આત્માઓથી ભિન્ન છે. એવું જે જાણે છે તે પિંડજ્ઞાની કહેવાય છે.*

**निरस्तहृत्कलङ्कस्य नित्यानित्यविवेकिनः।**
**संसारहेयताबुद्धिर्जायते वासनाबलात्।।६१।।**

*જેના હૃદયનું કલંક અર્થાત્ મલિન વાસના લુપ્ત થઈ ચુકી છે જે શાશ્વત અને નશ્વરનો ભેદ જાણે છે, વાસનાના બળથી એમના અંદર આ સંસાર હેય અર્થાત્ ત્યાજ્ય છે - એવી બુદ્ધિ ઉત્પન્ન થાય છે.*

**ऐहिके क्षणिके सौख्ये पुत्रदारादिसंभवे।**
**क्षयित्वादियुते स्वर्गे कस्य वाञ्छा विवेकिनः।।६२।।**

*પુત્ર, સ્ત્રી વગેરેથી ઉત્પન્ન આ લોકનું ક્ષણિક તથા ક્ષય (અતિશય) આદિથી યુક્ત સ્વર્ગ (સુખ) ના માટે ક્યા વિવેકીને ઈચ્છા થઈ શકે છે અર્થાત્ કોઈને પણ થઈ શકતી નથી.*

**जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च।**
**जन्तुर्मरणजन्माभ्यां परिभ्रमति चक्रवत्।।६३।।**

*જે જન્મ લે છે એનું મૃત્યુ અને જે મૃત્યુ પામે છે તેમનો જન્મ નિશ્ચિત છે. મરણ અને જન્મના દ્વારા જીવ ચક્રની જેમ ઘૂમ્યા કરે છે.*

**मत्स्यकूर्मवराहाङ्गैर्नृसिंहमनुजादिभिः ।**
**जातेन निधनं प्राप्तं विष्णुनापि महात्मना।।६४।।**

*મહાત્મા વિષ્ણુ પણ મત્સ્ય, કાચબો, ભૂંડ, નૃસિંહ અને મનુષ્ય આદિના અંગો અર્થાત્ શરીર ધારણ કરવાથી અર્થાત્ તે રૂપોમાં અવતાર લેવાથી મૃત્યુને પ્રાપ્ત થયા.*

**भूत्वा कर्मवशाज्जन्तुर्ब्राह्मणादिषु जातिषु।**
**तापत्रयमहावह्निसन्तापाद् दह्यते भृशम्।।६५।।**

*જીવ (પોતાના પુર્નજન્મકૃત) કર્મના કારણે બ્રાહ્મણ આદિ જાતિઓમાં ઉત્પન્ન થઈને (આધ્યાત્મિક, આધિદૈવિક, આધિભૌતિક) એમ ત્રણ તાપોંના વિશાળ અગ્નિમાં અત્યાધિક સળગતો રહે છે.*

**कर्ममूलेन दु:खेन पीड्यमानस्य देहिन:।**
**आध्यात्मिकादिना नित्यं कुत्र विश्रान्तिरिष्यते।।६६।।**

*કર્મથી ઉત્પન્ન આધ્યાત્મિક આદિ દુ:ખથી હંમેશા પીડિત રહેવાવાળા જીવને શાંતિ ક્યાંથી મળી શકે અર્થાત્ ક્યાંય નહિ.*

**आध्यात्मिकं तु प्रथमं द्वितीयं चाधिभौतिकम्।।**
**आधिदैविकमन्यच्च दु:खत्रयमिदं स्मृतम् ।।६७।।**

*પહેલા આધ્યાત્મિક બીજું આધિભૌતિક અને ત્રીજું આધિદૈવિક આ પ્રકારે ત્રણ દુ:ખ માનવામાં આવ્યા છે.*

**आध्यात्मिकं द्विधा प्रोक्तं बाह्याभ्यन्तरभेदत:।**
**वातपित्तादिजं दु:खं बाह्यामाध्यात्मिकं मतम्।।६८।।**

*બાહ્ય અભ્યંતર ભેદથી આધ્યાત્મિક દુ:ખ બે પ્રકારના કહેવાય છે. વાત, પિત્ત, કફ આદિથી ઉત્પન્ન દુ:ખ બાહ્ય આધ્યાત્મિક દુ:ખ માનવામાં આવ્યું છે.*

**रागद्वेषादिसम्पन्नमान्तरं परिकीर्त्यते।**
**आधिभौतिकमेतद्धि दु:खं राजादिभूतजम्।।६९।।**

*રાગ, દ્વેષ આદિથી ઉત્પન્ન દુ:ખ આભ્યંતર આધ્યાત્મિક દુ:ખ કહેવાય છે. જે દુ:ખ રાજા આદિના કારણે ઉત્પન્ન થાય તે આધિભૌતિક છે.*

**आधिदैविकमाख्यातं ग्रहयक्षादिसम्भवम्।**
**दु:खैरेतैरुपेतस्य कर्मबद्धस्य देहिन:।।**
**स्वर्गे वा यदि वा भूमौ सुखलेशो न विद्यते।।७०।।**

*ગ્રહ, યક્ષ આદિથી ઉત્પન્ન દુઃખ આધિદૈવિક છે. આ દુઃખોથી યુક્ત કર્મથી બદ્ધ જીવના માટે સ્વર્ગમાં કે પૃથ્વી ઉપર પણ સહેજ પણ સુખ નથી.*

**तटित्सु वीचिमालासु प्रदीपस्य प्रभासु च।**
**सम्पत्सु कर्ममूलासु कस्य वा स्थिरतामतिः।।७१।।**

*આકાશમાંની વીજળીની લહેર દીવાના તેજ તથા કર્મથી સંચિત સંપત્તિને કોણ સ્થિર સમજે છે. (અર્થાત્ કોઈ નહિ)*

**मलकोशे शरीरेऽस्मिन् महादुःखविवर्धने।**
**तडिदङ्कुरसङ्काशे को वा रुच्येत पण्डितः।।७२।।**

*મળ નો ભંડાર મહાદુઃખને વધારવવાવાળા વીજળીના અંકુર સમાન આ શરીરના વિષયમાં કોણ બુદ્ધિમાન પ્રેમ કરશે.*

**नित्यानन्दचिदाकारमात्मतत्त्वं विहाय कः।**
**विवेकी रमते देहे नश्वरे दुःखभाजने।।७३।।**

*નિત્ય આનંદ ઉપરાંત ચિત્તસ્વરૂપ આત્મતત્વને છોડીને કોણ વિવેકી નશ્વર દુઃખના પાત્રભૂત આ દેહમાં રમણ કરશે.*

**विवेकी शुद्धहृदयो निश्चितात्मसुखोदयः।**
**दुःखहेतौ शरीरेऽस्मिन् कलत्रे च सुतेषु च।।७४।।**

**सुहृत्सु बन्धुवर्गेषु धनेषु कुलपद्धतौ।**
**अनित्यबुद्ध्या सर्वत्र वैराग्यं परमश्नुते।।७५।।**

*વિવેકવાન શુદ્ધ હૃદયવાળો તથા આત્મસુખનો નિશ્ચયવાળો મનુષ્ય દુઃખના કારણભૂત આ શરીર, પત્ની, પુત્રો, મિત્રો, બન્ધુવર્ગ, ધન અને કુળપરંપરામાં અનિત્ય બુદ્ધિના કારણે સર્વત્ર પરમવૈરાગ્યનો અનુભવ કરતો રહે છે.*

**विवेकिनो विरक्तस्य विषयेष्वात्मरागिणः।**
**संसारदुःखविच्छेदहेतौ बुद्धिः प्रवर्तते।।७६।।**

*વિવેકી વિષયોના પ્રતિ વિરક્ત આત્મામાં આસક્ત મનુષ્યની બુદ્ધિ સંસારદુઃખને નષ્ટ કરવાને માટે પ્રવૃત્ત થતી હોય છે.*

**नित्यानित्यविवेकिनः सुकृतिनः शुद्धाशयस्यात्मनो**
**ब्रह्मोपेन्द्रमहेन्द्रमुख्यविभवेष्वस्थायितां पश्यतः।**
**नित्यानन्दपदे निराकृतजगत्संसारदुःखोदये**
**साम्बे चन्द्रशिरोमणौ समुदयेद्भक्तिर्भवध्वंसिनी।।७७।।**

*શાશ્વતનશ્વરના વિવેકથી યુક્ત, પુણ્યવાન, પવિત્ર હૃદયવાળા, બ્રહ્મા, વિષ્ણુ ઈન્દ્ર વગેરેના વૈભવને અસ્થાયી સમજવાવાળા મનુષ્યની નિત્યાનંદના સ્થાનભૂત, જંગમ અને પ્રવાહશીલ મૃત્યલોકના દુઃખને દૂર કરવાવાળા, મા અંબા સહિત ભગવાન શિવના પ્રતિ માયાને દૂર કરવાવાળી ભક્તિ ઉત્પન્ન થાય છે. (અથવા ઉત્પન્ન થવી જોઈએ.)*

******

## છઠ્ઠો પરિચ્છેદ

### ગુરૂકારૂણ્યલિંઙ્ગધારણ પ્રસંગ

**अथ गुरुकारुण्यस्थलम् – (४)**

**ततो विवेकसम्पन्नो विरागी शुद्धमानसः।**
**जिज्ञासुः सर्वसंसारदोषध्वंसकरं शिवम्।।१।।**

**उपैति लोकविख्यातं लोभमोहविवर्जितम्।**
**आत्मतत्त्वविचारज्ञं विमुक्तविषयभ्रमम्।।२।।**

**शिवसिद्धान्ततत्त्वज्ञं छिन्नसन्देहविभ्रमम्।**
**सर्वतन्त्रप्रयोगज्ञं धार्मिकं सत्यवादिनम्।।३।।**

**कुलक्रमागताचारं कुमार्गाचारवर्जितम्।**
**शिवध्यानपरं शान्तं शिवतत्त्वविवेकिनम्।।४।।**

**भस्मोद्धूलननिष्णातं भस्मतत्त्वविवेकिनम्।**
**त्रिपुण्ड्रधारणोत्कण्ठं धृतरूद्राक्षमालिकम्।।५।।**

**लिङ्गधारणसंयुक्तं लिङ्गपूजापरायणम्।**
**लिङ्गाङ्गयोगतत्त्वज्ञं निरूढाद्वैतवासनम्।।६।।**

*તે ગુરુ સમસ્ત સંસારના દોષ (દુઃખ) ના નાશ કરવાવાળા, કલ્યાણકારી, લોકપ્રસિદ્ધ, લોભ-મોહ થી રહિત, આત્મતત્વનો વિચારક, વિષયના ભ્રમથી મુક્ત, શિવાદ્વૈત સિદ્ધાંતના તત્વને જાણવાવાળો, સંદેહરહિત, સંપૂર્ણ તંત્રના પ્રયોગોનો જ્ઞાતા, ધાર્મિક, સત્યવાદી, કુળક્રમ અર્થાત્ ગુરુવંશ પરંપરાથી પ્રાપ્ત*

આચારનું પાલન કરવાવાળા, કુમાર્ગનું અનુસરણ ન કરવાવાળા, શિવધ્યાનમાં રત થઈ, શાન્ત, શિવતત્વ વિવેકવાળા, ભસ્મ લગાવવામાં નિપુણ, ભસ્મતત્વના જ્ઞાતા, ત્રિપુંડ ધારણ કરવાને ઉત્સુક, રુદ્રાક્ષમાળા ધારણ કરવાવાળા, લિંગધારણથી યુક્ત, લિંગપૂજાપરાયણ, લિંગાંગયોગના તત્વના જ્ઞાતા, દૃઢ અદ્વૈત ભાવનાવાળા, લિંગાંગસ્થળના ભેદના જ્ઞાતા અને શિવવાદી હોય છે.

**लिङ्गाङ्गस्थलभेदज्ञं श्रीगुरुं शिववादिनम्।**

**सेवेत परमाचार्यं शिष्यो भक्तिभयान्वितः।**
**षण्मासान् वत्सरं वापि यावदेष प्रसीदति।।७।।**

ભક્તિ અને ભય થી યુક્ત શિષ્ય, પરમાચાર્યની છ મહિના અથવા એક વર્ષ સુધી જ્યાં સુધી ગુરુ પ્રસન્ન નહિ થાય ત્યાં સુધી સેવા કરવી.

**प्रसन्नं परमाचार्यं भक्त्या मुक्तिप्रदर्शकम्।।८।।**

**प्रार्थयेदग्रतः शिष्यः प्राञ्जलिर्विनयान्वितः।**
**भो कल्याण महाभाग शिवज्ञानमहोदधे।।९।।**

પ્રસન્ન તથા મોક્ષના પ્રદર્શક પરમાચાર્યના આગળ ઊભા રહીને શિષ્યભક્તિ સાથે હાથ જોડીને નમ્રતાપૂર્વક પ્રાર્થના કરે - હે કલ્યાણકારી મહાભાગ્યવાન શિવજ્ઞાનના સમુદ્ર આચાર્યશ્રેષ્ઠ આપની પાસે આવેલા મને ભવરોગીની રક્ષા કરો.

**आचार्यवर्य सम्प्राप्तं रक्ष मां भवरोगिणम्।**

**इति शुद्धेन शिष्येण प्रार्थितः परमो गुरुः।**
**शक्तिपातं समालोक्य दीक्षया योजयेदमुम्।।१०।।**

શુદ્ધ શિષ્યના દ્વારા આ પ્રકારે પ્રાર્થના કરવાથી પરમગુરુ શક્તિપાદના ચિહ્નોની પરીક્ષા કરીને આ શિષ્યને દીક્ષાથી યુક્ત કરો.

**दीयते च शिवज्ञानं क्षीयते पाशबन्धनम्।**
**यस्मादतः समाख्याता दीक्षेतीयं विचक्षणैः।।११।।**

*જે કારણથી આના દ્વારા શિવનું જ્ઞાન આપવામાં આવે છે. તથા પાશબંધનનો નાશ થાય છે એટલા માટે વિદ્વાન લોકો આ (સંસ્કારાત્મક પ્રક્રિયા) ને દીક્ષા કહેવામાં આવે છે.*

**सा दीक्षा त्रिविधा प्रोक्ता शिवागमविशारदैः।**
**वेधारूपा क्रियारूपा मन्त्ररूपा च तापस।।१२।।**

*હે તપસ્વી અગસ્ત્ય શૈવાગમના વિદ્વાન લોકો આ દીક્ષાને ત્રણ પ્રકારની બતાવે છે - વેધારૂપા, ક્રિયારૂપા તથા મંત્રરૂપા.*

**गुरोरालोकमात्रेण हस्तमस्तकयोगतः।**
**यः शिवत्वसमावेशो वेधादीक्षेति सा मता।।१३।।**

**मान्त्री दीक्षेति सा प्रोक्ता मन्त्रमात्रोपदेशिनी।**
**कुण्डमण्डलिकोपेता क्रियादीक्षा क्रियोत्तरा।।१४।।**

*ગુરુ શિષ્યને જોઈને પોતાનો હાથ તેના મસ્તક પર મુકે છે. આ પ્રકારે (શિષ્યના અંદર) જે શિવત્વનો સમાવેશ થાય છે તેને વેધા દીક્ષા માનવામાં આવે છે. મંત્રનો કેવળ ઉપદેશ આપવો માન્ત્રી દીક્ષા કહેવાય છે.*

**शुभमासे शुभतिथौ शुभकाले शुभेऽहनि।**
**विभूतिं शिवभक्तेभ्यो दत्त्वा ताम्बूलपूर्वकम्।।१५।।**

**यथाविधि यथायोगं शिष्यमानीय देशिकः।**
**स्नातं शुक्लाम्बरधरं दन्तधावनपूर्वकम्।।१६।।**

**मण्डले स्थापयेच्छिष्यं प्राङ्मुखं तमुदङ् मुखः।**
**शिवस्य नाम कीर्तिं च चिन्तामपि च कारयेत्।।१७।।**

*ગુરુ શુભ માસ, શુભ તિથિ, શુભ દિવસ અને શુભ સમયમાં પાન-સોપારી સહિત ભસ્મથી શિવભક્તોને નિમત્રંણનું નિમિત્ત આપી શાસ્ત્રોક્ત વિધિ અનુસાર શિષ્યને લઈ આવે તે પહેલા શિષ્ય પવિત્ર સ્નાન કરાવી શ્વેતવસ્ત્ર ધારણ કર્યા હોય. આચાર્ય શિષ્યને મંડપની અંદર પૂર્વ તરફ મુખ રાખી બેસાડવો*

*અને સ્વયંમ ઉત્તરાભિમુખ બેસે. તેઓ શિષ્યને શિવનું ધ્યાન અને નામનો ઉચ્ચાર કરાવડાવે.*

अनन्तरम् –

**विभूतिपट्टं दत्त्वाग्रे यथास्थानं यथाविधि।**
**पञ्चब्रह्ममयैस्तत्र स्थापितैः कलशोदकैः।।१८।।**

**आचार्यः सममृत्विग्भिस्त्रिः शिष्यमभिषिञ्चयेत्।।१९।।**

*ત્યાર પછી યથાસ્થાન અને વિધિ અનુસાર પ્રથમ ભસ્મનું ત્રિપુંડ ધારણ કરાવવું. પુનઃ આચાર્ય ત્યાં સ્થાપિત પંચબ્રહ્મ વાળા કળશના જળથી ઋત્વીજો દ્વારા ત્રણ વાર શિષ્યનો અભિષેક કરવામાં આવે.*

**अभिशिच्य गुरुः शिष्यमासीनं परितः शुचिम्।**
**ततः पञ्चाक्षरीं शैवीं संसारभयतारिणीम्।।२०।।**

**तस्य दक्षिणकर्णे तु निगूढमपि कीर्तयेत्।**
**छन्दो रूपमृषिं चास्य दैवतान्यासपद्धतिम्।।२१।।**

*ગુરુ ત્યાં બિરાજિત થયેલા બધા પ્રકારથી શુદ્ધ શિષ્યના ડાબા કાનમાં સંસારભયતારિણી પંચાક્ષરી વિદ્યા (ૐ નમઃ શિવાય) ને ગુપ્ત રૂપથી કહે. (સાથે જ આ વિદ્યાના) છન્દ સ્વરૂપ ઋષિ દેવતા ન્યાસપદ્ધતિને પણ બતાવે.*

**स्फाटिकं शैलजं वापि चन्द्रकान्तमयं तु वा।**
**बाणं वा सूर्यकान्तं वा लिङ्गमेकं समाहरेत्।।२२।।**

*(ત્યાર પછી ગુરુ) સ્ફટિક પત્થર ચંદ્રકાન્તમણિ, નર્મદેશ્વર અથવા સૂર્યકાન્તમણિથી નિર્મિત એક લિંગ લઈ આવે.*

**सर्वलक्षणसंपन्ने तस्मिंल्लिङ्गे विशोधिते।**
**पीठस्थितेऽभिषिक्ते च गन्धपुष्पादिपूजिते।।२३।।**

*સર્વલક્ષણસંપન્ન તે લિંગને શુદ્ધ કરી પીઠ પર મુક્યા પછી તેનો અભિષેક*

*કરવો. સુગંધી દ્રવ્ય, પુષ્પ આદિથી તેની પૂજા કર્યા બાદ મંત્રથી પવિત્ર તેમાં વિધિપૂર્વક શૈવી કલાનું સંયોજન કરે.*

**मन्त्रपूते कलां शैवीं योजयेद्विधिना गुरुः।**

**शिष्यस्य प्राणमादाय लिङ्गे तत्र निधापयेत्।।२४।।**

**तल्लिङ्गं तस्य तु प्राणे स्थापयेदेकभावतः।**
**एवं कृत्वा गुरुर्लिङ्गं शिष्यहस्ते निधापयेत्।।२५।।**

*પુનઃ શિષ્યના પ્રાણને લઈને અર્થાત્ અંકુશ મુદ્રાના આકર્ષણ દ્વારા તે લિંગમાં સ્થાપિત કરે. ત્યાર પછી લિંગને શિષ્યના પ્રાણમાં સાહચર્યભાવથી સ્થાપિત કરે. આ પ્રમાણેનું અનુષ્ઠાન કરી ગુરુ લિંગને શિષ્યના હાથમાં અર્પણ કરે.*

**प्राणवद्धारणीयं तत्प्राणलिङ्गमिदं तव।**
**कदाचित्कुत्रचिद्वापि न वियोजय देहतः।।२६।।**

*(ત્યાર પછી ગુરુ શિષ્યને આજ્ઞા આપશે કે) તુ આ પ્રાણલિંગને પોતાના પ્રાણના સમાન પોતાના શરીર સાથે સંલગ્ન રાખવું. ક્યાંય પણ ક્યારેય પણ તેને પોતાના શરીરથી અલગ કરવું નહી.*

**यदि प्रमादात्पतिते लिङ्गे देहान्महीतले।**
**प्राणान् विमुञ्च सहसा प्राप्तये मोक्षसम्पदः।।२७।।**

*જો અસાવધાનીવશ આ લિંગ શરીરથી અલગ થઈ પૃથ્વી પર પડી જાય છે તો મોક્ષને પ્રાપ્ત કરવાને માટે તુરંત જ પોતાના પ્રાણોનો ત્યાગ કરવો.*

**इति सम्बोधितः शिष्यो गुरुणा शास्त्रवेदिना।**
**धारयेच्छाङ्करं लिङ्गं शरीरे प्राणयोगतः।।२८।।**

*શાસ્ત્રવેત્તા ગુરુના દ્વારા આ પ્રમાણે સમજાવ્યા પછી શિષ્ય તે શિવલિંગને જીવનપર્યંત શરીરથી સંલગ્ન રાખે.*

**लिङ्गस्य धारणं पुण्यं सर्वपापप्रणाशनम्।**
**आदृतं मुनिभिः सर्वैरागमार्थविशारदैः।।२९।।**

*(આ પ્રમાણે) લિંગનું ધારણ કરવું પુણ્યપ્રદ અને સર્વ પાપોનો નાશ કરવાવાળું હોય છે. આગમ તત્વના સર્વ પંડિતો, મુનિઓએ એનો આદરપૂર્વક સ્વીકાર કર્યો છે.*

**लिङ्गधारणमाख्यातं द्विधा सर्वार्थसाधकैः।**
**बाह्यमाभ्यन्तरं चेति मुनिभिर्मोक्षकाङ्क्षिभिः।।३०।।**

*સર્વાર્થ સાધક આ લિંગધારણ મોક્ષાર્થી મુનિઓના દ્વારા બાહ્ય અને આંતરિક ભેદથી બે પ્રકારના કહેવાયા છે.*

**चिद्रूपं परमं लिङ्गं शाङ्करं सर्वकारणम्।**
**यत्तस्य धारणं चित्ते तदान्तरमुदाहृतम्।।३१।।**

*સમસ્ત સંસારનું કારણ, શંકરનું જ્ઞાન સ્વરૂપ લિંગ શ્રેષ્ઠ છે. ચિત્તમાં તેમને ધારણ કરવુંગુપ્ત ધારણ કરવું કહેવાયું છે.*

**चिद्रूपं हि परं तत्त्वं शिवाख्यं विश्वकारणम्।**
**निरस्तविश्वकालुष्यं निष्कलं निर्विकल्पकम्।।३२।।**

**सत्तानन्दपरिस्फूर्तिसमुल्लासकलामयम्।**
**अप्रमेयमनिर्देश्यं मुमुक्षुभिरुपासितम्।।३३।।**

*શિવ નામક જ્ઞાનસ્વરૂપ પરમતત્વ વિશ્વનું કારણ છે. સર્વ મલિનતાથી રહિત તે નિષ્કળ તથા નિર્વિકલ્પ છે, સદ્ ચિત્ત અને આનંદ સ્ફુરતાના સમુલ્લાસવાળી કલાથી યુક્ત છે, અસીમિત અનિર્દેશ્ય તથા મોક્ષાર્થીજનોથી ઉપાસિત છે એવા પ્રપંચાતીત અર્થાત્ સંસારથી રહિત પરબ્રહ્મ સ્વરૂપ લિંગ મહાલિંગ છે.*

**परं ब्रह्म महालिङ्गं प्रपञ्चातीतमव्ययम्।**
**तदेव सर्वभूतानामन्तस्त्रिस्थानगोचरम्।।३४।।**

**मूलाधारे च हृदये भ्रूमध्ये सर्वदेहिनाम्।**
**ज्योतिर्लीङ्गं सदा भाति यद्ब्रह्मेत्याहुरागमाः।।३५।।**

*તે જ સર્વ પ્રાણીઓના (શરીરના) અંદર ત્રણ સ્થાનોમાં વિરાજમાન છે. તે સ્થાન છે - સર્વ શરીરધારીઓમાં સ્થિત મૂલાધાર, હૃદય અને મૂલાધાર તે જ્યોતિરૂપી લિંગ તેમનામાં સદા પ્રકાશમાન રહે છે. આગમશાસ્ત્ર એને જ બ્રહ્મ કહે છે.*

**अपरिच्छिन्नमव्यक्तं लिङ्गं ब्रह्म सनातनम्।**
**उपसनार्थमन्तःस्थं परिच्छिन्नं स्वमायया।।३६।।**

*અપરિચ્છન્ન (જેનું અંતર ઓળખથી પણ પર હોય) અવ્યક્ત સનાતન બ્રહ્મ સ્વરૂપ લિંગ (પ્રાણીઓના દ્વારા) ઉપાસનાના માટે પોતાની માયાથી (મૂલાધાર વગેરેના) અંદર સ્થિત અને અપરિચ્છિન્ન થઈ ગયા.*

**लयं जच्छति यत्रैव जगदेतच्चराचरम्।**
**पुनः पुनः समुत्पत्तिं तल्लिङ्गं ब्रह्म शाश्वतम्।।३७।।**

*જેમા તે ચરાચર જગત લીન થાય છે તથા પુનઃ પુનઃ ઉત્પન્ન થાય છે તે શાશ્વત (નિત્ય) બ્રહ્મરૂપી લિંગ છે.*

**तस्माल्लिङ्गमिति ख्यातं सत्तानन्दचिदात्मकम्।**
**बृहत्वाद् बृहणत्वाच्य ब्रह्मशब्दाभिधेयकम्।।३८।।**

*આ કારણથી તે ચિદ્ આનંદમયી સત્તા લિંગ કહેવાય છે. બધાની અપેક્ષા વિશાળ હોવું અને સર્વના પોષક હોવાના કારણે તે સચ્ચિદાનંદ તત્વ "બ્રહ્મ" શબ્દનો વાચ્ય હોય છે આ પ્રમાણે પરબ્રહ્મ જ મહાલિંગ અને મહાલિંગ જ પરબ્રહ્મ છે.*

**आधारे हृदये वापि भ्रूमध्ये वा निरन्तरम्।**
**ज्योतिलिङ्गानुसन्धानमान्तरं लिङ्गधारणम्।।३९।।**

*મૂલાધાર, હૃદય અથવા ભ્રૂમધ્યમાં તે જ્યોતિલિંગનું નિરંતર અનુસંધાન આંતરલિંગ ધારણ કહેવાય છે.*

**आधारे कनकप्रख्यं हृदये विद्रुमप्रभम्।**
**भ्रूमध्ये स्फटिकच्छायं लिङ्गं योगी विभावयेत्।।४०।।**

*યોગી મૂલાધારમાં સોનાના રંગવાળા, હૃદયમાં પરવાળાના સમાન અને ભ્રૂમધ્યમાં સ્ફટિકની આભાવાળા લિંગનું ધ્યાન કરવું.*

**निरुपाधिकमाख्यातं लिङ्गस्यान्तरधारणम्।**
**विशिष्टं कोटिगुणितं बाह्यलिङ्गस्य धारणात्।।४१।।**

*તે નિરૂપાધિક લિંગનું આંતર ધારણ બાહ્ય લિંગ ધારણની અપેક્ષા કરોડો ગુના શ્રેષ્ઠ છે.*

**ये धारयन्ति हृदये लिङ्गं चिद्रूपमैश्वरम्।**
**न तेषां पुनरावृत्तिर्घोरसंसारमण्डले।।४२।।**

*જે લોકો આપણા હૃદયમાં ચિદ્રૂપ શિવલિંગને ધારણ કરે છે તેમને ઘોર સંસારમંડળમાં પુર્નજન્મ નથી થતો.*

**अन्तर्लिङ्गानुसन्धनमात्मविद्यापरिश्रमः ।**
**गुरूपासनशक्तिश्च कारणं मोक्षसम्पदाम्।।४३।।**

*અંતલિંગનું ધ્યાન, આત્મવિદ્યામાં પરિશ્રમ (અર્થાત્ આત્મજ્ઞાન સંબંધી શાસ્ત્રોનું શ્રવણ, મનન) તથા ગુરુની સેવાનું સામર્થ્ય - આ ત્રણ મોક્ષપ્રાપ્તિના કારણ છે.*

**वैराग्यज्ञानयुक्तानां योगिनां स्थिरचेतसाम्।**
**अन्तर्लिङ्गानुसन्धाने रुचिर्बाह्ये न जायते।।४४।।**

*આ કારણે જ્ઞાન અને વૈરાગ્યથી યુક્ત સ્થિરચિત્ત યોગીઓની રુચિ અંતર્લિંગાનુંસંધાનમાં હોય છે બાહ્યલિંગાનુંસંધાનમાં નહીં.*

**ब्रह्मा विष्णुश्च रुद्रश्च वासवाद्याश्च लोकपाः।**
**मुनयः सिद्धगन्धर्वा दानवा मानवास्तथा।।४५।।**

**सर्वे च ज्ञानयोगेन सर्वकारणकारणम्।**
**पश्यन्ति हृदये लिङ्गं परमानन्दलक्षणम्।।४६।।**

*બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર (અવર કોટિના રુદ્ર) ઈન્દ્ર વગેરે લોકપાલ મુનિગણ સિદ્ધ ગંધર્વ, દાનવ, માનવ બધાના બધા જ્ઞાનયોગના દ્વારા સમસ્ત કારણોના કારણે પરમાનંદસ્વરૂપ લિંગનું હૃદયમાં સાક્ષાત્કાર કરે છે.*

**तस्मात्सर्वप्रयत्नेन शाङ्करं लिङ्गमुत्तमम्।**
**आन्तर्विभावयेद्विद्वान् अशेषक्लेशमुक्तये।।४७।।**

*એટલા માટે વિદ્વાન સમસ્ત ક્લેશથી મુક્તિના માટે સંપૂર્ણ પ્રયાસથી ઉત્તમ શિવલિંગનું ધ્યાન પોતાની અંદર કરે.*

**अन्तर्धारयितुं लिङ्गमशक्तः शक्त एव वा।**
**बाह्यं च धारयेल्लिङ्गं तद्रूपमिति निश्चयात्।।४८।।**

*અંતર્લિંગ ને ધારણ કરવામાં સમર્થ હોય કે અસમર્થ બાહ્યલિંગ ને અંતર્લિંગનું રૂપ સમજીને તેને અવશ્ય ધારણ કરવું જોઈએ.*

**लिङ्गं तु त्रिविधं प्रोक्तं स्थूलं सूक्ष्मं परात्परम्।**
**इष्टलिङ्गमिदं स्थूलं यद्बाह्ये धार्यते तनौ।।४९।।**

**प्राणलिङ्गमिदं सूक्ष्मं यदन्तर्भावनामयम्।**
**परात्परं तु यत्प्रोक्तं तृप्तिलिङ्गं तदुच्यते।।५०।।**

*આ લિંગ સ્થૂળ સૂક્ષ્મ પરાત્પર ભેદથી ત્રણ પ્રકારના કહેવાય છે. જે બાહ્ય શરીરમાં ધારણ કરવામાં આવે છે તે ઈષ્ટલિંગ સ્થૂળ છે. પ્રાણલિંગ સૂક્ષ્મ છે જો કે અંતર્ભાવનારૂપ છે. જેને પરાત્પર લિંગ કહેવાય છે તે તૃપ્તિલિંગ કહેવાય છે.*

**भावनातीतमव्यक्तं परब्रह्म शिवाभिधम्।**
**इष्टलिङ्गमिदं साक्षादनिष्टपरिहारतः।।**
**धारयेदवधानेन शरीरे सर्वदा बुधः।।५१।।**

*ભાવનાથી પર અને અવ્યક્ત શિવ નામક પરબ્રહ્મ અનિષ્ટથી દૂર હોવાના કારણે સાક્ષાત્ ઈષ્ટલિંગ છે. વિદ્વાનને જોઈએ તે સાવધાન થઈને સર્વદા શરીરથી તેને ધારણ કરે.*

**मूर्ध्नि वा कण्ठदेशे वा कक्षे वक्षःस्थलेऽपि वा।**
**कुक्षौ हस्तस्थले वापि धारयेल्लिङ्गमैश्वरम्।।५२।।**

*મસ્તક પર કંઠમાં બગલમાં અથવા વક્ષઃસ્થળ પર કાંતો કુક્ષિ અર્થાત્ પેટની ઉપર અથવા હથેળીમાં શિવલિંગને ધારણ કરવું જોઈએ.*

**नाभेरधस्ताल्लिङ्गस्य धारणं पापकारणम्।**
**जटाग्रे त्रिकभागे च मलस्थाने न धारयेत्।।५३।।**

*નાભિના નીચે લિંગને ધારણ કરવું પાપનું કારણ બને છે. જટાના અગ્રભાગમાં પીઠ પર તથા મળસ્થાનમાં લિંગને ધારણ ના કરવું જોઈએ.*

**लिङ्गधारी सदा शुद्धो निजलिङ्गं मनोरमम्।**
**अर्चयेद् गन्धपुष्पाद्यैः करपीठे समाहितः।।५४।।**

*લિંગને ધારણ કરવાવાળા હંમેશા શુદ્ધ હોય છે. તેને જોઈએ કે તે સમાહિત અર્થાત્ એકાગ્રચિત્ત થઈને પોતાના મનોરમ લિંગની હાથરૂપી પીઠ ઉપર સુગંધ, પુષ્પ વગેરેથી પૂજા કરે.*

**बाह्यपीठार्चनादेतत् करपीठार्चनं वरम्।**
**सर्वेषां वीरशैवानां मुमुक्षूणां निरन्तरम्।।५५।।**

*મોક્ષાર્થી સમસ્ત વીરશૈવોના માટે તે કરપીઠાઅર્ચન બાહ્યપીઠાર્ચનની અપેક્ષા સદા શ્રેષ્ઠ છે.*

**ब्रह्मविष्ण्वादयो देवा मुनयो गौतमादयः।**
**धारयन्ति सदा लिङ्गमुत्तमाङ्गे विशेषतः।।५६।।**

**लक्ष्म्यादिशक्तयः सर्वाः शिवभक्तिविभाविताः।**
**धारयन्त्यलिकाग्रेषु शिवलिङ्गमहर्निशम्।।५७।।**

*બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવતાગણ, ગૌતમ વગેરે મુનિવૃંદ, વિશેષ રૂપથી આ લિંગનું ઉત્તમાંગ અર્થાત્ મસ્તક પર ધારણ કરે છે. શિવભક્તિથી પરિપૂર્ણ લક્ષ્મી વગેરે સમસ્ત શક્તિ આ શિવલિંગને રાત-દિવસ મસ્તક પર ધારણ કરે છે.*

**वेदशास्त्रपुराणेषु कामिकाद्यागमेषु च।**
**लिङ्गधारणमाख्यातं वीरशैवस्य निश्चयात्।।५८।।**

*વેદો, શાસ્ત્રો, પુરાણો અને કામિક વગેરે આગમમાં વીરશૈવના માટે લિંગધારણ આવશ્યક કહેવાયું છે.*

**ऋगित्याह पवित्रं ते विततं ब्रह्मणस्पते।**
**तस्मात्पवित्रं तल्लिङ्गं धार्यं शैवमनामयम्।।५९।।**

*ઋગ્વેદે કહે છે - હે બ્રાહ્મણપતિ (બ્રાહ્મણ) આ શિવલિંગ વિતત અર્થાત્ શિવાદિ વિષ્ણુ છત્રીસ તત્વોમાં વ્યાપ્ત છે એટલે તમારા માટે પવિત્ર છે. આ કારણે આ નિરોગી શિવલિંગ ને ધારણ કરવું જોઈએ.*

**ब्रह्मेति लिङ्गमाख्यातं ब्रह्मणः पतिरीश्वरः।**
**पवित्रं तद्धि निख्यातं तत्सम्पर्कात्तनुः शुचिः।।६०।।**

*લિંગને બ્રહ્મ કહેવાય છે. બ્રહ્માના સ્વામી ઈશ્વર અર્થાત્ શિવ છે. આ પ્રકારે લિંગ પવિત્ર કહેવાયું છે. તેના સંપર્કથી તેમને ધારણ કરનારનું શરીર પણ શુદ્ધ થઈ જાય છે.*

**अताप्ततनुरज्ञो वै आमः संस्कारवर्जितः।**
**दीक्षया रहितः साक्षान्नाप्नुयाल्लिङ्गमुत्तमम्।।६१।।**

*તપસ્યા રહિત અજ્ઞાની આમ - કાચું અર્થાત્ અપરિપક્વ અંતઃકરણવાળું સંસ્કારહીન તથા દીક્ષારહિત મનુષ્યને ઉત્તમ લિંગને સ્વતઃ ધારણ કરવું જોઈએ નહી સ્વેચ્છાએ લિંગ ધારણ કરવું પાપદાયી હોય છે.*

**अघोराऽपापकाशीति या ते रुद्र शिवा तनूः।**
**यजुषा गीयते यस्मात् तस्माच्छैवोऽघवर्जितः।।६२।।**

*યજુર્વેદ કહે છે - હે રુદ્ર ! તમારું શરીર અઘોર પાપરહિત અને મંગલકારી છે. આ કારણે લિંગને ધારણ કરવાવાળા શિવઉપાસક નિષ્પાપ હોય છે.*

**यो लिङ्गधारी नियतान्तरात्मा नित्यं शिवाराधनबध्दचित्त:।**
**स धारयेत् सर्वमलापहत्यै भस्मामलं चारु यथाप्रयोगम्।।६३।।**

*જે લિંગધારી સંયતચિત્તવાળા સનાતન શિવઆરાધના માં મનને લીન કરીને તે સર્વ પાપોને નાશ કરવાને માટે સુંદર અને નિર્મળ ભસ્મને વિધિ વિધાન અનુસાર ધારણ કરવું.*

******

## સાતમો  પરિચ્છેદ

### વિભૂતિરૂદ્રાક્ષધારણ પ્રસંગ

**भस्मधारणसंयुक्त: पवित्रो नियताशय:।**
**शिवाभिधानं यत्प्रोक्तं भासनाद्भसितं तथा।।१।।**
**महाभस्मेति सञ्चिन्त्य महादेवं प्रभामयम्।**
**वर्तन्ते ये महाभागा मुख्यास्ते भस्मधारिण:।।२।।**

*ભસ્મધારણથી યુક્ત મનુષ્ય નિશ્ચિત આશયવાળા તથા પવિત્ર હોય છે. જે શિવનું (પંચાક્ષર મંત્રરૂપ) નામ કહેવામાં આવ્યું (શિવનું) ભાસન અર્થાત્ પ્રગટ કરવાથી તે ભસિત અર્થાત્ મહાભસ્મ છે.  આવા પ્રભામય મહાદેવનું જે લોકો ધ્યાન કરીને અન્ય કાર્ય કરે છે તે જ મુખ્ય ભસ્મધારી છે.*

**शिवाग्न्यादिसमुत्पन्नं मन्त्रन्यासादियोगत:।**
**तदुपाधिकमित्याहुर्भस्मतन्त्रविशारदा:।।३।।**

*(જે ભસ્મ) મંત્ર ન્યાસ વગેરેના  યોગથી શિવાગ્નિથી ઉત્પન્ન ભસ્મ શાસ્ત્રના વિદ્વાન તેને વિશિષ્ટ ભસ્મ કહે છે.*

**विभूतिर्भसितं भस्म क्षारं रक्षेति भस्मन:।**
**एतानि पञ्चनामानि हेतुभि: पञ्चभिर्भृशम्।।४।।**

*ભસ્મના વિભૂતિ, ભસિત, ભસ્મ, ક્ષાર અને રક્ષા - આ પાંચ નામ નિશ્ચત રૂપથી પાંચ કારણોથી છે.*

**विभूतिर्भूतिहेतुत्वाद् भसितं तत्त्वभासनात्।**
**पापानां भर्त्सनाद्भस्म क्षरणात् क्षारमापदाम्।।**
**रक्षणात् सर्वभूतेभ्यो रक्षेति परिगीयते।।५।।**

*ભૂતિ અર્થાત્ ઐશ્વર્યનું કારણ હોવાથી તેને વિભૂતિ કહેવાય છે. તેનું ભસ્મ નામ તત્વને જ્યોર્તિમય કરવાને કારણે છે. પાપોને દૂર (નાશ) કરવાથી આ ભસ્મ અને આપત્તિઓનો નાશ કરવાને કારણે તે ક્ષાર કહેવાય છે. સર્વ પ્રાણીઓની રક્ષા કરવાથી તે રક્ષા કહેવાય છે.*

**नन्दा भद्रा च सुरभिः सुशीला सुमनास्तथा।**
**पञ्च गावो विभोर्जाताः सद्योजातादिवक्त्रतः।।६।।**

*નંદા, ભદ્રા, સુરભિ, સુશીલા અને સુમના - આ પાંચ ગાયો પરમેશ્વરની સદ્યોજાત વગેરે પાંચ મુખોથી ઉત્પન્ન થઈ છે. (તેમાં સદ્યોજાતથી નંદા, વામદેવથી ભદ્રા, અઘોરથી સુરભી, તત્પુરુષ નામક મુખથી સુશીલા અને ઈશાન નામક મુખથી સુમના ઉત્પન્ન થઈ)*

**कपिला कृष्णा च धवला धूम्रा रक्ता तथैव च।**
**नन्दादीनां गवां वर्णाः क्रमेण परिकीर्तिताः।।७।।**

*તે નંદા વગેરે ગાયના રંગ ક્રમશઃ ભૂરો, કૃષ્ણ શ્વેત, રાખોડી અને લાલ બતાવવામાં આવ્યા છે.*

**सद्योजाताद्विभूतिश्च वामाद्भसितमेव च।।८।।**

**अघोराद्भस्म संजातं तत्पुरुषात्क्षारमेव च।**
**रक्षा चेशानवक्त्राच्च नन्दादिद्वारतोऽभवत्।।९।।**

*સદ્યેજાતથી વિભૂતિ, વામદેવથી ભસિત, અઘોરથી ભસ્મ, તત્પુરુષથી ક્ષાર અને કાળદેવતાથી "રક્ષા" નામક ભસ્મ નંદા વગેરેના દ્વારા ઉત્પન્ન કરવામાં આવ્યા.*

**धारयेन्नित्यकार्येषु विभूतिं च प्रयत्नतः।**
**नैमित्तिकेषु भसितं क्षारं काम्येषु सर्वदा।।१०।।**

**प्रायश्चित्तेषु सर्वेषु भस्म नाम यथाविधि।**
**रक्षा च मोक्षकार्येषु प्रयोक्तव्या सदा बुधैः।।११।।**

*નિત્યકર્મમાં વિભૂતિ, નિમિત્તથી ભસ્મ, ઈચ્છિત ફળથી ક્ષાર, પ્રાયશ્ચિત કર્મથી ભસ્મ અને મોક્ષ કાર્યમાં વિદ્વાન લોકો રક્ષા નામની ભસ્મને વિધિવત ધારણ કરે છે.*

**नन्दादीनां तु ये वर्णाः कपिलाद्याः प्रकीर्तिताः।**
**त एव वर्णा विख्याता भूत्यादीनां यथाक्रमम्।।१२।।**

*નંદા વગેરે ગાયોના જે ભૂરા વગેરે રંગોની ચર્ચા પહેલા કરવામાં આવી હતી જન્મઉત્પત્તિ વગેરેના પણ કર્મ પ્રમાણે તે જ રંગ કહેવામાં આવ્યા છે.*

**भस्मोत्पादनमुद्दिष्टं चतुर्धा तन्त्रवेदिभिः।**
**कल्पं चैवानुकल्पं तु उपकल्पमकल्पकम्।।१३।।**

*તંત્રશાસ્ત્રના વિદ્વાનોએ ભસ્મની ઉત્પત્તિના ચાર પ્રકાર બતાવ્યા છે - કલ્પ, અનુકલ્પ, ઉપકલ્પ અને અકલ્પ. આમાંથી પ્રથમ શ્રેષ્ઠ છે. તેના અભાવમાં શેષ બધું ગ્રાહ્ય છે.*

**एषामादिममुत्कृष्टमन्यत् सर्वमभावतः।**

**यथाशास्त्रोक्तविधिना गृहीत्वा गोमयं नवम्।।१४।।**

**सद्येन वामदेवेन कुर्यात् पिण्डमनुत्तमम्।**
**शोषयेत्पुरुषेणैव दहेद् घोराच्छिवाग्निना।।१५।।**

**कल्पं तद्भस्म विज्ञेयमनुकल्पमथोच्यते।**
**वनेषु गोमयं यच्च शुष्कं चूर्णीकृतं तथा।।१६।।**

**दग्धं चैवानुकल्पाख्यमापणादिगतं तु यत्।**
**वस्त्रेणोत्तारितं भस्म गोमूत्राबद्धपिण्डितम्।।१७।।**

**दग्धं प्रागुक्तविधिना भवेद्भस्मोपकल्पकम्।**
**अन्यैरापादितं भस्माप्यकल्पमिति निश्चितम्।।१८।।**

*ભસ્મોપાદન વિધિ - શાસ્ત્રોક્ત વિધિથી સદ્યોજાત મંત્રનું ઉચ્ચારણ કરતાં ગાયનું તાજું છાણ લઈને તુરંત વામદેવ મંત્રનું ઉચ્ચારણ કરતાં તેનું સુંદર પિંડ બનાવો. તત્પુરુષ મંત્રથી તેને (તાપમાં) સુકાવી અને તે અઘોરમંત્રનું ઉચ્ચારણ કરતાં તેને સળગાવવું. આ વિધિથી તૈયાર કરેલું ભસ્મ "કલ્પ" કહેવાય છે. ત્યાર પછી અનુકલ્પને બતાવીએ છીએ. વનમાં ગાયનું જે સૂકું અને ચૂર્ણ કરેલું જે ગોબર હોય છે તેને સળગાવવાથી અનુકલ્પ નામની ભસ્મ બને છે. જે ભસ્મ દૂકાનથી લાવી કપડાંથી ગાળી ગોમૂત્રથી પિંડ બનાવી પૂર્વોક્ત વિધિથી સળગાવવું તે ઉપકલ્પ ભસ્મ કહેવાય છે. અન્ય (વિધિને ન જાણવાવાળા)ના દ્વારા તૈયાર કરવામાં આવેલી ભસ્મ અકલ્પ કહેવાય છે. (એવો શાસ્ત્રોનો) નિશ્ચય છે.*

**एष्वेकतममादाय पात्रेषु कलशादिषु।**
**त्रिसन्ध्यमाचरेत्स्नानं यथासंभवमेव वा।।१९।।**

*કળશ વગેરે પાત્રોમાં મુકવામાં આવેલા ભસ્મમાંથી કોઈ એક ભસ્મને લઈને ત્રણ સંધ્યાઓ (પ્રાતઃ મધ્યાહન અને સાયંકાળવાળી સંધ્યાઓ) માં ત્રણ વાર સ્નાન કરે અથવા યથાશક્તિ એકવાર સ્નાન કરે.*

**स्नानकाले करौ पादौ प्रक्षाल्य विमलाम्भसा।**
**वामहस्ततले भस्म क्षिप्त्वाच्छाद्यान्यपाणिना।।२०।।**

**अष्टकृत्वाथ मूलेन मौनी भस्माभिमन्त्र्य च।**
**शिर ईशानमन्त्रेण पुरुषेण मुखं तथा।।२१।।**

**हृत्प्रदेशमघोरेण वामदेवेन गुह्यकम्।**
**पादौ सद्येन सर्वाङ्गं प्रणवेनैव सेचयेत्।।२२।।**

*ભસ્મ સ્નાનના સમય પહેલા સ્વચ્છ જળથી બંને હાથ અને બંને પગ ધોઈ જમણા હાથની હથેળીમાં ભસ્મ મુકો. ડાબા હાથથી તેને ઢાંકી આઠ વાર મૂળ*

*મંત્ર (ૐ નમઃ શિવાય) થી મૌન થઈ મંત્રને અભિમંત્રિત કરો. પછી ઈશાન મંત્રથી મસ્તક, તત્પુરુષ મંત્રથી મુખ, અઘોરમંત્રથી હૃદય, વામદેવથી ગુહ્ય સદ્યોજાત મંત્રથી પગ તથા ૐકાર થી સંર્વાગનો અભિષેક કરવો જોઈએ.*

**भस्मना विहितं स्नानमिदमाग्नेयमुत्तमम्।**
**स्नानेषु वारुणाद्येषु मुख्यमेतन्मलापहम्।।२३।।**

*ભસ્મથી કરવામાં આવેલું આ સ્નાન "આગ્નેય સ્નાન" કહેવાય છે. વરુણ વગેરે (સાત પ્રકારના) સ્નાનમાં આ મુખ્ય તથા આંતર-બાહ્ય મળને દૂર કરવાવાળું હોય છે.*

**भस्मस्नानवतां पुंसां यथायोगं दिनेदिने।**
**वारुणाद्यैरलं स्नानैर्बाह्यदोषापहारिभिः।।२४।।**

*હરરોજ શાસ્ત્રાનુસાર ભસ્મસ્નાન કરવાવાળાઓને માટે બાહ્ય દોષોને દૂર કરવાવાળા વરુણ આદિ સ્નાનની કોઈ આવશ્યકતા નથી રહેતી.*

**आग्नेयं भस्मना स्नानं यतिभिस्तु विधीयते।**
**आर्द्रस्नानात्परं भस्म आर्द्रे जन्तुवधो ध्रुवम्।।२५।।**

*યતિ લોક ભસ્મથી આગ્નેય સ્નાન કરે છે. ભસ્મ સ્નાન આદ્ર સ્નાન અર્થાત્ જળસ્નાનથી શ્રેષ્ઠ હોય છે કારણ કે જળ સ્નાનમાં પ્રાણીઓની હિંસા નિશ્ચિત હોય છે.*

**आर्द्रं तु प्रकृतिं विद्यात् प्रकृतिं बन्धनं विदुः।**
**प्रकृतेस्तु प्रहाणार्थं भस्मना स्नानमिष्यते।।२६।।**

*જળને પ્રકૃતિ સમજવું જોઈએ. (વિદ્વાન લોકો) પ્રકૃતિને બંધન માને છે. આ પ્રકૃતિ અર્થાત્ બંધનનો ત્યાગ કરવાને માટે ભસ્મથી સ્નાન કરવામાં આવે છે.*

**ब्रह्माद्या विबुधाः सर्वे मुनयो नारदादयः।**
**योगिनः सनकाद्याश्च बाणाद्या दानवा अपि।।२७।।**

**भस्मस्नानयुताः सर्वे शिवभक्तिपरायणाः।**
**निर्मुक्तदोषकलिला नित्यशुद्धा भवन्ति हि।।२८।।**

*બ્રહ્મા આદિ દેવતા, નારદ આદિ મુનિગણ, સનક આદિ યોગી, બાણ આદિ રાક્ષસ આ બધા ભસ્મસ્નાનથી યુક્ત અને શિવભક્તિમાં સંલગ્ન થઈને દોષરૂપી કીચડ (અથવા દોષસમૂહ) થી મુક્ત થયા ને હંમેશને માટે શુદ્ધ થઈ ગયા.*

**नमश्शिवायेति भस्म कृत्वा सप्ताभिमन्त्रितम्।**
**उद्धूलयेत्तेन देहं त्रिपुण्ड्रं चापि धारयेत्।।२९।।**

*"ॐ નમઃ શિવાય" આ મંત્રથી ભસ્મને સાત વખત અમન્ત્રિત કરવી. ફરીથી તેના શરીર પર (ઉડાવવું) ઉડાડયા કરવું. સાથે ત્રિપુંડ્ર પણ ધારણ કરવું.*

**सर्वाङ्गोद्धूलनं चापि न समानं त्रिपुण्ड्रकैः।**
**तस्मात् त्रिपुण्ड्रमेवैकं लिखेदुद्धूलनं विना।।३०।।**

*પૂરા શરીરને ભસ્મથી રંગવું પણ ત્રિપુંડ્રના બરાબર નથી હોતું. આ કારણે (જોઈચ્છા ના હોય તો) લેપ કર્યા વગર પણ ત્રિપુંડ્ર ધારણ કરવું જોઈએ.*

**त्रिपुण्ड्रं धारयेन्नित्यं भस्मना सलिलेन च।**
**स्थानेषु पञ्चदशसु शरीरे साधकोत्तमः।।३१।।**

*ઉત્તમ કોટિના સાધકને જોઈએ કે તે દરરોજ ભસ્મ અને પાણી મેળવીને શરીરના પંદર સ્થાનોમાં ત્રિપુંડ્ર ધારણ કરે.*

**उत्तमाङ्गे ललाटे च श्रवणद्वितये तथा।**
**गले भुजद्वये चैव हृदि नाभौ च पृष्ठके।।३२।।**

**बाहुयुग्मे ककुद्देशे मणिबन्धद्वये तथा।**
**त्रिपुण्ड्रं भस्मना धार्यं मूलमन्त्रेण साधकैः।।३३।।**

*ઉત્તમ સાધકવર્ગ મૂળમંત્રનું ઉચ્ચારણ કરતાં મસ્તક, લલાટ, બંને કાન,*

*ગળું, બંનેભુજાઓ, હૃદય, નાભિ, પીઠ, બંને બાહુ, ખભાનો મધ્યભાગ, બંને મણિબંધમાં ભસ્મના દ્વારા ત્રિપુંડ્ર ધારણ કરવું.*

**वामहस्ततले भस्म क्षिप्त्वाच्छाद्यान्यपाणिना।**
**अग्निरित्यादिमन्त्रेण स्पृशन् वाराभिमन्त्र्य च।।३४।।**

**त्रिपुण्ड्रमुक्तस्थानेषु दध्यात् सजलभस्मना।**
**शिवं शिवङ्करं शान्तं स प्राप्नोति न संशय:।।३५।।**

*જે ભક્ત આ પછી ફરીથી જમણા હાથની હથેળીમાં ભસ્મ મુકી ડાબા હાથથી તેને ઢાંકી "અગ્નિરિતિ ભસ્મ....." મંત્રથી જળ દ્વારા અભિમંત્રિત કરી (શરીરના) ઉપરોક્ત સ્થાનો પર જળસહિત ભસ્મથી ત્રિપુંડ્ર ધારણ કરે છે તે શાંત શિવ-શંકરને પ્રાપ્ત કરે છે એમાં સંદેહ નથી.*

**मध्याङ्गुलित्रयेणैव स्वदक्षिणकरस्य तु।**
**षडङ्गुलायतं मानमपि वाऽलिकमानकम्।।३६।।**

*પોતાના ડાબા હાથની તર્જની, મધ્યમા, અનામિકા આ ત્રણે આંગળિયોથી છ આંગળ લાંબુ અથવા મસ્તક જેટલું લાંબુ ત્રિપુંડ્ર મસ્તક ઉપર લગાવવું જોઈએ.*

**नेत्रयुग्मप्रमाणेन फाले दध्यात् त्रिपुण्ड्रकम्।**

**मध्यमानामिकाङ्गुष्ठैरनुलोमविलोमत: ।**
**धारयेद्यस्त्रिपुण्ड्राङ्कं स रुद्रो नात्र संशय:।।३७।।**

*જો મનુષ્ય મધ્યમા, અનામિકા અને અંગૂઠાથી અનુલોમ વિલોમ વિધિથી ઉંધા સીધા ત્રિપુંડ્રને ધારણ કરે છે તે રુદ્ર થઈ જાય છે, એમાં સંદેહ નથી.*

**ऋजु श्वेतमनुव्याप्तं स्निग्धं श्रोत्रप्रमाणकम्।**
**एवं सल्लक्षणोपेतं त्रिपुण्ड्रं सर्वसिद्धिदम्।।३८।।**

*સરળ શ્વેત પરસ્પર અડીને રહેલા ચીકણા તથા કાન સુધી ખેંચાયેલા આ પ્રકારે ઉત્તમ લક્ષણોથી યુક્ત ત્રિપુંડ્ર સર્વસિદ્ધિદાયક હોય છે.*

**प्रात:काले च मध्याह्ने सायाह्ने च त्रिपुण्ड्रकम्।।३९।।**
**कदाचिद्भस्मना कुर्यात् स रुद्रो नात्र संशय:।**
**एवंविधं विभूत्या च कुरुते यस्त्रिपुण्ड्रकम्।।**
**स रौद्रधर्मसंयुक्तस्त्रयीमय इति श्रुति:।।४०।।**

*પ્રાતઃકાળ, મધ્યાહન અને સાયંકાળમાં કોઈ પણ સમયે કમસે કમ એકવાર ભસ્મથી (સ્નાન કરવાવાળા અથવા ત્રિપુંડ્ર ધારણ કરવાવાળો પુરુષ) રુદ્ર થઈ જાય છે, એમાં શકા નથી. આ પ્રકારથી જે ભસ્મથી ત્રિપુંડ્ર લગાવે છે. તે રુદ્રધર્મથી યુક્ત તથા વેદ સ્વરૂપ થઈ જાય છે - એમ શ્રુતિ કહે છે.*

**ब्रह्मा विष्णुश्च रुद्रश्च देवा: शक्रपुरोगमा:।**
**त्रिपुण्ड्रं धारयन्त्येव भस्मना परिकल्पितम्।।४१।।**

**वसिष्ठाद्या महाभागा मुनय: श्रुतिकोविदा:।**
**धारयन्ति सदाकालं त्रिपुण्ड्रं भस्मना कृतम्।।४२।।**

*બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર આદિ દેવતાગણ ભસ્મથી બનાવાયેલા ત્રિપુંડ્રને ધારણ કરે જ છે. વેદશાસ્ત્ર પારંગત વશિષ્ટ આદિ વિદ્વાન ભસ્મથી બનાવાયેલા ત્રિપુંડ્રને સદાકાળ ધારણ કરે છે.*

**शैवागमेषु वेदेषु पुराणेष्वखिलेषु च।**
**स्मृतीतिहासकल्पेषु विहितं भस्मपुण्ड्रकम्।।**
**धारणीयं समस्तानां शैवानां च विशेषत:।।४३।।**

*શૈવાગમ વેદ સમસ્ત પુરાણ સ્મૃતિ ઈતિહાસ તથા કલ્પગ્રંથોમાં ભસ્મપુંડ્રનું વિધાન (વર્ણિત) છે. આથી બધા લોકોએ વિશેષ રૂપથી શૈવો (શિવભક્તો) ને ધારણ કરવા જોઈએ.*

**नास्तिको भिन्नमर्यादो दुराचारपरायण:।**
**भस्मत्रिपुण्ड्रधारी चेन्मुच्यते सर्वकिल्बिषै:।।४४।।**

*નાસ્તિક, શાસ્ત્રીય નિયમોનું ઉલ્લંઘન કરવાવાળો, દુરાચારી પણ જો*

*ભસ્મત્રિપુંડ્રને ધારણ કરવાવાળો હોય તો સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે.*

**भस्मना विहितस्नानस्त्रिपुण्ड्राङ्कितमस्तकः।**
**शिवार्चनपरो नित्यं रुद्राक्षमपि धारयेत्।।४५।।**

*રુદ્રાક્ષસ્થળ ધારણ વર્ણન - જેણે ભસ્મથી સ્નાન કર્યુ હોય, મસ્તક પર ત્રિપુંડ્ર ધારણ કર્યુ હોય તથા દરરોજ શિવની પૂજા કરતા હોય તેણે રુદ્રાક્ષ પણ ધારણ કરવું જોઈએ.*

**रुद्राक्षधारणादेव मुच्यन्ते सर्वपातकैः।**
**दुष्टचित्ता दुराचारा दुष्प्रज्ञा अपि मानवाः।।४६।।**

*દુષિત મનવાળા, દયરાચારી, ભ્રષ્ટબુદ્ધિ મનુષ્ય પણ કેવળ રુદ્રાક્ષધારણથી સર્વ પાપોથી મુક્ત થઈ જાય છે.*

**पुरा त्रिपुरसंहारे त्रिनेत्रो जगतां पतिः।**
**उदपश्यत् पुरां योगमुन्मीलितविलोचनः।।४७।।**

**निपेतुस्तस्य नेत्रेभ्यो बहवो जलबिन्दवः।**
**तेभ्यो जाता हि रुद्राक्षा रुद्राक्षा इति कीर्तिताः।।४८।।**

*પ્રાચીનકાળમાં વિશ્વના સ્વામી ભગવાન શંકરે ત્રિપુર સંહારના સમયે આખ ખોલી યૌગિક દૃષ્ટિ (શાંભવી મુદ્રા)થી (ચિરકાળ સુધી) તેમના યોગને જોયા તો તેમની આંખોમાંથી જે અશ્રુ (ધરતી પર) પડયા તેજ રુદ્રાક્ષ બની ગયા. (અને રુદ્રની આંખોમાંથી ઉત્પન્ન થવાને કારણે આ સંસારમાં) "રુદ્રાક્ષ" નામથી પ્રસિદ્ધ થયા.*

**रुद्रनेत्रसमुन्पन्ना रुद्राक्षा लोकपावनाः।**

**अष्टत्रिंशत्प्रभेदेन भवन्त्युत्पत्तिभेदतः।।४९।।**

*રુદ્રના નેત્રથી ઉત્પન્ન તથા લોકપાવન આ રુદ્રાક્ષ ઉત્પત્તિના ભેદથી અડતાળીસ પ્રકારના હોય છે.*

**नेत्रात्सूर्यात्मनः शम्भोः कपिला द्वादशोदिताः।**
**श्वेताः षोडशसञ्जाताः सोमरूपाद्विलोचनात्।।५०।।**

**कृष्णा दशविधा जाता वह्निरूपाद्विलोचनात्।**
**एवमुत्पत्तिभेदेन रुद्राक्षा बहुधा स्मृता।।५१।।**

*શિવના સૂર્યાત્મક નેત્રથી બાર ભૂરા રંગના (રુદ્રાક્ષ) ઉત્પન્ન થયા એમ કહેવાય છે. ચંદ્રરૂપ નેત્રથી શ્વેત રંગના સોળ રુદ્રાક્ષ ઉત્પન્ન થયા. અગ્નિરૂપ નેત્રથી દશ પ્રકારના શ્યામ રંગના રુદ્રાક્ષ ઉત્પન્ન થયા. આ પ્રમાણે ઉત્પત્તિ ભેદથી રુદ્રાક્ષ અનેક (૧૨+૧૬+૧૦=૩૮) પ્રકારના હોય છે.*

**अच्छिद्रं कनकप्रख्यमनन्यधृतमुत्तमम्।**
**रुद्राक्षं धारयेत् पाज्ञः शिवपूजापरायणः।।५२।।**

*છિદ્ર રહિત અર્થાત્ જેને જીવડાંએ ન ખાધા હોય એવા, સોનાના રંગવાળા તથા જે કોઈએ પણ ન ધારણ કર્યુ હોય તે રુદ્રાક્ષ ઉત્તમ હોય છે. શિવપૂજા પરાયણ બુદ્ધિમાનો એ આવા રુદ્રક્ષ ધારણ કરવા જોઈએ.*

**यथास्थानं यथावक्त्रं यथायोगं यथाविधि।**
**रुद्राक्षधारणं वक्ष्ये रुद्रसायुज्यसिद्धये।।५३।।**

*(હવે હું) શિવસાયુજ્ય ના માટે સ્થાન મુખ શાસ્ત્ર અને વિધાનની દષ્ટિથી રુદ્રાક્ષધારણ માટે કહીશ.*

**शिखायामेकमेकास्यं रुद्राक्षं धारयेद् बुधः।**
**द्वित्रिद्वादशवक्त्राणि शिरसि त्रीणि धारयेत् ।।५४।।**

**षट्त्रिंशद्धारयेन्मूर्ध्नि नित्यमेकादशानान्।**
**दशसप्तपञ्चवक्त्रान् षट षट् कर्णद्वये वहेत्।।५५।।**

**षडष्टवदनान् कण्ठे द्वात्रिंशद्धारयेत् सदा।**
**पञ्चाशद्धारयेद् विद्वान् चतुर्वक्त्राणि वक्षसि।।५६।।**

**त्रयोदशमुखान् बाह्वोर्धरेत् षोडश षोडश।**
**प्रत्येकं द्वादश वहेन्नवास्यान् मणिबन्धयोः।।५७।।**

**चतुर्दशमुखं यज्ञसूत्रमष्टोत्तरं शतम्।**
**धारयेत् सर्वकालं तु रुद्राक्षं शिवपूजकः।।५८।।**

*વિદ્વાન એક એકમુખી રુદ્રાક્ષને શિખામાં ધારણ કરે. બે, ત્રણ, અને બાર મુખી આ ત્રણ પ્રકારના રુદ્રાક્ષોને મસ્તક પર ધારણ કરે. અગિયારમુખી છત્રીસ રુદ્રાક્ષ મસ્તક પર તથા દશ, સાત અને પાંચ મુખવાળા રુદ્રાક્ષોને છ છ ની સંખ્યામાં બંને કાનમાં ધારણ કરવું. છ અને અષ્ટમુખી રુદ્રાક્ષોને બત્રીસની સંખ્યામાં ગળામાં ધારણ કરવું. ચારમુખી પચાસ રુદ્રાક્ષોને વિદ્વાન વક્ષસ્થળ પર ધારણ કરવું. તેર મુખવાળા સોળ સોળ રુદ્રાક્ષ બંને ભુજાઓમાં ધારણ કરવું. નવમુખી રુદ્રાક્ષોને બાર બાર બંને મણિબંધ (કંડાઓમાં) રાખવું. ચૌદમુખી એક સૌ આઠ રુદ્રાક્ષોને શિવાર્ચક બધા સમય યજ્ઞોપવીતના રૂપમાં ધારણ કરવું.*

**एवं रुद्राक्षधारी यः सर्वकाले तु वर्तते।**
**तस्य पापकथा नास्ति मूढस्यापि न संशयः।।५९।।**

*આ પ્રકારે જો બધો સમય રુદ્રાક્ષ ધારણ કરે છે તેવા મૂર્ખ (શાસ્ત્રાનભિજ્ઞ અત એવ નિરંકુશાચારી) ને પણ પાપ લાગતું નથી.*

**ब्रह्महा मद्यपायी च स्वर्णहृद् गुरुतल्पगः।**
**मातृहा पितृहा चैव भ्रूणहा कृतघातकः।।**
**रुद्राक्षधारणादेव मुच्यते सर्वपातकैः।।६०।।**

*બ્રહ્મઘાતી, મદ્યપીનાર, સોનાની ચોરી કરનાર, ગુરુપત્નીની સાથે સમાગમ કરનાર, માતા-પિતા નો હત્યારો, ભ્રૂણહત્યા, કૃતઘ્ન પણ રુદ્રાક્ષધારણના કારણે બધા પાપોથી મુક્ત થઈ જાય છે.*

**दर्शनात् स्पर्शनाच्चैव स्मरणादपि पूजनात्।**
**रुद्राक्षधारणाल्लोके मुच्यन्ते पातकैर्जनाः।।६१।।**

*(રુદ્રાક્ષના) દર્શન, સ્પર્શ, સ્મરણ, પૂજન તથા તેને ધારણ કરવાથી લોકો પાપોથી મુક્ત થઈ જાય છે.*

**ब्राह्मणो वान्त्यजो वापि मूर्खो वा पण्डितोऽपि वा।**
**रुद्राक्षधारणादेव मुच्यते सर्वपातकैः।।६२।।**

*બ્રાહ્મણ હોય કે અત્યંજ, મૂર્ખ હોય અથવા પંડિત કેવળ રુદ્રાક્ષ ધારણ કરવાથી બધા પાપોથી મુક્ત થઈ જાય છે અર્થાત્ સંપૂર્ણ માનવજાતિ રુદ્રાક્ષ ધારણને અધિકારી છે.*

**गवां कोटिप्रदानस्य यत्फलं भुवि लभ्यते।**
**तत्फलं लभते मर्त्यो नित्यं रुद्राक्षधारणात्।।६३।।**

*પૃત્વી પર એક કરોડ ગાય આપવાથી જે ફળ પ્રાપ્ત થાય છે મનુષ્ય રુદ્રાક્ષને નિત્ય ધારણ કરવાથી તેવું ફળ પ્રાપ્ત કરે છે.*

**मृत्युकाले च रुद्राक्षं निष्पीड्य सह वारिणा।**
**यः पिबेच्चिन्तयन् रुद्रं रुद्रलोकं स गच्छति।।६४।।**

*મૃત્યુના સમયે રુદ્રાક્ષને પાણીમાં ઘસીને જે રુદ્રનું ધ્યાન કરતાં તેને પીએ છે તેને રુદ્રલોક પ્રાપ્ત થાય છે.*

**भस्मोद्धूलितसर्वाङ्गा धृतरुद्राक्षमालिकाः।**
**ये भवन्ति महात्मानस्ते रुद्रा नात्र संशयः।।६५।।**

*જે લોકો પૂરા શરીરમાં ભસ્મ લગાવી અને રુદ્રાક્ષની માળા ધારણ કરી રાખે છે તે મહાત્મા રુદ્ર જ છે એમાં કોઈ સંશય નથી.*

**नित्यानि काम्यानि निमित्तजानि कर्माणि सर्वाणि सदापि कुर्वन्।**
**योऽभस्मरुद्राक्षधरो यदि स्याद् द्विजो न तस्यास्ति फलोपपत्तिः।।६६।।**

*નિત્ય અને નિમિત્ત સર્વ કર્મને સદા કરવા છતાં જો દ્વિજ ભસ્મ તથા રુદ્રાક્ષ ધારણ કરવાવાળા હોય છે તેમને (તેમના) કર્મનું ફળ ભોગવવું પડતું નથી (અર્થાત્ તે મુક્ત થઈ જાય છે.)*

**सर्वेषु वर्णाश्रमसंगतेषु नित्यं सदाचारपरायणेषु।**
**श्रुतिस्मृतिभ्यामिह चोद्यमानो विभूतिरुद्राक्षधरः समानः।।६७।।**

*સર્વ વર્ણાશ્રમવાળા તથા નિત્ય સદાચારમાં મગ્ન લોકોના મધ્ય ભસ્મ અને રુદ્રાક્ષ ધારણ કરવાવાળા શ્રુતિ અને સ્મૃતિના દ્વારા સમાન રૂપથી આદરણીય હોય છે.*

******

## આઠમો પરિચ્છેદ

### પંચાક્ષરીજપ પ્રસંગ

**धृतश्रीभूतिरुद्राक्षः प्रयतो लिङ्गधारकः।**
**जपेत्पञ्चाक्षरीविद्यां शिवतत्त्वप्रबोधिनीम्।।१।।**

*પંચાક્ષરજપ સ્થળવર્ણન - વિભૂતિ અને રુદ્રાક્ષ ધારણ કરવાવાળા, પવિત્ર તથા લિંગનો ધારક મનુષ્ય શિવતત્વનું જ્ઞાન કરાવવાવાળી પંચાક્ષરી વિદ્યા (=પંચાક્ષર મંત્ર =ૐ નમઃ શિવાય) નો જાપ કરવો.*

**शिवतत्त्वात् परं नास्ति यथा तत्त्वान्तरं महत्।**
**तथा पञ्चाक्षरीमन्त्रान्नास्ति मन्त्रान्तरं महत्।।२।।**

*જે પ્રકારે શિવ તત્વથી વધારે કોઈ અન્ય તત્વ નથી. તેવી જ રીતે પંચાક્ષર મંત્રથી વધારે કોઈ બીજો મંત્ર નથી.*

**ज्ञाते पञ्चाक्षरीमन्त्रे किं वा मन्त्रान्तरैः फलम्।**
**ज्ञाते शिवे जगन्मूले किं फलं देवतान्तरैः।।३।।**

*પંચાક્ષર મંત્રનું જ્ઞાન થવાથી અન્ય મંત્રનો શો લાભ ? સંસારના કારણભૂત શિવનું જ્ઞાન થવાથી અન્ય દેવતાઓના જ્ઞાનનો શું ફળ (અર્થાત્ કંઈ નહીં)*

**सप्तकोटिषु मन्त्रेषु मन्त्रः पञ्चाक्षरो महान्।**
**ब्रह्मविष्ण्वादिदेवेषु यथा शम्भुर्महत्तरः।।४।।**

*સાત કરોડ મંત્રમાં આ પંચાક્ષર મંત્ર એવી રીતે મહાન છે જેવી રીતે બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવોમાં શિવ મહાન છે.*

**अशेषजगतां हेतुः परमात्मा महेश्वरः।**
**तस्य वाचकमन्त्रोऽयं सर्वमन्त्रैककारणम्।।५।।**

*સંપૂર્ણ વિશ્વનું કારણ પરમાત્મા શિવ છે. તેમનો વાચક આ મંત્ર સમસ્ત મંત્રોનો એકમાત્ર હેતુ છે.*

**तस्याभिधानमन्त्रोऽयमभिधेयश्च स स्मृतः।**
**अभिधानाभिधेयत्वान्मन्त्रात् सिद्धः परः शिवः।।६।।**

*આ મંત્ર તેમનો વાચક છે. તે આ (મંત્ર) ના વાચ્યા કહેવાયા છે. વાચક વાચ્ય સંબંધ હોવાથી મંત્રથી પરમશિવની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.*

**नमःशब्दं वदेत्पूर्वं शिवायेति ततः परम्।**
**मन्त्रः पञ्चाक्षरो ह्येष सर्वश्रुतिशिरोगतः।।७।।**

*પહેલા "નમઃ" શબ્દ કહેવો જોઈએ. ત્યાર બાદ "શિવ" તે પંચાક્ષર મંત્ર જે સમસ્ત વેદનું મસ્તક છે.*

**आदितः परिशुद्धत्वान्मलत्रयवियोगतः।**
**शिव इत्युच्यते शम्भुश्चिदानन्दघनः प्रभुः।।८।।**

*ચિદાનંદ ભગવાન શિવ પ્રારંભથી જ શુદ્ધ તથા (આણવ માયીય કાર્મ નામના) ત્રણ મલોથી રહિત હોવાના કારણે શિવ કહેવાય છે.*

**आस्पदत्वादशेषाणां मङ्गलानां विशेषतः।**
**शिवशब्दाभिधेयो हि देवदेवस्त्रियम्बकः।।९।।**

*વિશેષ રૂપથી બધા મંગલોનું સ્થાન હોવાના કારણે આ દેવાધિદેવ ભગવાન ભગવાન ત્ર્યંબક શિવ શબ્દના વાચ્ય છે.*

**शिव इत्यक्षरद्वन्द्वं परब्रह्मप्रकाशकम्।**
**मुख्यवृत्त्या तदन्येषां शब्दानां गुणवृत्तयः।।१०।।**

*"શિવ" આ બે અક્ષરોનો સમુચ્ચય મુખ્ય વૃતિ અર્થાત્ અભિધાન દ્વારા પરબ્રહ્મના પ્રકાશક છે. એનાથી અન્ય શબ્દોના તે લક્ષણાના દ્વારા વાચ્ય હોય છે.*

**तस्मान्मुख्यतरं नाम शिव इत्यक्षरद्वयम्।**
**सच्चिदानन्दरूपस्य शम्भोरमिततेजसः।।११।।**

*આ કારણથી "શિવ" આ બે અક્ષર સચ્ચિદાનંદસ્વરૂપ અસીમ તેજસ્વી શંભુ નું મુખ્યતર નામ છે.*

**एतन्नामावलम्बेन मन्त्रः पञ्चाक्षरः स्मृतः।**

**यस्मादतः सदा जप्यो मोक्षकाङ्क्षिभिरादरात्।।१२।।**

**यथाऽनादिर्महादेवः सिद्धः संसारमोचकः।**
**तथा पञ्चाक्षरो मन्त्रः संसारक्षयकारकः।।१३।।**

*આ નામનું અવલંબન કરવાને કારણે ઉપરોક્ત મંત્ર "પંચાક્ષર" કહેવાય છે. એટલા માટે મોક્ષાર્થીજનોના દ્વારા તેનો આદર સહિત જપ કરવો જોઈએ. જે પ્રકારે અનાદિ મહાદેવ સંસારના મોચકના રૂપમાં સિદ્ધ (પ્રસિદ્ધ) છે તેવી જ રીતે આ પંચાક્ષર મંત્ર પણ સંસારનો નાશ કરનાર છે.*

**पञ्चभूतानि सर्वाणि पञ्चतन्मात्रकाणि च।**
**ज्ञानेन्द्रियाणि पञ्चापि पञ्चकर्मेन्द्रियाणि च।।१४।।**

**पञ्चब्रह्माणि पञ्चापि कृत्यानि सह कारणैः।**
**बोध्यानि पञ्चभिर्वर्णैः पञ्चाक्षरमहामनोः।।१५।।**

*આ પંચાક્ષર મહામંત્રથી પંચમહાભૂત, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પંચ બ્રહ્મ (-બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર, ઈશ્વર અને સદાશિવ પંચસાદાખ્ય - સદ્યોજાત તત્પુરુષ વામદેવ ઘોર અને ઈશાન) તથા આ પાંચ કારણોના સાથે પંચકૃત્ય (સૃષ્ટિ, સ્થિતિ, સંહાર, નિગ્રહ અને અનુગ્રહ) સમજવું જોઈએ.*

**पञ्चधा पञ्चधा यानि प्रसिद्धानि विशेषतः।**
**तानि सर्वाणि वस्तूनि पञ्चाक्षरमयानि हि।।१६।।**

*વિશેષ રૂપથી પાંચ પાંચ કરીને જેટલી વસ્તુઓ પ્રસિદ્ધ છે તે બધી પંચાક્ષરમય છે.*

**ओंकारपूर्वो मन्त्रोऽयं पञ्चाक्षरमयः परः।**
**शैवागमेषु वेदेषु षडक्षर इति स्मृतः।।१७।।**

*પાંચ અક્ષરોવાળો આ ઉત્કૃષ્ટ મંત્ર પહેલા ૐકાર જોડવાથી કેવળ ચિદાનંદ મહાદેવનું ઉચ્ચારણ થાય છે.*

**मन्त्रस्यास्यादिभूतेन प्रणवेन महामनोः।**
**प्रबोध्यते महादेवः केवलश्चित्सुखात्मकः।।१८।।**

*(આ) મહામંત્ર અને સ્થાપના ના પહેલા ૐકાર જોડવાથી કેવળ ચિદાનંદ મહાદેવનું ઉચ્ચારણ થાય છે.*

**प्रणवेनैकवर्णेन परब्रह्म प्रकाश्यते।**
**अद्वितीयं परानन्दं शिवाख्यं निष्प्रपञ्चकम्।।१९।।**

*એક વર્ણ વાળા પરમેશ્વરથી અદ્વિતિય પરાનંદસ્વરૂપ પ્રપંચરહિત શિવ નામક પરબ્રહ્મ પ્રકાશિત હોય છે.*

**परमात्ममनुर्ज्ञेयः सोऽहंरूपः सनातनः।**
**जायते हंसयोर्लोपादोमित्येकाक्षरो मनुः।।२०।।**

*"સોહમ્" ને (સનાતન) પરમાત્માના સનાતન મંત્ર માનવ જોઈએ. "સોહમ્" માંથી "હ" અને "સ" નો લોપ થવાથી ઓહમ્ બચે છે. આ એક અક્ષરવાળો મંત્ર છે.*

**प्रणवेनैव मन्त्रेण बोध्यते निष्कलः शिवः।**
**पञ्चाक्षरेण मन्त्रेण पञ्चब्रह्मतनुस्तथा।।२१।।**

*પ્રણવમંત્રથી કેવળ નિષ્કલ શિવનું જ્ઞાન હોય છે. પંચાક્ષર મંત્રથી પંચ બ્રહ્માત્મક શરીર રૂપી શિવનું જ્ઞાન થાય છે.*

**निष्कलः संविदाकारः सकलो विश्वमूर्तितः।**
**उभयात्मा शिवो मन्त्रे षडक्षरमये स्थितः।।२२।।**

*જ્યાં સુધી ષડક્ષર મંત્રનો પ્રશ્ન છે તેમાં જ્ઞાન નિષ્કલ તથા વિશ્વમૂર્તિ સકલ બંને પ્રકાર શિવરૂપ આમાં સ્થિત છે.*

**मूलं विद्या शिवः शैवं सूत्रं पञ्चाक्षरस्तथा।**
**एतानि नामधेयानि कीर्तितानि महामनोः।।२३।।**

*આ મહામંત્રનું મૂળ વિદ્યા શિવ, શૈવસૂત્ર અને પંચાક્ષર આ પાંચ નામ કહેવાયા છે.*

**पञ्चाक्षरीमिमां विद्यां प्रणवेन षडक्षरीम्।**
**जपेत् समाहितो भूत्वा शिवपूजापरायणः।।२४।।**

*શિવપૂજામાં રત મનુષ્ય પ્રણવની સાથે અર્થાત્ પ્રણવને જોડીને છ અક્ષરોવાળા આ પંચાક્ષરી વિદ્યાના જપ સાવધાન ચિત્ત થઈને કરવું.*

**प्राणायामत्रयं कृत्वा प्राङ्मुखेदङ्मुखोऽपि वा।**
**चिन्तयन् हृदयामभोजे देवदेवं त्रियम्बकम्।।२५।।**

**सर्वालङ्कारसंयुक्तं साम्बं चन्द्रार्धशेखरम्।**
**जपेदेतां महाविद्यां शिवरूपामनन्यधीः।।२६।।**

*પૂર્વાભિમુખ અથવા ઉત્તરાભિમુખ બેસીને ત્રણ પ્રાણાયામ કર્યા પછી સાધક પોતાના હૃદયકમળમાં પહેલા સર્વલંકારયુક્ત પાર્વતીસહિત ત્રણ નેત્રવાળા ભગવાન ચંદ્રચૂડનું ધ્યાન ધરવું. ત્યાર પછી એકાગ્રચિત્ત થઈને આ શિવરૂપા મહાવિદ્યાના જાપ કરવા.*

**जपस्तु त्रिविधः प्रोक्तो वाचिकोपांशुमानसः।**
**श्रूयते यस्तु पार्श्वस्थैर्यथावर्णसमन्वयम्।।२७।।**

**वाचिकः च तु विज्ञेयः सर्वापाशप्रभञ्जनः।**
**ईषत्स्पृष्ट्वाधरपुटं यो मन्दमभिधीयते।।२८।।**

**पार्श्वस्थैसश्रुतः सोऽयमुपांशुः परिकीर्तितः।**
**अस्पृष्ट्वाधरमस्पन्दि जिह्वाग्रं योऽन्तरात्मना।।**
**भाव्यते वर्णरूपेण स मानस इति स्मृतः।।२९।।**

*જપ ત્રણ પ્રકારના બતાવવામાં આવ્યા છે - વાચિક, ઉપાંશુ અને માનસ. જે પાપમાં બેઠેલા લોકોના દ્વારા વર્ણક્રમાનુસાર સાંભળી શકાય, સર્વ પાપોના નાશક તે પ્રકારના જપને વાચિક જપ સમજવું જોઈએ. બંને હોઠોને સ્પર્શતાં જે ધીમે ધીમે કહેવાય છે તથા નજીકના લોકો તેને નહીં સાંભળી શકે, તે ઉપાંશુ જપ કહેવાય છે. જેમાં બંને હોઠ સ્પર્શતા નથી હોતા મુખની અંદર જીભ પણ હલતી નથી તથા જેની વર્ણરૂપની અંદર અંદર ભાવના કરવામાં આવે છે, તે માનસજપ કહેવામાં આવે છે.*

**यावन्तः कर्मयज्ञाद्या व्रतदानतपांसि च।**
**सर्वे ते जपयज्ञस्य कलां नार्हन्ति षोडशीम्।।३०।।**

*જેટલા કર્મયજ્ઞ વગેરે છે, જેટલા વ્રત, દાન અને તપરૂપ યજ્ઞ છે તે બધા જપ યજ્ઞની સોળમી કળાના પણ બરાબર નથી.*

**माहात्म्यं वाचिकस्यैतज्जपयज्ञस्य कीर्तितम्।**
**तस्माच्छतगुणोपांशुः सहस्रो मानसः स्मृतः।।३१।।**

*આ માહાત્મ્ય વાચિક જપ યજ્ઞનું બતાવવામાં આવ્યું છે. તેનાથી સો ગણું શ્રેષ્ઠ ઉપાંશુ તથા હજાર ગણું હજાર ગણું શ્રેષ્ઠ માનસ જપ માનવામાં (કહેવામાં) આવે છે.*

**वाचिकात् तदुपांशोश्च जपादस्य महामनोः।**
**मानसो हि जपः श्रेष्ठ घोरसंसारनाशकः।।३२।।**

*આ મહામંત્ર ના વાચિક તથા ઉપાંશુની અપેક્ષા માનસ જપ શ્રેષ્ઠ છે. તે જડ સંસારનો નાશ કરવાવાળો છે.*

**एतेष्वेतेन विधिना यथाभावं यथाक्रमम्।**
**जपेत् पञ्चाक्षरीमेतां विद्यां पाशविमुवतये।।३३।।**

*આ ત્રણે પ્રકારોમાંથી કોઈ પણ પ્રકારે ભક્તિભાવનાની સાથે બતાવવામાં આવેલા કર્મથી ભવપાશમાંથી મુક્ત મેળવવાને માટે આ પંચાક્ષર મંત્ર ના જપ કરવા જોઈએ.*

**अनेन मूलमन्त्रेण शिवगिङ्गं प्रपूजयेत्।**
**नित्यं नियमसम्पन्नः प्रयतात्मा शिवात्मकः।।३४।।**

*શિવના ભક્તને જોઈએ કે તે વિશુદ્ધ ચિત્તવાળા થઈને નિયમાનુસાર આ મૂળમંત્રથી શિવલિંગનું નિત્ય પૂજન કરવું.*

**भक्त्या पञ्चाक्षरेणैव यः शिवं सकृदर्चयेत्।**
**सोऽपि गच्छेच्छिवस्थानं मन्त्रस्यास्यैव गौरवात् ।।३५।।**

*જો આ પંચાક્ષર મંત્રથી ભક્તિપૂર્વક શિવની એક વાર પૂજા કરે છે તો પણ આ મંત્રના મહિમાથી શિવસ્થાનને જાય છે.*

**अब्भक्षा वायुभक्षाश्च ये चान्ये व्रतकर्शिताः।**
**तेषामेतैर्व्रतैर्नास्ति शिवलोकसमागमः।।३६।।**

*જે લોકો કેવળ જળ પીને અથવા વાયુનું સેવન કરી વ્રત કરતાં હોય છે અથવા અન્ય પ્રકારના વ્રત કરવાવાળા હોય છે તેમને આ વ્રતોથી શિવલોકની પ્રાપ્તિ નથી થતી.*

**तस्मात्तपांसि यज्ञाश्च व्रतानि नियमास्तथा।**
**पञ्चाक्षरार्चनस्यैते कोट्यंशेनापि नो समाः।।३७।।**

*આ કારણે તપસ્યા યજ્ઞ નિયમ વ્રત આ બધુ પંચાક્ષર મંત્રથી (દ્વારા શિવનું) પૂજન અને જપના કરોડમાં ભગા બરાબર નથી.*

**अशुद्धो वा विशुद्धो वा सकृत् पञ्चाक्षरेण यः।**
**पूजयेत् पतितो वापि मुच्यते नात्र संशयः।।३८।।**

*અશુદ્ધ હોય કે વિશુદ્ધ (અર્થાત્ જન્મથી અશુદ્ધ હોય અથવા પછીથી અશુદ્ધ થઈ ગયા હોય) અથવા પતિત હોય, એકવાર પંચાક્ષરથી જો (શિવ) ની અર્ચના કરે છે તે મુક્ત થઈ જાય છે, એમાં શંકા નથી.*

**सकृदुच्चारमात्रेण पञ्चाक्षरमहामनोः।**
**सर्वेषामपि जन्तूनां सर्वपापक्षयो भवेत्।।३९।।**

*પંચાક્ષર મહામંત્રનો કેવળ એકવાર ઉચ્ચાર કરવાથી તે સમસ્ત જીવોનો પાપક્ષય થઈ જાય છે.*

**अन्येऽपि बहवो मन्त्रा विद्यन्ते सकलागमे।**
**भूयो भूयः समभ्यासात् पुरुषार्थप्रदायिनः।।४०।।**

**एष मन्त्रो महाशक्तिरीश्वरप्रतिपादकः।**
**सकृदुच्चारणादेव सर्वसिद्धिप्रदायकः।।४१।।**

*સમસ્ત આગમોમાં બીજા પણ ઘણા મંત્રો છે, પરંતુ તે વારંવાર અભ્યાસ કરવાથી જ ફળ આપે છે. આ મંત્ર મહાશક્તિસંપન્ન અને ઈશ્વર ના વાચક છે. એટલા માટે એકવાર ઉચ્ચારણ માત્રથી આ સર્વ સિદ્ધિઓને આપે છે.*

**पञ्चाक्षरीं समुच्चार्य पुष्पं लिङ्गे विनिक्षिपेत्।**
**यस्तस्य वाजपेयानां सहस्रफलमिष्यते।।४२।।**

*જો મનુષ્ય પંચાક્ષર મંત્રનો ઉચ્ચાર કરતાં શિવલિંગના ઉપર પુષ્પ ચઢાવે છે તેને હજાર વાજપેય યજ્ઞનું ફળ મળે છે.*

**अग्निहोत्रं त्रयो वेदा यज्ञाश्च बहुदक्षिणाः।**
**पञ्चाक्षरजपस्यैते कोट्यंशेनापि नो समाः।।४३।।**

*અગ્નિહોત્ર ત્રણે વેદો (નો સ્વાધ્યાય) મોટી દક્ષિણાવાળા યજ્ઞ આ બધા પંચાક્ષર જપના કરોડમાં ભાગ બરાબર પણ નથી.*

**पुरा सानन्दयोगीन्द्रः शिवज्ञानपरायणः।**
**पञ्चाक्षरं समुच्चार्य नारकानुदतारयत्।।४४।।**

*પ્રાચીનકાળમાં શિવજ્ઞાનપરાયણ સાનંદ યોગીન્દ્રએ પંચાક્ષર મંત્રનું ઉચ્ચારણ કરીને અઠયાવીસ કરોડ નરકવાસીઓનો ઉદ્ધાર કર્યો.*

**सिद्ध्या पञ्चाक्षरस्यास्य शतानन्दः पुरा मुनिः।**
**नरकं स्वर्गमकरोत् सङ्गिरस्यापि पापिनः।।४५।।**

*પ્રાચીનકાળમાં શતાનંદ નામના મુનિએ આ પંચાક્ષરની સિદ્ધિના દ્વારા સઙ્ગિર નામના પાપીના નરકને સ્વર્ગ બનાવી દીધું.*

**उपमन्युः पुरा योगी मन्त्रेणानेन सिद्धिमान्।**
**लब्धवान् परमेशनाच्छैवशास्त्रप्रवक्तृताम्।।४६।।**

*પ્રાચીનકાળમાં ઉપમન્યુ દ્વારા યોગી આ મંત્રથી સિદ્ધિને પ્રાપ્ત કરી પરમેશ્વર પાસેથી શૈવશાસ્ત્રની પ્રવત્તકૃતાને પ્રાપ્ત કરી.*

**वसिष्ठवामदेवाद्या मुनयो मुक्तकिल्बिषाः।**
**मन्त्रेणानेन संसिद्धा महातेजस्विनोऽभवन्।।४७।।**

*આ મંત્રના દ્વારા વશિષ્ટ, વામદેવ આદિ મુનિ પાપરહિત થઈને પૂર્ણ સિદ્ધ અને મહાતેજસ્વી થઈ ગયા.*

**ब्रह्मादीनां च देवानां जगत्सृष्ट्यदिकर्मणि।**
**मन्त्रस्यास्यैव माहत्म्यात् सामर्थ्यमुपाजायते।।४८।।**

*જગતની સૃષ્ટિ આદિ (સ્થિતિ અને સંહાર) કાર્યોમાં બ્રહ્મા આદિ (વિષ્ણુ, રુદ્ર) નું સામર્થ્ય આ જ મંત્રના મહિમાથી થાય છે.*

**किमिह बहुभिरुक्तैर्मन्त्रमेवं महात्मा**
**प्रणवसहितमादौ यस्तु पञ्चाक्षराख्यम्।**
**जपति परमभक्त्या पूजयन् देवदेवं**
**स गतदुरितबन्धो मोक्षलक्ष्मीं प्रयाति।।४९।।**

*અને વધારે કહેવાથી શો લાભ ? જો મહાત્મા પ્રણવ યુક્ત આ પંચાક્ષર નામના મંત્રનો પરમ ભક્તિની સાતે દેવાધિદેવ ભગવાન શંકરની પૂજા કરતાં આ જપ કરે છે તે પાપરૂપી બંધનનો નાશ કરી મોક્ષરૂપી ઐશ્વર્યને પ્રાપ્ત કરે છે.*

******

## નવમો પરિચ્છેદ

### ભક્તમાર્ગીક્રિયાસ્થલમ્

**भूतिरुद्राक्षसंयुक्तो लिङ्गधारी सदाशिवः।**
**पञ्चाक्षरजपोद्योगी शिवभक्त इति स्मृतः।।१।।**

*ભસ્મ અને રુદ્રાક્ષથી સંયુક્ત લિંગધારી સદાશિવ પંચાક્ષરના જપમાં લીન રહે છે. આ કારણથી તેઓ શિવભક્ત કહેવાયા છે અથવા જે વ્યક્તિ સદા શિવપંચાક્ષર જપનો ઉદ્યમી છે તે શિવભક્ત માનવામાં આવ્યા છે.*

**श्रवणं कीर्तनं शम्भोः स्मरणं पादसेवनम्।**
**अर्चनं वन्दनं दास्यं सख्यमात्मनिवेदनम्।।२।।**

**एवं नवविधा भक्तिः प्रोक्ता देवेन शम्भुना।**
**दुर्लभा पापिनां लोके सुलभा पुण्यकर्मणाम्।।३।।**

*ભગવાન શંકર (ની કથા)નું શ્રવણ, તેમનું સ્મરણ, તેમના પગની પૂજા, અર્ચના, વંદના કરવું, પોતાને તેમનો દાસ સમજવું, તેમને પોતાનો મિત્ર માનવું, પોતાને પૂર્ણરૂપથી તેમના માટે સમર્પિત કરી દેવું - આ પ્રકારે ભગવાન શંભુએ નવ પ્રકારની ભક્તિનું વર્ણન કર્યુ છે. (આ ભક્તિ) સંસારમાં પાપીઓના માટે દુર્લભ અને પુણ્યકર્મ લોકોના માટે સુલભ છે.*

**अधमे चोत्तमे वापि यत्र कुत्रचिदूर्जिता।**
**वर्तते शाङ्करी भक्तिः स भक्त इति गीयते।।४।।**

*અધમ અથવા ઉત્તમ જે કોઈ પણ (વ્યક્તિ)માં ભગવાન શંકરની ભક્તિ તીવ્ર હોય છે તે ભક્ત કહેવાય છે.*

**भक्तिः स्थिरीकृता यस्मिन् म्लेच्छे वा द्विजसत्तमे।**
**शम्भोः प्रियः स विप्रश्च न प्रियो भक्तिवर्जितः।।५।।**

*જે મ્લેચ્છ અથવા ઉત્તમ બ્રાહ્મણમાં ભક્તિ સ્થિર હોય છે. તે મ્લેચ્છ અથવા બ્રાહ્મણ શિવના પ્રિય હોય છે, જે ભક્તિથી રહિત હોય છે, તે પ્રિય નથી.*

**सा भक्तिर्द्विविधा ज्ञेया बाह्याभ्यन्तरभेदतः।**
**बाह्या स्थूलान्तरा सूक्ष्मा वीरमाहेश्वरादृता।।६।।**

*તે ભક્તિ બાહ્ય-અજયંતર ભેદથી બે પ્રકારની જાણવી જોઈએ. સ્થૂળ ભક્તિ બાહ્યપ્રકારની કહેવાય છે. સૂક્ષ્મ ભક્તિ આંતરિક કહેવાય છે. (આ સૂક્ષ્મ ભક્તિ) વધારે આદરણીય હોય છે. (અથવા વીર મહેશ્વરના દ્વારા આદરને પ્રાપ્ત ભક્તિ બાહ્ય અને આંતરિક ભેદથી બે પ્રકારની હોય છે. (બાહ્ય ભક્તિ સ્થૂળ અને આંતર ભક્તિ સૂક્ષ્મ હોય છે.)*

**सिंहासने शुद्धदेशे सुरम्ये रत्नचित्रिते।**
**शिवलिङ्गस्य पूजा या सा बाह्या भक्तिरुच्यते।।७।।**

*શુદ્ધ અને રમણીય સ્થાનમાં રત્નજડિત સિંહાસનના ઉપર શિવલિંગની જે પૂજા કરવામાં આવે છે. તે બાહ્ય ભક્તિ કહેવાય છે.*

**लिङ्गे प्राणं समाधाय प्राणे लिङ्गं तु शाम्भवम्।**
**स्वस्थं मनस्तथा कृत्वा न किञ्चिच्चिन्तयेद् यदि।।८।।**

**साऽऽभ्यन्तरा भक्तिरिति प्रोच्यते शिवयोगिभिः।**
**सा यस्मिन् वर्तते तस्य जीवनं भ्रष्टबीजवत्।।९।।**

*લિંગમાં પ્રાણ અને પ્રાણમાં લિંગને સમાહિત કરી મનને સ્વસ્થ રાખીને સાધક જો (શિવ સિવાય પણ) કોઈ અન્યનું ધ્યાન કરતા નથી તો શિવયોગી લોક તેને આભ્યતંરા ભક્તિ કહે છે. આવી ભક્તિ જેના અંદર હોય છે તેમનું જીવન શેકેલા બીજના સમાન હોય છે. (અર્થાત્ જેવી રીતે શેકેલા બીજમાં અંકુરણ નથી થતું તેવી જ રીતે તેમનો પુર્નજન્મ થતો નથી.)*

**बहुनात्र किमुक्तेन गुह्यात् गुह्यतरा परा।**
**शिवभक्तिर्न सन्देहस्तया युक्तो विमुच्यते।।१०।।**

*આ વિષયમાં બહુ કહેવાથી શો લાભ ? શિવભક્તિ તથા ગૂઢ કરતાં અધિકગૂઢ છે. તેનાથી યુક્ત મનુષ્ય મુક્ત થઈ જાય છે, એમાં કોઈ પ્રકારનો સંદેહ નથી.*

**प्रसादादेव सा भक्तिः प्रसादो भक्तिसम्भवः।**
**यथैवाङ्कुरतो बीजं बीजतो वा यथाङ्कुरः।।११।।**

*તે ભક્તિ પ્રસાદ અર્થાત્ કૃપાથી મળે છે. પ્રસાદ ભક્તિથી ઉત્પન્ન થાય છે. જે પ્રકારે બીજમાંથી અંકુર તથા અંકુરમાંથી બીજ ઉત્પન્ન થાય છે. (એવી જ રીતનો સંબંધ ભક્તિ અને કૃપામાં છે અર્થાત્ બંને અનાદિ છે.)*

**प्रसादपूर्विका येयं भक्तिर्मुक्तिविधायिनी।**
**नैव सा शक्यते प्राप्तुं नरैरेकेन जन्मना।।१२।।**

*જે ભક્તિ પ્રસાદના પછી મળે છે તે મુક્તિપ્રદાન કરે છે. આ પ્રકારની ભક્તિ મનુષ્ય લોક એક જન્મમાં પ્રાપ્ત કરી શકતા નથી.*

**अनेकजन्मशुद्धानां श्रौतस्मार्तानुवर्तिनाम्।**
**विरक्तानां प्रबुद्धानां प्रसीदति महेश्वरः।।१३।।**

*જે લોકો અનેક જન્મોમાં (ઉત્તમ કર્મ કરીને) શુદ્ધ હોય છે. વેદ, પુરાણ સ્મૃતિના દ્વારા નિર્દિષ્ટ માર્ગ પર ચાલે છે, વિરાગયુક્ત તથા જ્ઞાની છે. પરમેશ્વર તેમની ઉપર જ કૃપા કરે છે.*

**प्रसन्ने सति मुक्तोऽभून्मुक्तः शिवसमो भवेत्।**
**अल्पभक्त्यापि यो मर्त्यस्तस्य जन्मत्रयात्परम्।।१४।।**

*(શિવના) પ્રસન્ન થવાથી મનુષ્ય મુક્ત થઈ જાય છે. મુક્ત થઈને શિવના સમાન થઈ જાય છે. જે મનુષ્ય થોડીક પણ ભક્તિથી યુક્ત હોય છે. તેમને ત્રણ જન્મ પછી પરમ (અર્થાત્ મુક્તિ)ની પ્રાપ્તિ થઈ જાય છે.*

**न योनियन्त्रपीडा वै भवेन्नैवात्र संशयः।**
**साङ्गाऽन्यूना च या सेवा सा भक्तिरिति कथ्यते।।१५।।**

*(આવા શિવભક્તને) ગર્ભવાસનું દુઃખ સહન કરવું પડતું નથી એમાં શંકા નથી. પૂર્વોક્ત નવ પ્રકારના અંગોપાંગના સહિત જે થોડી સેવા છે તે અલ્પભક્તિ કહેવાય છે.*

**सा पुनर्भिद्यते त्रेधा मनोवाक्कायसाधनैः।**
**शिवरूपादिचिन्ता या सा सेवा मानसी स्मृता।।१६।।**
**जपादि वाचिकी सेवा कर्मपूजा च कायिकी।**

*મન, વાણી અને શરીરરૂપી ત્રણ સાધનોના આધાર પર તે ભક્તિ ફરી (માનસિક, વાચિક અને દૈહિક ભેદથી) ત્રણ પ્રકારની હોય છે. શિવના રૂપ આદિ (રંગ, સ્થાન, આભરણ, વાહન, ગુણ, લીલા આદિ) નું ચિંતન માનસી સેવા કહેવાય છે. જપ આદિ વાચિકી સેવા કર્મના દ્વારા પૂજા કાયિક ભક્તિ છે.*

**बाह्यमाभ्यन्तरं चैव बाह्याभ्यन्तरमेव च।।१७।।**
**मनोवाक्कायभेदैश्च त्रिधा तद्भजनं विदुः।**

*વિદ્વાન લોક મન, વાણી અને શરીરથી ત્રણ પ્રકારની ભક્તિ માને છે. તે ભક્તિ બાહ્ય આંતરિક તથા બાહ્યાભ્યંતર ભેદથી ત્રણ પ્રકારની છે.*

**मनो महेशध्यानाढ्यं नान्यध्यानरतं मनः।।१८।।**
**शिवनामरता वाणी वाङ्मता चैव नेतरा ।**

**लिङ्गैः शिवस्य चोद्दिष्टैस्त्रिपुण्ड्रादिभिरङ्कितः।।१९।।**
**शिवोपचारनिरतः कायः कायो न चेतरः।**

*મન મહેશ્વરના ધ્યાનથી ભર્યું રહે નહિ કોઈ અન્યના ધ્યાનથી, વાણી શિવના નામનો જ જપ કીર્તન કરે અન્ય નામનું નહિ, શાસ્ત્રોમાં વર્ણવેલ ત્રિપુંડ આદિ શિવના લિંગથી યુક્ત શિવની પૂજામાં રત શરીર હોય નહિ કે અન્ય વ્યાપારમાં આસક્ત. (તો આ માનસિક, વાચિક અને કાયિક ભક્તિ હોય છે.)* २०११

**अन्यात्मविदितं बाह्यं शम्भोरभ्यर्चनादिकम्।**
**तदेव तु स्वसंवेद्यमाभ्यन्तरमुदाहृतम्।**
**मनो महेशप्रवणं बाह्याभ्यन्तरमुच्यते।।२०।।**

*શિવના જે અભ્યર્ચન આદિના બીજા લોક પણ જાણતા હોય દેખતા હોય તે બાહ્ય પૂજા હોય છે. પોતાના મનમાં પોતાના દ્વારા કરવામાં આવેલી પૂજા જેને કેવળ પૂજક જ જાણે છે, આ આભ્યન્તર પૂજા કહેવાઈ છે. પોતાના મનને શિવમાં આસક્ત કરી દેવું બાહ્યાભ્યંતર પૂજા કહેવાઈ છે.*

**पञ्चधा कथ्यते सद्भिस्तदेव भजनं पुनः।**
**तपः कर्म जपो ध्यानं ज्ञानं चेत्यनुपूर्वकम्।।२१।।**

*તે ભક્તિ ફરી સંતોના દ્વારા પાંચ પ્રકારની કહેવાઈ છે તે પ્રકાર ક્રમશઃ તપસ્યા, કર્મ, જપ, ધ્યાન અને જ્ઞાન છે.*

**शिवार्थे देहसंशोषस्तपः कृच्छ्रादि नो मतम्।**
**शिवार्चा कर्म विज्ञेयं बाह्यं यागादि नोच्यते।।२२।।**

*શિવના દ્વારા દેહને સુકવવું તપ છે નહિ કે દુઃસાધ્ય વગેરે. શિવલિંગની પૂજાને કર્મ સમજવું જોઈએ. બાહ્ય યજ્ઞહોમહવન આદિ કર્મ કહેવાતા નથી.*

**जपः पञ्चाक्षराभ्यासः प्रणवाभ्यास एव वा।**
**रुद्राध्यायादिकाभ्यासो न वेदाध्ययनादिकम्।।२३।।**

**ध्यानं शिवस्य रूपादिचिन्ता नात्मादिचिन्तनम्।**
**शिवागमार्थविज्ञानं ज्ञानं नान्यार्थवेदनम्।।२४।।**

*પંચાક્ષર મંત્ર અથવા પ્રણવનો અભ્યાસ જપ કહેવાય છે અથવા રુદ્રાષ્ટાધ્યાયીના પાઠ પણ નહિ વેદના પાઠ જપની કોટિમાં આવી જાય છે શિવના રૂપ આદિના ચિંતન ધ્યાન છે નહિ કે આપણા આત્મા આદિના. શૈવાગમના અર્થને જાણવું નહિ કે અન્ય સાંખ્ય આદિ વિષયોને જાણવું, વિજ્ઞાન છે. રીતે આ શિવયજ્ઞ પાંચ પ્રકારના કહેવાયા છે.*

**इति पञ्चप्रकारोऽयं शिवयज्ञः प्रकीर्तितः।**
**अनेन पञ्चयज्ञेन यः पूजयति शङ्करम्।**
**भक्त्या परमया युक्तः स वै भक्त इतीरितः।।२५।।**

*આ પંચયજ્ઞથી જે શિવની પૂજા કરે છે પરાભક્તિથી યુક્ત તે જ "ભક્ત" કહેવાય છે.*

**पूजनाच्छिवभक्तस्य पुण्या गतिरवाप्यते।**
**अवमानान्महाघोरो नरको नात्र संशयः।।२६।।**

*શિવભક્તના પૂજનથી ઉત્તમ ગતિ મળે છે. તેમના અપમાનથી મહાભયંકર નરક પ્રાપ્ત થાય છે. એમાં શંકા નથી.*

**शिवभक्तो महातेजाः शिवभक्तिपराङ्मुखान्।**
**न स्पृशेन्नैव वीक्षेत न तैः सह वसेत् क्वचित्।।२७।।**

*મહાતેજસ્વી શિવભક્તને જોઈએ કે તે શિવભક્તિથી વિમુખ વ્યક્તિઓનો સ્પર્શ ન કરે, ન એને જોવો અને ન ક્યાંય એની સાથે નિવાસ કરવો કારણ કે તેના સ્પર્શ આદિથી શિવભક્તનું તેજ ક્ષીણ થઈ જાય છે.*

**यदा दीक्षाप्रवेशः स्याल्लिङ्गधारणपूर्वकः।**
**तदाप्रभृति भक्तोऽसौ पूजयेत् स्वागमस्थितान्।।२८।।**

*લિંગધારણ પૂર્વે જ્યારે (શિવભક્તની) દીક્ષા મળી જાય ત્યાર થી આ ભક્ત આપણા (અર્થાત્ શૈવ) આગમમાં શ્રદ્ધા વિશ્વાસ રાખવાવાળાની પૂજા કર્યા કરે.*

**स्वमार्गाचारनिरताः सजातीया द्विजास्तु ये।**
**तेषां गृहेषु भुञ्जीत नेतरेषां कदाचन।।२९।।**

*જે બ્રાહ્મણ પોતાનો માર્ગ અને પોતાના આચરણમાં નિરત હોવાથી સજાતીય છે ભક્તએ એના જ ઘરમાં ભોજન કરવું જોઈએ. ક્યારેય બીજાના (શૈવેતર વૈષ્ણવ આદિ) ઘરમાં નહિ.*

**स्वमार्गाचारविमुखैर्भविभिः प्राकृतात्मभिः।**
**प्रेषितं सकलं द्रव्यमात्मलीनमपि त्यजेत्।।३०।।**

*પોતાના માર્ગ ને આચારથી વિમુખ સંસારી લોકના દ્વારા આપવામાં આવેલું અન્ન આદિ જો પોતાના અધિકારમાં હોય તો પણ તેનો ત્યાગ કરી દેવો જોઈએ.*

**नार्चयदेन्यदेवांस्तु न स्मरेन्न च कीर्तयेत्।**
**न तन्निवेद्यमश्नीयाच्छिवभक्तो दृढव्रतः।।३१।।**

*દઢવ્રતી શિવભક્તોએ અન્ય દેવતાઓની ન તો પૂજા કરવી જોઈએ અને ન સ્મરણ અને કીર્તન. અન્ય દેવતાઓને નિવેદિત નૈવેદ્ય પણ ખાવું જોઈએ નહિ.*

**यद्गृहेष्वन्यदेवोऽस्ति तद्गृहाणि परित्यजेत्।**
**नान्यदेवार्चकान् मर्त्यान् पूजाकाले निरीक्षयेत्।।३२।।**

*જે ઘરમાં અન્ય દેવતાઓની સ્થાપના કરવામાં આવી હોય તે ઘરને છોડી દેવું જોઈએ. શિવપૂજાના સમયે અન્ય દેવતાઓની પૂજા કરવાવાળા મનુષ્યોને નહિ જોવા જોઈએ.*

**सदा शिवैकनिष्ठानां वीरशैवाध्ववर्तिनाम्।**
**नहि स्थावरलिङ्गानां निर्माल्याद्युपयुज्यते।।३३।।**

*જો સદાશિવના પ્રતિ શ્રદ્ધા વિશ્વાસયુક્ત છે, વીરશૈવ માર્ગ પર ચાલવાવાળાને જ માળા વગેરે પહેરવું ઉચિત છે સ્થાવર લિંગ (અર્થાત્ પત્થર વગેરેથી નિર્મિત લિંગ) ના માટે નહિ.*

**यत्र स्थावरलिङ्गानामपायः परिवर्तते।**
**अथवा शिवभक्तानां शिवलाञ्छनधारिणाम् ।।३४।।**

**तत्र प्राणान् विहायापि परिहारं समाचरेत्।।**
**शिवार्थं मुक्तजीवश्चेच्छिवसायुज्यमाप्नुयात्।।३५।।**

*જ્યાં સ્થાવર લિંગનું અથવા શિવનું ચિહ્ન ભસ્મ વગેરે ધારણ કરવાવાળા વિનાશ થતો જોવા મળે ત્યાં પ્રાણને છોડીને પણ તેનું નિરાકરણ કરવું જોઈએ. જે શિવના માટે પ્રાણત્યાગ કરે છે તે શિવસાયુજ્ય પ્રાપ્ત કરે છે.*

**शिवनिन्दाकरं दृष्ट्वा घातयेदथवा शपेत्।**
**स्थानं वा तत्परित्यज्य गच्छेद्यद्यक्षमो भवेत्।।३६।।**

*શિવની નિંદા કરવાવાળાને જોઈને કાંતો તો તેમને મારી નાખવા જોઈએ કાંતો તેમની સાથે વાકયુદ્ધ કરવું જોઈએ અને બંને કાર્યો કરવા અસમર્થ હોય તો કાન બંધ કરીને ત્યાંથી જતા રહેવું.*

**यत्र चाचारनिन्दास्ति कदाचित्तत्र न व्रजेत्।**
**यद्गृहे शिवनिन्दास्ति तद्गृहं तु परित्यजेत्।।३७।।**

*જ્યાં શૈવાચારની નિંદા થતી હોય ત્યાં ક્યારેય જવું જોઈએ નહિ. જે ઘરમાં શિવનિંદા થતી હોય તેવા ઘરને છોડી દેવું જોઈએ.*

**यः सर्वभूताधिपतिं विश्वेशानं विनिन्दति।**
**न तस्य निष्कृतिः शक्या कर्तुं वर्षशतैरपि।।३८।।**

*જે સમસ્ત પ્રાણીઓના સ્વામી વિશ્વના ઈશ્વરની નિંદા કરે છે તેનું પ્રાયશ્ચિત સો વર્ષ જતાં પણ કરી શકાતું નથી.*

**शिवपूजापरो भूत्वा पूर्वकर्म विसर्जयेत्।**
**अथवा पूर्वकर्म स्यात् सा पूजा निष्फलं भवेत्।।३९।।**

*શિવપૂજામાં તત્પર થઈને બીજાં પૂર્વકર્મ (અર્થાત્ અન્ય પ્રકારની ઉપાસના આદિ) નો ત્યાગ કરી દેવો જોઈએ. અને જો (શિવપૂજાની સાથે) પૂર્વકર્મનો ખ્યાલ હોય છે તો આ શિવપૂજા નિષ્ફળ થાય છે.*

**उत्तमां गतिमाश्रित्य नीचां वृत्तिं समाश्रितः।**
**आरूढपतितो ज्ञेयः सर्वकर्मबहिष्कृतः।।४०।।**

*(શિવપૂજારૂપી) ઉત્તમ ગતિને પ્રાપ્ત કરીને પણ જો નીચ વૃતિ (અર્થાત્*

*નિમ્ન કોટિના અર્ચનપૂજન)ને અપનાવે છે તેને આરૂઢપતિત (અર્થાત્ પદથી ગબડેલા) અને સર્વકર્મ બહિષ્કૃત કરવું જોઈએ.*

**पञ्चाक्षरोपदेशी च नरस्तुतिकरो यदि।**
**सोऽलिङ्गी स दुराचारी कुकविः स तु विश्रुतः।।४१।।**

*પંચાક્ષરનો ઉપદેશ પ્રાપ્ત કરવાવાળા સાધક જો મનુષ્યની સ્તુતિ કરે છે તો તે અલિંગી દુરાચારી અને કુકવિના રૂપમાં વિખ્યાત થાય છે.*

**चर्मपात्रे जलं तैलं न ग्राह्यं भक्तितत्परैः।**
**गृह्यते यदि भक्तेन रौरवं नरकं व्रजेत् ।।४२।।**

*(શિવ) ભક્તિમાં રત લોકોને જોઈએ કે તેઓ ચામડાના વાસણમાં જળ અથવા તેલ ગ્રહણ ના કરવું. અને જો શિવભક્ત ગ્રહણ કરે છે તો તે રૌરવ નરકમાં જાય છે.*

**न तस्य सूतकं किञ्चिन्प्राणलिङ्गाङ्गसङ्गिनः।**
**जन्मनोऽथं मृतोत्थं च विद्यते परमार्थतः।।४३।।**

*જે પ્રાણલિંગધારી છે તેમને પરમાર્થઃ જનનાશૌચ અથવા મરણાશૌચ રંજમાત્ર પણ લાગતો નથી.*

**लिङ्गार्चनरतायाश्च ऋतौ नार्या न सूतकम्।**
**तथा प्रसूतिकायाश्च सूतकं नैव विद्यते।।४४।।**

*હંમેશા લિંગાર્ચના કરવાવાળી સ્ત્રી રજઃસ્વાલા થવાથી પણ અશુદ્ધ ગણાતી નથી. બાળકના જન્મ થયો હોય તો પણ તેને જન્મસૂતક લાગતું નથી.*

**गृहे यस्मिन् प्रसूता स्त्री सूतकं नात्र विद्यते।**
**शिवपादाम्बुसंस्पर्शात् सर्वपापं प्रणश्यति।।४५।।**

*આવી સ્ત્રી જે ઘરમાં બાળકને જન્મ આપે છે એવા ઘરમાં પણ સૂતક લાગતું નથી. શિવચરણના જળના સ્પર્શથી બધા પાપ નાશ પામે છે (અથવા જે ઘરમાં શિવભક્ત સ્ત્રી શિવની પૂજા કરે છે તે ઘર કોઈ પણ પ્રસુતાના પ્રસવથી અશુદ્ધ થતું નથી.)*

**शिवस्थानानि तीर्थानि विशिष्टानि शिवार्चकः।**
**शिवयात्रोत्सवं नित्यं सेवेत परया मुदा।।४६।।**

*શિવની પૂજા કરવાવાળા ભક્ત શિવસ્થાનવાળા તીર્થોનું તથા શિવયાત્રા ઉપરાંત શિવ ઉત્સવના પરમ આનંદની સાથે નિત્ય સેવન કરવું.*

**शिवक्षेत्रोत्सवमहायात्रादर्शनकाङ्क्षिणाम्।**
**मार्गेऽन्नपानदानं च कुर्यान्माहेश्वरो जनः।।४७।।**

*શિવભક્તજનોને જોઈએ કે શિવસ્થાનમાં થતા ઉત્સવ અથવા શિવક્ષેત્રમાં યાત્રાની ઈચ્છાવાળાઓ માટે રસ્તામાં અન્ન-જળવગેરેનું દાન કરવું.*

**नान्नतोयसमं दानं न चाहिंसापरं तपः।**
**तस्मान्माहेश्वरो नित्यमन्नतोयप्रदो भवेत्।।४८।।**

*અન્ન અને જળના દાનથી ઉત્તમ કોઈ દાન નથી. અહિંસાથી મોટું કોઈ તપ નથી. આ કારણથી શિવના ભક્તને જોઈએ કે તે નિત્ય અન્ન-જળનું દાન કરે.*

**स्वमार्गाचारवर्तिभ्यः स्वजातिभ्यः सदाव्रती।**
**दद्यात्तेभ्यः समादद्यात् कन्यां कुलसमुद्भवाम्।।४९।।**

*હંમેશા શિવનું વ્રત કરવાવાળા પોતાની જાતિ તથા પોતાના સંપ્રદાયના આચારનું પાલન કરવાવાળાઓ માટે પોતાની કન્યાનું દાન કરવું ને તેમના જ કુળમાં ઉત્પન્ન કન્યા સાથે વિવાહ કરવા.*

**एवमाचारसंयुक्तो वीरशैवो महाव्रती।**
**पूजयेत्परया भक्त्या गुरुं लिङ्गं च सन्ततम्।।५०।।**

*આ પ્રકારના આચારથી યુક્ત મહાવ્રતી વીર શૈવ અત્યંત ભક્તિની સાથે ગુરુ અને શિવલિંગની પૂજા કરવી.*

**गुरोरभ्यर्चनेनापि साक्षादभ्यर्चितः शिवः।**
**तयोर्नास्ति भिदा किञ्चिदेकत्वात्तत्त्वरूपतः।।५१।।**

*ગુરુની પૂજા કરવાથી પણ ભગવાન શિવની સાક્ષાત્ પૂજા થાય છે. એ બંને માં રંજમાત્ર પણ અંતર નથી કારણ કે તાત્વિકરૂપથી તે બંને એક છે.*

**यथा देवे जगन्नाथे सर्वानुग्रहकारके।**
**तथा गुरुवरे कुर्यादुपचारान् दिने दिने।।५२।।**

*(ભક્ત) જે પ્રકારે બધાની ઉપર કૃપા કરવાવાળા વિશ્વના સ્વામી શિવની પૂજા કરે છે તે જ પ્રકારે તેણે હરરોજ ગુરુની પૂજા કરવી જોઈએ.*

**अप्रत्यक्षो महादेवः सर्वेषामात्ममायया।**
**प्रत्यक्षो गुरुरूपेण वर्तते भक्तिसिद्धये।।५३।।**

*(જે) મહાદેવ પોતાની માયાથી બધાના માટે અપ્રત્યક્ષ છે. (તેજ) ભક્તિની સિદ્ધિ માટે ગુરુરૂપથી પ્રત્યક્ષ છે.*

**शिवज्ञानं महाघोरसंसारार्णवतारकम्।**
**दीयते येन स गुरुः कस्य वन्द्यो न जायते।।५४।।**

*જેમના દ્વારા મહાભયંકર સંસારરૂપી સમુદ્રના પાર લઈ જવાવાળું શિવજ્ઞાન આપવામાં આવે છે તે ગુરુ શેમાં વંદનીય નથી (અર્થાત્ બધાના પૂજ્ય છે.)*

**यत्कटाक्षकलामात्रात् परमानन्दलक्षणम्।**
**लभ्यते शिवरूपत्वं स गुरुः केन नार्चितः।।५५।।**

*જેના કૃપાકટાક્ષની એક કલાથી પરમ આનંદ સ્વરૂપ શિવભાવનો લાભ થાય છે તે ગુરુની કોણ પૂજા કરતું નથી? (અર્થાત્ બધા લોકો પૂજા કરે છે.)*

**हितमेव चरेन्नित्यं शरीरेण धनेन च।**
**आचार्यस्योपशान्तस्य शिवज्ञानमहानिधेः।।५६।।**

*(ભક્તને જોઈએ કે તે) શરીર અને દાનના દ્વારા ઉપશાન્ત (અર્થાત્ રાગદ્વેષ વગેરેથી રહિત) તથા શિવજ્ઞાનના મહાનિધિ સ્વરૂપ ગુરુનું નિત્ય હિત જોવું.*

**गुरोरज्ञां न लङ्घेत सिद्धिकामी महामतिः।**
**तदाज्ञालङ्घनेनापि शिवाज्ञाच्छेदको भवेत्।।५७।।**

*સિદ્ધિને ચાહવાવાળા મહામતિમાન (શિષ્ય ક્યારેય) ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન ના કરે.*

**त्रिविधसम्पत्तिस्थल**

**यथा गुरौ यथा लिङ्गे भक्तिमान् परिवर्तते।**
**जङ्गमे च तथा नित्यं भक्तिं कुर्याद्विचक्षणः।।५८।।**

*(ત્રિવિધસંપત્તિસ્થળ વર્ણન) - ભક્તિમાન અને બુદ્ધિમાન (સાધકને) જોઈએ કે તે જેવી રીતે ગુરુ અને લિંગના પ્રતિ ભક્તિપૂર્ણ આચરણ કરે છે તે વી જ રીતે જંગમ (શિવયોગી)ના પ્રતિ પણ તે નિત્ય ભક્તિ કરે.*

**एक एव शिवः साक्षात् सर्वानुग्रहकारकः।**
**गुरुजङ्गमलिङ्गात्मा वर्तते भुक्तिमुक्तिदः।।५९।।**

*બધા ઉપર અનુગ્રહ કરવાવાળા તથા વૈભવ અને મોક્ષ આપવાવાળા એક જ શિવ જંગમ અને લિંગના રૂપમાં વ્યવહાર કરે છે. (આવું સમજવું જોઈએ)*

**लिङ्गं च द्विविधं प्रोक्तं जङ्गमाजङ्गमात्मना।**
**अजङ्गमे यथा भक्तिर्जङ्गमे च तथा स्मृता।।६०।।**

*જંઙ્ગમ અને અજંઙ્ગમ (અર્થાત્ સ્થાવર) ના સ્થાવરના રૂપમાં લિંગના બે પ્રકારના કહેવાયા છે. અજંઙ્ગમના પ્રતિ જેવી ભક્તિ હોય છે જંગમના પ્રતિ પણ તેવી જ ભક્તિ માનવામાં આવી છે.*

**अजङ्गमं तु यल्लिङ्गं मृच्छिलादिविनिर्मितम्।**
**तद्वरं जङ्गमं लिङ्गं शिवयोगीति विश्रुतम्।।६१।।**

*જે અજંઙ્ગમ (અર્થાત્ સ્થાવર) લિંગ છે જે માટી અથવા પત્થર વગેરેથી બનેલું હોય છે જંઙ્ગમ લિંગ તેની અપેક્ષા શ્રેષ્ઠ હોય છે અને તે શિવયોગીના નામથી પ્રસિદ્ધ હોય છે.*

**अचरे मन्त्रसंस्काराल्लिङ्गे वसति शङ्करः।**
**सदाकालं वसत्येव चरलिङ्गे महेश्वरः।।६२।।**

*શ્રેષ્ઠતાનું કારણ દર્શાવીએ - સ્થાવર લિંગથી શિવનો નિવાસ મંત્રના દ્વારા તેનો સંસ્કાર કરવાને કારણે હોય છે પરંતુ ચરલિંગ (અર્થાત્ શિવયોગી) માં મહેશ્વર હંમેશા (વિના સંસ્કાર વગેરેથી) નિવાસ કરે છે.*

**शिवयोगिनि यद्दत्तं तदक्षयफलं भवेत्।**
**तस्मात् सर्वप्रयत्नेन तस्मै देयं महात्मने।।६३।।**

**यत्फलं लभते जन्तुः पूजया शिवयोगिनः।**
**तदक्षयमिति प्रोक्तं सकलागमपारगैः।।६४।।**

*જે કંઈ શિવયોગીને આપવામાં આવે છે તે અક્ષય ફળકારક હોય છે. એટલા માટે સંપૂર્ણ પ્રયાસ કરીને તે મહાત્મા (શિવયોગી)ને આપવું જોઈએ. શિવયોગીની પૂજાથી જીવ જે ફળને પ્રાપ્ત કરે છે બધા આગમોના વિદ્વાન તે (ફળ) ને અક્ષય માને છે.*

**नावमन्येत कुत्रापि शिवयोगिनमागतम्।**
**अवमानाद्भवेत्तस्य दुर्गतिश्च न संशयः।।६५।।**

*સામે આવેલા શિવયોગીનું ક્યારેય અપમાન કરવું જોઈએ નહિ. અપમાનને કારણ તે (અવમતિ)ની દુર્ગતિ હોય છે તે નિશ્ચિત હોય છે.*

**शिवयोगी शिवः साक्षादिति कैङ्कर्यभक्तितः।**
**पूजयेदादरेणैव यथा लिङ्गं यथा गुरुः।।६६।।**

*શિવયોગી સાક્ષાત્ શિવ છે - એવું માનીને સેવકભાવથી જેવી રીતે લિંગ અને ગુરુની તેવી જ રીતે આદરપૂર્વક તેની (શિવયોગી) પૂજા કરવી જોઈએ.*

**पादोदकं यथा भक्त्या स्वीकरोति महेशितुः।**
**तथा शिवात्मनोर्नित्यं गुरुजङ्गमयोरपि।।६७।।**

*ચર્તુવિધ સારાયસ્થળ વર્ણન - (સાધક) જે પ્રકારે ભગવાન શંકરનું ચરણોદક ભક્તિની સાથે ગ્રહણ કરે છે તેવી જ રીતે નિત્ય તેને ગુરુ અને જંગમ (અર્થાત્ શિવયોગી)નું ચરણરજ લેવું જોઈએ.*

**सर्वमङ्गलमाङ्गल्यं सर्वपावनपावनम्।**
**सर्वसिद्धिकरं पुंसां शम्भोः पादाम्बुधारणम्।।६८।।**

*જો કે શંકરનું ચરણામૃત લેવુ સર્વ મંગલોનું મંગલ, બધા પવિત્રકો પવિત્ર અને મનુષ્યોના માટે સર્વ સિદ્ધિઓના દાતા છે (એટલા તેને પ્રતિદિન લેવું જોઈએ)*

**शिरसा धारयेद्यस्तु पत्रं पुष्पं शिवार्पितम्।**
**प्रतिक्षणं भवेत्तस्य पौण्डरीकक्रियाफलम्।।६९।।**

*જે મનુષ્ય શિવને ચઢાવાયેલું પાન, પુષ્પ મસ્તક પર ધારણ કરે છે તેને પ્રતિક્ષણ પૌડરિક ક્રિયા (અર્થાત્ પૌડરિક ભાગ) નું ફળ મળે છે.*

**भुञ्जीयाद् रुद्रभुक्तान्नं रुद्रपीतं जलं पिबेत्।**
**रुद्राघ्रातं सदा जिघ्रेदिति जाबालिकी श्रुतिः।।७०।।**

*રુદ્રને સમર્પિત અન્નનું ભોજન કરવું જોઈએ. રુદ્રને સમર્પિત જળનું પાન કરવું જોઈએ. રુદ્રના દ્વારા સૂંઘવામાં આવેલા અર્થાત્ રુદ્રને ચઢાવાયેલા (પુષ્પ)ને સૂંઘવું જોઈએ એવું જાબાલોપનિષદ કહે છે.*

**अर्पयित्वा निजे लिङ्गे पत्रं पुष्पं फलं जलम्।**
**अन्नाद्यं सर्वभोज्यं च स्वीकुर्याद् भक्तिमान्नरः।।७१।।**

*ભક્તિમાન મનુષ્યને જોઈએ કે તે પાન, પુષ્પ, ફળ, જળ, અન્ન વગેરે સંપૂર્ણ ભોજ્ય પદાર્થને પોતાના ઈષ્ટ લિંગને અર્પણ કરી ગ્રહણ કરવું.*

**गुरुत्वात् सर्वभूतानां शम्भोरमिततेजसः।**
**तस्मै निवेदितं सर्वं स्वीकार्यं तत्परायणैः।।७२।।**

*સર્વ પ્રાણીઓની અપેક્ષા અમિટ તેજસ્વી શિવના શ્રેષ્ઠ હોવાના કારણે તેમને નિવેદિત બધું જ તેમના ભક્તોના દ્વારા સ્વીકાર કરવું જોઈએ.*

**ये लिङ्गधारिणो लोके ये शिवैकपरायणाः।**
**तेषां तु शिवनिर्माल्यमुचितं नान्यजन्तुषु।।७३।।**

*આ સંસારમાં જે લોકો શિવલિંગને ધારણ કરવાના હોય છે અને જેઓ એકમાત્ર શિવના ભક્ત છે તેમના માટે આ પ્રસાદ ગ્રહણ કરવું ઉચિત છે અન્ય જીવોના માટે નહિ.*

**अन्नजाते तु भक्तेन भुज्यमाने शिवार्पिते।**
**सिक्थे सिक्थेऽश्वमेधस्य यत्फलं तदवाप्यते।।७४।।**

*ભક્તના દ્વારા શિવને સમર્પિત અન્નમાંથી એક એક ચોખા અથવા કણમાં તે જ ફળ પ્રાપ્ત થાય છે તે અશ્વમેઘ યાગથી.*

**निर्माल्यं निर्मलं शुद्धं शिवेन स्वीकृतं यतः।**
**निर्मलैस्तत्परैर्धार्यं नान्यैः प्राकृतजन्तुभिः।।७५।।**

*જો કે શિવના દ્વારા પ્રાપ્ત થાય છે એટલે (સંપૂર્ણ નૈવેદ્ય) નિર્માલ્ય અર્થાત્ નિર્મળ અર્થાત્ શુદ્ધ હોય છે. તે અત્યંત શુદ્ધ લોકોના દ્વારા ગૃહિત હોવું જોઈએ નહિ કે સામાન્ય (અર્થાત્ અશુદ્ધ) લોકોના દ્વારા.*

**शिवभक्तिविहीनानां जन्तूनां पापकर्मणाम्।**
**विशुद्धे शिवनिर्माल्ये नाऽधिकारोऽस्ति कुत्रचित्।।७६।।**

*શિવભક્તિથી રહિત પાપકર્મ કરવાવાળા જીવનું વિશુદ્ધ શિવનિર્માલ્ય ના વિષયમાં કોઈ અધિકાર નથી.*

**शिवलिङ्गप्रसादस्य स्वीकाराद् यत्फलं भवेत्।**
**तथा प्रसादस्वीकाराद् गुरुजङ्गमयोरपि।।७७।।**

**तस्माद् गुरुं महादेवं शिवयोगिनमेव च।**
**पूजयेत् प्रसादान्नं भुञ्जीयात् प्रतिवासरम्।।७८।।**

*શિવલિંગના પ્રસાદને ગ્રહણ કરવાથી જે ફળ મળે છે તે જ ફળ ગુરુ અને જંગમ (શિવયોગી) ના પ્રસાદથી પણ પ્રાપ્ત થાય છે. આ કારણથી ગુરુ, લિંગ*

*અને શિવયોગીની પ્રતિદિન પૂજા કરવી જોઈએ અને તેમના પ્રસાદરૂપ અન્નનો સ્વીકાર કરવો જોઈએ.*

**शिवलिङ्गे शिवाचार्ये शिवयोगिनि भक्तिमान्।**
**दानं कुर्याद्यथाशक्ति तत्प्रसादयुतः सदा।।७९।।**

*સોપાધિ નિરુપાધિ સહજદાન સ્થળ વર્ણન - ભક્તિવાન (સાધક) ને જોઈએ કે તે શિવલિંગ, શિવાચાર્ય અને શિવયોગીની કૃપાથી યુક્ત થઈને હંમેશા પોતાની શક્તિ અનુસાર દાન આપવું.*

**दानं च त्रिविधं प्रोक्तं सोपाधिनिरुपाधिकम्।**
**सहजं चेति सर्वेषां सर्वतन्त्रविशारदैः।।८०।।**

*સર્વ શાસ્ત્રોના વિદ્વાન લોકોના દ્વારા બધાના માટે દાન સોપાધિ નિરુપાધિ અને સહજ ભેદથી ત્રણ પ્રકારના કહેવાયા છે.*

**फलाभिसान्धिसंयुक्तं दानं यद्विहितं भवेत्।**
**तत् सोपाधिकमाख्यातं मुमुक्षुभिरनादृतम्।।८१।।**

*જે દાન ફળની આકાંક્ષાથી યુક્ત થઈને કરવામાં આવે છે તે સોપાધિક દાન કહેવાય છે. મોક્ષાર્થી લોક આ પ્રકારના દાનનો આદર નથી કરતા.*

**फलाभिसन्धिनिर्मुक्तमीश्वरार्पितकाङ्क्षितम्।**
**निरुपाधिकमाख्यातं दानं दानविशारदैः।।८२।।**

*દાનના વિશારદ લોક ફળની ઈચ્છાથી રહિત ઈશ્વર અર્પણ બુદ્ધિથી કરેલા દાનને નિરુપાધિક દાન કહે છે.*

**आदातृदातृदेयानां शिवभावं विचिन्तयन्।**
**आत्मनोऽकर्तृभावं च यद्दत्तं सहजं भवेत्।।८३।।**

*પરિગૃહિત દાતા ઉપરાંત આપનારને શિવરૂપ વિચારવાવાળા તથા (દાનના વિષયમાં) પોતાને કર્તા ન સમજતાં આપેલું દાન સહજ કહેવાય છે.*

**सहजं दानमुत्कृष्टं सर्वदानोत्तमोत्तमम्।**
**शिवज्ञानप्रदं पुंसां जन्मरोगनिवर्तकम्।।८४।।**

*(ત્રણ પરકારના દાનમાં) સહજ દાન ઉત્કૃષ્ટ અને બધા પ્રકારના દાનમાં ઉત્તમ હોય છે. તે મનુષ્યોને શિવજ્ઞાન આપવાવાળું તથા જન્મરૂપી રોગને દૂર કરવાવાળું હોય છે.*

**शिवाय शिवभक्ताय दीयते यदि किञ्चन।**
**भक्त्या तदपि विख्यातं सहजं दानमुत्तमम्।।८५।।**

*શિવને અથવા શિવભક્તને જે કંઈ પણ ભક્તિપૂર્વક આપવામાં આવે છે તે પણ ઉત્તમ સહજ દાન કહેવાયું છે.*

**दानात् स्वर्णसहस्रस्य सत्पात्रे यत्फलं भवेत्।**
**एकपुष्पप्रदानेन शिवे तत्फलमिष्यते।।८६।।**

*ઉત્તમ અને યોગ્ય વ્યક્તિને એક સહસ્ત્ર સુવર્ણમુદ્રા આપવાથી જે ફળ હોય છે શિવને એક પુષ્પ (ભક્તિપૂર્વક) અર્પિત કરવાથી એ જ ફળ પ્રાપ્ત થાય છે.*

**शिव एव परं पात्रं सर्वविद्यानिधिर्गुरुः।**
**तस्मै दत्तं तु यत्किञ्चित्तदनन्तफलं भवेत्।।८७।।**

*સર્વ વિદ્યાઓમાં આવીને ગુરુરૂપ શિવ જ (દાનના) સર્વોત્કૃષ્ટ પાત્ર છે અથવા શિવ ઉપરાંત સર્વવિદ્યાનિધિ ગુરુ બંને ઉત્તમોત્તમ પાત્ર છે. તેમને જે કંઈ આપવામાં આવે છે તે અનન્ત ફળ વાળું હોય છે.*

**शिवयोगी शिवः साक्षाच्छिवज्ञानमहोदधिः।**
**यत्किञ्चिद्दीयते तस्मै तद्दानं पारमार्थिकम्।।८८।।**

*શિવજ્ઞાનના સમુદ્રરૂપ શિવયોગી સાક્ષાત્ શિવ હોય છે તેમને જે કંઈ આપવામાં આવે છે તે દાન પરમ અર્થ (અર્થાત્ શિવસાયુજય) ને આપવાવાળું હોય છે.*

**शिवयोगी महापात्रं सर्वेषां दानकर्मणि।**
**तस्मान्नास्ति परं किञ्चित्पात्रं शास्त्रविचारतः।।८९।।**

*(સમસ્ત) દાન કર્મમાં બધાના માટે શિવયોગી ઉત્તમ પાત્ર છે. શાસ્ત્રોની દષ્ટિમાં એનાથી વધારે કોઈ સત્પાત્ર નથી.*

**भिक्षामात्रप्रदानेन शान्ताय शिवयोगिने।**
**यत्फलं लभ्यते नैतद् यज्ञकोटिशतैरपि।।९०।।**

*શાંત શિવયોગીને કેવળ ભિક્ષા અર્થાત્ એક કોળિયો આપવાથી જે ફળ મળે છે તે કરોડો યજ્ઞથી પણ મળતું નથી.*

**शिवयोगिनि संतृप्ते तृप्तो भवति शङ्करः।**
**तत्तृप्त्या तन्मयं विश्वं तृप्तिमेति चराचरम्।।९१।।**

*શિવયોગીના તૃપ્ત થવાથી પણ સ્વયં શિવ તૃપ્ત થાય છે. તે (શિવ) ની તૃપ્તિથી તેનાથી વ્યાપ્ત ચરા-ચર સમસ્ત વિશ્વ તૃપ્ત થાય છે.*

**तस्मात् सर्वप्रयत्नेन येन केनापि कर्मणा।**
**तृप्तिं कुर्यात् सदाकालमन्नाद्यैः शिवयोगिनः।।९२।।**

*આ પ્રમાણે સંપૂર્ણ પ્રયાસ કરીને જે કોઈ પણ કર્મના દ્વારા સંપૂર્ણ સમય અન્ન વગેરેથી શિવયોગીને તૃપ્ત કરવા જોઈએ.*

**निरुपाधिकचिद्रूपपरानन्दात्मवस्तुनि ।**
**समाप्तं सकलं यस्य स दानी शङ्करः स्वयम्।।९३।।**

*કોઈ પણ આકાંક્ષા વગરના ચિદ્ રૂપ પરાનંદ તત્વના વિષયમાં અર્થાત્ તેના નામ પર જેનું બધું જ સમાપ્ત અર્થાત્ સમર્પિત થઈ જાય છે તે દાની સ્વયં શંકર થઈ જાય છે.*

**उक्ताखिलाचारपरायणोऽसौ सदा वितन्वन् सहजं तु दानम्।।९४।।**
**ब्रह्मादिसम्पत्सु विरक्तचित्तो भक्तो हि माहेश्वरतामुपैति।।९४।।**

*પૂર્વોક્ત સર્વ આચરણને કરવાવાળા, હંમેશા સહજ દાન કરીને અને બ્રહ્મા વગેરેની સંપત્તિના પ્રતિ પણ મનમાં રાગ ન રાખવાવાળા એ ભક્ત મહેશ્વર થઈ જાય છે.*

******

## દશમો પરિચ્છેદ

### માહેશ્વર નવવિધસ્થલ પ્રસંગ

**भक्तस्थलं समाख्यातं भवता गणनायक।**
**केन वा धर्मभेदेन भक्तो माहेश्वरो भवेत्।।१।।**

*(મહેશ્વર સ્થળ વર્ણન) - અગસ્ત્યએ કહ્યું - હે ગણનાયક ! તમે ભક્ત સ્થળનું વર્ણન કર્યું. (હવે તમે બતાવો કે) ક્યા ધર્મભેદથી ભક્ત માહેશ્વર થાય છે.*

**केवले सहजे दाने निष्णातः शिवतत्परः।**
**ब्रह्मादिस्थानाविमुखो भक्तो माहेश्वरः स्मृतः।।२।।**

*રેણકાચાર્યએ કહ્યું - (જે વ્યક્તિ) કેવળ સહજ દાનમાં નિષ્ણાંત અને શિવભક્તિમાં મગ્ન છે તથા બ્રહ્મા વગેરેના પદના પણ અભિલાષી નથી એવા ભક્ત મહેશ્વર માનવામાં આવે છે.*

**भक्तेर्यदा समुत्कर्षो भवेद्वैराग्यगौरवात्।**
**तदा माहेश्वरः प्रोक्तो भक्तः स्थिरविवेकवान्।।३।।**

*જ્યારે વૈરાગ્યની અધિકતાથી (મનુષ્યના અંદર) ભક્તિનો ઉત્કર્ષ થાય છે ત્યારે તે સ્થિર વિવેકવાળો ભક્ત મહેશ્વર કહેવાય છે.*

**माहेश्वरस्थलं वक्ष्ये यथोक्तं शम्भुना पुरा।**
**माहेश्वरप्रशंसादौ लिङ्गनिष्ठा ततः परम्।।४।।**

**पूर्वाश्रयनिरासश्च तथाद्वैतनिराकृतिः।**
**आह्वानवर्जनं पश्चादष्टमूर्तिनिराकृतिः।।५।।**

**सर्वगत्वनिरासश्च शिवत्वं शिवभक्तयोः।**
**एवं नवविधं प्रोक्तं माहेश्वरमहास्थलम्।।६।।**

*(હવે હું) માહેશ્વર સ્થળને બતાવીશ જેમ કે ભગવાન શિવે પહેલા કહ્યું છે. પહેલા મહેશ્વરની પ્રશંસા ત્યાર પછી લિંગાર્ચનમાં નિષ્ઠા અને પૂર્વ આશ્રયનો ત્યાગ, તેજ રીતે અદ્વૈતનું નિરાકરણ, આહવાનવર્જન અષ્ટમૂર્તિનું નિરાકરણ તથા સર્વગત્વનો નિરાસ શિવજગન્મયસ્થળ અને અંતમાં ભક્તદૈહિક લિંગસ્થળ આ પ્રમાણે માહેશ્વર મહાસ્થળ નવ પ્રકારનું કહેવાયું છે.*

**आदितः क्रमशो वक्ष्ये स्थलभेदस्य लक्षणम्।**
**समाहितेन मनसा श्रूयतां भवता मुने।।७।।**

*હે મુનિ ! હું સ્થળભેદના લક્ષણ પ્રારંભથી બતાવીશ. તમે શાઁતહિત ચિત્ત રાખીને સાંભળો.*

**विश्वस्मादधिको रुद्रो विश्वानुग्रहकारकः।**
**इति यस्य स्थिरा बुद्धिः स वै माहेश्वरः स्मृतः।।८।।**

*ભગવાન શિવ વિશ્વથી વધીને છે. તે જ વિશ્વમાં અનુગ્રહ કરવા વાળા છે - આ પ્રકારની જેમની ધારણા હોય છે તે માહેશ્વર માનવામાં આવ્યા છે.*

**ब्रह्माद्यैर्मलिनप्रायैर्निर्मले परमेश्वरे।**
**साम्योक्तिं यो न सहते स वै माहेश्वराभिधः।।९।।**

*જે મલિનપ્રાય બ્રહ્મા વગેરેની સાથે નિર્મળ પરમેશ્વરની તુલનાને સહન કરી શકતા નથી તેનું નામ માહેશ્વર છે.*

**ईश्वरः सर्वभूतानां ब्रह्मादीनां महानिति।**
**बुद्धियोगात्तदासक्तो भक्तो माहेश्वरः स्मृतः।।१०।।**

*બ્રહ્મા વગેરે સર્વ પ્રાણીઓમાં પરમેશ્વર મહાન છે' - આ પ્રકારના વિચારથી જે ભક્ત તે પરમેશ્વરમાં સદા આસકત રહે છે તે માહેશ્વર કહેવાય છે.*

ब्रह्मादिदेवताजालं मोहितं मायया सदा।
अशक्तं मुक्तिदाने तु क्षयातिशयसंयुतम्।।११।।

अनादिमुक्तो भगवानेक एव महेश्वरः।
मुक्तिदश्चेति यो वेद स वै माहेश्वरः स्मृतः।।१२।।

*બ્રહ્મા વગેરે દેવતાઓનો સમૂહ સર્વદા માયાગ્રસ્ત હોય છે. ક્ષય અને અતિશયથી યુક્ત તે સમૂહ મુક્તિ આપવામાં અસમર્થ છે. કેવળ ભગવાન શિવ જ અનાદિ મુક્ત છે અને તે જ મુક્તિદાતા છે એવું જે સમજે છે તે જ માહેશ્વર કહેવાય છે.*

क्षयातिशययुक्ता ब्रह्मविष्ण्वादिसम्पदः।
तृणवन्मन्यते युक्त्या वीरमाहेश्वरः सदा।।१३।।

शब्दस्पर्शादिसम्पन्ने सुखलेशे तु नःस्पृहः।
शिवानन्दे समुत्कण्ठो वीरमाहेश्वरो भवेत्।।१४।।

*બ્રહ્મા, વિષ્ણુ આદિનું ઐશ્વર્ય ક્ષયશીલ અને અતિશયયુક્ત છે. વીર માહેશ્વર તેમને સદા તૃણના સમાન (તુચ્છ) માને છે. તે શબ્દ સ્પર્શ આદિથી યુક્ત ક્ષણિકસુખની ઈચ્છા નથી રાખતા તથા શિવાનંદની પ્રાપ્તિના માટે ઉત્કંઠિત રહે છે. એવો વ્યક્તિ વીર માહેરશ્વર હોય છે.*

परस्त्रीसङ्गनिर्मुक्तः परद्रव्यपराङ्मुखः।
शिवार्थकार्यसम्पन्नः शिवागामपरायणः।।१५।।

शिवस्तुतिरसास्वादमोदमानमनाः शुचिः।
शिवोत्कर्षप्रमाणानां सम्पादनसमुद्यतः।।१६।।

निर्ममो निरहङ्कारो निरस्तक्लेशपञ्जरः।
अस्पृष्टमदसम्बन्धो मात्सर्यावेशवर्जितः।।१७।।

निरस्तमदनोन्मेषो निर्धूतक्रोधविप्लवः।
सदा सन्तुष्टहृदयः सर्वप्राणिहिते रतः।।१८।।

**निवारणसमुद्योगी शिवकार्यविरोधिनाम्।**
**सहचारी सदाकालं शिवोत्कर्षाभिधायिभिः ।।१९।।**

**शिवापकर्षसम्प्राप्तौ प्राणत्यागेऽप्यशङ्कितः।**
**शिवैकनिष्ठः सर्वात्मा वीरमाहेश्वरो भवेत् ।।२०।।**

*પરસ્ત્રીનો સમાગમ ન કરવાવાળો, બીજાના ધનની ઈચ્છા ન રાખવાવાળો, શિવને માટે કાર્ય કરવાવાળો, શૈવાગમનું અધ્યયન કરવાવાળો, શિવસ્તુતિનો આસ્વાદ મેળવી પ્રસન્ન મનવાળો, પવિત્ર, શિવની મહત્તાના પ્રમાણોને એકત્રિત કરવામાં વ્યસ્ત (સંસારના પ્રતિ) મમતા રહિત, અહંકારશૂન્ય, (અવિદ્યા અસ્મિતા આદિ) ક્લેશના જાળને તોડવાવાળા, મદથી અસ્પૃષ્ટ, અસૂયાના આવેશથી રહિત, કામભાવનાથી શૂન્ય, ક્રોધના વેગથી દૂર, હંમેશા સંતોષયુક્ત, બધા પ્રાણીઓના હિતમાં રત, શિવકાર્યનો વિરોધ કરવાવાળાને નષ્ટ કરવામાં વ્યસ્ત, શિવોત્કર્ષનો પ્રચાર કરવાવાળાનો હંમેશા સહાયક, શિવનો અપકર્ષ પ્રાપ્ત થતાં પ્રાણત્યાગ કરવા તત્પર, કેવળ શિવમાં નિષ્ઠા રાખવાવાળો સર્વાત્મા વ્યક્તિ વીરમાહેશ્વર હોય છે.*

**अस्य माहेश्वरस्योक्तं लिङ्गनिष्ठामहास्थलम्।**
**प्राणात्ययेऽपि सम्पन्ने यदत्याज्यं विधीयते।।२१।।**

*(લિંગનિષ્ઠાસ્થળ વર્ણન) - પ્રાણ સંકટની સ્થિતિમાં પણ જે લિંગના ત્યાગનું વિધાન નથી તે આ માહેશ્વરનું લિંગનિષ્ઠ સ્થળ કહેવાયું છે.*

**अपगच्छतु सर्वस्वं शिरश्छेदनमस्तु वा।**
**माहेश्वरो न मुञ्चेत लिङ्गपूजामहाव्रतम् ।।२२।।**

*બધી ધન સંપત્તિ ભલે જતી રહે, મસ્તક કપાઈ જાય પરંતુ માહેશ્વરલિંગપૂજારૂપી મહાવ્રતનો ક્યારેય ત્યાગ નથી કરતો.*

**लिङ्गपूजामकृत्वा तु ये न भुञ्जन्ति मानवाः।**
**तेषां महात्मनां हस्ते मोक्षलक्ष्मीरुपस्थिता।।२३।।**

*જે મનુષ્ય લિંગપૂજા કર્યા વિના ભોજન નથી કરતા તે મહાત્માઓના હાથમાં મોક્ષલક્ષ્મી હંમેશા ઉપસ્થિત રહે છે.*

**किमन्यैर्धर्मकलिलैः कीकषार्थप्रदायिभिः।**
**साक्षान्मोक्षप्रदः शम्भोर्धर्मो लिङ्गार्चनात्मकः।।२४।।**

*ક્ષુદ્ર ધૃણાસ્પદ અર્થને આપવાવાળા અન્ય મલિન ધર્મથી શો લાભ ? શંભુનો લિંગાર્ચનાત્મક ધર્મ સાક્ષાત્ મોક્ષ આપવાવાળો છે.*

**अर्पितेनान्नपानेन लिङ्गे नियमपूजिते।**
**ये देहवृत्तिं कुर्वन्ति महामाहेश्वरा हि ते।।२५।।**

*સમર્પિત અન્નજળના દ્વારા જે લોકો નિયમપૂર્વક લિંગ પૂજા કરે છે તથા દેહને (તે જ સમર્પિત અન્નજળથી) જીવિત રાખે છે તે માહેશ્વર છે.*

**चिन्मये शाङ्करे लिङ्गे स्थिरं येषां मनः सदा।**
**विमुक्तेतरसर्वार्थं ते शिवा नात्र संशयः।।२६।।**

*જેનું મન ચિન્મય શાંકર લિંગ હંમેશા સ્થિત રહે છે તથા (મુક્તિથી) ભિન્ન બધા વિષયોનું જેમણે ત્યાગ કર્યો છે તે શિવ છે, એમાં સંદેહ નથી.*

**लिङ्गे यस्य मनो लीनं लिङ्गस्तुतिपरा च वाक्।**
**लिङ्गार्चनपरौ हस्तौ स रुद्रो नात्र संशयः।।२७।।**

*જેનું મન લિંગમાં લીન છે, જેની વાળી લિંગની સ્તુતિમાં વ્યસ્ત રહે છે જેના બંને હાથ લિંગાર્ચનમાં રત રહે છે તે રુદ્ર છે, એમાં સંદેહ નથી.*

**लिङ्गनिष्ठस्य किं तस्य कर्मणा स्वर्गहेतुना।**
**नित्यानन्दशिवप्राप्तिर्यस्य शास्त्रेषु निश्चिता।।२८।।**

*જે ભક્તની શિવાનંદ પ્રાપ્તિ શાસ્ત્રોના અનુસાર નિશ્ચિત છે. લિંગાર્ચનમાં વ્યસ્ત તે (ભક્ત)ના સ્વર્ગહેતુક કર્મથી શો લાભ ? અથવા શું પ્રયોજન ?*

**लिङ्गनिष्ठापरं शान्तं भूतिरुद्राक्षसंयुतम्।**
**प्रशंसन्ति सदाकालं ब्रह्माद्या देवता मुदा।।२९।।**

*બ્રહ્મા વગેરે દેવતા લિંગમાં નિષ્ઠા રાખવાવાળા, શાન્ત, ભસ્મ અને રુદ્રાક્ષ ધારણ કરવાવાળા (ભક્ત) ની આનંદની સાથે સદા પ્રશંસા કરે છે.*

**लिङ्गैकनिष्ठहृदयः सदा माहेश्वरो जनः।**
**पूर्वाश्रयगतान् धर्मांस्त्यजेत्स्वाचाररोधकान्।।३०।।**

*(પૂર્વાશ્રયનિરસનસ્થળ) - એકમાત્ર લિંગાર્ચનમાં નિષ્ઠા રાખવાવાળા માહેશ્વર લોકને જોઈએ કે તે પોતાના આચાર (અર્થાત્ શૈવાચાર) ના વિરોધી પહેલા સ્વીકૃત ધર્મોના ત્યાગ કરી દે.*

**स्वजातिकुलजान् धर्मान् लिङ्गनिष्ठाविरोधिनः।**
**त्यजन् माहेश्वरो ज्ञेयः पूर्वाश्रयनिरासकः।।३१।।**

*પોતાની જ્ઞાતિ પોતાનું કુળના પણ ધર્મ અર્થાત્ જન્મવિચાર મૃત્યુવિચાર વગેરેને, અને જો તેઓ લિંગનિષ્ઠાના વિરોધી હોય તો તેમનો ત્યાગ કરવાવાળા પૂર્વાશ્રયનિરાસક ભક્ત શિવભક્ત કહેવાય છે.*

**शिवसंस्कारयोगेन विशुद्धानां महात्मनाम्।**
**किं पूर्वकालिकैर्धर्मैः प्राकृतानां हि ते मताः।।३२।।**

*શિવસંસ્કારના યોગના કારણે પવિત્ર થયેલા મહાત્માઓને પૂર્વમા વર્તમાન અને અનુષ્ઠિત ધર્મોથી શું પ્રયોજન ? તે ધર્મ પ્રાકૃત અર્થાત્ સાધારણ લોકોના માટે કહેવાયા છે.*

**शिवसंस्करयोगेन शिवधर्मानुषङ्गिणाम्।**
**प्राकृतानां न धर्मेषु प्रवृत्तिरुपपपद्यते।।३३।।**

*શિવસંસ્કારના યોગથી શિવધર્મનું પાલન કરવાવાળા પ્રાકૃતજનોની (અન્ય) ધર્મોમાં પ્રવૃતિ નથી હોતી*

**विशुद्धाः प्राकृताश्चेति द्विविधा मानुषा स्मृताः।**
**शिवसंस्कारिणः शुद्धाः प्राकृता इतरे मताः।।३४।।**

*મનુષ્ય બે પ્રકારના કહેવાયા છે - વિશુદ્ધ અને પ્રાકૃત. શિવના સંસ્કારથી યુક્ત મનુષ્ય શુદ્ધ હોય છે બીજા લોકો પ્રાકૃત કહેવાયા છે.*

**वर्णाश्रमधर्माणां व्यवस्था हि द्विधा मता।**
**एका शिवेन निर्दिष्टा ब्रह्मणा कथिताऽपरा।।३५।।**

*વર્ણાશ્રમ વગેરે ધર્મોની વ્યવસ્થા બે પ્રકારની માનવામાં આવી છે - એક શિવના દ્વારા નિર્દિષ્ટ છે બીજીનો નિર્દેશ બ્રહ્માએ કર્યો છે.*

**शिवोक्तधर्मनिष्ठा तु शिवाश्रमनिषेविणाम्।**
**शिवसंस्कारहीनानां धर्मः पैतामहः स्मृतः।।३६।।**

*શૈવાશ્રમમાં રહેવાવાળાની શિવોક્ત નિષ્ઠા હોય છે. જે લોકો શિવસંસ્કારથી વિહિન છે તેમનો ધર્મ બ્રહ્માના દ્વારા નિર્દિષ્ટ કરાયો છે.*

**पूज्यपूजकयोर्लिङ्गजीवयोर्भेदवर्जने ।**
**पूजाकर्माद्यसम्पत्तेर्लिङ्गनिष्ठाविरोधतः।।३७।।**

**सर्वाद्वैतविचारस्य ज्ञानाभावे व्यवस्थितेः।**
**भवेन्माहेश्वरः कर्मी सर्वाद्वैतनिरासकः।।३८।।**

*પૂજ્ય, પૂજક અર્થાત્ લિંગ અને શિવના ભેદને દૂર કરવા, પૂજા કર્મ વગેરેની અપ્રાપ્તિ, લિંગનિષ્ઠાનો વિરોધ, સમસ્ત અદ્વૈત વિચારની વ્યવસ્થાના જ્ઞાનનો અભાવ, હોવાથી ધર્મો સર્વાદ્વૈત નિરાસક માહેશ્વર હોય છે.*

**प्रेरकं शङ्करं बुद्ध्वा प्रेर्यमात्मानमेव च।**
**भेदात् स पूजयेन्नित्यं न चाद्वैतपरो भवेत्।।३९।।**

*શંકરને પ્રેરક અને પોતાને પ્રેર્ય માનીને ભેદજ્ઞાનપૂર્વક તેમની નિત્ય પૂજા કરવી જોઈએ. અદ્વૈતપરક ના બનવું જોઈએ.*

**पतिः साक्षान्महादेवः पशुरेष तदाश्रयः।**
**अनयोः स्वामिभृत्यत्वमभेदे कथमिष्यते।।४०।।**

*મહાદેવ સાક્ષાત્ સ્વામી છે. તેમના આધીન રેહાવાવાળો આ જીવ પશુ*

*છે. આ બંનેમાં સ્વસ્વામી ભાવરૂપ સંબંધ છે. તો પછી અભેદ માનવાથી આ કેવી રીતે થશે.*

**साक्षात्कृतं परं तत्त्वं यदा भवति बोधतः।**
**तदाद्वैतसमापत्तिर्ज्ञानहीनस्य न क्वचित्।।४१।।**

*જ્ઞાનના કારણે જ્યારે પરમ તત્વનો સાક્ષાત્કાર થઈ જાય છે ત્યારે અદ્વૈતની પ્રાપ્તિ થાય છે. જ્ઞાનથી રહિત મનુષ્યને આની પ્રાપ્તિ ક્યારેય પણ થતી નથી.*

**भेदस्य कर्महेतुत्वाद् व्यवहारः प्रवर्तते।**
**लिङ्गपूजादिकर्मस्थो न चाद्वैतं समाचरेत्।।४२।।**

*ભેદનો વ્યવહાર કર્મના કારણે થાય છે. એટલા માટે લિંગપૂજા આદિ કર્મ કરવાવાળાને અદ્વૈતનું આચરણ નહીં કરવું.*

**पूजादिव्यवहारः स्याद्भेदाश्रयतया सदा।**
**लिङ्गपूजापरस्तस्मान्नाद्वैते निरतो भवेत्।।४३।।**

*પૂજા આદિનો વ્યવહાર હંમેશા ભેદના આધાર પર હોય છે, એટલા માટે લિંગપૂજામાં વ્યસ્ત (ભક્ત) ને અદ્વૈતમાં નિરત નહીં થવું જોઈએ.*

**लिङ्गार्चनपरः शुद्धः सर्वाद्वैतनिरासकः।**
**स्वेष्टलिङ्गे शिवाकारे न तमाह्वयेच्छिवम्।।४४।।**

*લિંગાર્ચનમાં રત સર્વાદ્વૈતનો નિષેધ કરવાવાળા પરિશુદ્ધ (વીર માહેશ્વર) શિવરૂપી ઈષ્ટલિંગમાં તે તે શિવનું આહવાન કરે.*

**यदा शिवकलायुक्तं लिङ्गं दद्यान्महागुरुः।**
**तदारभ्य शिवस्तत्र तिष्ठत्याह्वानमत्र किम्।।४५।।**

*(એનું કારણ એ છે કે) મહાગુરુ જે દિવસથી શિવકાલયુક્ત લિંગ (શિવને) આપે છે તે દિવસથી શિવ તેમાં રહે જ છે પછી તેમાં તેમનું આહવાન શું ?*

**ससंस्कारेषु लिङ्गेषु सदा सन्निहितः शिवः।**
**तत्राह्वानं न कर्तव्यं प्रतिपत्तिविरोधकम्।।४६।।**

*સંસ્કારયુક્ત લિંઙ્ગોમાં શિવ સર્વદા સંનિહિત રહે છે. તેમાં ભક્તિ અથવા જ્ઞાનનું વિરોધી આહ્વાન ના કરવું જોઇએ.*

**नाह्वानं न विसर्गं च स्वेष्टलिङ्गे तु कारयेत्।**
**लिङ्गनिष्ठापरो नित्यमिति शास्त्रस्य निश्चयः।।४७।।**

*લિંઙ્ગપૂજામાં નિષ્ઠા રાખવાવાળો (ભક્ત) પોતાને ઈષ્ટ લિંઙ્ગમાં ન તો શિવનું આહ્વાન કરે અને ન વિસર્જન, એવો શાસ્ત્રનો નિયમ છે.*

**यथात्मशिवयोरैक्यं न मतं कर्मसङ्गिनः।**
**तथा शिवात्पृथिव्यादेरद्वैतमपि नेष्यते।।४८।।**

*અષ્ટમૂર્તિનિરસનસ્થળ વર્ણન - જેવી રીતે (શિવપૂજા લિંગધારણ આદિ) કર્મમાં આસક્તિ રાખવાવાળા આત્મા અને શિવમાં ઐક્ય નથી માનતા તેવી જ રીતે પૃથ્વી આદિનું પણ શિવની સાથે ઐક્ય ઈષ્ટ નથી.*

**पृथिव्याद्यष्टमूर्तित्वमीश्वरस्य प्रकीर्तितम्।**
**तदधिष्ठातृभावेन न साक्षादेकभावतः।।४९।।**

*ઈશ્વર પૃથ્વી આદિ અષ્ટમૂર્તિનું રૂપ છે. (તેનું તાત્પર્ય એ છે કે ઈશ્વર) તે (આઠ મૂર્તિઓ) નો અધિષ્ઠાતા છે ન કે તેમનાથી અભિન્ન.*

**पृथ्व्यादिकमिदं सर्वं कार्यं कर्ता महेश्वरः।**
**नैतत्साक्षान्महेशोऽयं कुलालो मृत्तिका यथा।।५०।।**

*આ સમસ્ત પૃથ્વી આદિ કાર્ય છે. મહેશ્વર એના કર્તા છે. આ (પૃથ્વી આદિ) સાક્ષાત્ મહેશ્વર નથી જેવી રીતે માટી અને કુંભાર (એક નથી.)*

**पृथिव्याद्यात्मपर्यन्तप्रपञ्चो ह्यष्टधा स्थितः।**
**तनुरीशस्य चात्मायं सर्वतत्त्वनियामकः।।५१।।**

*પૃથ્વીથી લઈને આત્મા સુધી (અર્થાત્ પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ, ચંદ્ર, સૂર્ય અને અગ્નિ અર્થાત્ આત્મા) આ પ્રપંચ આઠ પ્રકારથી સ્થિત છે. આ સર્વ પરમેશ્વરના શરીર છે અને આ આત્મા સર્વ તત્વોનો નિયામક છે.*

**शरीरभूतादेतस्मात् प्रपञ्चात्परमेष्ठिनः।**
**आत्मभूतस्य देवस्य नाभेदो न पृथक्स्थितिः।।५२।।**

*પરમેષ્ઠીના શરીરભૂત આ પ્રપંચથી આત્મભૂત પરમેશ્વરનું ન અભેદ છે અને નહીં ઘટ-પટ ના સમાન સર્વથા તેમની પૃથક સ્થિતિ હોય છે.*

**अचेतनात्वात् पृथ्व्यादेरज्ञत्वाद् आत्मनस्तथा।**
**सर्वज्ञस्य महेशस्य नैकरूपत्वमिष्यते।।५३।।**

*પૃથ્વી વગેરે અચેતન અર્થાત્ જડ છે. જીવાત્મા અજ્ઞ અર્થાત્ અલ્પજ્ઞ છે. પરમેશ્વર સર્વજ્ઞ છે. આ ત્રણેની એકરૂપતા થઈ શકતી નથી.*

**इति यश्चिन्तयेन्नित्यं पृथिव्यादेरष्टमूर्तितः।**
**विलक्षणं महादेवं सोऽष्टमूर्तिनिरासकः।।५४।।**

*જે સાધક આ પ્રકારે મહાદેવને પૃથ્વી આદિ અષ્ટમૂર્તિથી વિલક્ષણ સમજે છે અને ધ્યાન ધરે છે તે અષ્ટમૂર્તિનિરાસક મનાય છે.*

**सर्रगत्वे महेशस्य सर्वत्राराधनं भवेत्।**
**न लिङ्गमात्रे तन्निष्ठो न शिवं सर्वगं स्मरेत्।।५५।।**

*જો કે પરમેશ્વર સર્વવ્યાપી છે એટલા માટે તેમની સર્વત્ર આરાધના કરી શકાય છે ન કેવશ લિગંમાં, જો શિવને કેવળ લિંગમાં સ્થિત માન આપવામાં આવે તો તે સર્વવ્યાપીના રૂપમાં સ્મૃત ના રહે (પછી લિંગની પૂજા કેવી રીતે યુક્તિયુક્ત હોય)*

**सर्वगोऽपि स्थितः शम्भुः स्वाधारे हि विशेषतः।**
**तस्मादन्यत्र विमुखः स्वेष्टलिङ्गे यजेच्छिवम्।।५६।।**

*અને જો શિવ સર્વવ્યાપી છે છતાં પણ પોતાનો આધાર અર્થાત્ લિંગમાં વિશેષ રૂપથી સ્થિત છે. આ કારણથી અન્યત્ર વિમુખ થઈને ઈષ્ટ લિંગમાંજ શિવની પૂજા કરવી જોઈએ.*

**शिवः सर्वगतश्चापि स्वाधारे व्यज्यते भृशम्।**
**शमीगर्भे यथा वह्निर्विशेषेण विभाव्यते।।५७।।**

*જો કે શિવ સર્વગત છે તો પણ તે પોતાના આધાર અર્થાત્ ઈષ્ટિ લિંગમાં વિશેષ રૂપથી અભિવ્યક્ત થાય છે. જેમ કે અગ્નિ બધા વૃક્ષોમાં હોય છે છતાં પણ બધાંની અંદર વિશેષ રૂપથી સ્થિત હોય છે.*

**सर्वगत्वं महेशस्य सर्वशास्त्रविनिश्चितम्।**
**तथाप्याश्रयलिङ्गादौ पूजार्थमधिका स्थितिः।।५८।।**

*મહેશ્વરની સર્વવ્યાપકતા બધા શાસ્ત્રોમાં નિશ્ચિત છે તો પણ આશ્રયભૂત લિંગ આદિમાં પૂજાના માટે (શિવની) વિશેષ સ્થિતિ હોય છે.*

**नित्यं भासि तदीयस्त्वं या ते रुद्र शिवा तनूः।**
**अघोराऽपापकाशीति श्रुतिराह सनातनी।।५९।।**

*હે રુદ્ર ! જો તમારી અઘોર અર્થાત્ અભયંકર મંગલકારી દોષરહિત (લિંગરૂપી) શરીર છે - એમ સનાતની શ્રુતિ કહે છે તે શરીરવાળા તમે નિત્ય પ્રકાશિત થઈ રહો છો.*

**तस्मात्सर्वप्रयत्नेन सर्वस्थानपराङ्मुखः।**
**स्वेष्टलिङ्गे महादेवं पूजयेत्पूजकोत्तमः।।६०।।**

*એટલા માટે ઉત્તમ પૂજકને જોઈએ કે તે બધા સ્થાનોથી પરાઙ્મુખ થઈને પોતાના ઈષ્ટ લિંગમાં દેવની પૂજા કરે છે તે સર્વગત્વ નિરાસક કહેવાય છે.*

**शिवस्य सर्वगत्वेऽपि सर्वत्र रतिवर्जितः।**
**स्वेष्टलिङ्गे यजन् देवं सर्वगत्वनिरासकः।।६१।।**

*યદ્યપિ શિવ સર્વગામી છે તો પણ જો સર્વત્ર અનુરાગ રહિત કેવળ પોતાના ઈષ્ટ લિંગમાં દેવની પૂજા કરે છે તે સર્વગત્વ નિરાસક કહેવાય છે.*

**पूजाविधौ नियम्यत्वाल्लिङ्गमात्रे स्थितं शिवम्।**
**पूजयन्नपि देवस्य सर्वगत्वं विभावयेत्।।६२।।**

*(શિવજગન્મયસ્થળ વર્ણન) - પૂજાની વિધિમાં નિયમિત હોવાના કારણે લિંગ માત્રમાં સ્થિત શિવની પૂજા કરતો ભક્ત દેવાધિદેવની સર્વવ્યાપકતાની ભાવના કરતો રહે.*

**यस्मादेतत् समुत्पन्नं महादेवाच्चराचरम्।**
**तस्मादेतन्न भिद्येत यथा कुम्भादिकं मृदः।।६३।।**

*જો કે આ ચરાચર મહાદેવથી ઉત્પન્ન છે આ કારણથી તે જેવી રીતે (માટીથી ઉત્પન્ન કુંભ) વગેરે માટીથી ભિન્ન થી હોતા તેવી જ રીતે મહાદેવથી ભિન્ન નથી હોતા.*

**शिवतत्त्वात्समुत्पन्नं जगदस्मान्न भिद्यते।**
**फेनोर्मिबुद्बुदाकारं यथा सिन्धोर्न भिद्यते।।६४।।**

*જો કે આ ચરાચર શિવતત્વથી ઉત્પન્ન છે આથી તે તેજ પ્રકારે ભિન્ન નથી જેવી રીતે (સમુદ્રથી ઉપર) ફેન લહેર બુદ્ બુદ્ સમુદ્રથી ભિન્ન નથી હોતા.*

**यथा तन्तुभिरुत्पन्नः पटस्तन्तुमयः स्मृतः।।**
**तथा शिवात्समुत्पन्नं शिव एव चराचरम्।।६५।।**

*જેવી રીતે તંતુઓથી ઉત્પન્ન પટ તંતુમય કહેવાય છે એવી જ રીતે શિવથી ઉત્પન્ન ચરાચર શિવ જ છે.*

**आत्मशक्तिविकासेन शिवो विश्वात्मना स्थितः।**
**कुटीभावाद् यथा भाति पटः स्वस्य प्रसारणात्।।६६।।**

*શિવ પોતાની શક્તિના વિકાસથી વિશ્વના રૂપમાં બરાબર એ રીતે જ સ્થિત છે જેવી રીતે પટ પોતાના પ્રસારથી તંબૂના રૂપમાં સ્થિત હોય છે.*

**तस्माच्छिवमयं सर्वं जगदेतच्छराचरम्।**
**तदभिन्नतया भाति सर्पत्वमिव रज्जुतः।।६७।।**

*એટલા માટે શિવમય આ સમસ્ત જગત દોરીથી સર્પના ભ્રાંતિ તે શિવથી અભિન્ન રૂપમાં ભાસિત થાય છે.*

**रज्जौ सर्पवद्भाति शुक्तौ तु रजतत्ववत्।**
**चोरत्ववदपि स्थाणौ मरीच्यां च जलत्ववत्।।६८।।**

**गन्धर्वपुरवद्व्योम्नि सच्चिदानन्दलक्षणे।**
**निरस्तभेदसद्भावे शिवे विश्वं विराजते।।६९।।**

*દોરીમાં સર્પત્વ, શુક્તિમાં રજત્વ, સ્થાણુમાં ચોરત્વ, મૃગમરીચિકામાં જલત્વ, આકાશમાં ગંધર્વનગરત્વના આરોપની ભ્રાંતિ સચ્ચિદાનંદસ્વરૂપ ભેદ રહિત શિવમાં વિશ્વનો આ ભાષિત થાય છે.*

**पत्रशाखादिरुपेण यथा तिष्ठति पादपः।**
**तथा भूम्यादिरूपेण शिव एको विराजते।।७०।।**

*જેવી રીતે (એક) વૃક્ષ (અનેક) પાંદડા, શાખા વગેરેના રૂપમાં સ્થિત હોય છે તેવી જ રીતે એક શિવ (અનેક) ભૂમિ આદિ રૂપમાં વિરાજમાન છે.*

**समस्तजगदात्मापि शङ्करः परमेश्वरः।**
**भक्तानां हृदयाम्भोजे विशेषेण विराजते।।७१।।**

*(ભક્તદેહિકલિઅંગસ્થળ વર્ણન) - અને જો શંકર પરમેશ્વર સંપૂર્ણ સંસારમાં વ્યાપ્ત છે ઉપરાંત ભક્તોના હૃદયકમળમાં તેઓ વિશેષ રૂપથી વિરાજમાન રહે છે.*

**कैलासे मन्दरे चैव हिमाद्रौ कनकाचले।**
**हृदयेषु च भक्तानां विशेषेण व्यवस्थितः।।७२।।**

*કૈલાશ, મંદર, હિમાલય, કનકાચલ અર્થાત્ સુમેરુ આ પર્વતો તથા ભક્તોના હૃદયમાં (શિવની) વિશેષ સ્થિતિ રહે છે.*

**सर्वात्मापि परिच्छिन्नो यथा देहेषु वर्तने।**
**तथा स्वकीयभक्तेषु शङ्करो भासते सदा।।७३।।**

*જેવી રીતે સર્વત્ર વ્યાપક પણ પરમાત્મા દેવદિના દેહોમાં પરિચ્છિન્ન થઈને પ્રતિબિંબ ભાવથી રહે છે તેવી રીતે શંકર પોતાના ભક્તોમાં સદા રહે છે.*

**नित्यं सन्तोषयुक्तानां ज्ञाननिर्धूतकर्मणाम्।**
**माहेश्वराणामन्तःस्थो विभाति परमेश्वरः।।७४।।**

*"હે રુદ્ર જે તમારી શિવા અઘોરા અપાપકાશિની શરીર છે તે તમારા (ભક્તો)ના અંદર નિત્ય ઉપસ્થિત હોય છે" - એમ સનાતન શ્રુતિ કહે છે.*

**विशुद्धेषु विरक्तेषु विवेकिषु महात्मसु।**
**शिवस्तिष्ठति सर्वात्मा शिवलाञ्छनधारिषु।।७५।।**

*વિશુદ્ધ વૈરાગ્યયુક્ત વિવેકી અને શિવચિહ્નને ધારણ કરવાવાળા મહાત્માઓના હૃદયમાં સર્વાત્મા શિવ વિરાજમાન રહે છે.*

**नित्यं सन्तोषयुक्तानां ज्ञाननिर्धूतकर्मणाम्।**
**माहेश्वराणामन्तःस्थो विभाति परमेश्वरः।।७६।।**

*નિત્ય સંતોષ પૂર્ણ જ્ઞાન દ્વારા સમસ્ત કર્મોને ભસ્મકરતા માહેશ્વરના ભક્તમાં સમાહિત પરમેશ્વર પ્રકાશિત થાય છે.*

**अन्यत्र शम्भो रतिमात्रशून्यो निजेष्टलिङ्गे नियतान्तरात्मा।**
**शिवात्मकं विश्वमिदं विबुध्यन् माहेश्वरोऽसौ भवति प्रसादी।।७८।।**

*શંભુથી અતિરિક્ત વિષયોમાં અનાસક્ત પોતાના ઈષ્ટ લિંઙ્ગમાં સંયત અંતઃકરણવાળા તથા આ સંસારને શિવસ્વરૂપ સમજવાવાળા આ માહેશ્વર જ (સર્વદા) પ્રસાદી અર્થાત્ સ્વયં પ્રસન્ન રહીને બીજાને પ્રસન્ન કરવાવાળા પ્રસાદી સ્થળનો સાધક બની જાય છે.*

******

## અગિયારમો પરિચ્છેદ

### પ્રસાદી સપ્તવિદસ્થલ પ્રસંગ

**अगस्त्य उवाच —**

**उक्तो माहेश्वरः साक्षाल्लिङ्गनिष्ठादिधर्मवान्।**
**कथमेष प्रसादीति कथ्यते गणनायक।।१।।**

*(પ્રસાદીસ્થળ વર્ણન) - અગસ્ત્યએ કહ્યું - હે ગણનાયક સાક્ષાત્ લિંગમાં નિષ્ઠા આદિ ધર્મથી યુક્ત માહેશ્વરનું આપે વર્ણન કર્યુ. આ માહેશ્વર પછી "પ્રસાદી કેમ કહેવાય છે ?" (એ બતાવો)*

**लिङ्गनिष्ठादिभावेन ध्वस्तपापनिबन्धनः।**
**मनःप्रसादयोगेन प्रसादीत्येष कथ्यते।।२।।**

*રેણુકાચાર્યે કહ્યું - લિંગના પ્રતિ નિષ્ઠા વગેરે ભાવ દ્વારા સમસ્ત પાપરૂપી બંધનને નષ્ટ કરવાવાળા માહેશ્વર (ભક્ત) મનની પ્રસન્નતાના કારણે "પ્રસાદી" કહેવાય છે.*

**प्रसादिस्थलमित्येतदस्य माहात्म्यबोधकम्।**
**अन्तरस्थलभेदेन सप्तधा परिकीर्तितम्।।३।।**

*આ પ્રસાદી સ્થળ તેની મહિમાનો દ્યોતક છે. અંતર્ગત સ્થળોના ભેદથી તે સાત પ્રકારના કહેવાયા છે.*

**प्रसादिस्थलमादौ तु गुरुमाहात्म्यकं ततः।**
**ततो लिङ्गप्रशंसा च ततो जङ्गमगौरवम्।।४।।**

**ततो भक्तस्य माहात्म्यं ततः शरणकीर्तनम्।**
**शिवप्रसादमाहात्म्यमिति सप्तप्रकारकम्।।५।।**

*પ્રથમ પ્રસાદી સ્થળ, બીજું ગુરુ માહાત્મ્ય સ્થળ, ત્રીજું લિંગ પ્રશંસા તેના પછી જંગમગૌરવ, ત્યાર પછી ભક્તમાહાત્મ્ય ત્યાર પછી શરણકીર્તનસ્થળ અને અંતમા શિવપ્રસાદ માહાત્મ્ય સ્થળના સાત પ્રકાર છે.*

**नैर्मल्यं मनसो लिङ्गं प्रसाद इति कथ्यते।**
**शिवस्य लिङ्गरूपस्य प्रसादादेव सिद्ध्यति।।६।।**

*હે મહામુનિ ! (હવે હું) ક્રમથી તેના લક્ષણ કહી રહ્યો છું. મનની નિર્મળતારૂપી ચિહ્ન પ્રસાદ કહેવાય છે. આ પ્રસાદ લિંગરૂપી શિવની કૃપાથી પ્રાપ્ત થાય છે.*

**शिवप्रसादं यद्द्रव्यं शिवाय विनिवेदितम्।**
**निर्माल्यं तत्तु शैवानां मनोनैर्मल्यकारणम्।।७।।**

*શિવને સમર્પિત જો શિવનો પ્રસાદ તેમની નિર્મળતા વીર શૈવોના મનની નિર્મળતાનું કારણ હોય છે.*

**मनःप्रसादसिद्ध्यर्थं निर्मलज्ञानकारणम्।**
**शिवप्रसादं स्वीकुर्वन् प्रसादीत्येष कथ्यते।।८।।**

*મનની પ્રસન્નતાની સિદ્ધિના માટે નિર્મળ જ્ઞાનને કારણે શિવપ્રસાદને સ્વીકારવાવાળા "પ્રસાદી" કહેવાય છે.*

**अन्नशुद्ध्या हि सर्वेषां तत्त्वशुद्धिरुदाहृता।**
**विशुद्धमन्नजातं हि यच्छिवाय समर्पितम्।।९।।**

**तदेव सर्वकालं तु भुञ्जानो लिङ्गतत्परः।**
**मनःप्रसादमतुलं लभते ज्ञानकारणम्।।१०।।**

*અન્નની શુદ્ધિથી બધાની તત્વશુદ્ધિ કહેવામાં આવી છે. વિશુદ્ધ અન્ન એ હોય છે જે શિવને સમર્પિત કરવામાં આવે છે. લિંગની આરાધનામાં તત્પર*

*ભક્ત હંમેશા તે અન્નને ખાવાવાળા ભક્તજ્ઞાનથી ઉત્પન્ન અસીમ મનઃપ્રસાદને પ્રાપ્ત કરે છે.*

**आत्मभोगाय नियतं यद्यद्द्रव्यं समाहितम्।**
**तत्तत् समर्प्य देवाय भुञ्जीयादात्मशुद्धये।।११।।**

*આત્મભોગના માટે નિશ્ચિતરૂપથી જે - જે દ્રવ્ય એકત્રિત કરેલા હોય આત્મશુદ્ધિના માટે તેને મહાદેવને સમર્પિત કરીને ખાવું જોઈએ.*

**नित्यसिद्धेन देवेन भिषजा जन्मरोगिणाम्।**
**यद्यत् प्रसादितं भुक्त्वा तत्तज्जन्मरसायनम्।।१२।।**

*જન્મરૂપી રોગવાળાના માટે નિત્યસિદ્ધ વૈદ્યરૂપી શિવ દેવના દ્વારા ભોગ આપીને જે - જે વસ્તુ પ્રસાદરૂપે બનાવી તે બધી વસ્તુ જન્મરસાયણ અર્થાત્ પુર્નજન્મથી મુક્તિ મેળવવાને માટે ઔષધિ રૂપ છે.*

**आरोग्यकारणं पुंसामन्तःकरणशुद्धिदम्।**
**तापत्रयमहारोगसमुद्धरणभेषजम् ।।१३।।**

**विद्यावैशद्यकरणं विनिपातविघातनम्।**
**द्वारं ज्ञानावतारस्य मोहोच्छेदस्य कारणम्।।१४।।**

**वैराग्यसम्पदो मूलं महानन्दप्रवर्धनम्।**
**दुर्लभं पापचित्तानां सुलभं शुद्धकर्मणाम्।।१५।।**

**आदृतं ब्रह्मविष्ण्वाद्यैर्वसिष्ठाद्यैश्च तापसैः।**
**शिवस्वीकृतमन्नाद्यं स्वीकार्यं सिद्धिकाङ्क्षिभिः।।१६।।**

*સિદ્ધિને ચાહવાવાળા લોકોને જોઈએ કે તે શિવના દ્વારા સ્વીકૃત અર્થાત્ શિવને સમર્પિત અન્નાદિ ને ગ્રહણ કરવું. આ અન્નાદિની વિશેષતાઓ નિમ્નલિખિત છે - આ પુરુષોના આરોગ્યનું કારણ છે. તેમના અંતઃકરણને શુદ્ધ કરવાવાળા છે. ત્રણ તાપરૂપી મહારોગથી ઉદ્ધાર કરવાને માટે ઔષધ છે. વિદ્યાને વિશદ્ બનાવે છે. પતન અર્થાત્ કૃત્રિમ દોષને રોકે છે. જ્ઞાનાવતારનું*

*દ્વાર તથા મોહોચ્છેદનું કારણ છે. વૈરાગ્યરૂપી સંપત્તિનું મૂલ્ય તથા મહાનંદને વધારવાવાળા છે. પાપીઓના માટે દુર્લભ અને શુદ્ધ આચારવાળાઓના માટે સુલભ છે. બ્રહ્મા, વિષ્ણુ અને દેવતા તથા વશિષ્ટ વગેરે તપસ્વીઓના દ્વારા પ્રસાદનો આદર કરવામાં આવે છે.*

**पत्रं पुष्पं फलं तोयं यच्छिवाय निवेदितम्।**
**तत्तत्स्वीकारयोगेन सर्वपापक्षयो भवेत्।।१७।।**

*પત્ર, પુષ્પ, જળ જે કંઈ શિવના માટે નિવેદિત છે તેનો તેનો સ્વીકાર કરવાથી સમસ્ત પાપોનો ક્ષય થઈ જાય છે.*

**यथा शिवप्रसादान्नं स्वीकार्यं लिङ्गतत्परैः।**
**तथा गुरोः प्रसादान्नं तथैव शिवयोगिनाम्।।१८।।**

*લિંગની આરાધનામાં રત લોકોના દ્વારા જેવી રીતે શિવના પ્રસાદરૂપી અન્ન સ્વીકાર્ય હોય છે. એવી જ રીતે ગુરુ અને શિવયોગીઓનું પણ પ્રસાદા અને અન્ન સ્વીકાર્ય હોવું જોઈએ.*

**गुरुरेवात्र सर्वेषां कारणं सिद्धिकर्मणाम्।**
**गुरुरूपो महादेवो यतः साक्षादुपस्थितः।।१९।।**

*આ જગતમાં સર્વ સિદ્ધિ કર્મનું કારણ ગુરુ જ છે કારણ કે ગુરુના રૂપમા સાક્ષાત્ મહાદેવ ઉપસ્થિત છે.*

**निष्कलो हि महादेवो नित्यज्ञानमहोदधिः।**
**सकलो गुरुरूपेण सर्वानुग्राहको भवेत्।।२०।।**

*નિત્ય જ્ઞાનના સમુદ્ર મહાદેવ નિષ્કલ છે તે જ ગુરુના રૂપમાં સફળ થઈને સર્વાનુગ્રહ કારક હોય છે.*

**यः शिवः स गुरुर्ज्ञेयो यो गुरुः स शिवः स्मृतः।**
**न तयोरन्तरं कुर्याद् ज्ञानावाप्तौ महामतिः।।२१।।**

*જે શિવ છે તેમને જ ગુરુ સમજવું જોઈએ. જે ગુરુ છે તે જ શિવ કહેવાય*

*છે અર્થાત્ ગુરુ શિવસાયુજ્યરૂપ મોક્ષના કારણભૂત જ્ઞાનના દાતા હોવાથી શિવથી અભિન્ન છે. જ્ઞાનલાભના સંદર્ભમાં વિદ્વાન તે બંનેમાં અંતર ન કરવું.*

**हस्तपादादिसाम्येन नेतरै: सदृशं वदेत्।**
**आचार्यं ज्ञानदं शुद्धं शिवरूपतया स्थितम्।।२२।।**

*જ્ઞાન આપવાવાળા, શુદ્ધ તથા શિવરૂપમાં સ્થિત આચાર્યને હાથ પગ આદિની સમાનતાને કારણે અન્ય સામાન્ય લોકોના સદૃશ ન કહેવું જોઈએ.*

**आचार्यस्यावमानेन श्रेय:प्राप्तिर्विहन्यते।**
**तस्मान्नि:श्रेयसप्राप्त्यै पूजयेत्तं समाहित:।।२३।।**

*આચાર્યનું અપમાન કરવાથી મોક્ષ લાભમાં વિઘ્ન આવે છે. આ માટે નિઃશ્રેયસની પ્રાપ્તિના માટે સમાહિત ચિત્ત થઈને તેમની પૂજા કરવી જોઈએ.*

**गुरुभक्तिविहीनस्य शिवभक्तिर्न जायते।**
**तत: शिवे यथा भक्तिस्तथा भक्तिर्गुरावपि।।२४।।**

*જે વ્યક્તિ ગુરુભક્તિથી રહિત છે તેમની અંદર શિવભક્તિ ઉત્પન્ન થતી નથી. એટલા માટે શિવમાં જેવી ભક્તિ હોય તેવી જ ભક્તિ ગુરુમાં પણ હોવી જોઈએ.*

**गुरुमाहात्म्ययोगेन निजज्ञानातिरेकत:।**
**लिङ्गस्यापि च माहात्म्यं सर्वोत्कृष्टं विभाव्यते।।२५।।**

*ગુરુનો મહિમા અને પોતાના જ્ઞાનની અધિકતાથી લિંગનું પણ માહાત્મ્ય સર્વોત્કૃષ્ટ સમજી શકાય છે.*

**शिवस्य बोधलिङ्गं यद् गुरुबोधितचेतसा।**
**तदेव लिङ्गं विज्ञेयं शाङ्करं सर्वकारणम्।।२६।।**

*જે શિવનું બોધલિંગ છે ગુરુના દ્વારા પ્રબોધિત ચિત્તવાળા મનુષ્યને જોઈએ કે તે એજ બોધલિંગને સર્વકારણશાંકરલિંગ સમજે.*

**परं पवित्रममलं लिङ्गं ब्रह्म सनातनम्।**
**शिवाभिधानं चिन्मात्रं सदानन्दं निरङ्कुशम्।।२७।।**

**कारणं सर्वलोकानां वेदानामपि कारणम्।**
**पूरणं सर्वतत्त्वस्य तारणं जन्मवारिधेः।।२८।।**

**ज्योतिर्मयमनिर्देश्यं योगिनामात्मनि स्थितम्।**
**कथं विज्ञायते लोके महागुरुदयां विना।।२९।।**

*શિવ નામક લિંગ પરમ પવિત્ર, નિર્મળ, સનાતન, બ્રહ્મ, ચિન્માત્ર, સદાનંદ નિરંકુશ, સમસ્ત લોકોનું કારણ, વેદોનું પણ કારણ, સંપૂર્ણ તત્વોનું પૂરક, જન્મરૂપી સમુદ્રના પાર લઈ જવાવાળા, જ્યોર્તિમય, અનિર્દેશ્ય, યોગીઓના હૃદયના રહેવાવાળા છે. એવું લિંગ મહાગુરુની મહાકૃપાના વિના આ સંસારમા કેવી રીતે જાણી શકાય છે.*

**ब्रह्मणा विष्णुना पूर्वं यल्लिङ्गं ज्योतिरात्मकम्।**
**अपरिच्छेद्यमभवत् केन वा परिचोद्यते।।३०।।**

*જે જ્યોર્તિસ્વરૂપ લિંગનું પ્રાચીનકાળમાં બ્રહ્મા અને વિષ્ણુએ પાર પામ્યો નથી તેને કોણ જાણી શકે છે.*

**बहुनात्र किमुक्तेन लिङ्गं ब्रह्म सनातनम्।**
**योगिनो यत्र लीयन्ते मुक्तपाशनिबन्धनाः।।३१।।**

*વધારે કહેવાથી શો લાભ ? આ લિંગરૂપી બ્રહ્મ સનાતન છે. યોગી લોકો પાશબંધથી મુક્ત થઈને એમાં લીન થઈ જાય છે.*

**पीठिका परमा शक्तिर्लिङ्गं साक्षात्परः शिवः।**
**शिवशक्तिसमायोगं विश्वं लिङ्गं तदुच्यते।।३२।।**

*પીઠિકા (-અર્ધા) પરમાશક્તિ છે. લિંગ સાક્ષાત્ પરમશિવ છે. શિવ અને શક્તિનો જો સમાયોગ છે તે વિશ્વલિંગ કહેવાય છે.*

**ब्रह्मादयः सुराः सर्वे मुनयः शौनकादयः।**
**शिवलिङ्गार्चनादेव स्वं स्वं पदमवाप्नुयुः।।३३।।**

*બ્રહ્મા વગેરે દેવતા શૌનક આદિ ઋષિગણ આ બધા શિવલિંગની પૂજાથી પોત-પોતાના પદને પ્રાપ્ત કર્યું.*

**विश्वाधिपत्वमीशस्य लिङ्गमूर्तेः स्वभावजम्।**
**अनन्यदेवसादृश्यं श्रुतिराह सनातनी।।३४।।**

*લિંગસ્વરૂપ ઈશ્વરનું વિશ્વાધિપ હોવું સ્વભાવસિદ્ધ છે. એમના સમાન વિશ્વાધિપત્વ કોઈ પણ અન્ય દેવમાં મળતું નથી એવું સનાતની શ્રુતિ અર્થાત્ વેદ કહે છે.*

**गुरुशिष्यसमारूढलिङ्गमाहात्म्यसम्पदः ।**
**सर्वं चिद्रूपविज्ञानाज्जङ्गमाधिक्यमुच्यते।।३५।।**

*(જંગમમાહાત્મ્યસ્થળ વર્ણન) - ગુરુ અને શિષ્યના વચ્ચે ઉત્પન્ન લિંગ માહાત્મ્યની સંપત્તિની અપેક્ષા (ચિદ્ રૂપ) વિજ્ઞાનના કારણે જંગમલિંગનું માહાત્મ્ય વધારે માનવામાં આવ્યું છે.*

**जानन्त्यतिशयाद् ये तु शिवं विश्वप्रकाशकम्।**
**स्वस्वरूपतया ते तु जङ्गमा इति कीर्तिताः।।३६।।**

*જે લોકો વિશ્વના પ્રકાશક શિવને અતિશયના કારણે આત્મરૂપમાં જાણે છે તે જંગમ લિંગ કહેવાયા છે.*

**ये पश्यन्ति जगज्जालं चिद्रूपं शिवयोगतः।**
**निर्धूतमलसंस्पर्शास्ते स्मृताः शिवयोगिनः।।३७।।**

*જે પોતાના શિવયોગ સામર્થ્યથી આ સંસાર રૂપી જગતને ચિદરૂપ જાણે છે નષ્ટમલ સ્પર્શવાળા તે શિવયોગી કહેવાયા છે.*

**घोरसंसारतिमिरपरिध्वंसनकारणाम् ।**
**येषामस्ति शिवज्ञानं ते मताः शिवयोगिनः।।३८।।**

*જેમની પાસે ઘોર સંસારરૂપી અંધકારનો નાશ કરનારા શિવજ્ઞાન છે તે શિવયોગી કહેવાયા છે.*

**जितकामा जितक्रोधा मोहग्रन्थिविभेदिनः।**
**समलोष्टाश्मकनकाः साधवः शिवयोगिनः।।३९।।**

**समौ शत्रौ च मित्रे च साक्षात्कृतशिवात्मकाः।**
**निस्पृहा निरहंङ्कारा वर्तन्ते शिवयोगिनः।।४०।।**

*કામ અને ક્રોધને જીતવાવાળા, મોહરૂપી ગ્રંથીને તોડવાવાળા, માટીના ઢેફા, પત્થર અને સુવર્ણમાં સમાન દૃષ્ટિ રાખવાવાળા સાધુ શિવયોગી હોય છે. શત્રુ અને મિત્રમાં સમાન, શિવનો સાક્ષાત્કાર કરવાવાળા જો નિસ્પૃહ અને નિઃઅહંકાર થઈને વ્યવહાર કરે છે તે શિવયોગી છે.*

**दुर्लभं हि शिवज्ञानं दुर्लभं शिवचिन्तनम्।**
**येषामेतद्द्वयं चास्ति ते हि साक्षाच्छिवात्मकाः।।४१।।**

*શિવનું જ્ઞાન દુર્લભ છે. શિવનું ધ્યાન દુર્લભ છે. જેની પાસે આ બંને છે તે સાક્ષાત્ શિવસ્વરૂપ છે.*

**पादाग्ररेणवो यत्र पतन्ति शिवयोगिनाम्।**
**तदेव सदनं पुण्यं पावनं गृहमेधिनाम्।।४२।।**

**सर्वसिद्धिकरं पुंसां दर्शनं शिवयोगिनाम्।**
**स्पर्शनं पापश्मनं पूजनं मुक्तिसाधनम्।।४३।।**

*શિવયોગીઓના પગના અગ્રભાગની ધૂળ જ્યાં પડે છે ગૃહસ્થોનું તે ઘર પુણ્યપ્રદ અને પવિત્ર થઈ જાય છે. શિવયોગીઓનું દર્શન પુરુષોના માટે સર્વસિદ્ધિકર છે. તેમનો સ્પર્શ પાપનું શમન કરવાવાળા અને પૂજન મુક્તિ આપવાવાળું છે.*

**महतां शिवतात्पर्यवेदिनामनुमोदिनाम्।**
**किं वा फलं न सिद्ध्येत सम्पर्काच्छिवयोगिनाम्।।४४।।**

*શિવતાત્પર્યને જાણવાવાળા શિવસ્વરૂપ સુખમા રમણ કરવાવાળા મહાન શિવયોગીઓના સંપર્કથી ક્યા ક્યા ફળ નથી મળતા ? (અર્થાત્ સંપૂર્ણ કામનાની સિદ્ધિ હોય છે.)*

**गुरोर्लिङ्गस्य माहात्म्यकथनाच्छिवयोगिनाम्।**
**सिद्धं भक्तस्य माहात्म्यं तथाप्येष प्रशस्यते।।४५।।**

*અને ગુરુ જો લિંગ અને શિવયોગીઓનો મહિમાનું વર્ણન કરવાથી ભક્તનું માહાત્મ્ય સિદ્ધ થઈ જાય તો પણ આ ભક્તની પ્રશંસા આગળના શ્લોકોમાં કરવામાં આવી છે.*

**ये भजन्ति महादेवं परमात्मानमव्ययम्।**
**कर्मणा मनसा वाचा ते भक्ता इति कीर्तिता:।।४६।।**

*(ભક્તના લક્ષણ) - જે લોકો અવ્યય પરમાત્મા મહાદેવનું મન વાણી અને કર્મથી ભજન અર્થાત્ સેવા કરે છે તે ભક્ત કહેવાયા છે.*

**दुर्लभा हि शिवे भक्ति: संसारभयतारिणी।**
**सा यत्र वर्तते साक्षात् स भक्त: परिगीयते।।४७।।**

*સંસારરૂપી ભયથી પાર લઈ જવાવાળી શિવભક્તિ દુર્લભ છે. તે જેમની અંદર છે તે સાક્ષાત્ ભક્ત કહેવાય છે.*

**किं वेदै: किं तत: शास्त्रै: किं यज्ञै: किं तपोव्रतै:।**
**नास्ति चेच्छाङ्करी भक्तिर्देहिनां जन्मरोगिणाम्।।४८।।**

*જન્મરૂપી રોગથી ગ્રસ્ત દેહધારી મનુષ્યોની અંદર જો શિવભક્તિ નથી તો (તેમના દ્વારા અધીત) વેદ શાસ્ત્ર (તથા તેમના દ્વારા કરવામાં આવેલા) યજ્ઞ, તપસ્યા અને વ્રતથી શો લાભ ? અર્થાત્ શિવભક્તિ વિના બધું વ્યર્થ છે.*

**शिवभक्तिविहीनस्य सुकृतं चापि निष्फलम्।**
**विपरीतफलं च स्याद् दक्षस्यापि महाध्वरे।।४९।।**

*જે શિવભક્તિથી રહિત છે તેમનું પુણ્ય પણ નિષ્ફળ છે દક્ષ (સદંશ પ્રતાપી) ને પણ મહાયજ્ઞમાં (શિવભક્તિહીન હોવાથી) વિપરિત ફળ મળ્યું ?*

**अत्यन्तपापकर्मापि शिवभक्त्या विशुद्ध्यति।**
**चण्डो यथा पुरा भक्त्या पितृहाऽपि शिवोऽभवत्।।५०।।**

*ખૂબ જ પાપ કરવાવાળો પણ શિવભક્તિના દ્વારા શુદ્ધ થઈ જાય છે. જેમ કે પ્રાચીનકાળમાં પિતૃઘાતી ચંડ પણ શિવભક્તિના દ્વારા શિવસ્વરૂપ થઈ ગયો.*

**सुकृतं दृष्कृतं वापि शिवभक्तस्य नास्ति हि।**
**शिवभक्तिविहीनानां कर्मपाशनिबन्धनम्।।५१।।**

*શિવભક્તના માટે નથી પુણ્ય નથી પાપ. કર્મપાશનું બંધન કેવળ શિવભક્તિથી રહિત (જીવો) ના માટે છે.*

**शिवाश्रितानां जन्तूनां कर्मणा नास्ति सङ्गमः।**
**वाजिनां दिननाथस्य कथं तिमिरजं भयम्।।५२।।**

*શિવના ઉપર આધારિત જીવોના કર્મનું ફળ મળતું નથી. સૂર્યના ઘોડાઓને અંધકારનો ભય કેવી રીતે હોઈ શકે.*

**निरोद्धुं न क्षमं कर्म शिवभक्तान् विशृङ्खलान्।**
**कथं मत्तगजान् रून्धेच्छृङ्खला बिसतन्तुजा।।५३।।**

*વિશૃંખલા અર્થાત્ બંધનથી રહિત શિવભક્તોને કર્મ રોકી શકતું નથી. મતવાલા હાથીને બિસતન્તુ (કમળનાળને તોડવાથી નિકળતું તંતુ) ની શ્રૃંખલા કેવી રીતે બાંધી શકે છે ?*

**ब्राह्मणः क्षत्रियो वापि वैश्यो वा शूद्र एव वा।**
**अन्त्यजो वा शिवे भक्तः शिववन्मान्य एव सः।।५४।।**

*બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર અથવા અત્યંજ પણ જો શિવના પ્રતિ ભક્તિભાવ રાખે છે તો એ શિવના સમાન માન્ય છે.*

**शिवभक्तिसमावेशे क्व जतिपरिकल्पना ।**
**इन्धनेष्वग्निदग्धेषु को वा भेदः प्रकोर्त्यते ।। ५५।।**

*શિવભક્તિનો સમાવેશ થઈ જવાથી જાતિની પરિક્લપના ક્યાં સંભવ*

*છે. લાકડાં આગમાં સળઘી ગયા પછી અગ્નિ અને ઈંધણમાં અથવા ઈંધણ નાનાવિધ હોવાથી ક્યો ભેદ કહી શકાય છે.*

**शुद्धा नियमसंयुक्ताः शिवार्पितफलागमाः।**
**अर्चयन्ति शिवं लोके विज्ञेयास्ते गणेश्वराः।।५६।।**

*(દીક્ષા આદિથી) પરિશુદ્ધ, નિયમથી બંધાયેલા, પોતાની અર્ચનાનું ફળ શિવને અર્પિત કરવાવાળા જે લોકો આ સંસારમાં શિવનું અર્ચન પૂજન કરે છે. તે ગણેશ્વર હોય છે.*

**गुरुलिङ्गादिमाहात्म्यबोधान्वेषणसङ्गतः।**
**सर्वात्मना शिवापत्तिः शरणस्थानमुच्यते।।५७।।**

*(શરણમહત્વસ્થ વર્ણન) - ગુરુ લિંગ વગેરેના માહાત્મ્ય કે જ્ઞાન ના અન્વેષણની સાથે બધી પ્રકારે શિવની શરણમાં જવું શરણસ્થળ કહેવાય છે.*

**ब्रह्मादिविबुधान् सर्वान् मुक्त्वा प्राकृतवैभवान्।**
**प्रपद्यते शिवं यत्तु शरणं तदुदाहृतम्।।५८।।**

*પ્રકૃતિના વૈભવથી યુક્ત બ્રહ્મા વગેરે સમસ્ત દેવતાઓને છોડીને જે શિવની શરણમાં જાય છે તેને શરણ કહેવાય છે.*

**शरण्यः सर्वभूतानां शङ्करः शशिशेखरः।**
**सर्वात्मना प्रपन्नस्तं शरणागत उच्यते।।५९।।**

*જેના માથા ઉપર ચન્દ્રમા છે એવા શંકર સમસ્ત પ્રાણીઓના શરણદાતા છે. જો સર્વાત્મના તેમની શરણમાં જાય છે તેને શરણાગત કહે છે.*

**विमुक्तभोगलालस्यो देवतान्तरनिस्पृहः।**
**शिवमभ्यर्थयन् मोक्षं शरणार्थीति गीयते।।६०।।**

*જેની ભોગલાલસા ખત્મ થઈ ગઈ છે અને અન્ય દેવતાઓના વિષયમાં જેઓ નિઃસ્પૃહ એવો વ્યક્તિ જો શિવ પાસેથી મોક્ષની અભ્યર્થના અર્થાત્ યાચના કરે છે તો તે શરણાર્થી કહેવાય છે.*

**ये प्रपन्ना महादेवं मनोवाक्कायकर्मभिः।**
**तेषां तु कर्मजातेन किं वा देवादितर्पणैः।।६१।।**

*જે લોકો મન, વચન, કર્મથી શિવની શરણમાં ગયા છે તેમને યાગ વગેરે કર્મ સમૂહ અને દેવતા વગેરેના તર્પણોથી શું લેવા - દેવા ? (અર્થાત્ તેમને કર્મ વગેરે કરવાની આવશ્યકતા નથી)*

**सर्वेषामपि यज्ञानां क्षयः स्वर्गः फलायते।**
**अक्षयं फलमाप्नोति प्रपन्नः परमेश्वरम्।।६२।।**

*સંપૂર્ણ યજ્ઞનું ફળ સ્વર્ગ ક્ષયશીલ છે પરંતુ જો ભક્ત પરમેશ્વરની શરણમાં આવી ગયા છે તેઓ અક્ષય ફળ અર્થાત્ શિવસાયુજ્ય પ્રાપ્ત કરે છે.*

**प्रपन्नपारिजातस्य भवस्य परमात्मनः।**
**प्रपत्त्या किं न जायेत पापिनामपि देहिनाम्।।६३।।**

*પરમાત્મા શિવ પ્રપન્નના માટે કલ્પવૃક્ષના સમાન છે. આવા શિવના પ્રતિ પ્રપત્તિથી પાપી જીવોને શું નથી મળતું ? અર્થાત્ બધું મળી જાય છે.*

**प्रपन्नानां महादेवं परिपक्वान्तरात्मनाम्।**
**जन्मैव जन्म नान्येषां वृथा जननसङ्गिनाम्।।६४।।**

*મહાદેવની શરણમાં ગયેલા તથા પરિશુદ્ધ હૃદયવાળાનો જન્મ જ જન્મ છે (અર્થાત્ સફળ છે) જન્મ લેવાવાળા અન્ય લોકોનું જન્મ લેવું વ્યર્થ છે.*

**दुर्लभं मानुषं प्राप्य जननं ज्ञानसाधनम्।**
**ये न जानन्ति देवेशं तेषामात्मा निरर्थकः।।६५।।**

*જ્ઞાનના સાધનભૂત દુર્લભ મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને પણ જો દેવેશ અર્થાત્ પરમાત્મા શિવને નથી જાણતા તેમનું જીવન વ્યર્થ છે.*

**तत्कुलं हि सदा शुद्धं सफलं तस्य जीवितम्।**
**यस्य चित्तं शिवे साक्षाद् विलीनमबहिर्मुखम्।।६६।।**

*જે વ્યક્તિનું અબહિર્મુખ મન સાક્ષાત્ શિવમાં વિલિન થઈ ગયું તેનું કુળ સદા*

*શુદ્ધ થઈ ગયું અને તેનું જીવન સફળ થઈ ગયું.*

**गुरुलिङ्गादिमाहात्म्यविशेषानुभवस्थितिः।**
**यस्माच्छिवप्रसादात् स्यात्तदस्य महिमोच्यते।।६७।।**

*જે શિવપ્રસાદને કારણે ગુરુ, લિંગ આધિનું માહાત્મ્ય વિશેષનો અનુભવ થાય છે. તે જ આનો (શિવપ્રસાદ) મહિમા છે.*

**सदा लिङ्गैकनिष्ठानां गुरुपूजानुषङ्गिणाम्।**
**प्रपन्नानां विशुद्धानां प्रसीदति महेश्वरः।।६८।।**

*જે હંમેશા લિંગાર્ચનમાં વ્યસ્ત, ગુરુપૂજામાં તત્પર, પ્રપન્ન તથા વિશુદ્ધ છે તેમના ઉપર પરમેશ્વર પ્રસન્ન થઈ જાય છે.*

**प्रसादोऽपि महेशस्य दुर्लभः परिकीर्त्यते।**
**घोरसंसारसन्तापनिवृत्तिर्येन जायते।।६९।।**

*જેમના દ્વારા ઘોર સંસારસંતાપની નિવૃતિ થઈ જાય છે એવા મહેશ્વરની પ્રસન્નતા અથવા કૃપા પણ દુર્લભ કહેવાઈ છે.*

**यज्ञास्तपांसि मन्त्राणां जपश्चिन्ता प्रबोधनम्।**
**प्रसादार्थं महेशस्य कीर्तितानि न संशयः।।७०।।**

*યજ્ઞ, તપ, મંત્રનો જાપ, ધ્યાન, જ્ઞાન આ બધુ (સાધનના રૂપમાં) મહેશ્વરની પ્રસન્નતાના માટે કહેવાયા છે, એમાં સંદેહ નથી.*

**प्रसादमूला सर्वेषां भक्तिरव्यभिचारिणी।**
**शिवप्रसादहीनस्य भक्तिश्चापि न सिद्ध्यति।।७१।।**

*બધા લોકોની (શિવના) પ્રસાદથી ઉત્પન્ન ભક્તિ અવ્યભિચારીણી (અર્થાત્ એકનિષ્ઠ) છે. શિવપ્રસાદથી રહિત વ્યક્તિને ભક્તિ પણ મળતી નથી.*

**गर्भस्थो जायमानो वा जातो वा ब्राह्मणोऽथवा।**
**अन्त्यजो वापि मुच्येत प्रसादे सति शाङ्करे।।७२।।**

*આ પ્રકારે શિવ પ્રસન્ન થવાથી ગર્ભસ્થ, ઉત્પન્ન થઈને તથા ઉત્પન્ન, બ્રાહ્મણ અથવા ચંડાળ કોઈ પણ હોય મુક્ત થઈ જાય છે.*

**ब्रह्माद्या विभुधाः सर्वे स्वस्वस्थाननिवासिनः।**
**नित्यसिद्धा भवन्त्येव प्रसादात् पारमेश्वरात्।।७३।।**

*બ્રહ્મા વગેરે સર્વ દેવગણ પરમેશ્વરના પ્રસાદથી જ પોત-પોતાના પદ પર રહીને નિત્ય સિદ્ધ છે.*

**प्रसादे शाम्भवे सिद्धे परमानन्दकारणे।**
**सर्वं शिवमयं विश्वं दृश्यते नात्र संशयः।।७४।।**

*પરમ આનંદના હેતુભૂત શામ્ભવ પ્રસાદના સિદ્ધ (અર્થાત્ પ્રાપ્ત) હોવાથી સંપૂર્ણ સંસાર શિવમય જોવા મળે છે, એમાં સંદેહ નથી. શિવપ્રસાદે કોઈનું પણ આ કર્મ નષ્ટ થતું નથી.*

**संसारचक्रनिर्वाहनिमित्तं कर्म केवलम्।**
**प्रसादेन विना शम्भोर्न कस्यापि निवर्तते।।७५।।**

*આ વિષયમાં વધારે કહેવાથી શો લાભ ? મહેશ્વરના પ્રસાદથી વધારે અથવા તેના સમાન ત્રણે લોકમાં કશું નથી.*

**बहुनात्र किमुक्तेन नास्ति नास्ति जगत्त्रये।**
**समानमधिकं चापि प्रसादस्य महेशितुः।।७६।।**

**शिवप्रसादे सति योगभाजि सर्वं शिवैकात्मतया विभाति।**
**स्वकर्ममुक्तः शिवभावितात्मा स प्राणलिङ्गीति निगद्यतेऽसौ।।७७।।**

*શિવપ્રસાદથી યુક્ત હોવાથી બધું જ કંઈ શિવમય પ્રતીત થાય છે. જો મનુષ્ય શિવ-ભાવનામય છે તે પોતાના કર્મથી મુક્ત થઈને પ્રાણલિંગી કહેવાય છે.*

******

## બારમો પરિચ્છેદ

### પ્રાણલિઙ્ગિન પઞ્ચવિધસ્થલ પ્રસંગ

**अगस्त्य उवाच —**

**भक्तो माहेश्वरश्चेति प्रसादीति निबोधितः।**
**एक एव कथं चैव प्राणलिङ्गीति कथ्यते।।१।।**

*(પ્રાણલિંગીસ્થળ વર્ણન) - અગસ્ત્યે કહ્યું - એક જ વ્યક્તિ મહેશ્વર અને પ્રસાદી હોય છે આ (તમે મને) બતાવ્યું. તે જ પ્રસાદી પ્રાણલિંગી કેવી રીતે કહેવાય.*

**भक्तो माहेश्वरश्चैष प्रसादीति च कीर्तितः।**
**कर्मप्राधान्ययोगेन ज्ञानयोगोऽस्य कथ्यते।।२।।**

*શ્રી રેણુકાચાર્યે કહ્યું - (એક જ મનુષ્ય) જો ભક્ત મહેશ્વર અને પ્રસાદી કહેવાય છે તે કર્મ પ્રાધાન્યને કારણે. (હવે) આ (પ્રસાદી)ને જ્ઞાનયોગ કહેવાય છે અર્થાત્ જ્ઞાનયોગને કારણે જ પ્રસાદી પ્રાણલિંગી કહેવાય છે.*

**लिङ्गं चिदात्मकं ब्रह्म तच्छक्तिः प्राणरूपिणी।**
**तद्रूपलिङ्गविज्ञानी प्राणलिङ्गीति कथ्यते।।३।।**

*ચિત્તસ્વરૂપ બ્રહ્મ લિંગ છે. તેમની શક્તિ પ્રાણ છે. આ રૂપવાળા લિંગના વિશેષ રૂપથી જાણવાવાળા પ્રાણલિંગી કહેવાય છ.*

**प्राणलिङ्गिस्थलं चैतत् पञ्चस्थलसमन्वितम्।**
**प्राणलिङ्गिस्थलं चादौ प्राणलिङ्गार्चनं ततः।।४।।**

**शिवयोगसमाधिश्च ततो लिङ्गनिजस्थलम्।**
**अङ्गलिङ्गिस्थलं चाथ क्रमादेषां भिदोच्यते।।५।।**

*આ પ્રાણલિંગી સ્થળ પાંચસ્થળોથી યુક્ત છે. પ્રથમ પ્રાણલિંગી સ્થળ ત્યાર પછી પ્રાણલિંગાર્ચન પછી શિવયોગ સમાધિ ત્યાર પછી નિજલિંગ સ્થળ અને અંતમા અંગલિંગી સ્થળ છે. હવે ક્રમશઃ આનો ભેદ બતાવવામાં આવે છે.*

**प्राणापानसमाघातात् कन्दमध्याद्यदुत्थितम्।**
**प्राणलिङ्गं तदाख्यातं प्राणापाननिरोधिभिः।।६।।**

*પ્રાણ અને અપાનના પરસ્પર આઘાતથી કંદના મધ્યમાંથી જે (જયોતિ) ઉઠે છે. પ્રાણ એવં અપાનનો નિરોધ કરવાવાળા યોગી લોકો તેને પ્રાણલિંગ કહે છે.*

**प्राणो यत्र लयं याति भास्करे तुहिनं यथा।**
**तत्प्राणलिङ्गमुद्दिष्टं तद्धारी स्यात् तदाकृतिः।।७।।**

*જે પ્રકારે તુહિન અર્થાત્ પાલા સૂર્યમાં નિહિત થઈ જાય છે તેવી જ રીતે જેના પ્રાણ પરબ્રહ્મમય શિવલિંગમાં લીન થઈ જાય છે તે પ્રાણલિંગ કહેવાય છે. તેને ધારણ કરવાવાળા તદ્રુપ અર્થાત્ પ્રાણલિંગી થઈ જાય છે.*

**ज्ञानिनां योगयुक्तानामन्तः स्फुरति दीपवत्।**
**चिदाकारं परब्रह्मलिङ्गमज्ञैर्न भाव्यते।।८।।**

*ચિદાકાર પરબ્રહ્મ જ્ઞાનીઓ અને શિવયોગીઓ (અથવા શિવ યોગ સમન્વિત જ્ઞાનીઓ) ના અંદર દીપકની જેમ ચમકતા રહે છે. અજ્ઞાની લોકો તેને જાણી શકતા નથી.*

**अन्तःस्थितं परं लिङ्गं ज्योतीरूपं शिवात्मकम्।**
**विहाय बाह्यलिङ्गस्था विमूढा इति कीर्तिताः।।९।।**

*શિવાત્મક જ્યોતિરૂપ તથા પોતાની અંદર સ્થિત ઉત્કૃષ્ટ લિંગને છોડીને બાહ્ય લિંગમાં આસ્થા રાખવાવાળા મૂર્ખ કહેવાયા છે.*

**संविल्लिङ्गपरामर्शी बाह्यवस्तुपराङ्मुखः।**
**यः सदा वर्तते योगी प्राणलिङ्गी स उच्यते।।१०।।**

*જો સંવિતરૂપી લિંગનું વારંવાર ધ્યાન કરે છે તથા બાહ્ય વસ્તુથી પરાઙ્મુખ થઈને વ્યવહાર કરે છે. તે યોગી પ્રાણલિંગી કહેવાયા છે.*

**मायाविकल्पजं विश्वं हेयं सञ्चिन्त्य नित्यशः।**
**चिदानन्दमये लिङ्गे विलीनः प्राणलिङ्गवान्।।११।।**

*પ્રતિદિન વિશ્વને માયા વિકલ્પોથી ઉત્પન્ન સમજીને ચિદાનંદમય લિંગમાં સદાલીન રહેવાવાળા પ્રાણલિંગી હોય છે.*

**सत्ता प्राणमयी शक्तिः सद्रूपं प्राणलिङ्गकम्।**
**तत्सामरस्यविज्ञानात् प्राणलिङ्गीति कथ्यते।।१२।।**

*("હું છું" આ પ્રકારનો અનુભવ કરવાવાળી) સત્તા જ પ્રાણમયી શક્તિ છે. પ્રાણલિંગ (શિવ) પણ સદરૂપ છે. (આ પ્રકારે સત્તારૂપી શક્તિ અને પ્રાણરૂપી શિવ) આ બંનેના સામરસ્યને વિજ્ઞાની પ્રાણલિંગી કહેવાય છે.*

**अन्तर्गतं चिदाकारं लिङ्गं शिवमयं परम्।**
**पूज्यते भावपुष्पैर्यत् प्राणलिङ्गार्चनं हि तत्।।१३।।**

*(પ્રાણલિંગાર્ચનસ્થળ વર્ણન) - (હૃદયકમળના) અંદર જો ચિત્તસ્વરૂપ શિવમય ઉત્તમ લિંગ છે તેમની જે ભાવનાત્મક પુષ્પોથી પૂજા કરવામાં આવે છે તે પ્રાણલિંગાર્ચન છે.*

**अन्तः पवनसंस्पृष्टे सुसूक्ष्माम्बरशोभिते।**
**मूर्धन्यचंद्रविगलत्सुधासेकातिशीतले ।।१४।।**

**बद्धेन्द्रियनवद्वारे बोधदीपे हृदालये।**
**पद्मपीठे समासीनं चिल्लिङ्गं शिवविग्रहम्।।**
**भावयित्वा सदाकालं पूजयेद् भाववस्तुभिः।।१५।।**

*અંતઃપવન (અર્થાત્ પ્રાણવાયુ) થી સંસ્પૃષ્ટ સૂક્ષ્મ આકાશથી સુશોભિત સહસ્ત્રારમાં સ્થિત ચંદ્રમાથી દ્રવિત થયેલા અમૃતના સિંચનથી શીતળ, બદ્ધ નવ ઈન્દ્રિયરૂપી દ્વાર વાળા, બોધદીપથી યુક્ત હૃદયના અંદર કમળ પર વિરાજમાન*

*ચિત્તસ્વરૂપ શિવની ભાવના કરી બધો સમય તેમની ભાવ વસ્તુઓથી પૂજા કરવી જોઈએ.*

**क्षमाऽभिषेकसलिलं विवेको वस्त्रमुच्यते।**
**सत्यमाभरणं प्रोक्तं वैराग्यं पुष्पमालिका।।१६।।**

**गन्धः समाधिसम्पत्तिरक्षता निरहङ्कृतिः।**
**श्रद्धा धूपो महाज्ञानं जगद्भासि प्रदीपिका।।१७।।**

**भ्रान्तिमूलप्रपञ्चस्य निवेद्यं तन्निवेदनम्।**
**मौनं घण्टापरिस्पन्दस्ताम्बूलं विषयार्पणम्।।१८।।**

**विषयभ्रन्तिराहित्यं तत्प्रदक्षिणकल्पना।**
**बुद्धेस्तदात्मिका शक्तिर्नमस्कारक्रिया मता।।१९।।**

**एवंविधैर्भावशुद्धैरुपचारैरदूषितैः ।**
**प्रत्युन्मुखमना भूत्वा पूजयेल्लिङ्गमान्तरम्।।२०।।**

*(આ પૂજામાં) ક્ષમા, અભિષેક જળ, વિવેક વસ્ત્ર, સત્ય અલંકાર, વૈરાગ્ય પુષ્પમાલા, સમાધિ ગંધ, નિઅહંકારતા અક્ષત, શ્રદ્ધા ધૂપ, મહાજ્ઞાન જગદભાસક દીપ, મૂલપ્રપંચનો ભ્રમ નૈવેદ્ય, મૌન ઘંટનું વાગવું, કામક્રોધ વગેરે વિષયોનું સમર્પણ તાંબૂલ, વિષય ભ્રમનું દૂર થઈ જવું પ્રદક્ષિણા, બુદ્ધિવૃતિનું લિંગમાં તલ્લીન થઈ જવું નમસ્કાર કહેવાય છે. આ પ્રકારના દોષરહિત ભાવશુદ્ધ પૂજાસાધનોના દ્વારા અંતર્મુખી થઈને અંતર (અર્થાત્ હૃદયમાં વર્તમાન ચિત્તસ્વરૂપ) શિવલિંગની પૂજા કરવી જોઈએ.*

**अन्तःक्रियारतस्यास्य प्राणलिङ्गार्चनक्रमैः।**
**शिवात्मध्यानसम्पत्तिः समाधिरिति कथ्यते।।२१।।**

*(શિવયોગ સમાધિસ્થળ વર્ણન) - પ્રાણલિંગાર્ચનના ક્રમથી અભ્યંતર પૂજામાં રત આ (પ્રાણલિંગી)ને જો શિવધ્યાનની સંમતિની પ્રાપ્તિ થાય છે તે સમાધિ કહેવાય છે.*

**सर्वतत्त्वोपरि गतं सच्चिदानन्दभासुरम्।**
**स्वप्रकाशमनिर्देश्यमवाङ्मानसगोचरम्।।२२।।**

**उमाख्यया महाशक्त्या दीपितं चित्स्वरूपया।**
**हंसरूपं परात्मानं सोहंभावेन भावयेत्।।**
**तदेकतानतासिद्धिः समाधिः परमो मतः।।२३।।**

*(પૃથ્વી વગેરે) સમસ્ત છત્રીસ તત્વોથી પર, સત્, ચિત્ આનંદના રૂપમાં દેદીપ્યમાન, સ્વપ્રકાશ, અનિર્દેશ્ય, વાણી અને મનની સીમાથી પર, ચિત્તસ્વરૂપ ઉમા નામના મહાશક્તિથી દીપિત હંસરૂપ પરમાત્માની સોઽહં ભાવ (અર્થાત્ હું તે છું, તે હું છું આ પ્રકારનો ભાવ) થી ભાવના કરવી જોઈએ. આવી ભાવનાઓનું વિચાર હોવું (અર્થાત્ વચ્ચે કોઇ અન્ય વિચારનું ન આવવું) પરમ સમાધિ કહેવાઈ છે.*

**परब्रह्म महालिङ्गं प्राणो जीवः प्रकीर्तितः।**
**तदेकभावमननात् समाधिस्थः प्रकीर्तितः।।२४।।**

*મહાલિંગને પરમબ્રહ્મ અને પ્રાણને જીવ કહેવાયા છે. આ બંન્નેને એક અને અભિન્ન સમજવાવાળા સમાધિસ્ત કહેવાયા છે.*

**अन्तः षट्चक्ररूढानि पङ्कजानि विभावयेत्।**
**ब्रह्मादिस्थानभूतानि भ्रूमध्यान्तानि मूलतः।।२५।।**

**भ्रूमध्यादूर्ध्वभागे तु सहस्रदलमम्बुजम्।**
**भावयेत्तत्र विमलं चन्द्रबिम्बं तदन्तरे।।२६।।**

**सूक्ष्मरंध्रं विजानीयात् तत्कैलासपदं विदुः।**
**तत्रस्थं भावयेच्छम्भुं सर्वकारणकारणम्।।२७।।**

*(સાધક પોતાના) અંદર છ ચક્રો પર સ્થિત છ કમળોની ભાવના કરે. તે મૂળાધારથી લઈને ભ્રૂમધ્ય સુધી સ્થિત છે તથા બ્રહ્મા વગેરેના સ્થાન છે. ભ્રૂમધ્યના ઉપરી ભાગમાં સહસ્ત્રદલ કમળની ભાવના કરે. તેના અંદર ચંદ્રબિંબનું ધ્યાન*

*કરે. તે ચંદ્રના અંદર સૂક્ષ્મ છિદ્રની ભાવના કરે. આ સૂક્ષ્મછિદ્રને કૈલાસ કહેવાય છે. તેના પર સમસ્ત કારણોને કારણે શિવ બેઠાં છે - એવી ભાવના કરવી જોઈએ.*

**बहिर्वासनया विश्वं विकल्पार्थं प्रकाशते।**
**अन्तर्वासितचित्तानामात्मानन्दः प्रकाशते।।२८।।**

*બહિવાસનાના કારણે વિકલ્પાત્મક વિષયોવાળું વિશ્વ પ્રકાશિત થાય છે. જેમના ચિત્ત અંર્તમુખી છે તેમને આત્માનંદનો સાક્ષાત્કાર થાય છે.*

**आत्मारणिसमुत्थेन प्रमोदमथनात्सुधीः।**
**ज्ञानाग्निना दहेत्सर्वं पाशजालं जगन्मयम्।।२९।।**

*વિદ્વાનને જોઈએ કે તે પ્રમોદરૂપી (શિવાનંદરૂપી) વિચારમંથનના દ્વારા આત્મારૂપી અરણીથી ઉત્પન્ન જ્ઞાનરૂપી અગ્નિના દ્વારા જગતરૂપ સમસ્ત પાશજાળને દગ્ધ કરી દે.*

**संसारविषवृक्षस्य पञ्चक्लेशपलाशिनः।**
**छेदने कर्ममूलस्य परशुः शिवभावना।।३०।।**

*કર્મથી ઉત્પન્ન આ સંસાર વિષવૃક્ષ (ના સૃદશ) છે (અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ અર્થાત્ મૃત્યુથી ભય આ) પાંચ કલેશ એનો બાજી છે. એને કાપવાને માટે શિવભાવના કુહાર્ણા સદશ છે.*

**अज्ञानराक्षसोन्मेषकारिणः संहृतात्मनः।**
**शिवध्यानं तु संसारतमसश्चण्डभास्करः।।३१।।**

*આત્માને આવૃત કરવાવાળા અજ્ઞાનરૂપી રાક્ષસને ઉદીપ્ત કરવાવાળા સંસારરૂપી અંધકારને દૂર કરવાને માટે શિવધ્યાન પ્રચંડ સૂર્યના સમાન છે.*

**स्वान्तस्थशिवलिङ्गस्य प्रत्यक्षानुभवस्थितिः।**
**यस्यैव परलिङ्गस्य निजमित्युच्यते बुधैः।।३२।।**

*(નિજ લિંગ સ્થળ વર્ણન) - જેમને સ્વાન્તસ્થ શિવલિંગનું પ્રત્યક્ષ અનુભવ*

*થવા લાગે છે. તે પરલિંગને સ્વાત્મરૂપથી અનુભવ કરવાવાળા પ્રાણલિંગ ને વિદ્વાન નિજલિંગ કહે છે.*

**ब्रह्मविष्ण्वादयो देवाः सर्वे वेदादयस्तथा।**
**लीयन्ते यत्र गम्यन्ते तल्लिङ्गं ब्रह्म शाश्वतम्।।३३।।**

*બ્રહ્મા, વિષ્ણુ વગેરે સમસ્ત દેવ તથા બધા વેદ વગેરે (આગમ પુરાણ સ્મૃતિ વગેરે) જેમાં લીન થાય છે તથા ફરીથી ઉત્પન્ન થાય છે તે લિંગ કેવળ બ્રહ્મ છે.*

**चिदानन्दमयः साक्षच्छिव एव निरञ्जनः।**
**लिङ्गमित्युच्यते नान्यद् यतः स्याद्विश्वसंभवः।।३४।।**

*ચિદ્ આનંદ સ્વરૂપ નિરંજન (અર્થાત્ નિષ્કલંક) શિવ જ સાક્ષાત્ લિંગ કહેવાય છે. તેમનાથી જ લિંગની ઉત્પત્તિ થાય છે.*

**बहुनात्र किमुक्तेन लिङ्गमित्युच्यते बुधैः।**
**शिवाभिदं परं ब्रह्म चिद्रूपं जगदास्पदम्।।३५।।**

*આ વિષયમાં અધિક કહેવાથી શો લાભ ? શિવ નામક પરબ્રહ્મ, જો કે ચિદ્ રૂપ અને સંસારનો આધાર છે, વિદ્વાન લોકોના દ્વારા લિંગ કહેવાય છે.*

**वेदान्तवाक्यजां विद्यां लिङ्गमाहुस्तथापरे।**
**तदसज्ज्ञेयरूपत्वाल्लिङ्गस्य ब्रह्मरूपिणः।।३६।।**

*જે બીજા લોકો (તત્વમસિ, અહં બ્રહ્માસ્મિ, અયમાત્મા બ્રહ્મ, પ્રજ્ઞાનં બ્રહ્મ) આ ચાર વેદાન્ત મહાવાક્યોથી ઉત્પન્ન જ્ઞાનને લિંગ કહે છે તેમનું કથન અસંગત છે કેમ કે બ્રહ્મરૂપી લિંગ જ્ઞેય છે ઉપરાંત તેમના કથનનો બ્રહ્મ અવાંઙ્મનસગોચર છે.*

**अव्यक्तं लिङ्गमित्याहुर्जगतां मूलकारणम्।**
**लिङ्गी महेश्वरश्चेति मतमेतदसङ्गतम्।।३७।।**

*(કેટલાક વિદ્વાનો) સંસારના મૂળ કારણ અવ્યક્ત તત્વને લિંગ કહે છે અને મહેશ્વરને લિંગિ. આ મત અસંગત છે કારણ કે પ્રકૃતિ જડ છે આથી તે ત્યાજ્ય છે જ્યારે શૈવ મતમાં પરમેશ્વરની શક્તિ ચેતન છે.*

**न सूर्यो भाति तत्रेन्दुर्न विद्युन्न च पावकः।**
**न तारका महालिङ्गे द्योतमाने परत्मनि।।३८।।**

*તે પરમાત્મા મહાલિંગના પ્રકાશમાન થવાથી ન સૂર્ય ચમકે છે ચન્દ્ર, ન વિદ્યુત ન અગ્નિ અને ન તારાઓ ચમકે છે.*

**ज्योतिर्मयं परं लिङ्गं श्रुतिराह शिवात्मकम्।**
**तस्य भासा सर्वमिदं प्रतिभाति न संशयः।।३९।।**

*શ્રુતિ શિવાત્મક પરલિંગને જ્યોર્તિમય કહે છે. તેની ચમકથી આ સમસ્ત જગત દેદીપ્યમાન થઈ રહ્યું છે, એમાં કોઈ સંદેહ નથી.*

**लिङ्गान्नास्ति परं तत्त्वं यदस्माज्जायते जगत्।**
**यदेतद्रूपतां धत्ते यदत्र लयमश्नुते।।४०।।**

*લિંગથી વધારે કોઈ તત્વ નથી કારણ કે એનાથી સંસાર ઉત્પન્ન થાય છે. તે લિંગમાં જ સંસાર આ રૂપમાં સ્થિત હોય છે અને તેમાં જ લીન થઈ જાય છે.*

**तस्माल्लिङ्गं परं ब्रह्म सच्चिदानन्दलक्षणम्।**
**निजरूपमिति ध्यानात् तदवस्था प्रजायते।।४१।।**

*આ કારણે સત્ - ચિત્ - આનંદસ્વરૂપ બ્રહ્મ જ પરલિંગ છે. "તે જ પોતાનું રૂપ છે." એવું ધ્યાન ધરવાથી નિજલિંગાવસ્થા ઉત્પન્ન થાય છે.*

**ज्ञानमङ्गमिति प्राहुर्ज्ञेयं लिङ्गं सनातनम्।**
**विद्यते तद्द्वयं यस्य सोऽङ्गलिङ्गीति कीर्तितः।।४२।।**

**अङ्गे लिङ्गं समारूढं लिङ्गे चाङ्गमुपस्थितम्।**
**एतदस्ति द्वयं यस्य स भवेदङ्गलिङ्गवान्।।४३।।**

*અંગમાં લિંગ આરૂઢ છે અને લિંગમાં અંગ ઓતપ્રોત છે. બીજ અને અંકુર ના ન્યાયથી આ બંને પ્રકારના જ્ઞાન જેની પાસે છે તે અંગલિંગવાન હોય છે.*

**ज्ञात्वा यः सततं लिङ्गं स्वान्तस्थं ज्योतिरात्मकम्।**
**पूजयेद्भावयन्नित्यं तं विद्यादङ्गलिङ्गिनम्।।४४।।**

*જે મનુષ્ય પોતાની અંદર સ્થિત જ્યોતિર્મય લિંગને શાસ્ત્ર, ગુરુ અથવા પોતાના અનુભવના દ્વારા જાણીને નિત્ય એની પૂજા તથા ભાવના કરે છે તેને અંગલિંગી સમજવું જોઈએ.*

**ज्ञायते लिङ्गमेवैकं सर्वैः शास्त्रैः सनातनैः।**
**ब्रह्मेति विश्वधामेति विमुक्तेः पदमित्यपि।।४५।।**

**मुक्तिरूपमिदं लिङ्गमिति यस्य मनःस्थितिः।**
**स मुक्तो देहयोगेऽपि स ज्ञानी स महागुरुः।।४६।।**

*એક જ લિંગના સમસ્ત સનાતન શાસ્ત્ર બ્રહ્મ, વિશ્વધામ, મુક્તિપદના રૂપમાં જાણે છે. "આ લિંગ મુક્તિસ્વરૂપ છે." એવું જે મનમાં સમજે છે.*

**अनादिनिधनं लिङ्गं कारणं जगतामिह।**
**ये न जानन्ति ते मूढा मोक्षमार्गबहिष्कृताः।।४७।।**

*આદિ અને અંત અર્થાત્ ઉત્પત્તિ વિનાશથી રહિત લિંગ સંસારનું કારણ છે - એવું જે લોકો નથી જાણતા તે મૂર્ખ છે તથા મોક્ષમાર્ગથી બહિષ્કૃત છે.*

**यः प्राणलिङ्गार्चनभावपूर्वै-र्धर्मैरुपेतः शिवभावितात्मा।**
**स एव तुर्यः परिकीर्तितोऽसौ संविद्विपाकाच्छरणाभिधानः।।४८।।**

*જો પ્રાણલિંગાર્ચન ભાવથી પૂર્ણ ધર્મથી યુક્ત છે તથા આત્મામાં સર્વદા શિવની ભાવના કરતા રહે છે તે જ ચતુર્થ અવસ્થાને પ્રાપ્ત કહેવાય છે. સંવિતના પરિપાકના કારણે તે શરણસ્થળ કહેવાય છે.*

******

## તેરમો પરિચ્છેદ

### શરણ ચતુર્વિધસ્થલ પ્રસંગ

**अथागस्त्यप्रश्नः। अगस्त्य उवाचेति —**

**माहेश्वरः प्रसादीति प्राणलिङ्गीति बोधितः।**
**कथमेष समादिष्टः पुनः शरणसंज्ञकः।।१।।**

*(શરણસ્થળ વર્ણન) - અગસ્ત્યે કહ્યું - માહેશ્વર પ્રસાદી અને પ્રાણલિંગીનું જ્ઞાન કરાવી દીધું. આજ શરણસ્થળ કેવી રીતે કહેવાય છે. (મહેરબાની કરીને બતાવો)*

**अङ्गलिङ्गी ज्ञानरूपः सती ज्ञेयः शिवः पतिः।**
**यत्सौख्यं तत्समावेशे तद्वान् शरणनामवान्।।२।।**

*રેણુકાચાર્યે કહ્યું - જ્ઞાન રૂપ અંગલિંગી સતી છે. જ્ઞેય શિવ તેમના પતિ છે. આ સતી અને પતિનું જે સુખ છે તેનો અનુભવ કરવાવાળો શરણસ્થળ કહેવાય છે.*

**स्थलमेतत्समाख्यातं चतुर्धा धर्मभेदतः।**
**आदौ शरणमाख्यातं ततस्तामसवर्जनम्।।३।।**

**ततो निर्देशमुद्दिष्टं शीलसम्पादनं ततः।**
**क्रमाल्लक्षणमेतेषां कथयामि निशाम्यताम्।।४।।**

*ધર્મના ભેદથી આ સ્થળ ચાર પ્રકારનું કહેવાયુ છે. પહેલા શરણસ્થળ પછી તામસનિરસનસ્થળ એના પછી નિર્દેશસ્થળ ત્યાર પછી શીલસંપાદનસ્થળ*

*હોય છે. (હવે હું) ક્રમમાં એના લક્ષણ બતાવી રહ્યો છું. સાંભળો.*

**सतीव रमणे यस्तु शिवे शक्तिं विभावयन्।**
**तदन्यविमुखः सोऽयं ज्ञातः शरणनामवान्।।५।।**

*જે પ્રકારે સતી સ્ત્રી પોતાના રમણ અર્થાત્ પ્રિયતમ પતિના તરફ ભાવના રાખે છે. તેવી જ રીતે જે વ્યક્તિ શિવના વિષયમાં પોતાને શક્તિ સમજીને ભાવના કરે છે તથા તે (શિવ)થી અન્ય (દેવતા આદિ)ના વિષયમાં વિમુખ છે તેને શરણવાન માનવામાં આવે છે.*

**परिज्ञाते शिवे साक्षात् को वाऽन्यमभिकाङ्क्षति।**
**निधाने महति प्रप्ते कः काचं याचतेऽन्यतः।।६।।**

*શિવનું સાક્ષાત્ જ્ઞાન થવાથી કોણ એવી વ્યક્તિ છે જે બીજાની ઈચ્છા કરશે. વિપુલ ધનરાશિ પ્રાપ્ત થવાથી કોણ બીજા પાસેથી કાચની અપેક્ષા રાખશે.*

**शिवानन्दं समासाद्य को वाऽन्यमुपतिष्ठते।**
**गङ्गामृतं परित्यज्य कः काङ्क्षेन्मृगतृष्णिकाम्।।७।।**

*શિવનો આનંદ પ્રાપ્ત કરીને કોણ બીજાની ઉપાસના કરે છે. ગંગાજળરૂપી અમૃતને છોડીને કોણ મૃગમરિચિકાની ઈચ્છા રાખે છે.*

**संसारतिमिरच्छेदे विना शङ्करभास्करम्।**
**प्रभवन्ति कथं देवाः खद्योता इव देहिनाम्।।८।।**

*જે દેવતા લોકો સંસારી જીવોના માટે જુગનુના સમાન છે તે વિના શંકરરૂપી સૂર્યના સંસારરૂપી અંધકારનો નાશ કરવામાં કેવી રીતે સમર્થ થઈ શકે છે.*

**संसारार्तः शिवं यायाद् ब्रह्माद्यैः किं फलं सुरैः।**
**चकोरस्तृषितः पश्येच्चन्द्रं किं तारका अपि।।९।।**

*સંસારથી પીડિત વ્યક્તિએ શિવની પાસે જવું જોઈએ. બ્રહ્મા વગેરે દેવતાઓથી કોઈ ફળ પ્રાપ્ય નથી. તરસ્યો ચકોર ચન્દ્રમાને જોય છે. શું તે તારાઓ (ને પણ જોય છે ? (અર્થાત્ નથી જોતા).*

**शिव एव समस्तानां शरण्यः शरणार्थिनाम्।**
**संसारोरगदष्टानां सर्वज्ञः सर्वदोषहा।।१०।।**

**शिवज्ञाने समुत्पन्ने परानन्दः प्रकाशते।**
**तदासक्तमना योगी नान्यत्र रमते सुधीः।।११।।**

*સંસારરૂપી સર્પના દ્વારા દંશ દીધેલા આથી (વિષમૂર્ચ્છિત) સમસ્ત શરણાર્થીઓના એકમાત્ર શરણ શિવ છે કે સર્વજ્ઞ છે અને સંપૂર્ણ દોષોને નષ્ટ કરવાવાળા છે. શિવજ્ઞાન પ્રાપ્ત થવાથી પરમઆંનદનો અનુભવ થાય છે. તેમાં સંસક્ત ચિત્તવાળા બુદ્ધિમાન યોગી અન્યત્ર આનંદનું આસ્વાદન નથી કરતો.*

**तस्मात्सर्वप्रयत्नेन शङ्करं शरणं गतः।**
**तदनन्तसुखं प्राप्य मोदते नान्यचिन्तया।।१२।।**

*એટલા માટે સંપૂર્ણ પ્રયાસ કરીને શંકરના શરણમાં ગયેલા યોગી તે અનંત સુખને પ્રાપ્ત કરીને આનંદમગ્ન રહે છે નહિ કે અન્ય (દેવતા વગેરે)નું ધ્યાન ધરીને.*

**शिवासक्तपरानन्दमोदिना गुरुणा यतः।**
**निरस्यन्ते तमोभावाः स तामसनिरासकः।।१३।।**

*શિવમાં આસક્ત ઉપરાંત પરાનંદથી આનંદિત થવાવાળા જે ગુરુના દ્વારા સમસ્ત તમોભાવ નિરસ્ત કરી દેવામાં આવે છે તેને તામસનિરાસક કહેવામાં આવે છે.*

**यस्य ज्ञानं तमोमिश्रं न तस्य गतिरिष्यते।**
**सत्त्वं हि ज्ञानयोगस्य नैर्मल्यं विदुरुत्तमाः।।१४।।**

*જેમનું જ્ઞાન તમોગુણ મિશ્રિત છે તેની સદગતિ થતી નથી ઉત્તમ પુરુષ સત્વને જ્ઞાનયોગના નૈર્મલ્યનું કારણ કહે છે.*

**शमो दमो विवेकश्च वैराग्यं पूर्णभावना।**
**क्षान्तिः कारुण्यसम्पत्तिः श्रद्धा सत्यसमुद्भवा।।१५।।**

**शिवभक्तिः परो धर्मः शिवज्ञानस्य बान्धवाः।**
**एतैर्युक्तो महायोगी सत्त्विकः परिकीर्तितः।।१६।।**

*શમ, દમ, વિવેક, વૈરાગ્ય, પૂર્ણભાવના અર્થાત્ અખંડજ્ઞાન, ક્ષમા, કરુણા, સત્યથી ઉત્પન્ન શ્રદ્ધા, શિવભક્તિ, પરમધર્મ અર્થાત્ ઉત્કૃષ્ટ શૈવાચાર આ બધા શિવજ્ઞાનના બંધુ છે. આ બધાથી યુક્ત મહાયોગી સાત્વિક કહેવાય છે.*

**कामक्रोधमहामोहमदमात्सर्यवारणाः ।**
**शिवज्ञानमृगोन्द्रस्य कथं तिष्ठन्ति सन्निधौ।।१७।।**

*કામ, ક્રોધ, મહામોહ, મહામદ, માત્સર્યરૂપી હાથીઓનું ઝુંડ શિવજ્ઞાનરૂપી શિવની પાસે કેવી રીતે ટકી શકે છે.*

**यत्र कुत्रापि वा द्वेष्टि प्रपञ्चे शिवरूपिणि।**
**शिवद्वेषी स विज्ञेयो रजसाविष्टमानसः।।१८।।**

*શિવરૂપ પ્રપંચમાં જ્યાં કોઈ પણ દ્વેષ કરે છે રજોગુણથી આવિષ્ટ ચિત્તવાળો તે શિવદ્વેષી સમજવો જોઈએ.*

**यो द्वेष्टि सकलान् लोकान् यो वाऽहङ्कुरुते सदा।**
**योऽसत्यभावानायुक्तः स तामस इति स्मृतः।।१९।।**

*જે બધા લોકોથી દ્વેષ કરે છે અથવા જે હંમેશા અહંકારયુક્ત રહે છે તથા જે અસત્ય ભાવનાથી યુક્ત છે તેને તામસી માનવામાં આવે છે.*

**तमोमूला हि सञ्जाता रागद्वेषादिपादपाः।**
**शिवज्ञानकुठारेण छेद्यन्ते हि निरन्तरम्।।२०।।**

*રાગ, દ્વેષ આદિના વૃક્ષ તમોમૂલક છે (અર્થાત્ તે તમોગુણના કારણે ઉત્પન્ન થાય છે) તે શિવજ્ઞાનરૂપી કુહાડીના દ્વારા હંમેશા કાપવામાં આવે છે.*

**शिवज्ञाने समुत्पन्ने सहस्रादित्यसन्निभे।**
**कुतस्तमोविकाराः स्युर्महतां शिवयोगिनाम्।।२१।।**

*સહસ્ત્ર સૂર્યના સમાન શિવજ્ઞાનના ઉત્પન્ન થવાથી મહાન શિવયોગીઓના માટે તમોવિકાર ક્યાં.*

**निराकृत्य तमोभागं संसारस्य प्रवर्तकम्।**
**निर्दिश्यते तु यज्ज्ञानं स निर्देश इति स्मृतः।।२२।।**

*(નિર્દેશસ્થળ વર્ણન) - સંસારના પ્રવર્તક અર્થાત્ મૂળકારણભૂત તમોભાગને દૂર કરીને જે જ્ઞાન નિર્દિષ્ટ થાય છે તેને નિર્દેશ કહેવામાં આવે છે.*

**गुरुदेव परं तत्त्वं प्रकाशयति देहिनाम्।**
**को वा सूर्यं विना लोके तमसो विनिवर्तकः।।२३।।**

*ગુરુ જ મનુષ્યોને પરમતત્વનું જ્ઞાન કરાવે છે. સૂર્યના વિના સંસારમાં અંધકારનો વિનિવર્તક કોણ હોઈ શકે છે.*

**अन्तरेण गुरुं सिद्धं कथं संसारनिष्कृतिः।**
**निदानज्ञं विना वैद्यं किं वा रोगो निवर्तते।।२४।।**

*સિદ્ધ ગુરુના વિના સંસારની નિષ્કૃતિ અર્થાત્ નિવૃતિ કેવી રીતે સંભવ છે. શું નિદાનજ્ઞ વૈદ્યના વિના રોગની નિવૃતિ થાય છે.*

**अज्ञानमलिनं चित्तदर्पणं यो विशोधयेत्।**
**प्रज्ञाविभूतियोगेन तमाहुर्गुरुसत्तमम्।।२५।।**

*જે પ્રજ્ઞારૂપી ભસ્મથી અજ્ઞાનમલિન ચિત્તદર્પણને શુદ્ધ કરે છે તેને (વિદ્વાન લોક) ઉત્તમ ગુરુ કહે છે.*

**अपरोक्षिततत्त्वस्य जीवन्मुक्तस्वभाविनः।**
**गुरोः कटाक्षे संसिद्धे को वा लोकेषु दुर्लभः।।२६।।**

*તત્વનો સાક્ષાત્કાર કરવાવાળા આથી સ્વભાવતઃ જીવનમુક્ત ગુરુની કૃપાદષ્ટિ પ્રાપ્ત થઈ જવાના કારણે લોકમાં શું દુર્લભ છે.*

**कैवल्यकल्पतरवो गुरवः करुणालयाः।**
**दुर्लभा हि जगत्यस्मिन् शिवाद्वैतपरायणाः।।२७।।**

*કૈવલ્યરૂપી ફળ આપવાને માટે કલ્પવૃક્ષના સમાન, કરુણાના સાગર તથા શિવાદ્વૈતપરાયણ ગુરુ આ સંસારમાં દુર્લભ છે.*

**क्षीराब्धिरिव सिन्धूनां सुमेरुरिव भूभृताम्।**
**ग्रहाणमिव तिग्मांशुर्मणीनामिव कैस्तुभः।।२८।।**

**द्रुमाणामिव भद्रश्रीर्देवानामिव शङ्करः।**
**गुरुः शिवः परः श्लाध्यो गुरूणां प्राकृतात्मनाम्।।२९।।**

*જેવી રીતે સમુદ્રમાં ક્ષીરસાગર, પર્વતોમાં સુમેરુ, ગ્રહોમાં સૂર્ય, મણિઓમાં કૌસ્તુભ, વૃક્ષોમાં ચંદન, તથા દેવતાઓમાં શંકર શ્રેષ્ઠ અને શ્લાધ્ય છે. તેવી જ રીતે પ્રાકૃત ગુરુઓની અપેક્ષા શિવજ્ઞાની ગુરુ શ્રેષ્ઠ અને પ્રશસ્ય છે.*

**जिज्ञासा शिवतत्त्वस्य शीलमित्युच्यते बुधैः।**
**निर्देश्ययोगादार्याणां तद्वान् शीलीति कथ्यते।।३०।।**

*(શીલસંપાદનસ્થળ વર્ણન) - ગુરુઓના દ્વારા નિર્દેશ્ય અર્થાત્ ઉપદેશ્ય હોવાના કારણે વિદ્વાન લોકો શિવતત્વની જિજ્ઞાસાને શીલ કહે છે. તે જેની પાસે છે તે શીલી કહેવાય છે.*

**प्रपन्नर्तिहरे देवे परमात्मनि शङ्करे।**
**भावस्य स्थिरतायोगः शीलमित्युच्यते बुधैः।।३१।।**

*શરણાગતના કષ્ટને દૂર કરવાવાળા દેવાધિદેવ પરમાત્મા શંકરના પ્રતિ ભાવની સ્થિરતાને વિદ્વાન લોકો શીલ કહે છે.*

**शीलं शिवैकविज्ञानं शिवध्यानैकतानता।**
**शिवप्राप्तिसमुत्कण्ठा तद्योगी शीलवान् स्मृतः।।३२।।**

*કેવળ શિવનું જ્ઞાન, શિવનું નિરંતર ધ્યાન અને શિવની પ્રાપ્તિના માટે ઉત્કંઠા શિવ કહેવાય છે. તે જેની પાસે છે તેને શીલવાન કહેવાય છે.*

**शिवादन्यत्र विज्ञाने वैमुख्यं यस्य सुस्थिरम्।**
**तदासक्तमनोवृत्तिस्तमाहुः शीलभाजनम्।।३३।।**

*શિવથી ભિન્ન વિજ્ઞાનના વિષયમાં જેની પરાઙ્મુખતા સ્થિર છે તથા જેની મનોવૃતિ તેમાં (અર્થાત્ શિવમાં) આસક્ત છે તે શીલના પાત્ર શીલવાન હોય છે.*

**पतिव्रताया यच्छीलं पतिरागात् प्रशस्यते।**
**तथा शिवानुरागेण सुशीलोऽभक्त उच्यते।।३४।।**

*જેવી રીતે પતિવ્રતાનું જે શીલ હોય છે તેની પ્રશંસા પતિના પ્રતિ તેની રાગાત્મિકા ભાવનાના કારણે હોય છે. તેવી જ રીતે શિવના પ્રતિ અનુરાગના કારણે અભક્ત અર્થાત્ શિવના પ્રતિ પ્રિતિથી અવિયુક્ત મનુષ્ય પણ સુશીલ કહેવાય છે.*

**पतिं विना यथा स्त्रीणां सेवान्यस्य तु गर्हणा।**
**शिवं विना तथान्येषां सेवा निन्द्या कृतात्मनाम्।।३५।।**

*જેવી રીતે સ્ત્રીઓના માટે પતિથી અન્ય પુરુષની સેવા નિન્દનીય હોય છે તે જ પ્રકારે શિવના વિના અન્ય દેવતાઓની સેવા કૃતકૃત્ય લોકોના માટે નિન્દનીય છે.*

**बहुनात्र किमुक्तेन शिवज्ञानैकनिष्ठता।**
**शीलमित्युच्यते सद्भिः शीलवांस्तत्परो मतः।।३६।।**

*આ વિષયમાં અધિક કહેવાથી શો લાભ ? સજ્જન લોક શિવજ્ઞાનના પ્રતિ એકનિષ્ઠતાને શીલ કહે છે અને તેમાં જે રત છે તેને શીલવાન માનવામાં આવે છે.*

**शिवात्मबोधैकरतः स्थिराशयः शिवं प्रपन्नो जगतामधीशम्।**
**शिवैकनिष्ठाहितशीलभूषणः शिवैक्यवानेष हि कथ्यते बुधैः।।३७।।**

*કેવળ શિવબોધમાં વ્યસ્ત, સ્થિર ભાવનાથી યુક્ત, સંસારના સ્વામી શિવની શરણમાં ગયેલા, કેવળ શિવમાં નિષ્ઠારૂપી આભૂષણને ધારણ કરવાવાળો આ મનુષ્ય વિદ્વાનોના દ્વારા શિવૈક્યવાન કહેવાય છે.*

******

## ચૌદમો પરિચ્છેદ

### ઐક્ય ચતુર્વિધસ્થલ પ્રસંગ

**अगस्त्य उवाच —**

**तामसत्यागसम्बन्धान्निर्देशाच्छीलतस्तथा।**
**शरणाख्यस्य भूयोऽस्य कथमैक्यनिरूपणम्।।१।।**

*(ઐક્યસ્થળ વર્ણન) - અગસ્ત્યએ કહ્યું - તામસ ગુણનો ત્યાગ, જ્ઞાનનિર્દેશ તથા શીલસંપાદનના દ્વારા શરણ નામનો સાધકનો ફરીથી ઐક્ય કેવી રીતે થાય છે.*

**प्राणलिङ्गादियोगेन सुखातिशयमेयिवान्।**
**शरणाख्यः शिवेनैक्यभावनादैक्यवान् भवेत्।।२।।**

*શ્રી રેણુકાચાર્યે કહ્યું - પ્રાણલિંગ ધ્યાનયોગના દ્વારા અતિશય સુખને પ્રાપ્ત કરવાવાળા શરણ નામક સાધક શિવની સાથે ઐક્યભાવનાના કારણે ઐક્યવાન થઈ જાય છે.*

**ऐक्यस्थलमिदं प्रोक्तं चतुर्धा मुनिपुङ्गव।**
**ऐक्यमाचारसम्पत्तिरेकभाजनमेव च।।**
**सहभोजनमित्येषां क्रमाल्लक्षणमुच्यते।।३।।**

*હે મુનિશ્રેષ્ઠ ! આ ઐક્યસ્થળ ચાર પ્રકારના કહેવાયા છે. ઐક્યસ્થળ આચારસંપત્તિ સ્થળ, એકભાજનસ્થળ અને સહભોજન સ્થળ, હવે તેમના ક્રમથી લક્ષણ કહેવામાં આવે છે.*

**विषयानन्दकणिकानिस्पृहो निर्मलाशयः।**
**शिवानन्दमहासिन्धुमज्जनादैक्यमुच्यते ।।४।।**

*વિષયાનંદના લેશમાત્રમાં પણ નિસ્પૃહ, નિર્મળ ચિત્તવાળા સાધક શિવાનંદ મહાસમુદ્રમાં ડુબકી મારીને સામરસ્ય સ્થાપિત કરવાવાળા ઐક્યસ્થળ કહેવાય છે.*

**निर्धूतमलसम्बन्धो निष्कलङ्कमनोगतः।**
**शिवोऽहमिति भावेन निरूढो हि शिवैक्यताम्।।५।।**

*મળને હટાવીને તેનાથી અસંબદ્ધ, નિષ્કલંક મનવાળા, સાધક "શિવોઅહમ" આ ભાવનાથી શિવૈક્યને પ્રાપ્ત કરે છે.*

**शिवेनैक्यं समापन्नश्चिदानन्दस्वरूपिणा।**
**न पश्यति जगज्जलं मायाकल्पितवैभवम्।।६।।**

*ચિત્ત આનંદરૂપ શિવથી ઐક્યને પ્રાપ્ત માયાના દ્વારા રચિત વૈભવવાળા સંસારજાળને નથી જોતા.*

**ब्रह्माण्डबुद्बुदोद्भेदविजृम्भी तत्त्ववीचिमान्।**
**मायासिन्धुर्लयं याति शिवैक्यवडवानले।।७।।**

*બ્રહ્માંડરૂપી બુદ્ બુદ્ ના ઉદ્ભવથી પૂરવાળા, છત્રીસ તત્વોરૂપી લહેરોથી યુક્ત માયારૂપી સમુદ્રા શિવૈક્યરૂપી વડવાનલમાં લીન થઈ જાય છે.*

**मायाशक्तितिरोधानाच्छिवे भेदविकल्पना।**
**आत्मनस्तद्विनाशे तु नाद्वैतात्किञ्चिदिष्यते।।८।।**

*માયાશક્તિનો શિવમાં તિરોધાન થવાથી જીવનો શિવ સાથે ભેદભાવ થાય છે. તે ભેદભાવના નષ્ટ થવાથી અદ્વૈતના અતિરિક્ત કશું રહેતું નથી.*

**पशुत्वं च पतित्वं च मायामोहविकल्पितम्।**
**तस्मिन् प्रलयमापन्ने कः पशुः को नु वा पतिः।।९।।**

*પશુભાવ અને પતિભાવ આ બંને માયામોહની અનિશ્ચિતતા છે. આ માયામોહનો પ્રલય થવાથી કોણ પશુ અને કોણ પતિ.*

**घोरसंसारसर्पस्य भेदवल्मीकशायिनः।**
**बाधकं परमाद्वैतभावना परमौषधम्।।१०।।**

*આ પરમાદ્વૈત ભાવના ભેદરૂપી દરમાં ઊંઘવાવાળા ભયંકર સંસારરૂપી સર્પ ને નિરસ્ત કરવાવાળી પરમ ઔષધિ છે.*

**भेदबुद्धिसमुत्पन्नमहासंसारसागरम्।**
**अद्वैतबुद्धिपोतेन समुत्तरति देशिकः।।११।।**

*આચાર્ય અથવા શિવલિંગૈક્ય ભાવનાવાળા વ્યક્તિ ભેદબુદ્ધિથી ઉત્પન્ન મહાસંસાર સાગરને અદ્વૈત બુદ્ધિરૂપી જહાજથી પાર કરી જાય છે.*

**अज्ञानतिमिरोद्रिक्ता कामरक्षःक्रियाकरी।**
**संसारकालरात्रिस्तु नश्येदद्वैतभानुना।।१२।।**

**तस्मादद्वैतभावस्य सदृशो नास्ति योगिनाम्।**
**उपायो घोरसंसारमहातापनिवृत्तये।।१३।।**

*અજ્ઞાનરૂપી અંધકારથી ભરેલી, કામરૂપી રાક્ષસી કૃત્ય કરવાવાળી, સંસારરૂપી કાળરાત્રિ શિવાદ્વૈતરૂપી સૂર્યના દ્વારા નષ્ટ થઈ જાય છે. આ કારણે યોગીઓના માટે ઘોર સંસારરૂપી મહાતાપને દૂર કરવાના આશયથી અદ્વૈત ભાવના સમાન કોઈ બીજો ઉપાય નથી.*

**अद्वैतभावनाजातं क्षणमात्रेऽपि यत्सुखम्।**
**तत्सुखं कोटिवर्षेण प्राप्यते नैव भोगिभिः।।१४।।**

**चित्तवृत्तिसमालीनजगतः शिवयोगिनः।**
**शिवानन्दपरिस्फूर्तिर्मुक्तिरित्यभिधीयते।।१५।।**

*અદ્વૈત ભાવનાથી ઉત્પન્ન તથા એક ક્ષણના માટે જો સુખ થાય છે તે રાજભોગી*

*લોકો કરોડો વર્ષોમાં પણ નથી પ્રાપ્ત કરી શકતા. જેમણે સંસારને પોતાની ચિત્તવૃત્તિમાં લીન કરી દીધી છે એવા શિવયોગીની શિવાનંદ પરિસ્ફૂર્તિ મુક્તિ કહેવાય છે.*

**शिवैकभावनापन्नशिवत्वे देहवानपि।**
**देशिको हि न लिप्येत स्वाचारै सूतकादिभिः।।१६।।**

*(આચાર સંપત્તિસ્થળ વર્ણન) "શિવ જ એકમાત્ર સત્ય છે." - એવી ભાવનાથી યુક્ત અને શિવત્વવાળા આચાર્ય શરીર ધારણ કરવા છતાં સૂતક વગેરે પોતાના સંપ્રદાય અને સમાજના આચારોથી લિપ્ત અર્થાત્ દૂષિત નથી થતા.*

**शिवाद्वैतपरिज्ञाने स्थिते सति मनस्विनाम्।**
**कर्मणा किं नु भाव्यं स्यादकृतेन कृतेन वा।।१७।।**

*શિવાદ્વૈતનું પરિજ્ઞાન થવાથી મનસ્વીઓના સત્કર્મ અથવા અસત્કર્મનું કોઈ ફળ નથી હોતું.*

**शम्भोरेकत्वभावेन सर्वत्र समदर्शनः।**
**कुर्वन्नपि महाकर्म न तत्फलमवाप्नुयात्।।१८।।**

*(જીવાત્મા અને) શિવના એકત્વની ભાવનાથી સર્વત્ર એક ઉપરાંત તુલ્ય દૃષ્ટિવાળા મહાન અર્થાત્ મોટા મોટા સત્ અથવા અસત્ કર્મ કરતાં પણ તેના ફળથી લિપ્ત થતા નથી.*

**सुकृती दुःष्कृती वापि ब्राह्मणो वान्त्यजोऽपि वा।**
**शिवैकभावयुक्तानां सदृशो भवति ध्रुवम्।।१९।।**

*ચાહે પુણ્યકર્મા હોય કે પાપી, બ્રાહ્મણ હોય કે ચાંડાળ, શિવૈક્યભાવથી યુક્ત યોગીઓના માટે તે બધા નિશ્ચિતરૂપથી સમાન નથી.*

**वर्णाश्रमसदाचारैर्ज्ञनिनां किं प्रयोजनम्।**
**लौकिकस्तु सदाचारः फलाभावेऽपि भाव्यते।।२०।।**

*શિવજ્ઞાનીઓને લૌકિક વર્ણ આશ્રમના સદાચારથી શું પ્રયોજન.*

*(નિત્ય નૈમિતિક વગેરે) લૌકિક સદાચાર ફળ ન આપવા છતાં તેમના દ્વારા કરવામાં આવે છે.*

**निर्दग्धकर्मबीजस्य निर्मलज्ञानवह्निना।**
**देहिवद्भासमानस्य देहयात्रा तु लौकिकी।।२१।।**

*નિર્મળજ્ઞાનરૂપી અગ્નિથી જેનું કર્મબીજ બળી ગયું છે, દેહધારીના સમાન પ્રતિત થવાવાળા આવા શરીરધારીની દેહયાત્રા (આહાર નિદ્રા વગેરે) લૌકિક અર્થાત્ અન્ય લોકોના જેવી હોય છે. (પરંતુ તે યાત્રાથી ફળ અને સંસ્કાર બનતા નથી.)*

**शिवज्ञानसमापन्नस्थिरवैराग्यलक्षणः।**
**स्वकर्मणा न लिप्येत पद्मपत्रमिवाम्भसा।।२२।।**

*શિવજ્ઞાનથી યુક્ત સ્થિરવૈરાગ્યવાળો સાધક પોતાના કર્મથી તે પ્રકારે લિપ્ત નથી હોતો જે પ્રકારે પાણીથી કમળનું પાંદડું.*

**गच्छंस्तिष्ठन् स्वपन् वापि जाग्रान् वापि महामतिः।**
**शिवज्ञानसमायोगाच्छिवपूजापरः सदा।।२३।।**

*ચાલતો, ઊભેલો, સૂતેલો અથવા જાગતો મહાબુદ્ધિશાળી શિવજ્ઞાનથી સંબંધિત હોવાના કારણે હંમેશા શિવપૂજા કરતો રહે છે.*

**यद्यत्पश्यति सामोदं वस्तु लोकेषु देशिकः।**
**शिवदर्शनसम्पत्तिस्तत्र तत्र महात्मनः।।२४।।**

*શિવલિંગૈક્ય આચાર્ય આ સંસારમાં આનંદની સાથે જે-જે વસ્તુને જોય છે તે-તે માં તે મહાત્માને શિવની પ્રતીતિ થાય છે.*

**यद्यच्चिन्तयते योगी मनसा शुद्धभावनः।**
**तत्तच्छिवमयत्वेन शिवध्यानमुदाहृतम्।।२५।।**

*શુદ્ધ ભાવનાવાળો યોગી મનથી જેનું -જેનું ધ્યાન ધરે છે તે - તે શિવમય થવાથી શિવધ્યાન કહેવાય છે.*

**यत्किञ्चिद्भाषितं लोके स्वेच्छया शिवयोगिना।**
**शिवस्तोत्रमिदं सर्वं यस्मात् सर्वात्मक: शिव:।।२६।।**

*શિવયોગી સ્વેચ્છાથી આ સંસારમાં જે કંઈ કહે છે તે બધું શિવસ્તોત્ર થઈ જાય છે કારણ કે શિવ બધામાં વિદ્યમાન છે.*

**या या चेष्टा समुत्पन्ना जायते शिवयोगिनाम्।**
**सा सा पूजा महेशस्य सर्वदा तद्गतात्मनाम्।।२७।।**

*શિવયોગીઓની જે જે ચેષ્ટાઓ (તેમના શરીરમાં) ઉત્પન્ન થાય છે તે બધી શિવમય આત્માવાળા તેમના માટે સદાશિવની પૂજા હોય છે.*

**विश्वं शिवमयं चेति सदा भावयतो धिया।**
**शिवैकभाजनात्मत्वादेकभाजनमुच्यते ।।२८।।**

*(એકભાજનસ્થળ વર્ણન) - "આ વિશ્વ શિવમય છે." - મનથી એવી ભાવના કરવી શિવૈકભાજનાત્મક હોવાથી એકભાજન કહેવાય છે.*

**स्वस्य सर्वस्य लोकस्य शिवस्याद्वैतदर्शनात्।**
**एकभाजनयोगेन प्रसादैक्यमतिर्भवेत्।।२९।।**

*પોતાના સંપૂર્ણ સંસાર તથા શિવને એક સમજવાને કારણે એક પાત્ર હોવાથી પ્રસાદ રૂપી વિષયની અદ્વૈત બુદ્ધિ હોય છે આ પ્રકારે સજીવ મૂર્તિ અર્થાત્ લિંગૈક્યનું પાદોદક અને શિવલિંગને સ્નાન કરાવેલું જળ બંને સમાન રૂપથી ગ્રાહ્ય હોય છે.*

**शिवे विश्वमिदं सर्वं शिव: सर्वत्र भासते।**
**आधाराधेयभावेन शिवस्य जगत: स्थिति:।।३०।।**

*આ સમસ્ત વિશ્વ શિવમાં છે અને શિવ સર્વત્ર પ્રકાશમાન થઈ રહ્યા છે આ પ્રકારે શિવ અને સંસારની આધારઆધેય સંબંધની સ્થિતિ છે (અર્થાત્ શિવ અને જગત બંને એક સાથે એક બીજાના આધાર અને સંબંધિત છે.)*

**चित्तैकभाजनं यस्य चित्तवृत्ते: शिवात्मकम्।**
**नान्यत्तस्य किमेतेन मायामूलेन वस्तुना।।३१।।**

*જેની ચિત્તવૃત્તિ શિવાત્મક અને માત્ર ચૈતન્ય વિષયવાળી નથી તેને માયામૂલક આ વસ્તુથી શું લેવાદેવા.*

**चित् प्रकाशयते विश्वं तद्विना नास्ति वस्तु हि।**
**चिदेकनिष्ठचित्तानां किं मायापरिकल्पितैः।।३२।।**

*ચિત્ત જ ઘટ વગેરેથી ઉપલક્ષિત સમસ્ત પ્રપંચમય વિશ્વને પ્રકાશિત કરે છે. તેના વિના કોઈ વસ્તુ છે જ નહિ. જેનું ચિત્ત કેવળ એકમાત્ર ચિત્તમાં રત છે તેના માટે માયા પરિકલ્પિત (વસ્તુઓ) થી શું પ્રયોજન.*

**वृत्तिशून्ये स्वहृदये शिवलीने निराकुले।**
**यः सदा वर्तते योगी स मुक्तो नात्र संशयः।।३३।।**

*જે યોગી સર્વદા વૃતિશૂન્ય શિવમાં લીન અર્થાત્ શાન્ત પોતાના હૃદયમાં ધ્યાનસ્થ રહે છે તે મુક્ત હોય છે, એમાં કોઈ સંદેહ નથી.*

**गुरोः शिवस्य शिष्यस्य स्वस्वरूपतया स्मृतिः।**
**सहभोजनमाख्यातं सर्वग्रासात्मभावतः।।३४।।**

*(સહભોજનસ્થળ વર્ણન) - ગુરુ શિવ અને શિષ્યનું પોતાના રૂપમાં સ્મરણ સર્વગ્રાસાત્મભાવના કારણે સહભોજન કહેવામાં આવે છે.*

**शिवं विश्वं गुरुं साक्षाद्योजयेन्नित्यमात्मनि।**
**एकत्वेन चिदाकारे तदिदं सहभोजनम्।।३५।।**

*શિવ વિશ્વ એ ગુરુને પ્રતિદિન સાક્ષાત્ ચિદાકાર આત્મામાં એકરૂપમાં જોડવાવાળા સહભોજન કહેવાય છે.*

**अयं शिवो गुरुश्चैव जगदेतच्चराचरम्।**
**अहं चेति मतिर्यस्य नास्त्यसौ विश्वभोजकः।।३६।।**

*આ શિવ છે આ ગુરુ છે અને આ ચરાચર જગત છે અને આ હું છું - એવી જેની ભેદબુદ્ધિ હોય છે તે વિશ્વભોજક નહીં હોતો.*

**अहं भृत्यः शिवः स्वामी शिष्योऽहं गुरुरेव वै।**
**इति यस्य मतिर्नास्ति स चाद्वैतपदे स्थितः।।३७।।**

*હું સેવક છું અને શિવ સ્વામી છે, હું શિષ્ય છું અને તે ગુરુ છે - એવી જેની ભેદબુદ્ધિ નથી હોતી તે અદ્વૈતપદમાં સ્થિત થાય છે.*

**पराहन्तामये स्वात्मपावके विश्वभास्वति।**
**इदन्ताहव्यहोमेन विश्वहोमीति कथ्यते।।३८।।**

*વિશ્વને આભાસિત કરવાવાળી પર અહન્તારૂપી આત્મારૂપી અગ્નિમાં ઈંધણરૂપી સામગ્રીનું હવન કરવાવાળો વિશ્વહોમી કહેવાય છે.*

**अहं शिवो गुरुश्चाहमहं विश्वं चराचरम्।**
**यया विज्ञायते सम्यक् पूर्णाहन्तेति सा स्मृता।।३९।।**

*હું જ શિવ છું, હું જ ગુરુ છું, હું જ ચરાચર વિશ્વ છું - એવું જેની પાસેથી જાણવા મળે છે તેને પૂર્ણહન્તા માનવામાં આવે છે.*

**आधारवह्नौ चिद्रूपे भेदजातं जगद्धविः।**
**जुहोति ज्ञानयज्वा यः स ज्ञेयो विश्वहव्यभुक्।।४०।।**

*જે જ્ઞાનયજ્ઞના કર્તા ચિદરૂપી આધારઅગ્નિ અર્થાત્ આજ્ઞાચક્રમાં સ્થિત તેજમાં ભેદસમૂહવાળા જગતરૂપી સામગ્રીનું હવન કરે છે તેને વિશ્વહવનભોક્તા સમજવું જોઈએ.*

**चिदाकारे पराकाशे परमानन्दभास्वति।**
**विलीनचित्तवृत्तीनां का वा विश्वक्रमस्थितिः।।४१।।**

*પરમ આનંદરૂપી સૂર્યવાળા ચિત્સ્વરૂપ પરાકાશમાં જેમની ચિત્તવૃત્તિઓ વિલીન થઈ ગઈ છે તેમના માટે વિશ્વક્રમ અર્થાત્ વિશ્વવ્યવહારની શું સ્થિતિ હોય શકે છે.*

**निरस्तविश्वसम्बाधे निष्कलङ्के चिदम्बरे।**
**भावयेल्लीनमात्मानं सामरस्यस्वभावतः।।४२।।**

**सैषा विद्या परा ज्ञेया सत्तानन्दप्रकाशिनी।**
**मुक्तिरित्युच्यते सद्भिर्जगन्मोहनिवर्तिनी।।४३।।**

*વિશ્વની બાધા અર્થાત્ જન્મ-મૃત્યુ વગેરેના બંધન જ્યાં દૂર થઈ ગયા છે એવા નિષ્કલંક ચિદાકાશમાં પોતાને સામરસ્યભાવથી સમજવું જોઈએ. સજ્જનોના દ્વારા આ જગતનો મોહ દૂર કરવાવાળી મુક્તિ કહેવાઈ છે.*

**भक्तादिधामार्पितधर्मयोगात् प्राप्तैकभावः परमाद्भुतेन।**
**शिवेन चिद्व्योममयेन साक्षान् मोक्षश्रियो भाजनतामुपैति।।४४।।**

*ભક્ત વગેરે સ્થળના માટે સમર્પિત ધર્મયોગના કારણે ચિદાકાશમય પરમ અદ્ભૂત શિવલિંગની સાથે ઐક્યને પ્રાપ્ત ઐક્યસ્થલી વ્યક્તિ સાક્ષાત્ મોક્ષને પ્રાપ્ત કરે છે.*

******

## પંદરમો પરિચ્છેદ

### ભક્તસ્થલ અન્તર્ગત નવવિધલિઙ્ગસ્થલ પ્રસંગ

**षट्स्थलोक्तसदाचारसम्पन्नस्य यथाक्रमम्।**
**लिङ्गस्थलानि कथ्यन्ते जीवन्मुक्तिपराणि च।।१।।**

*(લિંગસ્થળ વર્ણન) - શ્રી રેણુકાચાર્યે કહ્યું - છ સ્થળોમાં વર્ણિત સદાચારથી સંપન્ન સાધકના જીવનમુક્તિપરક લિંગસ્થળ ક્રમથી કહેવામાં આવી રહ્યા છે.*

**भक्ताद्यैक्यावसानानि षडुक्तानि स्थलानि च।**
**लिङ्गस्थलानि कानीह कथ्यन्ते कति वा पुनः।।२।।**

*અગસ્ત્યએ કહ્યું - ભક્તસ્થળથી માંડીને ઐક્યસ્થળ સુધી છ સ્થળ કહેવામાં આવ્યા. લિંગસ્થળ ક્યા ક્યા છે અને કેટલા તે બતાવો.*

**गुर्वादिज्ञानशून्यान्ता भक्तादिस्थलसंश्रिताः।**
**स्थलभेदाः प्रकीर्त्यन्ते पञ्चाशत् सप्त चाधुना।।३।।**

*ભક્ત આદિ છ સ્થળો પર આધૃત દીક્ષાગુરુ સ્થળથી લઈને જ્ઞાનશૂન્ય સ્થળ સુધી સત્તાવન સ્થળભેદ હવે બતાવવામાં આવશે.*

**आदौ नवस्थलानीह भक्तस्थलसमाश्रयात्।**
**कथ्यन्ते गुणसारेण नामान्येषां पृथक् शृणु।।४।।**

*ભક્તસ્થળના આધાર પર અહીં પહેલા નવસ્થળ તેમના ગુણોના અનુસાર કહેવામાં આવ્યા છે. તેમના પૃથક-પૃથક નામોને સાંભળો.*

**दीक्षागुरुस्थलं पूर्वं ततः शिक्षागुरुस्थलम्।**
**प्रज्ञागुरुस्थलं चाथ क्रियालिङ्गस्थलं ततः।।५।।**

**भावलिङ्गस्थलं चाथ ज्ञानलिङ्गस्थलं ततः।**
**स्वयं चरं परं चेति तेषां लक्षणमुच्यते।।६।।**

*પહેલા દીક્ષાગુરૂસ્થળ તેના પછી શિક્ષાગુરૂસ્થળ, પછી પ્રજ્ઞાગુરૂસ્થળ ત્યાર પછી ક્રિયાલિંગસ્થળ, પછી ભાવલિંગસ્થળ ત્યાર પછી જ્ઞાનલિંગસ્થળ, સ્વયંસ્થળ, પરસ્થળ અને ચરસ્થળ (આ નવ સ્થળ છે હવે) તેમના લક્ષણ કહેવામાં આવે છે.*

**दीयते परमं ज्ञानं क्षीयते पाशबन्धनम्।**
**यया दीक्षेति सा तस्यां गुरुर्दीक्षागुरुः स्मृतः।।७।।**

*(દીક્ષાગુરૂસ્થળ વર્ણન) - જેમના દ્વારા પરમ જ્ઞાન આપવામાં આવે છે અને પાપબંધનનો ક્ષય કરવામાં આવે છે તે દીક્ષા હોય છે. આ વિષયમાં જે ગુરૂ હોય છે તે દીક્ષાગુરૂ કહેવાયા છે.*

**गुणातीतं गुकारं च रूपातीतं रुकारकम्।**
**गुणातीतमरूपं च यो दद्यात् स गुरुः स्मृतः।।८।।**

*"ગુ" નો અર્થ થાય છે - ગુણાતીત, "રૂ" નો અર્થ થાય છે - રૂપાતીત. જે ગુણોથી પર અર્થાત્ નિર્ગુણ અને રૂપરહિત તત્વને આપે છે અર્થાત્ તેનું જ્ઞાન કરાવે છે તે ગુરૂ કહેવાય છે.*

**आचिनोति च शास्त्रार्थानाचारे स्थापयत्यलम्।**
**स्वयमाचरते यस्मादाचार्यस्तेन चोच्यते।।९।।**

*જે શાસ્ત્રોના તાત્પર્યનું સંચયન કરે છે અને પોતાના શિષ્યોને તેનો બોધ કરાવે છે તથા સ્વયં તેનું આચરણ કરે છે આ કારણથી તે આચાર્ય કહેવાય છે.*

**षडध्वातीतयोगेन यतते यस्तु देशिकः।**
**मायाब्धितारणोपायहेतुर्विश्वगुरुः शिवः।।१०।।**

*જે આચાર્ય ષડધ્વાથી પર યોગને લઈને પ્રયત્ન કરે છે, તે દેશિક કહેવાય છે. માયારૂપી સમુદ્રના પાર જવાનો ઉપાય બતાવવાવાળો વિશ્વગુરૂ તેજ "શિવ" પણ છે.*

**अखण्डं येन चैतन्यं व्यज्यते सर्ववस्तुषु।**
**आत्मयोगप्रभावेण स गुरुर्विश्वभासकः।।११।।**

*જેના દ્વાર પોતાના યોગના પ્રભાવથી બધી વસ્તુઓમાં અખંડ ચૈતન્યની અભિવ્યક્તિ કરવામાં આવે છે તે ગુરુ વિશ્વનો પ્રકાશક હોય છે.*

**दीक्षागुरुरसौ शिक्षाहेतुः शिष्यस्य बोधकः।**
**प्रश्नोत्तरप्रवक्ता च शिक्षागुरुरितीर्यते।।१२।।**

*(શિક્ષાગુરૂસ્થળ વર્ણન) - આ દીક્ષાગુરૂ શિષ્યને જ્ઞાન આપવાવાળા હોવાને કારણે તેમના શિક્ષાગુરુ હોય છે. જે (શિષ્યના દ્વારા કરવામાં આવેલા) પ્રશ્નનો ઉત્તર આપવાવાળા હોય છે તે શિક્ષાગુરુ કહેવાય છે.*

**बोधकोऽयं समाख्यातो बोध्यमेतदिति स्फुटम्।**
**शिष्यो नियुज्यते येन स शिक्षागुरुरुच्यते।।१३।।**

*આ (શિવસિદ્ધાંતનો) બોધક અર્થાત્ પરમતત્વનો પ્રકાશક કહેવામાં આવ્યા છે. આ અર્થાત્ શિવયોગ બોધ્ય છે. જે શિષ્યમાં આ જ્ઞાનને નિયુક્ત અર્થાત્ નિયમિત કરે, તે શિક્ષાગુરુ કહેવાય છે.*

**संसारतिमिरोन्माथिशरच्चन्द्रमरीचयः।**
**वाचो यस्य प्रवर्तन्ते तमाचार्यं प्रचक्षते।।१४।।**

*સંસારરૂપી અંધકારને નષ્ટ કરવાને માટે જેની વાણી શરદકાલીન ચંદ્રમાના સમાન કામ કરે છે (વિદ્વાન લોકો) તેમને આચાર્ય કહે છે.*

**ददाति यः पतिज्ञानं जगन्मायानिवर्तकम्।**
**अद्वैतवासनोपायं तमाचार्यवरं विदुः।।१५।।**

*જે સંસાર માયાને દૂર કરવાવાળા પરમજ્ઞાન આપે છે અદ્વૈતભાવનાના ઉપાયભૂત તે મનુષ્યને આચાર્ય માનવામાં આવે છે.*

**पूर्वपक्षं समादाय जगद्भेदविकल्पनम्।**
**अद्वैतकृतसिद्धान्तो गुरुरेष गुणाधिकः।।१६।।**

*જગદ્ વિષયક ભેદની વિકલ્પનાને પૂર્વપક્ષના રૂપમાં સ્વીકૃત કરી જે સિદ્ધાંત પક્ષના રૂપમાં અદ્વૈતભાવને સ્થાપિત કરે છે તે ગુરુ ગુણાધિક અર્થાત્ શ્રેષ્ઠ છે.*

**सन्देहवनसन्दोहसमुच्छेदकुठारिका ।**
**यत्सूक्तिधारा विमला स गुरूणां शिखामणिः ।।१७।।**

*જેની વ્યક્તિની નિર્મલ સૂક્તિધારા સંદેહરૂપી જંગલના સમૂહને કાપવા માટે કુહાડી જેવી હોય છે તે ગુરુઓના શિખામણિ હોય છે.*

**यत्सूक्तिदर्पणाभोगे निर्मले दृश्यते सदा।**
**मोक्षश्रीर्बिम्बरूपेण स गुरुर्भवतारकः ।।१८।।**

*જેના નિર્મળ સૂક્તિરૂપી દર્પણ વિસ્તારમાં મોક્ષલક્ષી સદા બિમ્બના રૂપમાં જોવા મળે છે. તે ગુરુ સંસારથી પાર લઈ જવાવાળા હોય છે.*

**शिष्याणां हृदयालेख्यं प्रद्योतयति यः स्वयम्।**
**ज्ञानदीपिकयाऽनेन गुरुणा कः समो भवेत्।।१९।।**

*જે સ્વયં પોતાના જ્ઞાનદીપથી શિષ્યોના હૃદયચિત્રને પ્રકાશિત કરે છે (અર્થાત્ ચિત્તને નિર્મળ બનાવીને તેમાં નિજ સ્વરૂપ શિવનો પ્રકાશ કરે છે) તે ગુરુના સમાન કોણ છે ? અર્થાત્ કોઈ નહિ.*

**परमाद्वैतविज्ञानपरमौषधदानतः ।**
**संसाररोगनिर्माथी देशिकः केन लभ्यते।।२०।।**

*પરમ અદ્વૈતવિજ્ઞાનરૂપી પરમ ઔષધિના દાનથી સંસારરૂપી રોગને નષ્ટ કરવાવાળા આચાર્ય કોને પ્રાપ્ત થાય છે ? અર્થાત્ શિવની કરુણાથી જ આવા ગુરુની પ્રાપ્તિ થાય છે.*

**उपदेष्टोपदेशानां संशयच्छेदकारकः।**
**सम्यज्ज्ञानप्रदः साक्षादेष ज्ञानगुरुः स्मृतः।।२१।।**

*(જ્ઞાનગુરુસ્થળ વર્ણન) - (શિવયોગના) ઉપદેશોના ઉપદેષ્ટા, (શિષ્યના) સંશયને દૂર કરવાવાળા સમીચીન જ્ઞાનને આપવાવાળા સાક્ષાત્ જ્ઞાનગુરુ કહેવાય છે.*

**निरस्तविश्वसम्भेदं निर्विकारं चिदम्बरम्।**
**साक्षात्करोति यो युक्त्या स ज्ञानगुरुरुच्यते।।२२।।**

*વિશ્વના ભેદને દૂર કરવાવાળા નિર્વિકાર ચિદાકાશના જે (અદ્વૈત શાસ્ત્રની) યુક્તિ દ્વારા પ્રત્યક્ષ કરે છે. તે જ્ઞાનગુરૂ કહેવાય છે.*

**कलङ्कवानसौ चन्द्रः क्षयवृद्धिपरिप्लुतः।**
**निष्कलङ्कस्थितो ज्ञानचन्द्रमा निर्विकारवान्।।२३।।**

*આ (=આકાશમાં દશ્યમાન) ચંદ્રમા કલંકયુક્ત તથા રાસ એ વૃદ્ધિથી પીડિત છે પરંતુ જ્ઞાનરૂપી ચંદ્ર નિષ્કલંક અને નિર્વિકાર છે.*

**पार्श्वस्थतिमिरं हन्ति प्रदीपो मणिनिर्मितः।**
**सर्वगामि तमो हन्ति बोधदीपो निरङ्कुशः।।२४।।**

*મણિથી નિર્મિત દીપક નજીકમાં સ્થિત અંધકારને દૂર કરે છે પરંતુ નિર્બાધ જ્ઞાનરૂપી દીપ સર્વવ્યાપી અંધકારને દૂર કરી દે છે.*

**सर्वार्थसाधकज्ञानविशेषादेशतत्परः ।**
**ज्ञानाचार्यः समस्तानामनुग्रहकरः शिवः।।२५।।**

*સંપૂર્ણ અર્થના સાધનરૂપ વિશેષ જ્ઞાનને દાનમાં તત્પર અને બધાની ઉપર કૃપા કરવાવાળા જ્ઞાનાચાર્ય સાક્ષાત્ શિવ હોય છે.*

**कटाक्षचन्द्रमा यस्य ज्ञानसागरवर्धनः।**
**संसारतिमिरच्छेदी स गुरुर्जानपारगः।।२६।।**

*જેમનો અનુગ્રહકટાક્ષરૂપી ચંદ્રમા જ્ઞાનરૂપીસાગરને વધારવાવાળા હોય છે. સંસારરૂપી અંધકારનો નાશ કરવાવાળા તે ગુરૂ જ્ઞાનના પારગામી હોય છે.*

**बहिस्तिमिरविच्छेत्ता भानुरेष प्रकीर्तितः।**
**बहिरन्तस्तमश्छेदी विभुर्देशिकभास्करः।।२७।।**

*આ (પ્રાકૃતિક સૂર્ય) બાહ્ય અંધકારનો નાશક છે પરંતુ આચાર્યરૂપી વ્યાપક સૂર્ય બાહ્ય અને ભીતર બંને પ્રકારના અજ્ઞાનાન્ધકારનો નાશ કરે છે.*

**कटाक्षलेशमात्रेण विना ध्यानादिकल्पनम्।**
**शिवत्वं भावयेद्यत्र स वेदः शाम्भवो भवेत्।।२८।।**

*જેના ધ્યાન વગેરે કલ્પનાના વિના કેવળ કૃપા કટાક્ષના વિના કેવળ કૃપાકટાક્ષથી શિવત્વની ભાવના ઉત્પન્ન થઈ જાય છે તે શામ્ભવ જ્ઞાન કહેવાય છે.*

**शिववेदकरे ज्ञाने दत्ते येन सुनिर्मले।**
**जीवन्मुक्तो भवेच्छिष्यः स गुरुर्ज्ञानसागरः।।२९।।**

*જેના દ્વારા શિવભાવના ઉત્પન્ન કરવાવાળા નિર્મળ જ્ઞાન આપવાથી શિષ્ય જીવનમુક્ત થઈ જાય છે તે ગુરૂના જ્ઞાનના સાગર છે.*

**गुरोर्विज्ञानयोगेन क्रिया यत्र विलीयते।**
**तत्क्रियालिङ्गमाख्यातं सर्वैरागमपारगैः।।३०।।**

*(ક્રિયાલિંગ સ્થળ વર્ણન) - ગુરૂના વિજ્ઞાનયોગથી ક્રિયા જેનામાં લીન થઈ જાય છે સમસ્ત આગમમા પારંગત તેને ક્રિયાલિંગ કહે છે.*

**परानन्दचिदाकारं परब्रह्मैव केवलम्।**
**लिङ्गं सद्रूपतापन्नं लक्ष्यते विश्वसिद्धये।।३१।।**

*પરાનંદ ચિદાકાર તથા કેવળ અર્થાત્ અદ્વિતીય પરબ્રહ્મ વિશ્વની રચના (અથવા સંપૂર્ણ ક્રિયા) ની સિદ્ધિના માટે સદરૂપતા (=સ્થૂળરૂપતા)ને પ્રાપ્ત પ્રતીત થાય છે.*

**लिङ्गमेव परं ज्योतिर्भवति ब्रह्म केवलम्।**
**तस्मात् तत्पूजनादेव सर्वकर्मफलोदयः।।३२।।**

*પરજ્યોતિ કેવળ પરબ્રહ્મ જ લિંગ (રૂપમાં સ્થિત છે) એટલા માટે તેની પૂજાથી સમસ્ત કર્મફળનો ઉદય થાય છે.*

**परित्यज्य क्रियाः सर्वा लिङ्गपूजैकतत्पराः।**
**वर्तन्ते योगिनः सर्वे तस्माल्लिङ्गं विशिष्यते।।३३।।**

*સમસ્ત યોગીજનો બધી ક્રિયાઓને છોડીને કેવળ લિંગપૂજામાં તત્પર હોય છે આ કારણે ક્રિયાલિંગ શ્રેષ્ઠ છે.*

**यज्ञादयः क्रियाः सर्वा लिङ्गपूजांशसंमिताः।**
**इति यत्पूज्यते सिद्धैस्तत्क्रियालिङ्गमुच्यते।।३४।।**

*"યજ્ઞ આદિ સંપૂર્ણ ક્રિયાઓ લિંગપૂજાના અંશમાત્રના બરાબર છે" - આ ભાવનાથી જેની સિદ્ધ લોકો પૂજા કરે છે તે ક્રિયાલિંગ કહેવાય છે.*

**किं यज्ञैरग्निहोत्राद्यैः किं तपोभिश्च दुश्चरैः।**
**लिङ्गार्चनरतिर्यस्य स सिद्धः सर्वकर्मसु।।३५।।**

*અગ્નિહોત્ર વગેરે યજ્ઞો તથા કૃચ્છ ચાન્દ્રાયણ વગેરે દુશ્ચર તપસ્યાઓનું શું પ્રયોજન ? જેની લિંગાર્ચનમાં રતિ છે તે બધા કાર્યોમાં સિદ્ધ હોય છે.*

**ब्रह्मविष्ण्वादयः सर्वे विबुधा लिङ्गमाश्रिताः।**
**सिद्धाः स्वस्वपदे भान्ति जगत्तन्त्राधिकारिणः।।३६।।**

*બ્રહ્મા, વિષ્ણુ વગેરે બધા દેવતા લિંગના ઉપર આશ્રિત હોવાથી પોતપોતાના સ્થાન પર સિદ્ધ અર્થાત્ સ્થિત છે અર્થાત્ સૃજન વગેરેના અધિકારી દેવતા લિંગ ઉપર આશ્રિત થઈને પોતપોતાના પદ પર દેદિપ્યમાન છે.*

**क्रिया यथा लयं प्राप्ता तथा भावोऽपि लीयते।**
**यत्र तद्देशिकैरुक्तं भावलिङ्गमिति स्फुटम्।।३७।।**

*(ભાવલિંગસ્થળ વર્ણન) - જે પ્રકારે ક્રિયા (ક્રિયાલિંગમાં) લીન થઈ ગઈ તે જ પ્રકારે જ્યાં ભાવ પણ લીન થઈ જાય છે તેને આચાર્ય લોકો સ્પષ્ટ ભાવલિંગ કહે છે.*

**भावेन गृह्यते देवो भगवान् परमः शिवः।**
**किं तेन क्रियते तस्य नित्यपूर्णो हि स स्मृतः।।३८।।**

*ભગવાન પરમ શિવ ભાવ (અર્થાત્ નિર્મળ હૃદયની ભાવના) ના દ્વારા*

*વશ થાય છે. તેનાથી (અર્થાત્ બાહ્ય પૂજા વગેરે) તેમને શું લેવા-દેવા ? તે તો નિત્ય પૂર્ણ કહેવાયા છે.*

**अखण्डपरमानन्दबोधरूपः परः शिवः।**
**भक्तानामुपचारेण भावयोगात् प्रसीदति।।३९।।**

*પરમશિવ અખંડ પરમાનંદ અને જ્ઞાનસ્વરૂપ છે. ભક્તોના ઉપચાર (અર્થાત્ પૂજનસામગ્રી) ના દ્વારા તે ભાવ ના કારણે પ્રસન્ન રહે છે.*

**मृच्छिलाविहिताल्लिङ्गाद्भावलिङ्गं विशिष्यते।**
**निरस्तसर्वदोषत्वाद् ज्ञानमार्गप्रवेशनात्।।४०।।**

*માટી અને પત્થરના લિંગની અપેક્ષા ભાવલિંગ વિશિષ્ટ અર્થાત્ શ્રેષ્ઠ હોય છે કારણ કે તેમાં બધા દોષ નિરસ્ત હોય છે તથા તે (ભક્તોના) જ્ઞાનમાર્ગમાં પ્રવેશ કરાવે છે.*

**विहाय बाह्यलिङ्गानि चिल्लिङ्गं मनसि स्मरन्।**
**पूजयेद् भावपुष्पैर्यो भावलिङ्गीति कथ्यते।।४१।।**

*જે ભક્ત બાહ્ય લિંગોને છોડીને ચિત્તલિંગનું મનમાં સ્મરણ કરતા ભાવપુષ્પોથી તેમની પૂજા કરે છે તે ભાવલિઙ્ગી કહેવાય છે.*

**मूलाधारेऽथवा चित्ते भ्रूमध्ये वा सुनिर्मलम्।**
**दीपाकारं यजन् लिङ्गं भावद्रव्यैः स योगवान्।।४२।।**

*મૂલાધાર, હૃદય અથવા ભ્રૂમધ્યમાં જે નિર્મળ દીપકલિકાના આકારવાળા લિંગની ભાવદ્રવ્યોથી પૂજા કરે છે તે શિવયોગી હોય છે.*

**स्वानुभूतिप्रमाणेन ज्योतिर्लिङ्गेन संयुतः।**
**शिलामृद्दारुसंभूतं न लिङ्गं पूजयत्यसौ।।४३।।**

*જે પોતાના અનુભવથી પ્રમાણિત જ્યોર્તિલિંગથી યુક્ત હોય છે. તે પત્થર, માટી અને લાકડાના લિંગની પૂજા નથી કરતા.*

**क्रियारूपा तु या पूजा सा ज्ञेया स्वल्पसंविदाम्।**
**आन्तरा भावपूजा तु शिवस्य ज्ञानिनां मता।।४४।।**

*શિવની જે ક્રિયારૂપી (બાહ્ય) પૂજા છે તે અલ્પજ્ઞાની લોકોના દ્વારા કરવામાં આવે છે. તેમની આંતરિક ભાવપૂજા જ્ઞાનીઓની પૂજા માનવામાં આવી છે.*

**तद्भावज्ञापकज्ञानं लयं यत्र समश्नुते।**
**तज्ज्ञानलिङ्गमाख्यातं शिवतत्त्वार्थकोविदैः।।४५।।**

*(જ્ઞાનલિંગસ્થળ વર્ણન) - તે (અર્થાત્ શિવ) ભાવનું જ્ઞાપક જ્ઞાન જેનામાં લીન થઈ જાય છે. શિવતત્વરૂપી અર્થ (અથવા શિવતત્વના અર્થ) ને જાણવાવાળા લોકો તેને જ્ઞાનલિંગ કહે છે.*

**त्रिमूर्तिभेदनिर्मुक्तं त्रिगुणातीतवैभवम्।**
**ब्रह्म यद्बोध्यते तत्तु ज्ञानलिङ्गमुदाहृतम्।।४६।।**

*(બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રરૂપી) ત્રિમૂર્તિના ભેદથી રહિત, (સત્વ, રજસ, તમસ આ) ત્રણે ગુણોથી પર વૈભવવાળા રુદ્રરૂપી) ત્રિમૂર્તિના ભેદથી રહિત, (સત્વ, રજસ, તમસ આ) ત્રણે ગુણોથી પર વૈભવવાળા બ્રહ્મ જેના દ્વારા બતાવવામાં આવે છે તે જ્ઞાનલિંગ કહેવાયા છે.*

**स्थूले क्रियासमापत्तिः सूक्ष्मे भावस्य सम्भवः।**
**स्थूलसूक्ष्मपदातीते ज्ञानमेव परात्मनि।।४७।।**

*સ્થૂળ (લિંગ) ના વિષયમાં ક્રિયાની સમાપ્તિ (અર્થાત્ પ્રાપ્તિ) થાય છે અર્થાત્ ક્રિયા કરવાની હોય છે. સૂક્ષ્મ લિંગના સંદર્ભમાં ભાવમય સામગ્રીની આવશ્યકતા હોય છે. જે સ્થૂળ અને સૂક્ષ્મ બંને સ્તરોથી ઉપર છે તે પરાત્માના વિષયમાં જ્ઞાન જ (પૂજાસમ્ભાર) હોય છે.*

**कल्पितानि हि रूपाणि स्थूलानि परमात्मनः।**
**सूक्ष्माण्यपि च तैः किं वा परबोधं समाचरेत्।।४८।।**

*સ્થૂળ અને સૂક્ષ્મ બંને પરમાત્માના જ માયા દ્વારા કલ્પિત રૂપ છે. તેમનાથી*

*શું લેવા દેવા અર્થાત્ તે મોક્ષસાધન નથી થઈ શકતા. પરબોધરૂપ તૃપ્તિલિઙ્ગને આચરણમાં રાખવું જોઈએ અર્થાત્ જ્ઞાનનો વિષય બનાવો જોઈએ.*

**परात्परं तु यदब्रह्म परमानन्दलक्षणम्।**
**शिवाख्यं ज्ञायते येन ज्ञानलिङ्गीति कथ्यते।।४९।।**

*જે પરાત્પર પરમાનંદસ્વરૂપ શિવ નામના બ્રહ્મને જાણે છે તે જ્ઞાનલિંગી કહેવાય છે.*

**बाह्यक्रियां परित्यज्य चिन्तामपि मानसीम्।**
**अखण्डज्ञानरूपत्वं यो भजेन्मुक्त एव सः।।५०।।**

*જે ભક્ત બાહ્ય ક્રિયા અને માનસ ધ્યાનને છોડીને અખંડ જ્ઞાનરૂપતાનું ભજન અર્થાત્ સેવન કરે છે તે મુક્ત જ છે.*

**तद्भावज्ञापकं ज्ञानं यत्र ज्ञाने लयं व्रजेत्।**
**तद्वानेष समाख्यातः स्वाभिधानो मनीषिभिः।।५१।।**

*(સ્વયંસ્થળ વર્ણન) - તે અર્થાત્ ભાવલિંગનું જ્ઞાપક જ્ઞાન જે જ્ઞાનમાં લીન થઈ જાય છે મનીષિયોના દ્વારા તે જ્ઞાનવાળો એ વ્યક્તિ "સ્વયં" કહેવાય છે.*

**स्वच्छन्दाचारसन्तुष्टो ज्योतिर्लिङ्गपरायणः।**
**आत्मस्थसकलाकारः स्वाभिधो मुनिसत्तमः।।५२।।**

*સ્વચ્છંદ આચરણથી સંતુષ્ટ, જ્યોર્તિલિંગની અર્ચનામાં તત્પર, પોતાના આત્મામાં સંપૂર્ણ આકાર અથવા વિશ્વને રાખવાવાળો મુનિસત્તમ સ્વયં કહેવાય છે.*

**निर्ममो निरहङ्कारो निरस्तक्लेशपञ्चकः।**
**भिक्षाशी समबुद्धिश्च मुक्तप्रायो मुनिर्भवेत्।।५३।।**

*વિષયોના પ્રતિ મમતારહિત, શરીરમાં આત્મભાવનારૂપ અહંકારથી રહિત તથા (અવિદ્યા આદિ) પાંચ ક્લેશોને સમાપ્ત કરી દેવાવાળા, ભિક્ષા માગીને ભોજન કરવાવાળા સમબુદ્ધિ મુનિ મુક્તપ્રાયઃ હોય છે.*

**यदृच्छालाभसन्तुष्टो भस्मनिष्ठो जितेन्द्रियः।**
**समवृत्तिर्भवेद्योगी भक्षुके वा नृपेऽथवाः।।५४।।**

*જેટલું અને જે કંઈ મળે છે તેમાં સંતુષ્ટ, ભસ્મ ધારણ કરવામાં શ્રદ્ધા રાખવાવાળો, જિતેન્દ્રિય ભિક્ષુક અથવા રાજના વિષયમાં સમાન બુદ્ધિ ઉપરાંત વ્યવહારવાળા શિવયોગી હોય છે.*

**पश्यन् सर्वाणि भूतानि संसारस्थानि सर्वशः।**
**स्मयमानः परानन्दे लीनात्मा वर्तते सुधीः।।५५।।**

*વિદ્વાન સાધક પરાનંદમાં સદા લીન ઉપરાંત સંસારમાં રહેવાવાળા સમસ્ત પ્રાણીઓને હાસ્ય (અથવા આશ્ચર્ય)ની સાથે જોતા વ્યવહાર કરે છે.*

**ध्यानं शैवं तथा ज्ञानं भिक्षा चैकान्तशीलता।**
**यतेश्चत्वारि कर्माणि न पञ्चममिहेष्यते।।५६।।**

*શિવનું જ્ઞાન, શિવનું ધ્યાન, ભિક્ષા અને એકાંતવાસ - આ ચાર જ કર્મ શિવયોગીના હોય છે. આ સંસારમાં તેના માટે પાંચમું કર્મ નથી.*

**स्वरूपज्ञानसम्पन्नो ध्वस्ताहंममताकृतिः।**
**स्वयमेव स्वयं भूत्वा चरतीति चराभिधः।।५७।।**

*(ચરસ્થળ વર્ણન) - જે સ્વરૂપના જ્ઞાનથી સંપન્ન છે, જેણે અહંકાર અને મમકાર (અર્થાત્ "મૈં" અને "મારું") આ ભાવનાને નષ્ટ કરી દીધી છે અને આ પ્રકારે સ્વયંસ્થલી બનીને આ સંસારમાં સંચાર કરે છે તેને ચરસ્થળ કહે છે.*

**कामक्रोधादिनिर्मुक्तः शान्तिदान्तिसमन्वितः।**
**समबुद्ध्या चरेद् योगी सर्वत्र शिवबुद्धिमान्।।५८।।**

*કામ, ક્રોધ વગેરેથી રહિત શમ, દમથી યુક્ત બધાના વિષયમાં શિવબુદ્ધિ રાખવાવાળા યોગીએ સર્વત્ર સમત્વ બુદ્ધિથી વ્યવહાર કરવો જોઈએ.*

**इदं मुख्यमिदं हीनमिति चिन्तामकल्पयन्।**
**सर्वत्र सञ्चरेद् योगी सर्वं ब्रम्हेति भावयन्।।५९।।**

*"આ મુખ્ય છે આ ગૌણ છે" - એવો વિચાર ન કરતા તથા "બધું જ બ્રહ્મ છે" - એવી ભાવના કરવાવાળો યોગી સર્વત્ર સંચરણ કરે.*

**न सम्मानेषु सम्प्रीतिं नावमानेषु च व्यथाम्।**
**कुर्वाणः सञ्चरेद्योगी कूटस्थे स्वात्मानि स्थितः।।६०।।**

*સન્માન થવાથી હર્ષ અને અપમાન થવાથી વિવાદ ન કરીને શિવયોગીએ ઈચ્છવું કે તે કૂટસ્થ આત્મામા સ્થિત થઈ વ્યવહાર કરે.*

**अप्रकृतैर्गुणैः स्वीयैः सर्वं विस्मापयन् जनम्।**
**अद्वैतपरमानन्दमुदितो देहिवच्चरेत्।।६१।।**

*પોતાના અલૌકિક ગુણોથી પૂરા સંસારને આશ્ચર્યચકિત કરીને તથા અદ્વૈત પરમાનંદમાં આનંદિત મનુષ્યના ભાંતિ આચરણ કરવું.*

**न प्रपञ्चे निजे देहे न धर्मे न च दुष्कृते।**
**गतवैषम्यधीर्धीरो यतिश्चरति देहिवत्।।६२।।**

*યોગી પ્રપંચ અર્થાત્ સંસાર પોતના શરીર ધર્મ તથા અધર્મના વિષયમાં વૈષમ્ય બુદ્ધિથી રહિત થઈને સાધારણ શરીરધારીની ભાંતિ વ્યવહાર કરે.*

**प्राकृतैश्वर्यसम्पत्तिपराङ्मुखमनस्थितिः।**
**चिदानन्दनिजात्मस्थो मोदते मुनिपुङ्गवः।।६३।।**

*પ્રકૃતિના ઐશ્વર્ય વૈભવના પ્રતિ પરાઙ્મુખ અર્થાત્ નિસ્પૃહ મનવાળા ઉપરાંત ચિત્ આનંદ સ્વરૂપ આત્મામા સ્થિત અર્થાત્ આત્માનો હંમેશા સાક્ષાત્કાર કરવાવાળા મુનિશ્રેષ્ઠ સદા આનંદમય રહે છે.*

**स्वयमेव स्वयं भूत्वा चरतः स्वस्वरूपतः।**
**परं नास्तीति बोधस्य परत्वमभिधीयते।।६४।।**

*(પરસ્થળ વર્ણન) - સ્વયમેવ સ્વયં થઈને પોતાના સ્વરૂપથી આચરણ કરવાવાળા (શિવયોગી)નું (શિવના સિવાય) બીજું કોઈ નથી. આ જ્ઞાન એનું પરત્વ કહેવાય છે.*

**स्वतन्त्रः सर्वकृत्येषु स्वं परत्वेन भावितः।**
**तृणीकुर्वन् जगज्जालं वर्तते शिवयोजिराट्।।६५।।**

*બધા કાર્યોમાં સ્વતંત્ર અને પોતાને પરત્વના રૂપમાં સમજવાવાળા તથા સંસારને તૃણવત્ તુચ્છ માનવાવાળા શિવયોગીવિરાટ હોય છે.*

**वर्णाश्रमसामाचारमार्गनिष्ठापराङ्मुखः ।**
**सर्वोत्कृष्टं स्वमात्मानं पश्यन् योगी तु मोदते।।६६।।**

*વર્ણ આશ્રમના આચરણના પથથી પરાઙ્મુખ થયેલો શિવયોગી પોતાને પર અર્થાત્ સર્વોત્કૃષ્ટ સમજીને આનંદિત થાય છે.*

**विश्वातीतं परं ब्रह्म शिवाख्यं चित्स्वरूपकम्।**
**तदेवाहमिति ज्ञानी सर्वोत्कृष्टः स उच्यते।।६७।।**

*વિશ્વાતિત શિવ નામના ચિદ્ સ્વરૂપ બ્રહ્મ પર અર્થાત્ અંતિમ તત્વ છે. "હું પણ તે જ છું." આ પ્રકારનું જ્ઞાન રાખવાવાળા પર અર્થાત્ સર્વોત્કૃષ્ટ કહેવાય છે.*

**अचलं ध्रुवमात्मानमनुपश्यन्निरन्तरम्।**
**निरस्तविश्वविभ्रान्तिर्जीवन्मुक्तो भवेन्मुनिः।।६८।।**

*પોતાને નિરંતર અચળ ધ્રુવ સમજવાવાળા તથા જેનો સમસ્ત ભ્રમ દૂર થઇ ગયો છે એવો મુનિ જીવનમુક્ત કહેવાય છે.*

**ब्रह्माद्याः किं नु कुर्वन्ति देवताः कर्ममार्गगाः।**
**कर्मातीतपदस्थस्य स्वयं ब्रह्मस्वरूपिणः।।६९।।**

*કર્મથી પર અર્થાત્ ઉર્ધ્વ પદમાં સ્થિત સ્વયં બ્રહ્મરૂપી યોગીના કર્મમાર્ગી બ્રહ્મા વગેરે દેવગણ શું કરી શકે છે.*

**स्वेच्छया सञ्चरेद्योगी विमुञ्चन् देहमानिताम्।**
**दर्शनैः स्पर्शनैः सर्वानज्ञानपि विमोचयेत्।।७०।।**

*શરીરમાં (અહં ભાવ અને મમ ભાવ) નો ત્યાગ કરવાવાળો યોગી આ*

*સંસારમાં સ્વેચ્છાથી આચરણ કરે છે તથા પોતાના દર્શન તેમજ સ્પર્શથી સમસ્ત અજ્ઞાનીઓને વિમુક્ત કરી દે છે.*

**नित्ये निर्मलभावने निरुपमे निर्धूतविश्वभ्रमे**
**सत्तानन्दचिदात्मके परशिवे साम्यं गतः संयमी।**
**प्रध्वस्ताश्रमवर्णधर्मनिगलः स्वच्छन्दसञ्चारवान्**
**देहीवाद्भुतवैभवो विजयते जीवन्विमुक्तः सुधीः।।७१।।**

*નિત્ય નિર્મળ ભાવરૂપ અનુપમ સમસ્ત ભ્રમના નાશક સદ્ ચિદ્ આનંદ સ્વરૂપ પર શિવની સાથે સમારસ્ય સ્થાપિત કરવાવાળા સંયમી આશ્રમ વર્ણ ધર્મની બંધન કડીઓને તોડી સ્વચ્છંદ અર્થાત્ પોતાની ઈચ્છા પ્રમાણે વિચરણ કરવાવાળો વિદ્વાન અદભૂત વૈભવથી યુક્ત થઈને જીવનમુક્ત થઈને પણ સામાન્ય માણસની જેમ વ્યવહાર કરે છે.*

******

## સોળમો પરિચ્છેદ

### ક્રિયાગમસ્થલમ્

**स्थलानां नवकं प्रोक्तं भक्तस्थलसमाश्रयम्।**

**माहेश्वरस्थले सिद्धं स्थलभेदं वदस्व मे।।१।।**

*(ક્રિયાગમસ્થળ વર્ણન) - અગત્સ્યે કહ્યું - (હે રેણુકાચાર્ય ! તમે) ભક્તસ્થળના અંતર્ગત નવ સ્થળોનું વર્ણન કર્યુ. મહેશ્વર સ્થળમાં સિદ્ધ સ્થળભેદનું મને વર્ણન કરો.*

**माहेश्वरस्थले सन्ति स्थलानि नव तापस।**
**क्रियागमस्थलं पूर्वं ततो भावागमस्थलम्।।२।।**

**ज्ञानागमस्थलं चाथ सकायस्थलमीरितम्।**
**ततोऽकायस्थलं प्रोक्तं परकायस्थलं ततः।।३।।**

**धर्माचारस्थलं चाथ भावाचारस्थलं ततः।**
**ज्ञानाचारस्थलं चाथ क्रमादेषां भिदोच्यते।।४।।**

*રેણુકાચાર્યો કહ્યું - હે તપસ્વી ! મહેશ્વર સ્થળમાં નવ સ્થળ છે. પહેલું ક્રિયાગમસ્થળ ત્યાર બાદ ભાવાગમસ્થળ, ત્યાર પછી જ્ઞાનાગમસ્થળ પછી સકાયસ્થળ કહેવાયા છે. તેના પછી અકાયસ્થળ ત્યાર પછી પરકાયસ્થળ કહેવાયા*

*છે. ધર્માચારસ્થળ પછી ભાવાચારસ્થળ અને જ્ઞાનાચારસ્થળ છે. હે ક્રમશઃ તેનો ભેદ કહેવામાં આવે છે.*

**शिवो हि परमः साक्षात् पूजा तस्य क्रियोच्यते।**
**तत्परा आगमा यस्मात् तदुक्तोऽयं क्रियागमः।।५।।**

*પરલિંગ શિવયોગી સાક્ષાત્ શિવ હોય છે. તેની પૂજા ક્રિયા કહેવાય છે. તે ક્રિયાને બતાવવાવાળો આગમ ક્રિયાગમ કહેવાયો છે.*

**प्रकाशते यथा नाग्निररण्यां मथनं विना।**
**क्रियां विना तथान्तस्थो न प्रकाशो भवेच्छिवः।।६।।**

*જેવી રીતે અરણીમાં (પ્રચ્છન્ન રૂપમાં સ્થિત) અગ્નિ વિના મંથન પ્રગટ થતો નથી એવી જ રીતે ક્રિયાના વિના અંદર સ્થિત શિવ પ્રકાશિત નથી થતા.*

**न यथा विधिलोपः स्यद्यथा देवः प्रसीदति।**
**यथागमः प्रमाणं स्यत्तथा कर्म समाचरेत्।।७।।**

*જે પ્રકારે વિધાન અર્થાત્ ઇતિકર્તવ્યતાનો લોપ ના થાય અને જે વિધિથી દેવ અર્થાત્ શિવ પ્રસન્ન થાય અને જેમાં આગમ પ્રમાણ હોય (અર્થાત્ આગમ જે કર્મને કરવા માટે કહે છે) તે પ્રકારના કર્મ કરવા જોઇએ.*

**विधिः शिवनियोगोऽयं यस्माद्विहितकर्मणि।**
**शिवाराधनबुद्ध्यैव निरतः स्याद्विचक्षणः।।८।।**

*આગમ શાસ્ત્રોના દ્વારા વિહિત કર્મના વિષયમાં આ શિવની આજ્ઞા છે - એવું સમજીને વિદ્વાને શિવરાધનબુદ્ધિથી (પૂજા કર્મમાં) લાગવું જોઇએ.*

**गुरोरादेशमासाद्य पूजयेत् परमेश्वरम्।**
**पूजिते परमेशाने पूजिताः सर्वदेवताः।।९।।**

*(શિવભક્ત) ગુરુની આજ્ઞા લઈને પરમેશ્વર શિવની પૂજા કરે. કારણ કે શિવની પૂજા થવાથી બધા દેવોની પૂજા થઈ જાય છે.*

**सदा शिवार्चनोपायसामग्रीव्यग्रमानसः।**
**शिवयोगरतो योगी मुच्यते नात्र संशयः।।१०।।**

*શિવની પૂજા સામગ્રીને ભેગી કરવામાં સદા વ્યગ્ર ચિત્તવાળા તથા શિવયોગમાં નિરંતર વ્યસ્ત યોગી મુક્ત થઈ જાય છે. એમાં સંદેહ નથી.*

**अन्धपङ्गुवदन्योन्यसापेक्षे ज्ञानकर्मणी।**
**फलोत्पत्तौ विरक्तस्य तस्मात्तद्द्वयमाचरेत्।।११।।**

*આંધળા અને લંગડાના સમાન જ્ઞાન અને કર્મ પરસ્પર સાપેક્ષ છે. આ કારણે ફળની ઉત્પત્તિમાં અનાસકત થઈને યોગી તે બંને ને કરે.*

**ज्ञाने सिद्धेऽपि विदुषां कर्मापि विनियुज्यते।**
**फलाभिसन्धिरहितं तस्मात् कर्म न सन्त्यजेत्।।१२।।**

*વિદ્વાનો અર્થાત્ જ્ઞાની લોકોનું જ્ઞાન સિદ્ધ અર્થાત્ પ્રાપ્ત થવા છતાં પણ કર્મ તો કરવું જ પડે છે. એટલા માટે જો ફળની ઈચ્છાથી રહિત થઈ તથાપિ કર્મનો ત્યાગ ના કરવો.*

**आचार एर सर्वेषामलङ्काराय कल्पते।**
**आचारहीनः पुरुषो लोके भवति निन्दितः।।१३।।**

*આચાર જ સૌનું અલંકાર હોય છે. આચારહીન પુરુષ લોકોમાં નિંદાને પાત્ર થાય છે.*

**ज्ञानेनाचारयुक्तेन प्रसीदति महेश्वरः।**
**तस्मादाचारवान् ज्ञानी भवेदादेहपातनात्।।१४।।**

*સદાચારયુક્ત જ્ઞાનથી મહેશ્વર પ્રસન્ન થાય છે. એટલા માટે જ્ઞાનીએ શરીરથી મૃત્યુ પર્યંત આચારવાન હોવું જોઈએ.*

**भावचिह्नानि विदुषो यानि सन्ति विरागिणः।**
**तानि भावागमत्वेन वर्तन्ते सर्वदेहिनाम्।।१५।।**

*(ભાવાગમસ્થળ વર્ણન) - વૈરાગ્યયુક્ત વિદ્વાનના જે ભાવચિહ્ન હોય છે તે જ સમસ્ત સામાન લોકોના ભાવાગમ અર્થાત્ ભાવરૂપી આગમશાસ્ત્રના રૂપમાં પ્રમાણ થઈ જાય છે.*

**शिवोऽहमिति भावोऽपि शिवतापत्तिकारणम्।**
**न ज्ञानमात्रं नाचारो भावयुक्तः शिवो भवेत्।।१६।।**

*"શિવોઅહમ્" (=હું શિવ છું) આ ભાવ પણ શિવત્વની પ્રાપ્તિનું કારણ હોય છે. ન કેવળ જ્ઞાન અથવા કેવળ આચાર યુક્ત વરન્ કેવળ ભાવયુક્ત ભક્ત શિવ થઈ જાય છે.*

**ज्ञानं वस्तुपरिच्छेदो ध्यानं तद्भावकारणम्।**
**तस्माज् ज्ञाते महादेवे ध्यानयुक्तो भवेत्सुधीः।।१७।।**

*જ્ઞાન વસ્તુનો પરિચ્છેદ અર્થાત્ તેના વાસ્તવિક સ્વરૂપનો નિર્ણાયક હોય છે. ધ્યાન તે ભાવનું કારણ હોય છે. આ કારણથી મહાદેવનું જ્ઞાન થવાથી વિદ્વાને શિવધ્યાનથી યુક્ત થવું જોઈએ.*

**अन्तर्बहिश्च सर्वत्र परिपूर्णं महेश्वरम्।**
**भावयेत् परमानन्दलब्धये पण्डितोत्तमः।।१८।।**

*ઉત્તમ પંડિતને જોઈએ કે તે પરમાનંદ પ્રાપ્ત કરવાને માટે શરીરના અંદર અને બહાર બધે પરિપૂર્ણ મહેશ્વરનું ધ્યાન અને તેમની ભાવના કરે.*

**अर्थहीना यथा वाणी पतिहीना यथा सती।**
**श्रुतिहीना यथा बुद्धिर्भावहीना तथा क्रिया।।१९।।**

*જેવી રીતે અર્થહીન વાણી, પતિવિહીન સ્ત્રી, વેદજ્ઞાનથી રહિત બુદ્ધિ તેવી જ રીતે શિવભાવનાથી રહિત ક્રિયા (વ્યર્થ હોય છે).*

**चक्षुर्हीनो यथा रूपं न किञ्चिद्वीक्षितुं क्षमः।**
**भावहीनस्तथा योगी न शिवं द्रष्टुमीश्वरः।।२०।।**

*જેવી રીતે ચક્ષુહીન મનુષ્ય કંઈ પણ જોવામાં સમર્થ નથી હોતા તેવી જ રીતે*

*ભાવહીન યોગી શિવનો સાક્ષાત્કાર કરવામાં સમર્થ નથી હોતા.*

**भावशुद्धेन मनसा पूजयेत्परमेष्ठिनम्।**
**भावहीनां न गृह्णाति पूजां सुमहतीमपि।।२१।।**

*એટલા માટે મનુષ્યને જોઈએ કે તે શુદ્ધભાવથી યુક્ત મનના દ્વારા પરમેશ્વર શિવની પૂજા કરે. કેટલી પણ મોટી પૂજા જો ભાવથી હીન હોય તો પરમેશ્વર તેમનો સ્વીકાર નથી કરતા.*

**नैरन्तर्येण सम्पन्ने भावे ध्यातुं शिवं प्रति।**
**तद्भावो जायते यद्वत् क्रिमेः कीटस्य चिन्तनात्।।२२।।**

*જેવી રીતે જીવાત ભ્રમરનું ચિંતન કરતા કરતા ભ્રમર બની જાય છે, એવી જ રીતે શિવના પ્રતિ ધ્યાનની નિરંતરતા સંપન્ન થવાથી યોગી પણ શિવ થઈ જાય છે.*

**निष्कलङ्कं निराकारं परब्रह्म शिवाभिधम्।**
**निर्ध्यातुमसमर्थोऽपि तद्विभूतिं विभावयेत्।।२३।।**

*અને જો કોઈ ભક્ત શિવ નામક નિષ્કલંક નિરાકાર પરબ્રહ્મનું ધ્યાન ધરવામાં સમર્થ નહિ હોય તો પણ તે શિવની સર્વજ્ઞતા વગેરે ઐશ્વર્યનું ધ્યાન કરવું.*

**परस्य ज्ञानचिह्नानि यानि सन्ति शरीरिणाम्।**
**तानि ज्ञानागमत्वेन प्रवर्तन्ते विमुक्तये।।२४।।**

*(જ્ઞાનાગમસ્થળ વર્ણન) - પર અર્થાત્ ભાવાગમ સંપન્ન જ્ઞાનયોગીના જે જ્ઞાનચિહ્ન હોય છે સામાન્ય દેહધારીઓના માટે તે જ મોક્ષાર્થ જ્ઞાનાગમના રૂપમાં રૂઢ થાય છે.*

**भावेन किं फलं पुंसां कर्मणा वा किमिष्यते।**
**भावकर्मसमायुक्तं ज्ञानमेव विमुक्तिदम्।।२५।।**

*કેવળ ભાવથી મનુષ્યોને કોઈ ફળ મળતું નથી. કેવળ કર્મથી પણ કોઈ*

*લાભ નથી. ભાવ અને કર્મ બંનેથી યુક્ત જ્ઞાન જ મોક્ષદાયક હોય છે.*

**केवलं कर्ममात्रेण जन्मकोटिशतैरपि।**
**नात्मनां जायते मुक्तिर्ज्ञानं मुक्तेर्हि कारणम्।।२६।।**

*કેવળ કર્મના દ્વારા કરોડો જન્મમાંથી પણ આત્માઓની મુક્તિ થતી નથી. જ્ઞાન જ મુક્તિનું એકમાત્ર કારણ છે.*

**ज्ञानहीनं सदा कर्म पुंसां संसारकारणम्।**
**तदेव ज्ञानयोगेन संसारविनिवर्तकम्।।२७।।**

*પુરુષોના જ્ઞાનહીન કર્મ સદા સંસાર અર્થાત્ પુર્નજન્મનું કારણ બને છે. તે જ કર્મજ્ઞાનથી યુક્ત કરી લેવાથી સંસારના વિનિવૃર્ત્તક અર્થાત્ મોક્ષપ્રદ થાય છે.*

**फलं क्रियावतां पुंसां स्वर्गाद्यं नश्वरं यतः।**
**तस्मात्स्थायिफलप्राप्त्यै ज्ञानमेव समभ्यसेत्।।२८।।**

*કેમ કે ક્રિયાવાન પુરુષોના અર્થાત્ જીવોનું ક્રિયાના દ્વારા પ્રાપ્ત સ્વર્ગ વગેરે ફળ નશ્વર હોય છે એટલા માટે સ્થાયી અર્થાત્ અનશ્વર ફળની પ્રાપ્તિના માટે જ્ઞાનનો અભ્યાસ કરવો જોઈએ.*

**शास्त्राभ्यासादियत्नेन सद्गुरोपुपदेशतः।**
**ज्ञानमेव समभ्यस्येत् किमन्येन प्रयोजनम्।।२९।।**

*શાસ્ત્રોનો અભ્યાસ વગેરે પ્રયાસ તથા સદગુરૂના ઉપદેશના દ્વારા જ્ઞાનનો જ અભ્યાસ કરવો જોઈએ. અન્ય સાધનોથી શું પ્રયોજન ?*

**ज्ञानं परशिवाद्वैतपरिपाकविनिश्चयः।**
**येन संसारसम्बन्धविनिवृत्तिर्भवेत् सताम्।।३०।।**

*જ્ઞાન નો અર્થ છે - પર શિવના અદ્વૈત ભાવથી પરિપાઠકના સંદર્ભમાં નિશ્ચિત અવધારણા. આના જ દ્વારા મહાત્માઓને સંસારથી નિવૃત્તિ પ્રાપ્ત થાય છે.*

**शिवात्मकमिदं सर्वं शिवादन्यन्न विद्यते।**
**शिवोऽहमिति या बुद्धिस्तदेव ज्ञानमुत्तमम्।।३१।।**

*આ બધું શિવ જ છે, શિવથી અન્ય કશું નથી, હું પણ શિવ જ છું - એવી જે બુદ્ધિ છે તે જ ઉત્તમ જ્ઞાન છે.*

**अन्धो यथा पुरस्थानि वस्तूनि च न पश्यति।**
**ज्ञानहीनस्तथा देही नात्मस्थं वीक्षते शिवम्।।३२।।**

*જે પ્રકારે આંધળો વ્યક્તિ સામે સ્થિત વસ્તુઓ નથી જોઈ શકતો તે જ પ્રકારે જ્ઞાનહીન જીવ પોતાની અંદર સ્થિત શિવને નથી જોઈ શકતો.*

**शिवस्य दर्शनात् पुंसां जन्मरोगनिवर्तनम्।**
**शिवदर्शनमप्याहुः सुलभं ज्ञानचक्षुषाम्।।३३।।**

*શિવનો સાક્ષાત્કાર થવાથી મનુષ્યોનો જન્મરૂપી રોગ દૂર થઈ જાય છે. જ્ઞાનરૂપી નેત્રવાળા મહાત્માઓને શિવના દર્શન પણ સુલભ થઈ જાય છે.*

**दीपं विना यथा गेहे नान्धकारो निवर्तते।**
**ज्ञानं विना तथा चित्ते मोहोऽपि न निवर्तते।।३४।।**

*જેવી રીતે ઘરમાં રહેલો અંધકાર દીવા વિના દૂર થતો નથી તે જ પ્રકારે ચિત્તમાં સ્થિત મોહ પણ જ્ઞાનના વિના દૂર થતો નથી.*

**परस्य या तनुर्ज्ञेयाऽदेहकर्माभिमानिनः।**
**तया सकायो लोकोऽयं तदात्मत्वनिरूपणात्।।३५।।**

*(સકાયસ્થળ વર્ણન) - (સ્થૂળ આદિ વિશિષ્ટ) દેહ અને કર્મનો જે અભિમાની નથી એવા ઉપર અર્થાત્ જ્ઞાનસ્થલી નો જે જ્ઞેય શરીર છે તેમના દ્વારા આલોક સકાય કહેવાય છે કારણ કે (જ્ઞાની) નું શરીર આત્માના રૂપમાં પ્રતિપાદિત છે.*

**कायं विना समस्तानां न क्रिया न च भावना।**
**न ज्ञानं यत्ततो योगी कायवानेव सञ्चरेत्।।३६।।**

*કેમ કે શરીર વિના બધા લોકોની ન તો ક્રિયા, ન તો ભાવના અને ન તો જ્ઞાન સંભવ થાય છે માટે યોગીને જોઈએ તે શરીર ધારણ કરી (સંસારમાં) વિચરણ કરે*

**शिवैकज्ञानयुक्तस्य योगिनोऽपि महात्मनः।**
**काययोगेन सिद्ध्यन्ति भोगमोक्षादयः सदा।।३७।।**

*શિવના જ્ઞાનથી યુક્ત મહાન આત્માવાળા યોગીના પણ ભોગ મોક્ષ વગેરે હંમેશા કાયયોગથી જ સિદ્ધ થાય છે.*

**काष्ठं विना यथा वह्निर्जायते न प्रकाशवान्।**
**मूर्तिं विना तथा योगी नात्मतत्त्वप्रकाशवान्।।३८।।**

*જે પ્રકારે અગ્નિ લાકડાના વિના પ્રકાશવાન અર્થાત્ પ્રગટ નથી થતો તેવી જ રીતે પ્રકાર મૂર્તિ (-શરીર) ના વિના યોગી આત્મત્વનો પ્રકાશ નથી કરી શકતો.*

**मूर्त्यात्मनैव देवस्य यथा पूज्यत्वकल्पना।**
**तथा देहात्मनैवास्य पूज्यत्वं परयोगिनः।।३९।।**

*જેવી રીતે મૂર્તિયુક્ત હોવાના કારણે દેવતાને પૂજ્ય માનવામાં આવે છે તે જ પ્રકારે પરયોગી પણ દેહધારણ કરવાના કારણે જ પૂજ્ય હોય છે.*

**निष्कलो हि महादेवः परिपूर्णः सदाशिवः।**
**जगत्सृष्ट्यादिसंसिद्धै मूर्तिमानेव भासते।।४०।।**

*નિષ્કળ (છતાં પણ) પરિપૂર્ણ (ઉપરાંત) મહાદેવ પણ સદાશિવ જગતની સૃષ્ટિ વગેરે કરવાને માટે મૂર્તિમાન થઈને (સર્વત્ર) ભાસિત થાય છે.*

**ब्रह्माद्या देवताः सर्वा मुनयोऽपि मुमुक्षवः।**
**कायवन्तो हि कुर्वन्ति तपः सर्वार्थसाधकम्।।४१।।**

*બ્રહ્મા વગેરે બધા દેવતાઓ મોક્ષ ઈચ્છવાવાળા સમસ્ત મુનિગણ પણ સર્વાર્થ સાધક તપને શરીર ધારણ કરીને જ કરે છે.*

**तपो हि मूलं सर्वासां सिद्धीनां यज्जगत्त्रये।**
**तपस्तत्कायमूलं हि तस्मात् कायं न सन्त्यजेत्।।४२।।**

*કારણ કે ત્રણે લોકોમાં સમસ્ત સિદ્ધિઓનું મૂળ કારણ તપ છે એ તે તપ*

*કાયમૂલ (અર્થાત્ શરીરના દ્વારા સંપાદિત કરાતા) છે એટલા માટે શરીરનો ત્યાગ ના કરવો જોઈએ.*

**औपचारिकदेहित्वाज्जगदात्मत्वभावनात्।**
**मायासम्बन्धराहित्यादकायो हि परः स्मृतः।।४३।।**

*(અકાયસ્થળ વર્ણન) - પર અર્થાત્ સકાય પરયોગી ઔપચારિક (ગૌણ રૂપથી) દેહ ધારણ કરવા, સંસારને પોતાનું સ્વરૂપ સમજવા અને માયાના સંબંધથી રહિત હોવાના કારણે કાયા વિનાના માનવામાં આવ્યા છે.*

**परस्य देहयोगोऽपि न देहाश्रयविक्रिया।**
**शिवस्येव यतस्तस्मादकायोऽयं प्रकीर्तितः।।४४।।**

*જે પ્રકારે શિવનું પર હોવાના કારણે તેમનામાં દેહ સંબંધી વિકાર નથી હોતા તેવી જ રીતે પર અર્થાત્ શિવસ્વરૂપ થયેલા યોગી દેહ ધારણ કરવા છતાં (સામાન્ય લોકોના) શરીરના દ્વારા સંપન્ન થવા વાળી ક્રિયાઓના સંસ્કારરૂપ વિકાર નથી થતો આ કારણે આ યોગી પણ અકાય કહેવાયા છે.*

**परलिङ्गे विलीनस्य परमानन्दचिन्मये।**
**कुतो देहेन सम्बन्धो देहिवद्भासनं भ्रमः।।४५।।**

*પરમ આનંદસ્વરૂપ અને ચિન્મય પરલિંગ અર્થાત્ પરમશિવમાં વિલીન યોગીનો દેહથી સંબંધ ક્યાં હોય છે ? અર્થાત્ નથી રહેતો. જે તે દેહધારી જોવા મળે છે તે ભ્રમ છે.*

**देहाभिमानहीनस्य शिवभावे स्थितात्मनः।**
**जगदेतच्छरीरं स्याद् देहेनैकेन का व्यथा।।४६।।**

*દેહાભિમાનથી રહિત છતાં શિવભાવમાં સ્થિત (યોગી) ના માટે આ સંપૂર્ણ સંસાર હોય છે પછી એક શરીરથી શો હાનિ લાભ ?*

**शिवज्ञानैकनिष्ठस्य नाहंकारभवभ्रमः।**
**न चेन्द्रियभवं दुःखं त्यक्तदेहाभिमानिनः।।४७।।**

*જે શિવાદ્વૈત જ્ઞાનમાં સર્વદા વ્યસ્ત રહે છે તેને અહંકારથી ઉત્પન્ન ભ્રમ નથી થતો. જેમણે દેહાભિમાનનો ત્યાગ કરી દીધો છે તેમને ઈન્દ્રિયજન્ય દુઃખ નથી થતું.*

**न मनुष्यो न देवोऽहं न यक्षो नैव राक्षसः।**
**शिवोऽहमिति यो बुद्ध्यात् तस्य किं देहकर्मणा।।४८।।**

*"હું ન મનુષ્ય છું, હું ન દેવતા, ના યક્ષ અને ન રાક્ષસ હું કેવળ શિવ છું" - એવું જે પોતાને સમજે છે તેને શારીરિક કર્મથી શું લેવાદેવા (અર્થાત્ શરીરના દ્વારા કરવામાં આવેલા કર્મથી તે ઉપલિપ્ત નથી થતા.)*

**वशीकृतत्वात् प्रकृतेर्मायामार्गातिवर्तनात्।**
**परकायोऽयमाख्यातः सत्यज्ञानसुखात्मकः।।४९।।**

*(પરકાયસ્થળ વર્ણન) - પ્રકૃતિને પોતાના આધીન કરવી અને માયાના માર્ગનું અતિક્રમણ કરવાના કારણે સચ્ચિદાનંદ સ્વરૂપ આ યોગી પરકાય કહેવાય છે.*

**परब्रह्मवपुर्यस्य प्रबोधानन्दभासुरम्।**
**प्राकृतेन शरीरेण किमेतेनास्य जायते।।५०।।**

*જેનો પ્રકૃષ્ટ બોધ અર્થાત્ પર જ્ઞાન ઉપરાંત આનંદથી દેદિપ્યમાન શરીર પરબ્રહ્મસ્વરૂપ થઈ ગયું છે તેને પ્રકૃતિના તત્વોથી ઉત્પન્ન આ સ્થૂળ શરીરથી શું પ્રયોજન ? (અર્થાત્ આ શરીરથી વિહિત કર્મથી તે પ્રભાવિત નથી થતા)*

**सम्यज्ज्ञानाग्निसन्दग्धजन्मबीजकलेवरः।**
**शिवतत्त्वावलम्बी यः परकायः स उच्यते।।५१।।**

*સમ્યક જ્ઞાન (અર્થાત્ "સર્વં શિવમયમ્" એ પ્રકારનું જ્ઞાન) રૂપી અગ્નિથી જેના જન્મનું કારણભૂત સૂક્ષ્મ શરીર બળી ગયું છે તથા જે શિવ તત્વાવલંબી છે તે પરકાય કહેવાય છે.*

**इन्द्रियाणि मनोवृत्तिवासनाः कर्मसंभवाः।**
**यत्र यान्ति लयं तेन सकायोऽयं परात्मना।।५२।।**

*કર્મને કારણે ઉત્પન્ન માનસિક ભાવના સંસ્કાર તથા ઈન્દ્રિયો જેમાં લીન થઈ જાય છે તે પરમાત્માના કારણે તે સકાય (કહેવાય છે) થઈ જાય છે.*

**पराहन्तामनुप्राप्य पश्येद् विश्वं चिदात्मकम्।**
**सदेहोऽतिभ्रमस्तस्य निश्चिता हि शिवात्मता।।५३।।**

*પર અહન્તા (અર્થાત્ "અહમ્ પર, શિવ" અથવા "અહમસર્વમ્ આ ભાવના" ને પ્રાપ્ત કરી યોગી સંપૂર્ણ વિશ્વને ચિન્મય જોય છે. તેની શિવરૂપતા નિશ્ચિત છે (અર્થાત્ તે નિશ્ચિત રૂપથી શિવ થઈ ગયા) તેને સદેહ સમજવું બહુ મોટો ભ્રમ છે.*

**स्वस्वरूपं चिदाकारं ज्योतिः साक्षाद्विचिन्तयन्।**
**देहवानपि निर्देहो जीवन्मुक्तो हि साधकः।।५४।।**

*પોતાના સ્વરૂપને ચિદાકાર અને સાક્ષાત્ જ્યોતિસ્વરૂપ સમજવાવાળા દેહવાન પણ વસ્તુતઃ દેહરહિત જ હોય છે. તે સાધક નિશ્ચિત રૂપથી જીવનમુક્ત છે.*

**देहस्तिष्ठतु वा यातु योगिनः स्वत्मबोधिनः।**
**जीवन्मुक्तिर्भवेत् सद्यश्चिदानन्दप्रकाशिनी।।५५।।**

*જેમને આત્મસાક્ષાત્કાર થઈ ગયો છે એવા યોગીનું શરીર રહે કે જાય તેને ચિદાનંદ પ્રકાશ કરવાવાળી જીવનમુક્તિ તત્કાળ પ્રાપ્ત થઈ જાય છે.*

**आत्मज्ञानावसानं हि संसारपरिपीडनम्।**
**सूर्योदयेऽपि किं लोकस्तिमिरेणोपरुध्यते।।५६।।**

*સંસારની પીડા આત્મજ્ઞાનના પહેલા સુધી જ છે. શું સૂર્યોદય થવા છતાં પણ સંસાર અંધકારથી આચ્છાદિત રહે છે ? (અર્થાત્ નહીં)*

**देहाभिमाननिर्मुक्तः कलातीतपदाश्रयः।**
**कथं याति परिच्छेदं शरीरेषु महाबुधः।।५७।।**

*જે દેહાભિમાનથી રહિત અને કાલાતીત અર્થાત્ નિષ્ફળ પદ પર પ્રતિષ્ઠિત થઈ ગયા છે એવા મહાવિદ્વાન શરીરના વિષયમાં સીમિત કેવી રીતે થઈ શકે છે ?*

**तस्यैव परकायस्य समाचारो य इष्यते।**
**स धर्मः सर्वलोकानामुपकाराय कल्पते।।५८।।**

*(ધર્માચારસ્થળ વર્ણન) - એવા જ પરકાય શિવયોગીનું જે આચરણ થાય છે તે કર્મ કહેવાય છે. એવો ધર્મ સમસ્ત લોકોનો ઉપકાર કરવામાં સમર્થ હોય છે.*

**अहिंसा सत्यमस्तेयं ब्रह्मचर्यं दया क्षमा।**
**दानं पूजा जपो ध्यानमिति धर्मस्य संग्रहः।।५९।।**

*અહિંસા, સત્ય, ચોરી ન કરવી, બ્રહ્મચર્ય, દયા ક્ષમા, દાન, પૂજા (=શિવલિંગાર્ચન), જપ (=પંચાક્ષરનો જપ), ધ્યાન (શિવનું ધ્યાન)- આ ધર્મનો સંગ્રહ છે.*

**शिवेन विहितो यस्मादागमैर्धर्मसंग्रहः।**
**तस्मात्तमाचरन् विद्वान् तत्प्रसादाय कल्पते।।६०।।**

*આગમશાસ્ત્રો ને શિવના દ્વારા વિહિત ધર્મસંગ્રહનું વર્ણન અને ઉપદેશ કર્યો છે ઉપરાંત તેનું આચરણ કરવાવાળા વિદ્વાન તે (શિવ) ને પ્રસન્ન કરવામાં સમર્થ હોય છે.*

**अधर्मं न स्पृशेत् किञ्चिद् विहितं धर्ममाचरेत्।**
**तं च कामविनिर्मुक्तं तमपि ज्ञानपूर्वकम्।।६१।।**

*અધર્મનો રજમાત્ર પણ સ્પર્શના કરવો જોઈએ. (શાસ્ત્રોના દ્વારા) વિહિત ધર્મનું આચરણ કરવું જોઈએ અને તેના ફળની ઈચ્છાથી રહિત થઈને કરવું જોઈએ અને તે (નિષ્કામ કર્મ) જ્ઞાની થઈને કરવું જોઈએ.*

**आत्मवत् सर्वभूतानि संपश्येद् योगवित्तमः।**
**जगदेकात्मताभावान्निग्रहादिविरोधतः ।।६२।।**

*યોગને જાણવાવાળા સાધક સંસારને એકમાત્ર પરમાત્માસ્વરૂપ સમજીને નિગ્રહ - અનુગ્રહને અવસર ન આપીને સંપૂર્ણ પ્રાણીઓને આત્મવત્ જોય.*

**एक एव शिवः साक्षज्जगदेतदिति स्फुटम्।**
**पश्यतः किं न जायेत ममकारो हि विभ्रमः।।६३।।**

*એક જ શિવ આ જગતના રૂપમા છે એવી સ્પષ્ટ દૃષ્ટિ રાખવાવાળા યોગીને શું પ્રાપ્ત નથી થતું અર્થાત્ બધું જ તેને મળી જાય છે. મમકાર (અર્થાત્ આ મારું છે, આ મારું નથી - એવું જ્ઞાન) ભ્રમાત્મક હોય છે.*

**धर्म एव समस्तानां यतः संसिद्धिकारणम्।**
**निस्पृहोऽपि महायोगी धर्ममार्गं च न त्यजेत्।।६४।।**

*ધર્મ જ બધી સિદ્ધિઓનું કારણ હોય છે એટલા માટે યોગીને જોઈએ કે નિઃસ્પૃહ થઈને પણ તે ધર્મનો પરિત્યાગ ના કરે (અર્થાત્ ધર્માચરણ કરતાં રહેવું જોઈએ)*

**ज्ञानामृतेन तृप्तोऽपि योगी धर्मं न संत्यजेत्।**
**आचारं महतां दृष्ट्वा प्रवर्तन्ते हि लौकिकाः।।६५।।**

*જ્ઞાનના અમૃતથી તૃપ્ત પણ યોગીએ ધર્મનો ત્યાગ ના કરવો જોઈએ કારણ કે મોટા લોકોનો વ્યવહાર જોઈને જ મનુષ્ય આ સંસારમાં પ્રવૃત થાય છે.*

**सदाचारप्रियः शम्भुः सदाचारेण पूज्यते।**
**सदाचारं विना तस्य प्रसादो नैव जायते।।६६।।**

*સદાચાર પ્રિય શિવની સદાચારથી જ પૂજા કરવામાં આવે છે. વિના સદાચારથી તે પ્રસન્ન થતા નથી.*

**भाव एवास्य सर्वेषां भावचारः प्रकीर्तितः।**
**भावो मानसचेष्टात्मा परिपूर्णः शिवाश्रयः।।६७।।**

(ભાવાચારસ્થળ વર્ણન) - આ ધર્માચારસ્થલી યોગીનો ભાવ જ બધાના માટે ભાવાચાર કહેવાયો છે. ભાવનો અર્થ છે- માનસિક ચેષ્ટા અર્થાત્ વિચારાત્મિકા ક્રિયા. આ પરિપૂર્ણ અને શિવના આશ્રિત કરીને થાય છે.

**भावनाविहितं कर्म पावनादपि पावनम्।**
**तस्माद् भावनया युक्तं परधर्मं समाचरेत्।।६८।।**

ભાવનાની સાથે વિહિત કર્મ (અર્થાત્ આ કર્મને કરવાવાળા, કરાવવાવાળા તથા સ્વયં કર્મ પણ શિવ જ છે - એવી ભાવનાથી કરવામાં આવેલું કર્મ) પવિત્રથી પણ પવિત્ર છે આ કારણ શિવભાવનાથી યુક્ત પર ધર્મનું આચરણ કરવું જોઈએ.

**भावेन हि मनः शुद्धिर्भावशुद्धिश्च कर्मणा।**
**इति सञ्चिन्त्य मनसा योगी भावं न सन्त्यजेत्।।६९।।**

ભાવના દ્વારા મનની શુદ્ધિ થાય છે અને ભાવની શુદ્ધિ (શિવરાધન વગેરે) કર્મથી થાય છે એમ વિચારીને યોગી કયારેય પણ ભાવનો ત્યાગ ના કરે.

**शिवभावनया सर्वं नित्यनैमित्तिकादिकम्।**
**कुर्वन्नपि महायोगी गुणदोषैर्न बाध्यते।।७०।।**

મહાયોગી શિવભાવનાની સાથે સમસ્ત નિત્ય, નૈમિતિક વગેરે (=કામ્ય) કર્મને કરતાં કરતાં પણ (તે કર્મના) ગુણ અને દોષ (અર્થાત્ તેનાથી ઉત્પન્ન પુણ્ય અને પાપથી) બાધિત નથી થતા.

**अन्तः प्रकाशमानस्य संवित्सूर्यस्य सन्ततम्।**
**भावेन यदुपस्थानं तत्सन्ध्यावन्दनं विदुः।।७१।।**

પોતાની અંદર પ્રકાશમાન સંવિદરૂપી સૂર્યનું શિવભાવનાના દ્વારા નિરંતર જે ઉપસ્થાન છે (વિદ્વાનલોકો) તેને સંધ્યાવંદન કહે છે.

**आत्मज्योतिषि सर्वेषां विषयाणां समर्पणम्।**
**अन्तर्मुखेन भावेन होमकर्मेति गीयते।।७२।।**

આત્મરૂપી જ્યોતિ અર્થાત્ ચિદાગ્નિમાં અંતર્મુખી ભાવથી સમસ્ત વિષયોનું સમર્પણ હોમ કર્મ કહેવાય છે.

**भावयेत् सर्वकर्माणि नित्यनैमित्तिकानि च।**
**शिवप्रीतिकराण्येव सङ्गराहित्यसिद्धये।।७३।।**

*સંસારની આસક્તિથી રહિત થવાને માટે સાધક જોઈએ તે નિત્ય નૈમિતિક વગેરે બધા કર્મને શિવને પ્રસન્ન કરવાવાળા સમજે.*

**शिवे निवेश्य सकलं कार्याकार्यं विवेकतः।**
**वर्तते यो महाभागः स सङ्गरहितो भवेत्।।७४।।**

*જે મહાભાગ્યશાળી સાધક વિવેકપૂર્વક કરણીય અકરણીય બધા કર્મોને શિવને સમર્પિત કરી દે છે તે આસક્તિ રહિત થઈ જાય છે.*

**आत्मानमखिलं वस्तु शिवमानन्दचिन्मयम्।**
**एकभावेन सततं संपश्यन्नेव पश्यति।।७५।।**

*આત્મા, સમસ્ત સંસાર તથા ચિન્મય આનંદ સ્વરૂપ શિવને એક ભાવ (અર્થાત્ આ બધું શિવ જ છે - એવી ભાવના) થી નિરંતર જોવાવાળો જ વાસ્તવિક દર્શન કરે છે (અર્થાત્ તે જ યથાર્થતઃ શિવદ્રષ્ટા છે.)*

**अस्य ज्ञानसमाचारो योगिनः सर्रदेहिनाम्।**
**ज्ञानाचारो यदुक्तोऽयं ज्ञानाचारः स कथ्यते।।७६।।**

*(જ્ઞાનચારસ્થળ વર્ણન) - (ભાવાચાર સ્થલ વર્ણન) આ યોગીનો જ્ઞાનાચાર જ જો સમસ્ત મનુષ્યોને માટે જ્ઞાનાચાર કહેવાયો છે. આજ જ્ઞાનાચાર સ્થળ છે.*

**शिवद्वैतपरं ज्ञानं ज्ञानमित्युच्यते बुधैः।**
**सिद्धेन वाप्यसिद्धेन फलं ज्ञानान्तरेण किम्।।७७।।**

*વિદ્વાનલોકો શિવાદ્વૈતપરક જ્ઞાનને જ યથાર્થ જ્ઞાન કહે છે. બીજા જ્ઞાન ભલે સિદ્ધિ આપે કે ના આપે અથવા શાસ્ત્ર સંમત હોય કે શાસ્ત્ર વિરુદ્ધ તેનાથી શું ફળ ? (અર્થાત્ તે શશ્વત વ્યર્થ છે.)*

**निर्मलं हि शिवज्ञानं निःश्रेयसकरं परम्।**
**रागद्वेषादिकलुषं भूयः संसृतिकारणम्।।७८।।**

*શિવજ્ઞાન જ નિર્મળ (અર્થાત્ આણવ, માયા અને કામ આ ત્રણ મળથી રહિત) ઉપરાંત મોક્ષદાયક છે. જો જ્ઞાન રાગ દ્વેષ વગેરેના કારણે મલિન છે તે સંસાર અર્થાત્ જન્મ-મૃત્યુનું કારણ હોય છે.*

**परिपूर्णं महाज्ञानं परतत्त्वप्रकाशकम्।**
**अवलम्ब्य प्रवृत्तो यो ज्ञानाचार स उच्यते।।७९।।**

*પર તત્વ (અર્થાત્ પરમ શિવનામક તત્વ) નો પ્રકાશક અર્થાત્ આભાસ કરાવવાવાળા પરિપૂર્ણ મહાજ્ઞાનને આધાર બનાવીને જે પ્રવૃત થાય છે તે જ્ઞાનાચાર કહેવાય છે.*

**निर्विकल्पे परे धाम्नि निष्कलो शिवानामनि।**
**ज्ञानेन योजयेत् सर्वं ज्ञानाचारी प्रकीर्तितः।।८०।।**

*જે બધું જ કંઈકને નિષ્ફળ નિર્વિકલ્પ શિવ નામક પર ધામમાં જોડી દે છે તે જ્ઞાનાચારી કહેવાય છે.*

**ज्ञानं मुक्तिप्रदं प्राप्य गुरुदृष्टिप्रसादतः।**
**कः कुर्यात् कर्मकार्पण्ये वाञ्छां संसारवर्धने।।८१।।**

*ગુરૂની કૃપાદષ્ટિથી મુક્તિદાયક જ્ઞાનને પ્રાપ્ત કરીને કઈ વ્યક્તિ કર્મને કારણે દુઃખદાયી સંસારને વધારવાની ઈચ્છા કરશે.*

**कर्म ज्ञानाग्निना दग्धं न प्ररोहेत् कथञ्चन।।८२।।**
**यदाहुः संसृतेर्मूलं प्रवाहानुगतं बुधाः।।८२।।**

*વિદ્વાન લોકો પ્રવાહાનુગત અર્થાત્ અનાદિ પરંપરાથી પ્રાપ્ત જે કર્મને સંસારનું કારણ માને છે તે કર્મને સંસારનું કારણ માને છે તે કર્મ જ્ઞાનરૂપી અગ્નિથી બળી જવાથી કોઈ પણ પ્રકારે સંસારનું અંકુરણ કરતા નથી.*

**ज्ञानेन हीनः पुरुषः कर्मणा बद्ध्यते सदा।**
**ज्ञानिनः कर्मसङ्कल्पा भवन्ति किल निष्फलाः।।८३।।**

*જ્ઞાનથી રહિત પુરુષ હંમેશા કર્મ દ્વારા બંધનમાં નાખી દેવામાં આવે છે. જ્ઞાનીના કર્મસંકલ્પ નિશ્ચિતરૂપથી નિષ્ફળ હોય છે.*

**शुद्धाचारे शुद्धभावो विवेकी ज्योतिः पश्यन् सर्वतश्चैवमेकम्।**
**ज्ञानध्वस्तप्राकृतात्मप्रपञ्चो जीवन्मुक्तश्चेष्टते दिव्ययोगी।।८४।।**

*વિશુદ્ધ જ્ઞાનાચાર થવાથી શુદ્ધ ભાવનાવાળા ઉપરાંત વિવેકપૂર્ણ દિવ્યયોગી સર્વત્ર એક (શિવાત્મક) જ્યોતિનો સાક્ષાત્કાર કરતાં તથા જ્ઞાનના દ્વારા પ્રાકૃત પ્રપંચને નષ્ટ કરવાવાળા થઈને જીવનમુક્ત થઈ જાય છે તો પણ તે સામાન્ય માણસની માફક વ્યવહાર કરે છે.*

******

## સત્તરમો પરિચ્છેદ

### પ્રસાદિ સ્થલ અન્તર્ગત નવવિધલિઙ્ગ સ્થલ પ્રસંગ

**अगस्त्य उवाच —**

**स्थलानि तानि चोक्तानि यानि माहेश्वरस्थले।**
**वदस्व स्थलभेदं मे प्रसादिस्थलसंश्रितम्।।१।।**

*(પ્રસાદિસ્થળ વર્ણન) - અગસ્ત્યે કહ્યું - (હે આચાર્ય) તમારા મહેશ્વર સ્થળમાં જેટલા સ્થળ છે તેનું વર્ણન ગયું. હવે પ્રસાદિ સ્થળમાં આવવાવાળા સ્થળભેદ વિશે મને બતાવો.*

**स्थलभेदा नव प्रोक्ताः प्रसादिस्थलसंश्रिताः।**
**कायानुग्रहणं पूर्वमिन्द्रियानुग्रहं ततः।।२।।**

**प्राणानुग्रहणं पश्चात् ततः कायार्पितं मतम्।**
**करणार्पितमाख्यातं ततो भावार्पितं मतम्।।३।।**

**शिष्टस्थलं ततः प्रोक्तं शुश्रूषास्थलमेव च।**
**ततः सेव्यस्थलं चैषां क्रमशः शृणु लक्षणम्।।४।।**

*શ્રી રેણુકાચાર્યે કહ્યું - પ્રસાદિસ્થળના અંદર નવ સ્થળભેદ બતાવવામાં આવ્યા છે. તે છે - કાયાનુગ્રહસ્થળ, ઈન્દ્રિયાનુગ્રહસ્થળ, પ્રાણાનુગ્રહસ્થળ, કાયાર્પિતસ્થળ, કરણાર્પિતસ્થળ, શિષ્યસ્થળ, સુશ્રૃષાસ્થળ અને સેવાસ્થળ, હવે એના ક્રમથી લક્ષણ સાંભળો.*

**अनुगृहणाति यल्लोकान् स्वकायं दर्शयन्नसौ।**
**तस्मादेष समाख्यातः कायानुग्रहनामकः।।५।।**

*(કાયાનુગ્રહસ્થળ વર્ણન) - આ અર્થાત્ જ્ઞાનાચારસંપન્ન શિવયોગી (પરબ્રહ્મરૂપ) પોતાના શરીરનું દર્શન કરાવતાં જે લોકોની ઉપર અનુગ્રહ કરે છે એટલા માટે કાયાનુગ્રહ નામક સ્થળ કહેવાય છે.*

**यथा शिवोऽनुगृह्णाति मूर्तिमाविश्य देहिनः।**
**तथा योगी शरीरस्थः सर्वानुग्राहको भवेत्।।६।।**

*જે પ્રકારે શિવ (મૂર્તિઓના) શરીર અર્થાત્ વિગ્રહમાં પ્રવેશી ને શરીરધારીઓ ઉપર અનુગ્રહ કરે છે તે જ પ્રકારે યોગી પણ (શિવદીક્ષાદી સંસ્કૃત પોતાના) દિવ્ય શરીરમાં સ્થિત થઈને બધાના અનુગ્રાહક થાય છે.*

**शिवः शरीरयोगेऽपि यथा सङ्गविवर्जितः।**
**तथा योगी शरीरस्थो निःसङ्गो वर्तते सदा।।७।।**

*જે પ્રકારે શિવ (સ્વયં) શરીર ધારણ કરવા છતાં પણ(પોતાના એ શરીરના પ્રતિ) આસક્તિથી રહિત હોય છે. તેવી જ રીતે યોગી પણ શરીર ધારણ કરી હંમેશા (પોતાના શરીરના પ્રતિ) અનાસક્ત રહે છે.*

**शिवभावनया युक्तः स्थिरया निर्विकल्पया।**
**शिवो भवति निर्धूतमायावेशपरिप्लवः।।८।।**

*દૃઢ અને વિકલ્પરહિત શિવભાવનાથી યુક્ત અને માયાથી પ્રેરાયેલ ઉપદ્રવથી રહિત તે શિવ જ થઈ જાય છે.*

**चित्तवृत्तिषु लीनासु शिवे चित्सुखसागरे।**
**अविद्याकल्पितं वस्तु नान्यत् पश्यति संयमी।।९।।**

*ચિત્ અને આનંદના સમુદ્રના સમાન શિવમાં ચિત્ વૃતિઓનું લીન થઈ ગયા પછી આ સંયમી (શિવયોગી) અવિદ્યા દ્વારા રચિત કોઈ પણ અન્ય વસ્તુને જોતો નથી (પ્રત્યુત સંપૂર્ણ સંસાર તેને શિવમય શિવસ્વરૂપ જ દેખાય છે.)*

**नेदं रजतमित्युक्ते यथा शुक्तिः प्रकाशते।**
**नेदं जगदिति ज्ञाते शिवतत्त्वं प्रकाशते।।१०।।**

*આ ચાંદી નથી - એવું કહેવાથી જેવી રીતે (દૃષ્ટાને) સત્યની પ્રતીતિ થાય છે તેવી જ રીતે "આ સંસાર નથી - એવું જ્ઞાન થવાથી શિવતત્વ પ્રકાશિત થાય છે."*

**यथा स्वप्रकृतं वस्तु प्रबोधेनैव शाम्यति।**
**तथा शिवस्य विज्ञाने संसारं नैव पश्यति।।११।।**

*જેવી રીતે સ્વપ્નના દ્વારા રચવામાં આવેલી વસ્તુ (મિથ્યા હોય છે અને) જાગ્યા પછી રહેતી નથી તેવી જ રીતે યોગી શિવનું જ્ઞાન થવાથી સંસારને જોતા નથી. (આ સંસાર તેને સ્વપ્નગત્ વિષયના ભ્રાંતિ મિથ્યા પ્રતીત થાય છે.)*

**अज्ञानमेव सर्वेषां संसारभ्रमकारणम्।**
**तन्निवृत्तौ कथं भूयः संसारभ्रमदर्शनम्।।१२।।**

*બધા જીવોના સંસારભ્રમનું કારણ અજ્ઞાન (=યથાર્થ વસ્તુનું જ્ઞાન ન હોવું) જ છે. તે અજ્ઞાનની નિવૃતિ થઈ જવાથી ફરીથી સંસારભ્રમનું દર્શન કેવી રીતે થઈ શકે ?*

**गलिताहङ्कृतिग्रन्थिः क्रीडाकल्पितविग्रहः।**
**जीवन्मुक्तश्चरेद्योगी देहिवन्निरूपाधिकः।।१३।।**

*જેમની અહંકાર નામની ગ્રંથિ (=હું આ શરીર છું. મારું નામ દેવદત્ત વગેરે રૂપ દૃઢ ભાવના) નષ્ટ થઈ ગઈ છે અને જેણે લોકલીલાના માટે શરીર ધારણ કર્યુ છે એવો ઉપાધિ રહિત યોગી જીવનમુક્ત થઈને સંસારમાં વ્યવહાર અને વિચરણ કરે છે.*

**दर्शनात्परकायस्य करणानां विवेकतः।**
**इन्द्रियानुग्रहः प्रोक्तः सर्वेषां तत्त्ववेदिभिः।।१४।।**

*(ઇન્દ્રિયાનુગ્રહસ્થળ વર્ણન) - પરકાય યોગીના દર્શન અને સમસ્ત*

*ઈન્દ્રિયોના વિવેક (=આ ઈન્દ્રિયો પૃથક કોઈ વસ્તુ નથી. એ શિવ જ છે - એ પ્રકારનું જ્ઞાન) ને તત્વવેત્તા લોકોએ ઈન્દ્રિયાનુગ્રહ કહ્યા છે.*

**इन्द्रियाणां समस्तानां स्वार्थेषु सति सङ्गमे।**
**रागो वा जायते द्वेषस्तौ योगी परिवर्जयेत्।।१५।।**

*સમસ્ત ઈન્દ્રિયોના સ્વાર્થ અર્થાત્ પોતપોતાના વિષય (= ગંધ, રસ રૂપ, સ્પર્શ, શબ્દ) ની સાથે સન્નિકર્મ થવાથી ક્યાં તો રાગ ઉત્પન્ન થાય છે ક્યાં તો દ્વેષ. (વિષયપ્રાપ્તિના માટે રાગ અને પ્રાપ્તિમાં બાધક ઉપસ્થિત થવાથી દ્વેષ ઉત્પન્ન થવાથી દ્વેષ ઉત્પન્ન થાય છે) યોગીને જોઈએ કે તેણે આ બંનેનો ત્યાગ કરવો.*

**इन्द्रियाणां बहिर्वृत्तिः प्रपञ्चस्य प्रकाशिनी।**
**अन्तः शिवे समावेशो निष्प्रपञ्चस्य कारणम्।।१६।।**

*ઈન્દ્રિયોની બાહ્ય વિષયોમાં પ્રવૃતિ પ્રપંચ (અર્થાત્ સંસાર અને તેના સુખ-દુઃખ) ને ઉત્પન્ન કરે છે. અથવા તેજ વૃતિ અંતઃસ્થિત શિવસમાવેશ વાળી હોય તો નિષ્પ્રપંચ અર્થાત્ સંસારાહિત્યનું કારણ બને છે.*

**क्षणमन्तः शिवं पश्यन् केवलेनैव चेतसा।**
**बाह्यार्थानामनुभवं क्षणं कुर्वन् दृगादिभिः।।१७।।**

**सर्वेन्द्रियनिरूढोऽपि सर्वेन्द्रियविहीनवान्।**
**शिवाहितमना योगी शिवं पश्यति नापरम्।।१८।।**

*કેવળ ધનના દ્વારા એક ક્ષણના માટે શિવનું પોતાની અંદર સાક્ષાત્કાર કરવાવાળા તથા બાહ્ય વિષયોનું નેત્ર વગેરેથી એક ક્ષણ અનુભવ કરવાવાળા યોગી સર્વ ઈન્દ્રિયો પર આરૂઢ થઈને પણ બધી ઈન્દ્રિયોથી રહિત થઈને શિવના પ્રતિ સમર્પિત મનવાળા થઈને શિવને જ સર્વત્ર જુએ છે કોઈ બીજા પદાર્થને નહિ.*

**न जरा मरणं नास्ति न पिपासा न च क्षुधा।**
**शिवाहितेन्द्रियस्यास्य निर्मानस्य महात्मनः।।१९।।**

*શિવના પ્રતિ સમર્પિત ઈન્દ્રિયવાળા ઉપરાંત દૈહિક વગેરે અભિમાનથી*

*રહિત આ મહાત્માને ના જરા, ના મૃત્યુ, ના પિપાસા અને ના ક્ષુધાનું કષ્ટ હોય છે કારણ કે જરા, મૃત્યુ, શરીના અને ક્ષુધા, પિપાસા પ્રાણના ધર્મ છે.*

**मनो यत्र प्रवर्तेत तत्र सर्वेन्द्रियस्थितिः।**
**शिवे मनसि सल्लीने क्व चेन्द्रियविचारणा।।२०।।**

*જે વિષયમાં મન પ્રવૃત થાય છે ઈન્દ્રિયો પણ તેમાં સ્થિતિ ઈચ્છે છે. જ્યારે આ મન શિવમાં લીન થઈ જાય ત્યારે (આધારહીન) ઈન્દ્રિયોનો વ્યવહાર ક્યાં.*

**यद्यत् पश्यन् दृशा योगी मनसा चिन्तयत्यपि।**
**तत्तत् सर्वं शिवाकारं संविद्रूपं प्रकाशते।।२१।।**

*શિવયોગી નેત્રોથી જે જે વસ્તુને જોતાં જોતાં મનથી તેનું ધ્યાન કરતા રહે છે તે - તે સર્વ વસ્તુ તેને શિવાકાર સંવિત્ રૂપમાં ભાસિત થાય છે.*

**करणैः सहितं प्राणं मनस्याधाय संयमी।**
**योजयेत् स शिवः साक्षात् यत्र नास्ति जगद्भ्रमः।।२२।।**

*(નેત્ર વગેરે) ઈન્દ્રિયોની સાથે પ્રાણને મનમાં સમાહિત કરી જો શિવયોગી જેમાં તેની યોજના કરે છે તે વસ્તુ સાક્ષાત્ શિવરૂપ (માં પ્રકાશિત) હોય છે. તેનામાં સંસારનો ભ્રમ નથી રહેતો.*

**सर्वेन्द्रियप्रवृत्त्या च बहिरन्तः शिवं यजन्।**
**स्वच्छन्दचारी सर्वत्र सुखी भवति संयमी।।२३।।**

*તે સંયમી અર્થાત્ શિવયોગી સંપૂર્ણ ઈન્દ્રિયોના દ્વારા પોતાના અંદર તથા બાહ્ય જગતમાં સર્વત્ર શિવની પૂજા તેમનું ધ્યાન તેમના માટે દાન વગેરે કરે છે તે સર્વત્ર નિર્બાધ ભ્રમણ કરે છે અને સુખી રહે છે.*

**शिवस्य परकायस्य यत् तात्पर्यावलोकनम्।**
**तत्प्राणानुग्रहः प्रोक्तः सर्वेषां तत्त्वदर्शिभिः।।२४।।**

*(પ્રાણાનુગ્રહસ્થળ વર્ણન) - પરકાય (અર્થાત્ ઈન્દ્રિયાનુ ગ્રહસંપન્ન) શિવ (અર્થાત્ શિવયોગી) નું જે તાત્પર્યાવલોકન (અર્થાત્ પ્રાણવાયુનો નિરોધ) છે તે*

*તત્વદૃષ્ટા મનીષિઓના દ્વારા બધાનું પ્રાણાનુગ્રહ કહેવાયા છે.*

**प्राणो यस्य लयं यति शिवे परमकारणे।**
**कुतस्तस्येन्द्रियस्फूर्तिः कुतः संसारदर्शनम्।।२५।।**

*જે યોગીના પ્રાણ પરમકારણ અર્થાત્ પંચકારણોના પણ કારણભૂત શિવમાં લીન થઈ જાય છે તેમનો ઈન્દ્રિય વ્યાપાર ક્યાં અને સંસારદર્શન ક્યાંય ?*

**करणेषु निवृत्तेषु स्वार्थसङ्गात् प्रयत्नतः।**
**तैः समं प्राणमारोप्य स्वान्ते शान्तमतिः स्वयम्।।२६।।**

*પ્રયત્ન અર્થાત્ કુમ્ભક વગેરેના દ્વારા ઈન્દ્રિયોના પોત-પોતાના વિષયોથી નિવૃત થવાથી તેમના અર્થાત્ ઈન્દ્રિયોની સાથે પ્રાણને પણ એકરૂપ કરી યોગી સ્વયં શાંત મનનો થઈ જાય છે.*

**शान्तत्वात् प्राणवृत्तीनां मनः शाम्यति वृत्तिभिः।**
**तच्छान्तौ योगिनां किञ्चिच्छिवादन्यन्न दृश्यत।।२७।।**

*પ્રાણની વૃતિઓ (= શ્વાસ પ્રશ્વાસ અથવા રેચક પૂરક) ના શાંત થવાથી મન પણ તે વૃતિઓની સાથે શાંત થઈ જાય છે તે અર્થાત્ મનના શાંત થવાથી યોગીઓને શિવના અતિરિક્ત બીજું કંઈ પણ દેખાતું નથી.*

**प्राण एव मनुष्याणां देहधारणकारणम्।**
**तदाधारः शिवः प्रोक्तः सर्वकारणकारणम्।।२८।।**

*પ્રાણ જ મનુષ્યના શરીર ધારણનું કારણ છે અને બધા કારણોને કારણે સ્વરૂપ શિવ તે (= પ્રાણ) ના કારણ કહેવાયા છે.*

**निराधारः शिवः साक्षात् प्राणस्तेन प्रतिष्ठितः।**
**तदाधारा तनुर्ज्ञेयः जीवो येनैव चेष्टते।।२९।।**

*શિવ તો નિરાધાર છે અને પ્રાણ તેનાથી પ્રતિષ્ઠિત છે. શરીર ને પ્રાણના આધારવાળા સમજવું જોઈએ. જીવ તેજ પ્રાણના કારણે ચેષ્ટા કરે છે.*

**शिवे प्राणो विलीनोऽपि योगिनो योगमार्गतः।**
**स्वशक्तिवासनायोगाद् धारयत्येव विग्रहम्।।३०।।**

*યોગીના પ્રાણ પોતાના યોગમાર્ગથી શિવમાં વિલીન થવાથી છતાં પોતાના શક્તિના સંસ્કારના બળથી શરીરના ધારણકર્તા છે.*

**स चाभ्यासवशाद्भूयः तर्वतत्त्वातिवर्तिनि।**
**निष्कलङ्के निराकारे निरस्ताशेषविक्लवे।।३१।।**

**चिद्विलासपरिस्फूर्तिपरिपूर्णसुखाद्वये ।**
**शिवे विलीनः सर्वात्मा योगी चलति न क्विचित्।।३२।।**

*અને તે પ્રાણવાયુ ફરીથી અભ્યાસના દ્વારા સર્વતત્વાતિશાયી નિષ્કલંક, નિરાકાર સમસ્ત બાધારહિત ચિદ્ શક્તિના વિકાસના પરિસ્ફુરણથી પરિપૂર્ણ આનંદસ્વરૂપ અદ્વિતીય શિવમાં જ્યારે વિલીન થઈ જાય છે ત્યારે આવો સર્વાત્મા યોગી ક્યાંય પણ નથી ચાલતા. (અર્થાત્ સ્થિર થઈને સર્વવ્યાપી થઈ જાય છે)*

**प्रध्वस्तवासनासङ्गात् प्राणवृत्तिपरिक्षयात्।**
**शिवैकीभूतसर्वात्मा स्याणुवद्भाति संयमी।।३३।।**

*વાસનાની આસક્તિ નષ્ટ થઈ જવાથી તથા પ્રાણવૃતિનો પરિક્ષય અર્થાત્ વિરામ થઈ જવાને કારણે શિવની સાથે એક થયેલો સર્વાત્મા યોગી સ્થાણુની ભાંતિ પ્રતીત થાય છે (અર્થાત્ નિશ્ચલ થઈ જાય છે)*

**शिवस्य पररूपस्य सर्वानुग्रहिणोऽर्चने।**
**त्यागो देहाभिमानस्य कायार्पितमुदाहृतम्।।३४।।**

*(કાયાર્પિતસ્થળ વર્ણન) - બધાની ઉપર અનુગ્રહ કરવાવાળા પરરૂપ શિવની પૂજાના સમય દેહાભિમાનનો ત્યાગ કાયાર્પિત કહેવાયો છે.*

**यदा योगी निजं देहं शिवाय विनिवेदयेत्।**
**तदा भवति तद्रूपं शिवरूपं न संशयः।।३५।।**

*યોગી જ્યારે પોતાના શરીરને શિવના માટે સમર્પિત કરી દે છે ત્યારે ત્યારે તેનું એ રૂપ શિવરૂપ થઈ જાય છે, એમાં કોઈ પણ સંદેહ નથી.*

**इन्द्रियप्रीतिहेतूनि विषयासङ्गजानि च।**
**सुखानि सुखचिद्रूपे शिवयोगी निवेदयेत्।।३६।।**

*યોગીને જોઈએ કે તે ઈન્દ્રિયોને આનંદ પહોંચાડવાના સાધનભૂત તથા વિષયોની પૂર્ણ લિપ્તતાથી ઉત્પન્ન સુખોને ચિદાનંદ રૂપ શિવને અર્પિત કરી દે.*

**दर्शनात् स्पर्शनात् भुक्तेः श्रवणाद् घ्राणनादपि।**
**विषयेभ्यो यदुत्पन्नं शिवे तत्सुखमर्पयेत्।।३७।।**

*યોગીને જોઈએ કે તે દર્શન, સ્પર્શ, ભોજન, શ્રવણ તથા ધન, જન વગેરે અન્ય વિષયોથી ઉત્પન્ન જે સુખ મળે તેને તે શિવને સમર્પિત કરી દે.*

**देहद्वारेण यद्यत् स्यात् सुखं प्रासङ्गमात्मनः।**
**तत्तन्निवेदयन् शम्भोर्योगी भवति निर्मलः।।३८।।**

*દેહના દ્વારા જે જે સુખ આત્માને પ્રાપ્ત થાય છે યોગી તે તે સુખને શિવને નિવેદિત કરે. એવો યોગી નિર્મળ થઈ જાય છે.*

**आसञ्जनं समस्तानां करणानां परात्परे।**
**शिवे यत् तदिदं प्रोक्तं करणार्पितमागमे।।३९।।**

*(કરણાર્પિતસ્થળ વર્ણન) - પરાત્પર શિવલિંગમાં સમસ્ત ઈન્દ્રિયોના જે સંયોજન છે તે શૈવાગમમાં કરણાર્પિત કહેવાય છે.*

**यद्यत्करणमालम्ब्य भुङ्क्ते विषयजं सुखम्।**
**तत्तच्छिवे समर्प्यैष करणार्पक उच्यते।।४०।।**

*(શિવયોગી) જે જે ઈન્દ્રિયને આધાર બનાવી વિષયથી ઉત્પન્ન સુખનો અભવ કરે છે તે તે ઈન્દ્રિયને શિવના માટે અર્પણ કરવાવાળા આ કરણાર્પક કહેવાય છે.*

**अहङ्कारमदोद्रिक्तमन्तःकरणवारणम् ।**
**बध्नीयाद् यः शिवालाने स धीरः सर्वसिद्धिमान्।।४१।।**

*અહંકારરૂપી મદથી મત્ત અંતઃકરણરૂપી હાથીને જો શિવરૂપી બંધન માં બાંધે છે તે ધીર પુરુષ સમસ્ત સિદ્ધિયોને પ્રાપ્ત કરે છે (અથવા સર્વ સિદ્ધિઓનો સ્વામી તે ધીરે કહેવાય છે)*

**इन्द्रियाणां समस्तानां मनः प्रथममुच्यते।**
**वशीकृते शिवे तस्मिन् किमन्यैस्तद्वशानुगैः।।४२।।**

*સમસ્ત ઈન્દ્રિયોમાં મન પ્રથમ (અર્થાત્ પ્રધાન) ઈન્દ્રિય કહેવાય છે. તેનુ શિવના વશમાં થવાથી તેના આધીન રહેવાવાળી અન્ય ઈન્દ્રિયોની શું વાત ? (અર્થાત્ તે તો સ્વયં શિવના વશમાં થઈ જાય છે)*

**इन्द्रियाणां वशीकारो निवृत्तिरिति गीयते।**
**लक्ष्यीकृते शिवे तेषां कृतः संसारगाहनम्।।४३।।**

*ઈન્દ્રિયોનું વશમાં થવું કે કરવું નિવૃતિ કહેવાય છે. જ્યારે તે ઈન્દ્રિયોં શિવને સમર્પિત થઈ ગઈ ત્યારે તેમનું સંસારમાં ડૂબવું ક્યાં ? (અર્થાત્ શિવાર્પિત થવાથી તે પણ શિવમય થઈ જાય છે.)*

**संसारविषकान्तारसमुच्छेदकुठरिका ।**
**उपशान्तिर्भवेत् पुंसामिन्द्रियाणां वशीकृतौ।।४४।।**

*મનુષ્યોની ઈન્દ્રિયોનું વશમાં થવાથી તેમને સંસારરૂપી વિષવૃક્ષોના જંગલને કાપવાને માટે કુહાડીરૂપી ઉપશાન્તિ પ્રાપ્ત થાય છે.*

**इन्द्रियैरेव जायन्ते पापानि सुकृतानि च।**
**तेषां समर्पणादीशे कुतः कर्मनिबन्धनम्।।४५।।**

*ઈન્દ્રિયોના દ્વારા જ પાપ અને પુણ્ય બંને ઉદ્ભવે છે. તેમને ઈશ્વરને સમર્પિત કરી દેવાથી કર્મબંધન ક્યાં ? (કારણ કે આવી સ્થિતિમાં તેમના દ્વારા કરવામાં આવેલા કર્મોનું ઉત્તરદાયિત્વ શિવનું થઈ જાય છે.)*

**प्रकाशमाने चिद्वह्नौ बहिरन्तर्जगन्मये।**
**समर्प्य विषयान् सर्वान् मुक्तवज्जायते जनः।।४६।।**

*બાહ્ય અને આંતરિક જગતવાળા ઉપરાંત પ્રકાશમાન ચિદગ્નિમાં સંપૂર્ણ વિષયોનું સમર્પણ કરી મનુષ્ય જીવનમુક્તની સમાન થઈ જાય છે.*

**चित्तद्रव्यं समादाय जगज्जातं महाहविः।**
**चिद्वह्नौ जुह्वतामन्तः कुतः संसारविप्लवः।।४७।।**

*પંચતન્માત્રાત્મકસંસાર (ના અંદર વર્તમાન શબ્દ સ્પર્શ આદિ વિષય) સમૂહ તથા ચિત્તરૂપી (હવનીય) અગ્નિમાં હોમ કરવાવાળાઓના માટે સંસારનો ઉપદ્રવ ક્યાં ?*

**आत्मज्योतिषि जिद्रूपे प्राणवायुनिबोधिते।**
**जुह्वन् समस्तविषयान् तन्मयो भवति ध्रुवम्।।४८।।**

*પ્રાણવાયુથી ઉદબોધિત ચિદરૂપ આત્મજ્યોતિ અર્થાત્ શિવાગ્નિમાં સમસ્ત વિષયોનું હોમ કરવાવાળા નિશ્ચિતરૂપથી તન્મય અર્થાત્ ચિન્મય અર્થાત્ શિવસ્વરૂપ થઈ જાય છે.*

**इन्द्रियाणि समस्तानि शरीरं भोगसाधनम्।**
**शिवपूजाङ्गभावेन भावयन् मुक्तिमाप्नुयात्।।४९।।**

*સમસ્ત ઈન્દ્રિયો તથા ભોગસાધન શરીરની શિવપૂજાના અંગના રૂપમાં ભાવના કરવાવાળા મોક્ષ પ્રાપ્ત કરે છે.*

**शिवे निश्चलभावेन भावानां यत्समर्पणम्।**
**भावार्पितमिदं प्रोक्तं शिवसद्भाववेदिभिः।।५०।।**

*(ભાવાર્પિતસ્થળ વર્ણન) - શિવલિંગના વિષયમાં દ્રઢ ભાવનાની સાથે જે ભાવોનું સમર્પણ છે. શિવને સમર્પિત ભક્તો-ભાવિકો તેને ભાવાર્પિત કહે છે.*

**चित्तस्थसकलार्थानां मननं यत्तु मानसे।**
**तदर्पणं शिवे साक्षन्मानसो भाव उच्यते।।५१।।**

*ચિત્તમાં સ્થિત સકળ વિષયોનું મનમાં જે મનન થાય છે શિવમાં તેનું સાક્ષાત્ અર્પણ માનસ ભાવ કહેવાય છે.*

**भाव एव हि जन्तूनां कारणं बन्धमोक्षयोः।**
**भावशुद्धौ भवेन्मुक्तिर्विपरीते तु संसृतिः।।५२।।**

*ભાવ જ મનુષ્યના બંધન અને મોક્ષનું કારણ હોય છે. ભાવોનું શુદ્ધ થવાથી (અર્થાત્ શિવાર્પિત થવાથી) મુક્તિ અને વિપરીત સ્થિતિ (અર્થાત્ અશુદ્ધ થવાથી) સંસાર અર્થાત્ બંધન થાય છે.*

**भावस्य शुद्धिराख्याता शिवोऽहमिति योजना।**
**विपरीतसमायोगे कुतो दुःखनिवर्तनम्।।५३।।**

*"હું શિવ છું" - એવી યોજના (અર્થાત્ શિવની સાથે સંબંધ) ને ભાવની શુદ્ધિ કીધી છે. તેનાથી વિપરીત યોજના (અર્થાત્ "હું શિવથી ભિન્ન છું" - આ સંસાર શિવ અને મારાથી પૃથક છે એવી યોજના) થવાથી દુઃખ કેવી રીતે દૂર થઈ શકે છે.*

**भोक्ता भोग्यं भोजयिता सर्वमेतच्चराचरम्।**
**भावयन् शिवरूपेण शिवो भवति वस्तुतः।।५४।।**

*(જો સાધક) ભોક્તા અર્થાત્ જીવ ભોજ્ય અર્થાત્ વિષય તથા ભોજયિતા - શિવ તથા આ સમસ્ત ચરાચરની શિવરૂપમાં ભાવના કરે છે (અર્થાત્ બધાને શિવ સમજે છે) તે વસ્તુતઃ શિવ થઈ જાય છે.*

**मिथ्येति भावयन् विश्वं विश्वातीतं शिवं स्मरन्।**
**सत्तानन्दचिदाकारं कथं बद्धुमिहार्हति।।५५।।**

*જે વિશ્વને મિથ્યા અને શિવને વિશ્વાતીત સચ્ચિદાનંદરૂપ સમજે છે. તે આ સંસારમાં (માયા વગેરે પાશોના) બંધનમાં કેવી રીતે આવી શકે છે.*

**सर्वं कर्मार्चनं शम्भोर्वचनं तस्य कीर्तनम्।**
**इति भावयतो नित्यं कथं स्यात्कर्मबन्धनम्।।५६।।**

*સમસ્ત કર્મ શિવની પૂજા છે. સમસ્ત વચન તેમના નામ સંકીર્તન છે - હંમેશા એવી ભાવના કરવાવાળાને કર્મબંધન કેવી રીતે થઈ શકે છે.*

**सर्वेन्दिरयगतं सौख्यं दु:खं वा कर्मसम्भवम्।**
**शिवार्थं भावयन् योगी जीवन्मुक्तो भविष्यति।।५७।।**

*સમસ્ત ઈન્દ્રિયોમાં વર્તમાન (અર્થાત્ બધી ઈન્દ્રિયોના દ્વારા ભોગવાયેલા) સુખ અથવા દુઃખ કર્મથી ઉત્પન્ન થાય છે. તે બધા સુખ દુઃખો ને શિવલિંગને અર્પિત કરવાવાળા યોગી જીવનમુક્ત થઈ જાય છે.*

**शासनीयो भवेद्यस्तु परकायेन सर्वदा।**
**तत्प्रसादात्तु मोक्षार्थी स शिष्य इति कीर्तितः।।५८।।**

*(શિષ્યસ્થળ વર્ણન) - પરકાય અર્થાત્ પરબ્રહ્મ શરીરવાળા શિવયોગીના દ્વારા જે સર્વદા શાસન કરવા યોગ્ય છે તથા તે અર્થાત્ શિવયોગીની કૃપાથી મોક્ષ ચાહવાવાળા છે, તે શિષ્ય કહેવાય છે.*

**भावो यस्य स्थिरो नित्यं मनोवाक्कायकर्मभिः।**
**गुरौ निजे गुणोदारे स शिष्य इति गीयते।।५९।।**

*જેની ભાવના પોતાના ગુણોદાર (અર્થાત્ જ્ઞાન વૈરાગ્ય વગેરેને કારણે ઉન્નત) ગુરૂના વિષયમાં મન વચન વાણી અને કર્મથી સદા સ્થિર છે. (અર્થાત્ જે મન વચન વાણી અને કર્મથી સદા ગુરૂના પ્રતિ ભક્તિભાવપૂર્ણ છે.) તે શિષ્ય કહેવાય છે.*

**शान्तो दान्तस्तपश्शीलः सत्यवाक् समदर्शनः।**
**गुरौ शिवे समानस्थः स शिष्याणामिहोत्तमः।।६०।।**

*શાન્ત (અર્થાત્ પોતાના મનનો નિયંત્રંક), દાન્ત (બાહ્ય ઈન્દ્રિયોને વશમાં રાખવાવાળો), તપસ્વી અર્થાત્ યમનિયમ વગેરે આઠ યોગાંગોનો અભ્યાસી, સદા સત્ય બોલવાવાળો, સમદર્શી, ગુરૂ અને શિષ્યના પ્રતિ સમાન ભાવ રાખવાવાળો વ્યક્તિ આ સંસારમાં શિષ્યોમાં ઉત્તમ કહેવાયો છે.*

**गुरुमेव शिवं पश्येच्छिवमेव गुरुं तदा।**
**नैतयोरन्तरं किञ्चिद्विजानीयाद्विचक्षणः।।६१।।**

*વિદ્વાન શિષ્યને જોઈએ કે તે ગુરૂને શિવના રૂપમાં અને શિવને ગુરૂના રૂપમાં નિહાળે. તે આ બંનેમાં કોઈ અંતર ના સમજે.*

**शिवाचारे शिवध्याने शिवज्ञाने च निर्मले।**
**गुरोरादेशमात्रेण परां निष्ठामवाप्नुयात्।।६२।।**

*(ઉક્ત ગુણોથી યુક્ત શિષ્ય) શિવાચાર, શિવાધ્યાન અને નિર્મળ શિવજ્ઞાનના વિષયમાં ગુરૂના કેવળ આદેશથી શ્રેષ્ઠ વિશ્વાસ ઉપરાંત શ્રદ્ધાને પ્રાપ્ત કરે છે.*

**ब्रह्माण्डबुद्बुदोद्भूतं मायासिन्धुं महत्तरम्।**
**गुरोः कवलयत्याशु कटाक्षवडवानलः।।६३।।**

*ગુરૂનો કૃપાકટાક્ષરૂપી વડવાનલ બ્રહ્માંડરૂપી બુદબુદથી ઉત્પન્ન વિશાળ માયારૂપી સમુદ્રને તુરંત ગળી જાય છે.*

**गुरोः कटाक्षवेधेन शिवो भवति मानवः।**
**रसवेधाद् यथा लोहो हेमतां प्रतिपद्यते।।६४।।**

*જે રીતે રસ અર્થાત્ પારાના દ્વારા વિદ્ધ થવાથી લોખંડ સોનુ બની જાય છે તેવી જ રીતે ગુરૂના કટાક્ષવેધથી મનુષ્ય શિવ થઈ જાય છે.*

**न लङ्घयेद् गुरोराज्ञां ज्ञानमेव प्रकाशयन्।**
**शिवासक्तेन मनसा सर्वसिद्धिमवाप्नुयात्।।६५।।**

*ગુરૂની આજ્ઞાનું ઉલ્લંઘન ના કરવું જોઈએ. આ પ્રકારે આજ્ઞાધારક શિષ્ય શિવમાં તલ્લીન મનના દ્વારા શિવાદ્વૈત જ્ઞાનને પ્રાપ્ત કરે છે તથા સર્વ સિદ્ધિઓને પણ પ્રાપ્ત કરે છે.*

**शिवादन्यज्जगन्मिथ्या शिवः संवित्स्वरूपकः।**
**शिवस्त्वमिति निर्दिष्टो गुरुणा मुक्त एव सः।।६६।।**

*શિવથી ભિન્ન જગત મિથ્યા છે. શિવ સંવિતસ્વરૂપ છે તમે પણ શિવ જ છો એવું ગુરૂના દ્વારા નિર્દિષ્ટ સાધક મુક્ત જ થઈ જાય છે.*

**गुरोर्लब्ध्वा महाज्ञानं संसारामयभेषजम्।**
**मोदते यः सुखी शान्तः स जीवन्मुक्त एव हि।।६७।।**

*જે ગુરૂથી સંસારરૂપી રોગની મહાઔષધિરૂપ મહાજ્ઞાનને પ્રાપ્ત કરી લે છે તે સુખી, શાન્ત અને જીવનમુક્ત થઈ જાય છે.*

**बोध्यमानः स गुरुणा परकायेन सर्वदा।**
**तच्छुश्रूषारतः शिष्यः शुश्रूषुरिति कीर्त्यते।।६८।।**

*(શુશ્રુષાસ્થળ વર્ણન) - પરકાય ગુરૂના દ્વારા સર્વદા ઉપદષ્ટિ થવાવાળો તથા તેમની સેવામાં નિરત શિષ્ય આજ્ઞાકારી કહેવાય છે.*

**किं सत्यं किं नु वासत्यं क आत्मा कः परः शिवः।**
**इति श्रवणसंसक्तो गुरोः शिष्यो विशिष्यते।।६९।।**

*શું સત્ય છે ?, શું અસત્ય ?, કોણ આત્મા છે ?, પરશિવ કોણ છે?, આ પ્રકારે ગુરૂ પાસેથી ઉપદેશ પ્રાપ્ત કરવામાં વ્યસ્ત શિષ્ય કેવળ સેવા કરવાવાળા શિષ્યની અપેક્ષા વિશેષ (કૃપાના પાત્ર) છે.*

**श्रुत्वा श्रुत्वा गुरोर्वाक्यं शिवसाक्षात्क्रियावहम्।**
**उपशाम्यति यः स्वान्ते स मुक्तिपदमाप्नुयात्।।७०।।**

*ગુરૂના શિવસાક્ષાત્કાર કરાવાવાળા વાક્યને સાંભળી-સાંભળીને જો શિષ્ય પોતાના મનમાં શાન્તિલાભ કરે છે તે મુક્તિપદને પ્રાપ્ત કરે છે.*

**न बुध्यति गुरोर्वाक्यं विना शिष्यस्य मानसम्।**
**तेजो विना सहस्रांशोः कथं स्फुरति पङ्कजम्।।७१।।**

*ગુરૂના (ઉપદેશ) વાક્યના વિના શિષ્યનું મન પ્રબુદ્ધ નથી થતું. સૂર્યના તેજ વિના કમળ કેવી રીતે ખીલી શકે છે.*

**सूर्यस्योदयमात्रेण सूर्यकान्तः प्रकाशते।**
**गुरोरालोकमात्रेण शिष्यो बोधेन भासते।।७२।।**

*(જેવી રીતે) સૂર્યના કેવળ ઉદયથી સૂર્યકાન્ત મણિ પ્રકાશ કરવા માંડે છે. (તેવી જ રીતે) ગુરૂના (ઉપદેશરૂપી) આલોકથી શિષ્ય જ્ઞાનના કારણે ચમકવા માંડે છે.*

**अद्वैतपरमानन्दप्रबोधैकप्रकाशकम् ।**
**उपायं शृणुयाच्छिष्यः सद्गुरुं प्राप्य प्राञ्जलिः।।७३।।**

*શિષ્ય ઉત્તમ ગુરૂને પ્રાપ્ત કરીને (તેમની સામે) હાથ જોડીને (અર્થાત્ શ્રદ્ધાવાન થઈને) અદ્વૈત પરમાનંદ જ્ઞાનનો એકમાત્ર પ્રકાશક ઉપાય સાંભળે.*

**किं तत्त्वं परमं ज्ञेयं केन सर्वे प्रतिष्ठिताः।**
**कस्य साक्षात्क्रिया मुक्तिः कथयेति समासतः।।७४।।**

*(શિષ્ય ગુરૂને કહે કે ગુરૂદેવ) ક્યું તત્વ પરમ અર્થાત્ શ્રેષ્ઠ ઉપરાંત જ્ઞેય છે ? કોના કારણે સમસ્ત ચરાચર સ્થિત છે ? કોનો સાક્ષાત્કાર મુક્તિ કહેવાય છે, તેને તમે સંક્ષેપમાં કહો.*

**इति प्रश्ने कृते पूर्वं शिष्येण नियतात्मना।**
**ब्रूयात्तत्त्वं गुरुस्तस्मै येन स्यात् संसृतेर्लयः।।७५।।**

*નિયતાત્મા અર્થાત્ એકાગ્રચિત્તવાળા શિષ્યના દ્વારા આ પ્રકારનો પ્રશ્ન કરવાથી ગુરૂ તે શિષ્યને (તે) તત્વનો ઉપદેશ આપે જેનાથી સંસારનો લય થઈ જાય (અર્થાત્ બંધન કપાઈ જાય)*

**शिव एव परं तत्त्वं चिदानन्दसदाकृतिः।**
**स यथार्थस्तदन्यस्य जगतो नास्ति नित्यता।।७६।।**

*(ત્યાર પછી ગુરૂ કહે છે) સત્ ચિત્ આનંદ સ્વરૂપ શિવ જ પરમ (અર્થાત્ અંતિમ અને શ્રેષ્ઠતમ) તત્વ છે. તે જ યથાર્થ છે. તેનાથી ભિન્ન સંસાર નિત્ય નથી.*

**अयथार्थप्रपञ्चोऽयं प्रतितिष्ठति शङ्करे।**
**सदात्मनि यथा शुक्तौ रजतत्त्वं व्यवस्थितम्।।७७।।**

*આ મિથ્યા પ્રપંચ સત્સ્વરૂપ શિવમાં તેવી રીતે સ્થિત છે જેવી રીતે છીપમાં રજત સ્થિત રહે છે.*

**शिवोऽहमिति भावेन शिवे साक्षात्कृते स्थिरम्।**
**मुक्तो भवीत संसारान्मोहग्रन्थेर्विभेदतः।।७८।।**

*"હું શિવ છું" એ ભાવથી શિવનો સાક્ષાત્કાર થવાથી સંસારરૂપી ગ્રંથિનું ભેદન થવાથી સાધક નિશ્ચિત રૂપથી મુક્ત થઈ જાય છે.*

**शिवं भावय चात्मानं शिवादन्यं न चिन्तय।**
**एवं स्थिरे शिवाद्वैते जीवन्मुक्तो भविष्यसि।।७९।।**

*પોતાને શિવ સમજો, શિવથી અન્યને પોતાના વિચારનો વિષય ના બનાવો આ પ્રકારે શિવાદ્વૈતમાં સ્થિર ભાવના થવાથી જીવનમુક્ત થઈ જશો.*

**एवं प्रचोदितः शिष्यो गुरुणा गुणशालिना।**
**शिवमेव जगत् पश्यन् जीवन्मुक्तोऽभिजायते।।८०।।**

*ગુણવાન ગુરૂના દ્વારા ઉપદેશ ગ્રહણ કરવાવાળો શિષ્ય સંસારને શિવસ્વરૂપ જોતાં જીવનમુક્ત થઈ જાય છે.*

**गुरुवाक्यामृतास्वादात् प्राप्तबोधमहाफलः।**
**शुश्रूषुरेव सर्वेषां सेव्यत्वात् सेव्य उच्यते।।८१।।**

*(સેવ્યસ્થળ વર્ણન) - ગુરૂના ઉપદેશવાક્યરૂપી અમૃતને ગ્રહણ કરવાથી જેને બોધ (અર્થાત્ શિવાદ્વૈત જ્ઞાનરૂપી) મહાફળ પ્રાપ્ત થઈ ગયું એવો સેવાભાવી જ સમસ્ત સામાન્ય લોકોની સેવા કરવા યોગ્ય હોવાના કારણે સેવ્ય કહેવાય છે.*

**गुरूपदिष्टे विज्ञाने चेतसि स्थिरतां गते।**
**साक्षात्कृतशिवः शिष्यो गुरुवत् पूज्यते सदा।।८२।।**

*ગુરૂના દ્વારા ઉપદિષ્ટ વિજ્ઞાન (=વિશિષ્ટ જ્ઞાન અર્થાત્ શિવાદ્વૈત જ્ઞાન) જ્યારે ચિત્તમાં સ્થિર થઈ જાય છે ત્યારે શિવનો સાક્ષાત્કાર કરવાવાળો શિષ્ય હંમેશા ગુરૂના સમાન પૂજ્ય હોય છે.*

**ज्ञानादाधिक्यसम्पत्तिर्गुरोर्यस्मादुपस्थिता ।**
**तस्माज्ज्ञानागमाच्छिष्यो गुरुवत् पूज्यतां व्रजेत्।।८३।।**

*જે કારણે (શિષ્યના અંદર) ગુરૂથી અધિક જ્ઞાનસંપદા ઉપસ્થિત થઈ જાય છે. આ કારણે તે જ્ઞાનાગમથી શિષ્ય ગુરૂના સમાન પૂજ્ય થઈ જાય છે.*

**शिवोऽहमिति भावस्य नैरन्तर्याद् विशेषतः।**
**शिवभावे समुत्पन्ने शिववत् पूज्य एव सः।।८४।।**

*"હું શિવ છું" આ ભાવના નિરંતર થવાથી (શિષ્યની અંદર) જ્યારે શિવભાવ વિશેષ રૂપથી ઉત્પન્ન થાય છે ત્યારે ત્યારે તે શિવના સમાન પૂજ્ય થઈ જાય છે.*

**विषयासक्तचित्तोऽपि विषयासङ्गवर्जितः।**
**शिवभावयुतो योगी सेव्यः शिव इवापरः।।८५।।**

*(આવો શિષ્ય) વિષયોમાં આસક્ત મનવાળા થઈને પણ વિષયની આસક્તિથી રહિત હોય છે. (કારણ કે શરીર ધર્મના કારણે તે વિષયનું સેવન કરે છે પરંતુ સર્વત્ર શિવદૃષ્ટિ થવાને કારણે તે વિષયોના ઉપભોગજન્ય પાપ કે પુણ્યથી લિપ્ત નથી થતો એટલે) શિવભાવથી યુક્ત યોગી બીજા શિવની સમાન પૂજનીય હોય છે.*

**मुक्तः संशयपाशतः स्थिरमना बोधे च मुक्तिप्रदे**
**मोहं देहभृतां दृशा विघटयन् मूलं महासंसृतेः।**
**सत्तानन्दचिदात्मके निरुपमे शैवे परस्मिन् पदे**
**लीनात्मा क्षयितप्रपञ्चविभवो योगी जनैः सेव्यते।।८६।।**

*સંશયરૂપી પાશથી મુક્ત, મુક્તિપ્રદ જ્ઞાનના વિષયમાં દૃઢ મતિવાળો, મહાસંસારનું મૂળ કારણ દેહધારિયોના મોહને પોતાના કૃપા કટાક્ષથી નષ્ટ કરવાવાળા તથા સત્ ચિત્ આનંદ રૂપ નિરૂપણ શિવપદમાં લીન ઉપરાંત પ્રપંચના વિસ્તારને નષ્ટ કરવાવાળો યોગી હંમેશા લોકોના દ્વારા સેવિત હોય છે.*

******

## અઢારમો પરિચ્છેદ

### પ્રાણલિઙ્ગિન અન્તર્ગત નવવિધલિઙ્ગ સ્થલ પ્રસંગ

**प्रसादिस्थलसम्बद्धाः स्थलभेदाः प्रकीर्तिताः।**
**प्राणलिङ्गिस्थलारूढान् स्थलभेदान् वदस्व मे।।१।।**

*અગસ્તેય કહ્યું - (હે આચાર્ય ! તમે) પ્રસાદીસ્થળથી સંબંધિત સ્થળોનું વર્ણન કર્યુ. હવે પ્રાણલિંગી સ્થળના અંતર્ગત આવવાવાળા સ્થળભેદો મને બતાવો.*

**स्थलानां नवकं प्रोक्तं प्राणलिङ्गिस्थलाश्रितम्।**
**आदावात्मस्थलं प्रोक्तमन्तरात्मस्थलं ततः।।२।।**

**परमात्मस्थलं पश्चान्निर्देहागमसंज्ञितम्।**
**निर्भावागमसंज्ञं च ततो नष्टागमस्थलम्।।३।।**

**आदिप्रसादनामाथ ततोऽन्त्यप्रसादकम्।**
**सेव्यप्रसादकं चाथ शृणु तेषां च लक्षणम्।।४।।**

*શ્રી રેણુકાચાર્યે કહ્યું - પ્રાણલિંગી સ્થળમાં નવ સ્થળ કહેવાયાં છે. પ્રથમ આત્મસ્થળ તેના પછી અંતરાત્મસ્થળ પછી પરમાત્મસ્થળ ત્યાર પછી નિર્દેહાગમસ્થળ, નિર્ભાવાગમસ્થળ ત્યાર પછી નષ્ટાગમસ્થળ, પછી આદિપ્રસાદીસ્થળ તથા અન્ત્યપ્રસાદીસ્થળ ને અંતમાં સેવ્યપ્રસાદીસ્થળ છે. હવે તેના લક્ષણ સાંભળો.*

**जीवभावं परित्यज्य यदा तत्त्वं विभाव्यते।**
**गुरोश्च बोधयोगेन तदात्मायं प्रकीर्तितः।।५।।**

*(આત્મસ્થળ વર્ણન) - આ અર્થાત્ સેવ્યસ્થળ ગુરૂના દ્વારા પ્રવર્તિત બોધના કારણે જ્યારે જીવભાવનો ત્યાગ કરીને તત્વના રૂપમાં ઓળખાય છે ત્યારે તે આત્મા કહેવાય છે.*

**वालाग्रशतभागेन सदृशो हृदयस्थितः।**
**अश्नन् कर्मफलं सर्वमात्मा स्फुरति दीपवत्।।६।।**

*વાળના અગ્રભાગના સોમા ભાગના બરાબર તે હૃદયમાં સ્થિત થઈને કર્મફળનો ભોગ ના કરીને આત્મા દીપકના સમાન પ્રકાશિત થાય છે અને પ્રકાશ કરે છે.*

**आत्मापि सर्वभूतानामन्तःकरणमाश्रितः।**
**अणुभूतो मलासङ्गादादिकर्मनियन्त्रितः।।७।।**

*સર્વ પ્રાણીઓના અંતકરણમાં સ્થિત આત્મા પણ મળથી સંસક્ત હોવાના કારણે આદિ અર્થાત્ પ્રાચીનતમ કર્મથી નિયંત્રિત થઈને અણુ બનીને રહે છે. (અથવા સમસ્ત પંચમહાભૂતોનો આત્મા અર્થાત્ આશ્રય પરમેશ્વર પણ મળના સંસર્ગથી અનાદિ કર્મવાસનાથી નિયંત્રિત થઈને અણુ અર્થાત્ જીવના રૂપમાં તત્ અંતકરણમાં સ્થિત રહે છે.)*

**जपायोगाद्यथा रागः स्फटिकस्य मणेर्भवेत्।**
**तथाऽहङ्कारसम्बन्धादात्मनो देहमानिता।।८।।**

*જે પ્રકારે સ્વચ્છ સ્ફટિક મણિ જપાકુસુમ (ગુડહલના ફૂલ) ની સાથે સંયુક્ત થવાથી લાલ રંગનો થઈ જાય છે તેવી જ રીતે અહંકારના સંબંધથી આત્મા પણ દેહાભિમાની થઈ જાય છે (અર્થાત્ દેહને જ પોતાનું સ્વરૂપ સમજવા લાગે છે.)*

**अशरीरोऽपि सर्वत्र व्यापकोऽपि निरञ्जनः।**
**आत्मा मायाशरीरस्थः परिभ्रमति संसृतौ।।९।।**

*શરીરરહિત હોવા છતાં પણ સર્વત્ર વિદ્યમાન, વ્યાપક હોવા છતાં પણ નિરંજન અર્થાત્ દોષરહિત આ આત્મા માયાના દ્વારા કલ્પિત શરીરમાં સ્થિત થઈને સંસારમાં ભ્રમણ કરતાં રહે છે.*

**आत्मस्वरूपविज्ञानं देहोन्द्रियविभागतः।**
**अखण्डब्रह्मरूपेण तदात्मप्राप्तिरुच्यते।।१०।।**

*જ્યારે દેહ અને ઈન્દ્રિયના વિભાગથી (અર્થાત્ આત્મા દેહ અને ઈન્દ્રિયથી ભિન્ન છે એવા વિચારથી) અખંડ બ્રહ્મના રૂપમાં આત્મસ્વરૂપનું જ્ઞાન થઈ જાયછે ત્યારે આત્મપ્રાપ્તિ કહેવાય છે.*

**न चास्ति देहसम्बन्धो निर्देहस्य स्वभावतः।**
**अज्ञानकर्मयोगेन देही भवति भुक्तये।।११।।**

*જે સ્વભાવતઃ દેહરહિત છે તેનો દેહથી સંબંધ કદાપિ નથી હોતો. અજ્ઞાન અને તેનાથી જન્ય પોતાના કર્મના યોગથી (આ આત્મા) ભોગ કરવાને માટે શરીરધારી બને છે.*

**नासौ देवो न गन्धर्वो न यक्षो नैव राक्षसः।**
**न मनुष्यो न तिर्यक्च न च स्थावरविग्रहः।।१२।।**

*(આ આત્મા) ના દેવ, ના ગન્ધર્વ, ના રાક્ષસ છે. સાથે જ એ ના મનુષ્ય, ના તિર્યક અર્થાત્ પક્ષી અને ના સ્થાવર શરીરવાળા વૃક્ષ વગેરે છે.*

**नानाकर्मविपाकाश्च नानायोनिसमाश्रिताः।**
**नानायोगसमापन्नाः नानाबुद्धिविचेष्टिताः।।१३।।**

**नानामार्गसमारूढाः नानासङ्कल्पकारिणः।**
**अस्वतन्त्राश्च किञ्चिज्ज्ञाः किञ्चित्कर्तृत्वहेतवः।।**
**लीलाभाजनतां प्राप्ताः शिवस्य परमात्मनः।।१४।।**

*(આ જીવ) નાના કર્મ વિપાકવાળા ઉપરાંત દેવ, મનુષ્ય, પશુ, પક્ષી વગેરે નાની યોનીઓમાં ઉત્પન્ન થાય છે. આ અંતર્ગત વિવિધ પ્રકારના સુખ દુઃખાત્મક*

*ભોગોને પ્રાપ્ત કરીને અનેક પ્રકારના વિચાર અને ચેષ્ટઓ કરે છે. આ જીવ જૈન, બૌદ્ધ, વૈષ્ણવ વગેરે અનેક ધર્મમાર્ગોને આશ્રયણ કરી અનેક પ્રકારના વિચાર કરતા રહે છે. અસ્વતંત્ર, અલ્પજ્ઞ, અલ્પકર્તૃત્વથી યુક્ત આ પરમાત્મા શિવના દ્વારા અભિનીત લીલાના પાત્ર સમાન છે.*

**चोदिता परमेशेन स्वस्वकर्मानुसारत:।**
**स्वर्गं वा नरकं वापि प्राणिनो यान्ति कर्मिण:।।१५।।**

*આ કર્મ કરવાવાળા પ્રાણી પરમેશ્વરના દ્વારા પોત-પોતાના કર્મ અનુસાર પ્રેરિત થઈને સ્વર્ગ અથવા નર્કને પ્રાપ્ત કરે છે.*

**पुन: कर्मावशेषेण जायन्ते गर्भकोटरात्।**
**जाता मृता: पुनर्जाता: पुनर्मरणभाजिन:।।**
**भ्रमन्ति घोरसंसारे विश्रान्तिकथया विना।।१६।।**

*પુનઃ ભોગથી અવશિષ્ટ કર્મના કારણે જીવ ગર્ભથી ઉત્પન્ન થાય છે (કેટલોક સમય આ સંસારમાં રહે છે. પછી) મૃત્યુ પામે છે. ફરીથી જન્મ લે છે અને ફરીથી મૃત્યુના પાત્ર બને છે. તે આ ઘોર સંસારમાં અનવરત ભ્રમણ કરતા રહે છે.*

**जीवत्वं दु:खसर्वस्वं तदिदं मलकल्पितम्।**
**निरस्यते गुरोर्बोधाज्ज्ञानशक्ति: प्रकाशते।।१७।।**

*જીવ હોવો જ દુઃખ નું સર્વસ્વ છે અને આ જીવત્વ મળકલ્પિત છે. ગુરૂના દ્વારા પ્રદત્વ બોધથી આ દૂર થાય છે ને (જીવને) જ્ઞાનશક્તિ પ્રાપ્ત થાય છે.*

**यदा निरस्तं जीवत्वं भवेद् गुर्वनुबोधत:।**
**तदान्तरात्मभावोऽपि निरस्तस्य भवेद् ध्रुवम्।।१८।।**

*(અન્તરાત્મસ્થળ વર્ણન) - ગુરૂના ઉપદેશથી જ્યારે સાધકનો જીવભાવ નિરસ્ત થઈ જાય છે તો નિરસ્ત જીવભાવવાળા તે મનુષ્યનું નિશ્ચિતરૂપથી આન્તરાત્મ ભાવ પણ થઈ જાય છે.*

**देहस्थितोऽप्ययं जीवो देहसङ्गविवर्जितः।**
**बोधात् परात्मभावित्वादन्तरात्मेति कीर्तितः।।१९।।**

*દેહના અંદર સ્થિત પણ આજીવ જ્યારે દેહના પ્રતિ આસક્તિથી રહિત થઈ જાય છે ત્યારે બોધના કારણે તથા પરમાત્મભાવથી યુક્ત થવાને કારણે તે અન્તરાત્મા કહેવાય છે.*

**आत्मान्तरालवर्तित्वाज्जीवात्मपरमात्मनोः।**
**योगादुभयधर्माणामन्तरात्मेति कीर्तितः।।२०।।**

*જીવાત્મા અને પરમાત્માના વચ્ચેનો હોવાના કારણે આત્મા તે બંને ધર્મોથી યુક્ત હોવાના લીધે અન્તરાત્મા કહેવાયો છે.*

**अहङ्कारस्य सम्बन्धान्मनुष्यत्वादिविभ्रमः।**
**न स्वभाव इति ज्ञानादन्तरात्मेति कथ्यते।।२१।।**

*અહંકારના સંબંધના કારણે (જીવને) મનુષ્યત્વ વગેરેનો ભ્રમ થાય છે. (મનુષ્યત્વ) આત્માનો સ્વભાવ નથી એવું જ્ઞાન થવાથી સાધક અન્તરાત્મા કહેવાય છે.*

**यथा पद्मपलाशस्य न सङ्गो वारिणा भवेत्।**
**तथा देहजुषोऽप्यस्य न शरीरेण सङ्गतिः।।२२।।**

**नीडस्थितो यथा पक्षी नीडाद्भिन्नः प्रदृश्यते।**
**देहस्थितस्तथात्मायं देहादन्यः प्रकाशते।।२३।।**

*જેવી રીતે કમળના પાંદડાને જળની સાથે સંબંધ નથી હોતો તેવી જ રીતે દેહની સાથે સંયુક્ત પણ આ જીવની દેહની સાથે સંગતિ નથી હોતી. માળામાં સ્થિત પણ પક્ષી જેવી રીતે માળાથી ભિન્ન દેખાય છે તેવી જ રીતે આત્મા દેહમાં રહે છે પણ દેહથી અન્યના રૂપમાં પ્રકાશિત થાય છે.*

**आच्छाद्यते यथा चन्द्रो मेघैरसङ्गवर्जितैः।**
**तथात्मा देहसङ्घातैरसङ्गपरिवेष्टितः।।२४।।**

*જેવી રીતે ચંદ્ર સંબંધરહિત વાદળોથી આચ્છાદિત થઈ જાય છે તેવી જ રીતે આત્મા પણ સંબંધ ના હોવા છતાં દેહસમૂહોથી આવૃત હોય છે.*

**निर्ममो निरहङ्कारो निरस्तोपाधिविक्लवः।**
**देहस्थोऽपि सदा ह्यात्मा शिवं पश्यति योगतः।।२५।।**

*મમકાર અને અહંકારથી રહિત તથા શરીર ઈન્દ્રિય આદિ સમસ્ત ઉપાધિયોથી વર્જિત આત્મા દેહમાં સ્થિત રહીને પણ યોગના સામર્થ્યથી શિવનો સાક્ષાત્કાર કરે છે.*

**भोक्तृभोज्यपरित्यागात् प्रेरकस्य प्रसादतः।**
**भोक्तृताभावगलितः स्फुरत्यात्मा स्वभावतः।।२६।।**

*ભોક્તા અને ભોજયના પરિત્યાગથી, પ્રેરક અર્થાત્ ઈશ્વરની કૃપાથી ભોક્તૃત્વભાવથી રહિત થઈને આત્મા પોતાના સ્વભાવના અનુસાર પ્રકાશિત થાય છે.*

**सर्वेषां प्रेरकत्वेन शम्भुरन्तःस्थितः सदा।**
**तत्परिज्ञानयोगेन योगी नन्दति मुक्तवत्।।२७।।**

*ભગવન શિવ બધાની અંદર પ્રેરકના રૂપમાં સ્થિત છે. આ પ્રકારના પરિપૂર્ણ જ્ઞાનના કારણે યોગી મુક્તની જેમ આનંદનો અનુભવ કરે છે.*

**निर्धूते तत्प्रबोधेन मले संसारकारणे।**
**सामरस्यात् परात्मस्थात् परमात्मायमुच्यते।।२८।।**

*(પરમાત્માસ્થળ વર્ણન) - શિવાદ્વૈત જ્ઞાનના દ્વારા સંસારના કારણભૂત મળના નષ્ટ થવાથી પરમાત્મામા સ્થિત સામરસ્યના કારણે આ જીવ પરમાત્મા કહેવાય છે.*

**सर्वेषामात्मभेदानामुत्कृष्टत्वात् स्वतेजसा।**
**परमात्मा शिवः प्रोक्तः सर्वगोऽपि प्रकाशवान्।।२९।।**

*પોતાના તેજના કારણે સર્વવ્યાપી અને પ્રકાશમાન શિવ સમસ્ત આત્મભેદોમાં ઉત્કૃષ્ટ હોવાના કારણે પરમાત્મા કહેવાયા છે.*

**ब्रह्माण्डबुद्बुदस्तोमा यस्य मायामहोदधौ।**
**उन्मज्जन्ति निमज्जन्ति परमात्मा स उच्यते।।३०।।**

*જેની માયા રૂપ સમુદ્રમાં બ્રહ્માંડરૂપી પરપોટાનો સંગ્રહ અર્થાત્ સમૂહ ડૂબતા અને તરતા રહે છે તેને પરમાત્મા કહેવાય છે.*

**यस्मिन् ज्योतिर्गणाः सर्वे स्फुलिङ्गा इव पावकात्।**
**उत्पत्य विलयं यान्ति तद्रूपं परमात्मनः।।३१।।**

*જેવી રીતે અગ્નિથી સ્ફુલિંગ (અર્થાત્ ચિનગારી) તેવી જ રીતે જેમાં જ્યોર્તિગણ ઉત્પન્ન થઈને વિલીન થઈ જાય છે તે જ પરમાત્માનું રૂપ છે.*

**यस्मिन् समस्तवस्तूनि कल्लोला इव वारिधौ।**
**सम्भूय लयमायान्ति तद्रूपं परमात्मनः।।३२।।**

*જેવી રીતે સમુદ્રમાં લહેરો તેવી જ રીતે સમસ્ત વસ્તુઓ જેમાં ઉત્પન્ન થઈને લીન થઈ જાય છે. તે જ પરમાત્માનું રૂપ છે.*

**निरस्तमलसम्बन्धं निःशेषजगदात्मकम्।**
**सर्वतत्त्वोपरि प्रोक्तं स्वरूपं परमात्मनः।।३३।।**

*પરમાત્માનું સ્વરૂપ સમસ્ત પ્રકારના મળથી અસંબદ્ધ તથા સંપૂર્ણ સંસ્કારાત્મક હોવા છતાં પણ સર્વ તત્વોથી પર કહેવાયા છે.*

**यथा व्याप्य जगत्सर्वं स्वभासा भाति भास्करः।**
**तथा स्वशक्तिभिर्व्याप्य परमात्मा प्रकाशते।।३४।।**

*જેવી રીતે સૂર્ય પોતાના તેજથી સંપૂર્ણ સંસારમાં વ્યાપ્ત થઈ પ્રકાશિત થાયછે તેવી જ રીતે પોતાની શક્તિઓથી (સમસ્ત સંસારને) વ્યાપ્ત કરી પરમાત્મા પ્રકાશિત કરે છે.*

**विश्वतो भासमानोऽपि विश्वमायाविलक्षणः।**
**परमात्मा स्वयंज्योतीरूपो जीवात्मनां भवेत्।।३५।।**

*પરમાત્મા સંપૂર્ણ વિશ્વમાં દીપ્તિમંત થઈને પણ વિશ્વમાયાથી વિલક્ષણ છે. તે જીવાત્માઓના માટે સ્વપ્રકાશરૂપ છે.*

**देहिनोऽपि परात्मत्वभाविनो निरहङ्कृतेः।**
**निरस्तदेहधर्मस्य निर्देहागम उच्यते।।३६।।**

*(નિર્દેહાગમસ્થળ વર્ણન) - અહંકાર રહિત પરમાત્માભાવથી યુક્ત શિવયોગી જ્યારે દેહધર્મથી રહિત થઈ જાય છે ત્યારે તે નિર્દેહાગમ કહેવાય છે.*

**गलिते ममताहन्ते संसारभ्रमकारणे।**
**पराहन्तां प्रविष्टस्य कुतो देहः कुतो रतिः।।३७।।**

*સંસારના ભ્રમના કારણભૂત મમકાર અને અહંકારના નષ્ટ થવાથી પરાહન્તામાં પ્રવિષ્ટ શિવયોગીનો દેહ ક્યાં અને (તે દેહમાં) પ્રીતિ ક્યાં (અર્થાત્ પરાહન્તામાં પ્રવિષ્ટ યોગીને શરીરમાં ન તો મમકાર ભાવના રહે છે અને તેના પ્રતિ પ્રેમ રહે છે.)*

**केवले निष्प्रपञ्चौघे गम्भीरे चिन्महोदधौ।**
**निमग्नमानसो योगी कथं देहं विचिन्तयेत्।।३८।।**

*કેવળ અર્થાત્ અદ્વિતિય, પ્રપંચોથી રહિત, ગંભીર, ચૈત્ન્યરૂપ સમુદ્રમાં ડૂબેલા મનવાળા યોગી દેહના માટે કેમ ચિંતા કરશે ?*

**अपरिच्छेद्यमात्मानं चिदम्बरमिति स्मरन्।**
**देहयोगेऽपि देहस्थैर्विकारैर्न विलिप्यते।।३९।।**

*પોતાને અસીમ અને ચિદાકાશરૂપ સમજવાવાળો યોગી શરીરથી સંબંદ્ધ રહેવા છતાં દેહમાં સ્થિત (કામ, ક્રોધ, લોભ વગેરે) વિકારોથી લિપ્ત થતો નથી.*

**अखण्डसंविदाकारमद्वितीयं सुखात्मकम्।**
**परमाकाशमात्मानं मन्वानः कुत्र मुह्यति।।४०।।**

*પોતાને અખંડ, ચિદાકાર, અદ્વિતિય, સુખસ્વરૂપ પરમાકાશ સમજવાવાળો ક્યાંય પણ મોહગ્રસ્ત થતો નથી.*

**उपाधिविहिता भेदा दृश्यन्ते चैकवस्तुनि।**
**इति यस्य मतिः सोऽयं कथं देहमितो भवेत्।।४१।।**

*એક જ વસ્તુમાં જે ભેદ જોવા મળે છે તે ઉપાધિના દ્વારા રચિત હોય છે - એવી જેની બુદ્ધિ હોય છે તે દેહમાં સીમિત કેવી રીતે થઈ શકે છે.*

**भेदबुद्धिः समस्तानां परिच्छेदस्य कारणम्।**
**अभेदबुद्धौ जातायां परिच्छेदस्य का कथा।।४२।।**

*સર્વ પરિચ્છેદો અર્થાત્ પરિસીમનોના કારણે ભેદબુદ્ધિ થાય છે. અભેદ બુદ્ધિ (અર્થાત્ "સર્વ શિવમયમ્" એવી બુદ્ધિ) થવાથી પરિજ્ઞછેદની શું વાત ? (અર્થાત્ તે સંભવ નથી)*

**शिवोऽहमिति यस्यास्ति भावना सर्वगामिनी।**
**तस्य देहेन सम्बन्धः कथं स्यादमितात्मनः।।४३।।**

*"હું શિવ છું" - એવી જેની સર્વવ્યાપિની ભાવના છે અમિતાત્મા તે યોગીના દેહથી સંબંદ્ધ કેવી રીતે થઈ શકે ?*

**व्यतिरेकात्स्वरूपस्य भावान्तरनिराकृतेः।**
**भावो विकारनिर्मुक्तो निर्भावागम उच्यते।।४४।।**

*(નિર્ભાવાગમસ્થળ વર્ણન) - પોતાના નિર્દેહા સ્વરૂપથી ભિન્ન તથા અન્ય ભાવના નિરાકરણથી વિકાર રહિત ભાવ નિર્ભાવાગમ કહેવાય છે.*

**अहं ब्रह्मेति भावस्य वस्तुद्वयसमाश्रयः।**
**एकीभूतस्य चिद्व्योम्नि तदभावो विनिश्चितः।।४५।।**

*"હું બ્રહ્મ છું" તે ભાવ બે વસ્તુઓ ("મેં" અને "બ્રહ્મ") પર આધારિત છે. ચિદાકાશમાં એક અર્થાત્ સમરસ થયેલા તેનો (અર્થાત્ દ્વિત્વનો) અભાવ નિશ્ચિત છે.*

**एकभावनिरूढस्य निष्कलङ्के चिदम्बरे।**
**क्व जातिवासनायोगः क्व देहित्वं परिभ्रमः।।४६।।**

*નિષ્કલંક ચિદાકાશમાં એક ભાવ રાખવાવાળાને ક્યાં જાતિવાસનાનો યોગ, ક્યાં દેહીની ભાવના અને ક્યાં સંસારના જન્મ-મૃત્યુનું ચક્કર ?*

**शून्ये चिदम्बरे स्थाने दूरे वाङ्मानसाध्वनः।**
**विलीनात्मा महायोगी केन किं वापि भावयेत्।।४७।।**

*વાણી અને મનના માર્ગથી દૂર અર્થાત્ પરે શૂન્ય ચિદાકાશમાં વિલીન આત્મવાળા મહાયોગી કોના દ્વારા અને કોની ભાવના કરે ?*

**अविशुद्धे विशुद्धे वा स्थले दीप्तिर्यथा रवेः।**
**पतत्येवं सदाद्वैती सर्वत्र समवृत्तिमान्।।४८।।**

*જેવી રીતે સૂર્યની કિરણો શુદ્ધ-અશુદ્ધ બધી વસ્તુઓ ઉપર પડે છે તેવી જ રીતે અદ્વૈતી સર્વત્ર સમદષ્ટિવાળા હોય છે.*

**न विभेति जरामृत्योर्न क्षुधया वशं व्रजेत्।**
**परिपूर्णनिजानन्दं समास्वादन् महासुखी।।४९।।**

*આવો શિવયોગી જરા અને મૃત્યુથી ડરતો નથી. તે ભૂખ અને તરસના વશમાં નથી હોતો. પરિપૂર્ણ નિજાનંદનો આસ્વાદ કરતાં તે મહાસુખી રહે છે.*

**भेदशून्ये महाबोधे ज्ञात्रादित्रयहीनकः।**
**ज्ञानस्य नष्टभावेन नष्टागम इहोच्यते।।५०।।**

*(નષ્ટાગમસ્થળ વર્ણન) - ભેદથી શૂન્ય મહાબોધ થવાથી જ્ઞાતા જ્ઞાન અને જ્ઞેય આ ત્રણેથી રહિત જ્ઞાનસંપન્ન તે નિર્ભાવાગમ યોગીનું જ્ઞાનનો સ્વયં નષ્ટ થવાથી નષ્ટામય કહેવાય છે. (અર્થાત્ જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય રૂપ ત્રિપુટીનો નાશ થયા પછી મારું આ ત્રિપુટી જ્ઞાન પણ નષ્ટ થઈ જવું જોઈએ. એવી સ્થિતિ નષ્ટામય કહેવાય છે.)*

**अद्वैतवासनाविष्टचेतसां परयोगिनाम्।**
**पश्यतामन्तरात्मानं ज्ञातृत्वं कथमन्यथा।।५१।।**

*અદ્વૈતવાસનાથી પરિપૂર્ણ ચિત્તવાળા પર યોગીઓને અન્ય પ્રકારની જ્ઞાતૃતા*

*ક્યાં ? (અર્થાત્ તે અંતરાત્માથી ભિન્ન વિષયનું જ્ઞાન કેવી રીતે કરી શકે છે.)*

**अकर्ताऽहमवेत्ताहमदेहोऽहं निरञ्जनः।**
**इति चिन्तयतः साक्षात् संविदेव प्रकाशये।।५२।।**

*"હું કર્તા નથી", "હું જ્ઞાતા નથી", "હું દેહ નથી", "હું નિરંજન છું." - એવું ચિંતન કરવાવાળો (શિવયોગી) ને સાક્ષાત્ સંવિત્ નો જ પ્રકાશ હોય છે.*

**निरस्तभेदजल्पस्य निरीहस्य प्रशाम्यतः।**
**स्वे महिम्नि विलीनस्य किमन्यज्ज्ञेयमुच्यते।।५३।।**

*ભેદવાક્યને દૂર કરવાવાળો, ઈચ્છારહિત શમ દમાદિ યુક્ત તથા પોતાનો મહિમામા વિલીન (શિવયોગી) ના માટે બીજું શું જ્ઞેય કહેવું.*

**एकीभूते निजाकारे संविदा निष्प्रपञ्चया।**
**केन किं वेदनीयं तद्वेत्ता कः परिभाष्यते।।५४।।**

*પોતાના સ્વરૂપના નિષ્પ્રપંચ સંવિદકારની સાથે એકરૂપ થઈ જતાં કોના દ્વારા શું વેદનીય હશે ? અને તેના વેત્તા કોને કહેવામાં આવશે ?*

**महासत्ता महासंविद् विश्वरूपा प्रकाशते।**
**तद्विना नास्ति वस्त्वेकं भेदबुद्धिं विमुञ्चतः।।५५।।**

*મહાસત્તા મહાસંવિદ્ વિશ્વના રૂપમાં પ્રકાશિત થઈ રહી છે. ભેદબુદ્ધિથી રહિત યોગીના માટે તેના માટે બીજી વસ્તુ નથી.*

**सर्वाधिष्ठातृकः शम्भुरादिस्तस्य प्रसादतः।**
**आदिप्रसादीत्युक्तोऽयं निर्विकारपदे स्थितः।।५६।।**

*(આદિપ્રસાદીસ્થળ વર્ણન) - બધાના અધિષ્ઠાતા શિવ વગેરે) (અર્થાત્ સૃષ્ટિ વગેરે પ્રપંચના મૂળ કારણ) છે. તેની કૃપાથી નિર્વિકાર પદમાં પ્રતિષ્ઠિત યોગી આદિપ્રસાદી કહેવાય છે.*

**अनेकजन्मशुद्धस्य निरहङ्कारभाविनः।**
**अप्रपञ्चस्यादिदेवः प्रसीदति विमुक्तये।।५७।।**

*જે અનેક જન્મોથી શુદ્ધ છે. અહંકાર ભાવનાથી રહિત છે તથા પ્રપંચથી હીન છે એવા મનુષ્યના માટે મુક્તર્થ ભગવાન શિવ પ્રસન્ન થાય છે.*

**शिवप्रसादसम्पत्त्या शिवभावमुपेयुषि।**
**शिवादन्यज्जगज्जालं दृश्यते न च दृश्यते।।५८।।**

*શિવના અનુગ્રહની પ્રાપ્તિના દ્વારા શિવભાવને પ્રાપ્ત કરવાવાળા (યોગી) ના માટે આ સંસાર શિવથી ભિન્ન જોવા મળે છે અને નથી પણ મળતો (અર્થાત્ આ યોગીની ઈચ્છા પર નિર્ભર કરે છે કે તે વ્યવહાર જગતમાં ઉતરીને સંસારને ઈશ્વરથી ભિન્ન જોશે કે સંસારથી પર સ્વભાવમાં સ્થિત થઈને જગતને શિવસ્વરૂપ કાંતો આત્મસ્વરૂપ જોશે.)*

**शम्भोः शिवप्रसादेन संसारच्छेदकारिणा।**
**मोहग्रन्थिः विनिर्भिद्य मुक्तिं यान्ति विवेकिनः।।५९।।**

*નિત્યાનિત્યનો ભેદ જાણવાવાળા લોકો ભગવાન શિવના સંસારનું છેદન કરવાવાળા કલ્યાણમય કૃપાકટાક્ષથી મોહગ્રંથિનું ભેદન કરી મુક્તિને પ્રાપ્ત કરે છે.*

**विना प्रसादमीशस्य संसासो न निवर्तते।**
**विना सूर्योदयं लोके कुतः स्यात् तमसो लयः।।६०।।**

*ઈશ્વરી કૃપાના વિના સંસારની નિવૃતિ થતી નથી. વિના સૂર્યોદયથી સંસારમાં અંધકારનો લય કેવી રીતે થશે ?*

**सर्वानुग्राहकः शम्भुः केवलं कृपया प्रभुः।**
**मोचयेत् सकलान् जन्तून् न किञ्चिदिह कारणम्।।६१।।**

*પ્રભુ અર્થાત્ સર્વતંત્રસ્વતંત્ર ઉપરાંત બધાની ઉપર કૃપા કરવાવાળા ભગવાન શિવ પોતાની કૃપાના દ્વારા સમસ્ત પ્રાણીઓને મુક્ત કરી દે છે. આ મોક્ષના વિષયમાં બીજું કોઈ કારણ નથી.*

**लयः सर्वपदार्थानामन्त्य इत्युच्यते बुधैः।**
**प्रसादोऽनुभवस्तस्य तद्वानन्त्यप्रसादवान्।।६२।।**

*(અન્ત્યપ્રસાદીસ્થળ વર્ણન) - વિદ્વાન લોકો સર્વ પદાર્થોના લયને અન્ય કહે છે. તે લયનો અનુભવ પ્રસાદ કહેવાય છે. આ પ્રસાદ જેની પાસે હોય તે અન્ત્યપ્રસાદી હોય છે.*

**देवतिर्यङ्मनुष्यादिव्यवहारविकल्पना ।**
**मायाकृता परे तत्त्वे तल्लये तत्क्षयो भवेत्।।६३।।**

*દેવતા, તિર્યક્ અર્થાત્ પક્ષી, મનુષ્ય વગેરેના વ્યવહારની વિકલ્પના માયાના દ્વારા વિરચિત છે. પર તત્વમાં તેમનો લય થવાથી તેનો અર્થાત્ માયાનો પણ ક્ષય થઈ જાય છે.*

**साक्षात्कृते परे तत्त्वे सच्चिदानन्दलक्षणे।**
**क्व पदार्थपरिज्ञानं कुतो ज्ञातृत्वसंभवः।।६४।।**

*સત્ ચિત્ આનંદરૂપ પર તત્વનો સાક્ષાત્કાર થવાથી પદાર્થનું જ્ઞાન ક્યાં ? અને જ્ઞાતાની સંભાવના ક્યાં ? (અર્થાત્ આ બંને સંભવ નથી કારણ કે તેની માયીય સ્તર પર જ અનુભૂતિ થાય છે. માયાનો લય થવાથી તેમનું અસ્તિત્વ પોતાની મેળે મટી જાય છે.)*

**सुषुप्तस्य यथा वस्तु न किञ्चिदपि भासते।**
**तथा मुक्तस्य जीवस्य न किञ्चिद्वस्तु दृश्यते।।६५।।**

*જે પ્રકારે ગાઢ નિદ્રામાં ઊંઘેલો વ્યક્તિને કંઈ પણ પ્રતીત થતું નથી તેવી રીતે મુક્ત જીવને કોઈ પણ વસ્તુ ભાસિત નથી હોતી (કારણ કે પોતાના સ્વરૂપમાં પ્રતિષ્ઠિત રહે છે.)*

**यथाकाशमविच्छिन्नं निर्विकारं स्वरूपतः।**
**तथा मुक्तस्य जीवस्य स्वरूपमवशिष्यते।।६६।।**

*જે પ્રકારે આકાશ સ્વરૂપતઃ નિર્વિકાર અને અવિચ્છિન્ન છે તેવી જ રીતે મુક્ત જીવનું સ્વરૂપ અવશિષ્ટ થાય છે.*

**न किञ्चदपि मुक्तस्य दृश्यं कर्तव्यमेव वा।**
**सुखस्फूर्तिस्वरूपेण निश्चला स्थितिरुच्यते।।६७।।**

*મુક્ત જીવના માટે ના કોઈ દર્શનીય પદાર્થ છે અને ના કોઈ કર્તવ્યકાર્ય. આનંદના સ્ફુરણ રૂપથી તેની નિશ્ચલ સ્થિતિ રહે છે.*

**शिवाद्वैतपरिज्ञानशिथिलाशेषवस्तुनः ।**
**केवलं संविदुल्लासदर्शिनः केन को भवेत्।।६८।।**

*શિવાદ્વૈતના પરિજ્ઞાનના કારણે વસ્તુઓમાં ભેદભાવ ના રાખવાવાળા તથા કેવળ સંવિત્ શક્તિનો ઉલ્લાસ જોવાવાળા શિવયોગીનો કોનાથી (ઇન્દ્રિય વ્યાપાર કે કોઈ વસ્તુ) શું લાભ થશે ?*

**सेव्यो गुरुः समस्तानां शिव एव न संशयः।**
**प्रसादोऽस्य परानन्दप्रकाशः परिकीर्त्यते।।६९।।**

*(સેવ્યપ્રસાદીસ્થળ વર્ણન) - બધા લોકોના માટે શિવ જ સેવ્ય ગુરૂ છે. તેનો (સેવ્ય ગુરૂ) પ્રસાદ અર્થાત્ અનુગ્રહ જ પરાનંદ પ્રકાશ કહેવાય છે.*

**सेव्यो गुरुः स्मृतो ह्यस्य प्रसादोऽनुभवो मतः।**
**तदेकावेशरूपेण तद्वान् सेव्यप्रसादवान्।।७०।।**

*શિવયોગી સેવ્ય ગુરૂ કહેવાયા છે. તેમનો અનુભવ પ્રસાદનો કહેવાયો છે. જે આ બંને અર્થાત્ ગુરૂ અને પ્રસાદને એક માનવાવાળા છે તે સેવ્યપ્રસાદવાન કહેવાયા છે.*

**गुरुदेवः परं तत्त्वं परतत्त्वं गुरुः स्मृतः।**
**तदेकत्वानुभावेन न किञ्चिदवशिष्यते।।७१।।**

*ગુરૂદેવ પર તત્વ છે. પર તત્વ જ ગુરૂ છે. તે બંનેને એક સમજ્યા પછી શેષ કશું વધતું નથી.*

**अपरिच्छेद्यमात्मस्थमवाङ्मानसगोचरम्।**
**आनन्दं पश्यतां पुंसां रतिरन्यत्र का भवेत्।।७२।।**

*અસીમ આત્માના અંદર રહેવાવાળા, વાણી અને મનની પહોંચથી પર, આનંદનો સાક્ષાત અનુભવ કરવાવાળા મનુષ્યોની અન્ય વિષયોમાં શું પ્રીતિ હોઈ શકે છે ?*

**ज्ञानामृतेन तृप्तस्य किमन्यैर्भोज्यवस्तुभिः।**
**ज्ञानादेव परानन्दं प्रकाशयति सच्छिवः।।७३।।**

*જ્ઞાનામૃતથી તૃપ્ત મનુષ્યના માટે અન્ય ભોજ્ય પદાર્થોથી શું પ્રયોજન ? સદાશિવ જ્ઞાનથી જ પરાનંદનો પ્રકાશ કરે છે.*

**मुक्तिरेव परा तृप्तिः सच्चिदानन्दलक्षणा।**
**नित्यतृप्तस्य मुक्तस्य किमन्यैर्भोगसाधनैः।।७४।।**

*સચ્ચિદાનંદસ્વરૂપ મુક્તિ જ અંતિમ ઉપરાંત સર્વોત્કૃષ્ટ તૃપ્તિ છે. જે નિત્યતૃપ્ત અને નિત્યમુક્ત છે તેને ભોગના સાધનોથી શું લેવા દેવા ?*

**न बाह्यकर्म तस्यास्ति न चान्तर्नैव कुत्रचित्।**
**शिवैक्यज्ञानरूढस्य देहभ्रान्तिं विमुञ्चतः।।७५।।**

*જે શિવૈક્ય જ્ઞાનથી રૂઢ અર્થાત્ પૂર્ણ અને દઢ શિવૈક્ય જ્ઞાનવાળા તથા દેહભ્રમ (દેહને આત્મા સમજવાનો ભ્રમ) થી રહિત છે આવા મુક્ત પુરુષના માટે ક્યાંય પણ ના તો કોઈ બાહ્ય અને ના કોઈ આંતર કર્મ કરણીય હોય છે.*

**न कर्मबन्धे न तपोविशेषे न मन्त्रयोगाभ्यसने तथैव।**
**ध्याने न बोधे च तथात्मतत्त्वे मनःप्रवृत्तिः परयोगभाजाम्।।७६।।**

*જે પરયોગમાં ઊંચા સ્થાનને પામે છે. તેના મનની પ્રવૃત્તિ કર્મબંધન, વિશિષ્ટ પ્રકારના તપ, મન્ત્રયોગ અભ્યાસ, ધ્યાન બોધ માં નથી થતી પણ આત્મ બોધમાં હોય છે.*

******

## ઓગણિસમો પરિચ્છેદ

### શરણસ્થલ અન્તર્ગત દ્વાદશલિઙ્ગ સ્થલ પ્રસંગ

**स्थलभेदाः समाख्याताः प्राणलिङ्गिस्थलाश्रिताः।**
**कथय स्थलभेदं मे शरणस्थलसमाश्रितम्।।१।।**

*(શરણસ્થળ વર્ણન) - અગસ્ત્યે કહ્યુ - (હે આચાર્ય ! તમે) પ્રાણલિંગી સ્થળના અંતર્ગત ગણનીય સ્થળભેદોને બતાવ્યા. હવે શરણસ્થળમાં આવવાવાળા સ્થળભેદોને બતાવો.*

**शरणस्थलमाश्रित्य स्थलद्वादशकं मया।**
**उच्यते नाम सर्वेषां स्थलानां शृणु तापस ।।२।।**

*શ્રી રેણુકાચાર્યે કહ્યું - હે તપસ્વી ! શરણસ્થળના આશ્રિત બાર સ્થળ છે. હું તે બધા સ્થળોનું નામ કહી રહ્યો છું. સાંભળો.*

**दीक्षापदोदकं पूर्वं शिक्षापादोदकं ततः।**
**ज्ञानपादोदकं चाथ क्रियानिष्पत्तिकं ततः।।३।।**

**भावनिष्पत्तिकं चाथ ज्ञाननिष्पत्तिकं ततः।**
**पिण्डाकाशस्थलं चाथ बिन्द्वाकाशस्थलं ततः।।४।।**

**महाकाशस्थलं चाथ क्रियायाश्च प्रकाशनम्।**
**भावप्रकाशनं पश्चात् ततो ज्ञानप्रकाशनम्।।**
**स्वरूपं पृथगेतेषां कथयामि यथाक्रमम्।।५।।**

*પહેલા દીક્ષાપાદોદક પછી શિક્ષાપાદોદક ત્યાર પછી જ્ઞાનપાદોદક તેના પછી ક્રિયાનિષ્પત્તિ  ફરીથી ભાવનિષ્પત્તિ નામનું સ્થળ છે. પિંડાકાશ સ્થળ, બિન્દ્વાકાશ સ્થળ, મહાકાશ સ્થળ, ભાવપ્રકાશ સ્થળ, તથા અંતમાં જ્ઞાનપ્રકાશ સ્થળ છે. હવે તેમના પૃથક-પૃથક સ્વરૂપને ક્રમમાં કહીશ.*

**दीक्षयाऽपगतद्वैतं यज्ज्ञानं गुरुशिष्ययोः।**
**आनन्दस्यैक्यमेतेन दीक्षापादोदकं स्मृतम्।।६।।**

*(દીક્ષાપાદોદકસ્થળ વર્ણન) - દીક્ષાના દ્વારા દ્વૈતરહિત થયેલું જે જ્ઞાન અને તેને કારણે ગુરૂ અને શિષ્યના આનંદનું જે ઐક્ય છે તેને દીક્ષાપાદોદક કહેવાયું છે. (તાત્પર્ય એ છે કે પહેલા ગુરૂના દ્વારા આપેલી દીક્ષાથી શિષ્યના અંદર સ્થિત દ્વૈતજ્ઞાન  નષ્ટ થઈ જાય છે અને તેના અંદર માત્ર પરાનંદ સ્થિત રહે છે. ગુરૂના અંદર પરાનંદ પહેલેથી વર્તમાન છે કારણકે તે પોતાના  ગુરૂના દ્વારા પહેલાંથી દીક્ષિત છે. એટલે હવે બંનેનો આનંદ એક થઈ જાય છે. સાચું પૂછવામાં આવે તો આનંદ એક જ છે. ગુરૂ અને શિષ્યરૂપી ઉપાધિના ભેદથી  આ બે પ્રતીત થાય છે. આ ઉપાધિના વિગલિત થવાથી પર ઐક્ય ભાસિત થાય છે.)*

**अथवा पादशब्देन गुरुरेव निगद्यते।**
**शिष्यश्चोदकशब्देन तयोरैक्यं तु दीक्षया।।७।।**

*અથવા "પાદ" શબ્દથી ગુરૂ કહેવાય છે. "ઉદક" શબ્દથી શિષ્યનું કથન થાય છે. બંનેનું  ઐકય દીક્ષા દ્વારા થાય છે.*

**परमानन्द एवोक्तः पादशब्देन निर्मलः।**
**ज्ञानं चोदकशब्देन तयोरैक्यं तु दीक्षया।।८।।**

*"પાદ" શબ્દથી નિર્મળ પરમાનંદ કહેવાયા છે. ઉપરાંત "ઉદક" શબ્દથી જ્ઞાનનું નિર્વચન થાય છે. આ બંનેનું ઐક્ય દીક્ષાથી થાય છે.*

**परसंवित्प्रकाशात्मा परमानन्दभावनाम्।**
**अधिगम्य महायोगी न भेदं क्वापि पश्यति।।९।।**

*મહાયોગી પરાસંવિત્ પ્રકાશરૂપ થઈને પરમાનંદની ભાવનાને પ્રાપ્ત કર્યા પછી ક્યાંય પણ ભેદ નથી જોતા.*

**देशकालाद्यवच्छेदविहीनं नित्यनिर्मलम्।**
**आनन्दं प्राप्य बोधेन नान्यत् काङ्क्षति संयमी।।१०।।**

*સંયમશીલ યોગી દેશકાળ આદિ (અર્થાત્ આકાર) ની સીમાથી પર નિત્ય નિર્મળ આનંદને બોધ દ્વારા પ્રાપ્ત કરી કોઈ અન્ય વસ્તુની ઈચ્છા નથી કરતા.*

**ज्ञानामृतमपि स्वच्छं गुरुकारुण्यसम्भवम्।**
**आस्वाद्य रमते योगी संसारामयवर्जितः।।११।।**

*(કેવળ) ગુરૂની કૃપાથી પ્રાપ્ત અત્યંત નિળ જ્ઞાનામૃતનું આસ્વાદન કરી યોગી સંસારરૂપી માનસિક પીડા અર્થાત્ રોગથી રહિત થયેલો આત્મસ્વરૂપમાં રમણ કરે છે.*

**गुरुशिष्यमयं ज्ञानं शिक्षा योगिनमीर्यते।**
**तयोः समरसत्वं हि शिक्षापादोदकं स्मृतम्।।१२।।**

*(શિક્ષાપાદોદકસ્થળ વર્ણન) - શિક્ષા અર્થાત્ પૂર્વોક્ત જ્ઞાનનું મનન અને ગુરૂશિષ્યમય અર્થાત્ ગુરુ અને શિષ્યની એકરૂપતાનું જ્ઞાન જેનાથી યોગીને પ્રેરણા મળે છે, તે બંને અર્થાત્ શિક્ષા અને જ્ઞાનની સમરસતા શિક્ષાપાદોદક કહેવાય છે.*

**मथिताच्छास्त्रजलधेर्युक्तिमन्थानवैभवात्।**
**गुरुणा लभ्यते बोधसुधा सुमनसां गणैः।।१३।।**

*તર્કરૂપી મંથનદંડથી ગુરૂના દ્વારા મથિત નિગમાગમશાસ્ત્રરૂપી સમુદ્રથી નીકળેલી શિવાદ્વૈતરૂપી બોધસુધા વિદ્વજજનોના દ્વારા પ્રાપ્ત કરવામાં આવે છે.*

**ज्ञानचन्द्रसमुद्भूतां परमानन्दचन्द्रिकाम्।**
**पश्यन्ति परमाकाशे मुक्तिरात्रौ महाधियः।।१४।।**

*(ચકોરરૂપી) મહાબુદ્ધિમાન યોગી મુક્તિની રાત્રિમાં જ્ઞાનરૂપી ચન્દ્રમાંથી ઉત્પન્ન પરમ આનંદરૂપી ચંદ્રિકાનું પરમાકાશ અર્થાત્ ચિદાકાશમાં સાક્ષાત્કાર કરે છે.*

**दृष्टे तस्मिन् परानन्दे देशकालादिवर्जिते।**
**द्रष्टव्यं विद्यते नान्यच्छ्रोतव्यं ज्ञेयमेव वा।।१५।।**

*દેશ કાળ વગેરેથી રહિત તે પરમાનંદનો સાક્ષાત્કાર થઈ ગયા પછી શિવયોગીના માટે કંઈ પણ સાંભળવા જેવું અથવા જ્ઞેય રહેતું નથી.*

**आत्मानन्देन तृप्तस्य का स्पृहा विषये सुखे।**
**गङ्गाजलेन तृप्तस्य कूपतोये कुतो रतिः।।१६।।**

*આત્માનંદથી તૃપ્ત (શિવાચાર્ય) ની વૈષયિક સુખમાં કઈ ઈચ્છા હોઈ શકે છે ? (કારણ કે વિષયસુખ પરિણામમાં દુઃખદાયી હોય છે અને આત્માનંદ નિત્ય નિરંતર સુખ છે.) જે ગંગાજળથી તૃપ્ત છે તેને કુવાના જળમાં આસક્તિ કેમ થઈ શકે છે.*

**यस्मिन्नप्राप्तकल्लोले सुखसिन्धौ निमज्जति।**
**सामरस्यान्महायोगी तस्य सीमा कुतो भवेत्।।१७।।**

*(રાગ, દ્વેષ, કામ, ક્રોધ વગેરે) લહેરોથી રહિત જે સુખસમુદ્રમાં સામરસ્યની સાથે મહાયોગી ડૂબી રહે છે તે સમુદ્રની કાં તે આનંદની સીમા કેવી રીતે થઈ શકે છે ? અર્થાત્ તે આનંદને પરિચ્છિન્ન કરી શકાતો નથી.*

**गुरुप्रसादचन्द्रेण निष्कलङ्केन चारुणा।**
**यन्मनःकुमुदं नित्यबोधितं तस्य को भ्रमः।।१८।।**

*નિષ્કલંક ઉપરાંત સુંદર ગુરૂના અનુગ્રહરૂપી ચંદ્રથી જે મનરૂપી કુમુદ નિત્ય પ્રકાશિત રહે છે તે મનમાં ભ્રાંતિ કેવી રીતે થઈ શકે છે.*

**तदैक्यसम्पदानन्दज्ञानं ज्ञानगुरुर्मतः।**
**तत्सामरस्यं शिष्यस्य ज्ञानपादोदकं विदुः।।१९।।**

*(જ્ઞાન પાદોદકસ્થળ વર્ણન) - (વિદ્વાન લોકો) આનંદના જ્ઞાનને જ્ઞાનગુરૂ માને છે. તેના ઐક્યની સંપતિની સાથે શિષ્યના તે જ્ઞાનનું સામરસ્ય જ્ઞાનપાદોદક માનવામાં આવ્યા છે.*

**अविद्याराहुनिर्मुक्तो ज्ञानचन्द्रः सुनिर्मलः।**
**प्रकाशते पराकाशे परानन्दमहाद्युतिः।।२०।।**

*અવિદ્યારૂપી રાહુથી નિર્મુક્ત ઉપરાંત અત્યંત સ્વચ્છ તથા પરાનંદરૂપી મહાદ્યુતિવાળા જ્ઞાનચંદ્ર પરાકાશ અર્થાત્ ચિદાકાશમાં પ્રકાશિત હોય છે.*

**अज्ञानमेघनिर्मुक्तः पूर्णज्ञानसुधाकरः।**
**आनन्दजलधेर्वृद्धिमनुपश्यन् विभासते।।२१।।**

*અજ્ઞાનરૂપી મેઘથી નિર્મુક્ત પૂર્ણજ્ઞાનરૂપી ચંદ્રમાં આનંદરૂપી સમુદ્રની બુદ્ધિને જોતાં વિશેષરૂપથી ચમકે છે.*

**ज्ञानचन्द्रोदये जाते ध्वस्तमोहतमोभराः।**
**पश्यन्ति परमां काष्ठां योगिनः सुखरूपिणीम्।।२२।।**

*જ્ઞાનરૂપી ચંદ્રમાનો ઉદય થવાથી મોહાન્ધકારસમૂહ નો નાશ વાળા યોગી સુખરૂપી પરાકાષ્ટા (અર્થાત્ આનંદની અંતિમ સીમા) ને જુએ છે.*

**मायारजन्या विरमे बोधसूर्ये प्रकाशिते।**
**निरस्तसर्वव्यापारश्चित्रं स्वपिति संयमी।।२३।।**

*માયારૂપી રાત્રિના સમાપ્ત ઉપરાંત જ્ઞાનરૂપી સૂર્યના ઉદય થવાથી સંયમી અર્થાત્ યોગી સંપર્ણ વ્યવહારથી રહિત થઈને ઊંઘતા અર્થાત્ સુષુપ્તિસ્થ જીવના સમાન પરમાનંદનો અનુભવ કરતા રહે છે - આ આશ્ચર્ય છે. (કારણ કે સામાન્ય જનનો સમસ્ત વ્યવહાર રાત્રિમાં નહિ પણ દિવસે થાય છે.)*

**अनाद्यविद्याविच्छित्तिवेलायां परयोगिनः।**
**प्रकाशते परानन्दः प्रपञ्चेन विना कृतः।।२४।।**

*અનાદિ અવિદ્યાની નિવૃતિના સમય પર યોગીને પ્રપંચરહિત પરાનંદનું ભાન થાય છે.*

**नित्यानन्दे निजाकारे विमले परतेजसि।**
**विलीनचेतसां पुंसां कुतो विश्वविकल्पना।।२५।।**

*નિત્ય આનંદસ્વરૂપ નિર્મળ નિજસ્વરૂપ પર તેજમાં લીન ચિત્તવાળા પુરુષોના માટે વિશ્વની કલ્પના ક્યાં ?*

**कुतो ब्रह्मा कुतो विष्णुः कुतो रुद्रः कुतो रविः।**
**साक्षात्कृतपरानन्दज्योतिषः साम्यकल्पना।।२६।।**

*ક્યાં બ્રહ્મા, ક્યાં વિષ્ણુ, ક્યાં રુદ્ર અને ક્યાં સૂર્ય ? જેણે પરાનંદ તેજનો સાક્ષાત્કાર કરી લીધો છે તેની સમાનતાની કલ્પના (કોઈનાથી પણ થઈ શકતી નથી.)*

**अपरोक्षपरानन्दविलासस्य महात्मनः।**
**ब्रह्मविष्ण्वादयो देवा विशेषाः सुखबिन्दवः।।२७।।**

*જે અપરોક્ષ પરાનંદના વિલાસથી પરિપૂર્ણ છે એવા મહાત્માની (તુલનામાં) બ્રહ્મા, વિષ્ણુ વગેરે દેવગણ સુખના વિશિષ્ટ બિંદુ સદૃશ છે.*

**यन्मात्रासहितं लोके वाञ्छन्ति विषयं नराः।**
**तदप्रमेयमानन्दं परमं को न वाञ्छति।।२८।।**

*આ સંસારમાં મનુષ્ય લોક જેની એક માત્રા અર્થાત્ જેના એક અંશવાળા આનંદની કામના કરે છે તે પરમ અપ્રમેય આનંદને કોણ નથી જાણતું.*

**परकाये क्रियापत्तिः कल्पितैव प्रकाशते।**
**रज्जौ भूजङ्गवद् यस्मात् क्रियानिष्पत्तिमानयम्।।२९।।**

*(ક્રિયાનિષ્પત્તિસ્થળ વર્ણન) - કારણ કે પરકાય અર્થાત્ પરબ્રહ્મ શરીરવાળા શિવયોગીના અંદર ક્રિયાની સ્થિતિ કલ્પિત થઈને દૃષ્ટ થાય છે એટલા માટે દોરડામાં સાપની જેમ આ ક્રિયા કરવાવાળા હોય છે. (અર્થાત્ શિવયોગીના શરીરમાં ક્રિયાનું દર્શન ભ્રમમાત્ર છે વસ્તતઃ તે શિવસ્વરૂપ હોવાના કારણે "નિષ્કલંક, નિષ્ક્રિય શાન્તમ" થઈ જાય છે.)*

**ज्ञानिनां यानि कर्माणि तानि नो जन्महेतवः।**
**अग्निदग्धानि बीजानि यथा नाङ्कुरकारणम्।।३०।।**

*જ્ઞાનીઓના જે કર્મ હોય છે તે જન્મના હેતુ નથી બનતા જેમ કે આગમાં બળી ગયેલા બીજ અંકુરના કારણ નથી બનતા.*

**कर्मणा कृतेनापि ज्ञानिनो निरहङ्कृतेः।**
**विक्रिया प्रतिबिम्बस्था किं करोति हिमद्युतेः।।३१।।**

*અહંકાર રહિત જ્ઞાનીના દ્વારા કરવામાં આવેલા કર્મથી શું કરવામાં આવે છે ? (અર્થાત્ તે ક્રમોનો જ્ઞાની પર કોઈ પ્રભાવ પડતો નથી) હિમદ્યુતિ અર્થાત્ ચંદ્રમાના પ્રતિબિંબમાં ઘટવાવાળા વિકારથી શું થાય છે ?*

**चन्द्रस्य मेधसम्बन्धाद् यथा गमनकल्पना।**
**तथा देहस्य सम्बन्धादारोप्या स्यात् क्रियात्मनः।।३२।।**

*જે પ્રકારે મેઘની સાથે સંબંધ હોવાથી ચંદ્રમા ચલ થયેલો પ્રતીત થાય છે. (જયારે વસ્તુતઃ વાદળ જ આમ તેમ ફરે છે ના કે ચંદ્રમા) તેવી રીતે દેહની સાથે સંબંધ હોવાથી આત્માની ઉપર ક્રિયા આરોપિત થાય છે. (આત્મા તો નિષ્ક્રિયં, નિશ્ચલં, શાન્તં, નિરવદ્યં નિરંજનમ્ છે.)*

**ज्ञानी कर्मनिरूढोऽपि लिप्यते न क्रियाफलैः।**
**घृतादिना यथा जिह्वा भोक्त्री चापि न लिप्यते।।३३।।**

*જે પ્રકારે (ધૃત વગેરે) નો ભોગ કરવાવાળી જીભ ધૃત વગેરેથી ઉપલિપ્ત નથી થતી તેવી જ રીતે જ્ઞાની કર્મ કરતાં પણ તેના ફળોથી ઉપલિપ્ત (અર્થાત્ પ્રભાવિત) નથી થતો.*

**निरस्तोपाधिसम्बन्धे जीवे या या क्रियास्थितिः।**
**सा सा प्रतीतिमात्रेण निष्फला चात्र लीयते।।३४।।**

*(અહંકાર અને મમભાવ) ઉપાધિના સંબંધથી રહિત થયેલા જીવમાં જે જે ક્રિયા થાય છે તે તે પ્રતીતિ માત્ર અર્થાત્ નિષ્ફળ થઈને આ આત્મામાં વિલીન થઈ જાય છે.*

**गच्छंस्तिष्ठन् स्वपन् वापि न निष्कर्मास्ति कश्चन।**
**स्वभावो देहिनां कर्म ज्ञानिनां तत्तु निष्फलम्।।३५।।**

*ચાલતાં, બેસતા અને ઊંઘતા પણ કોઈ શરીરી કર્મરહિત નથી થતો (અર્થાત્ બધા લોકો બધી અવસ્થામાં કર્મ કરતાં જ રહે છે કારણ કે જેમણે દેહ ધારણ કર્યો છે કર્મ કરવું તેનો સ્વભાવ છે અંતર એટલું જ છે કે અજ્ઞાનીલોકોના કર્મ કાલાન્તરે ફળ આપે છે પરંતુ) જ્ઞાનીઓના કર્મ ફળ આપતાં નથી.*

**परिपूर्णमहानन्दभाविनः शुद्धचेतसः।**
**न भवेत् कर्मकार्पण्यं नानाभोगफलप्रदम्।।३६।।**

*જે શુદ્ધ ચિત્તવાળા ઉપરાંત પરિપૂર્ણ મહાનંદની ભાવનાથી ઓતપ્રોત છે તેમને અનેક ભોગરૂપી ફળ આપવાવાળા કર્મ કાર્પણ્ય (અર્થાત્ કર્મ-જન્ય દુઃખ) નથી થતું.*

**भावः प्रतीयमानोऽपि परकाये तु कल्पितः।**
**शुक्तौ रजतवद् यस्माद्भावनिष्पत्तिमानयम्।।३७।।**

*(ભાવનિષ્પત્તિસ્થળ વર્ણન) - પરકાય અર્થાત્ પરબ્રહ્મશરીરધારી શિવયોગીના અંદર પ્રતીત થવાવાળા ભાવ પણ કલ્પિત હોય છે (વાસ્તવિક નહિ) તે શુક્તિમાં રજતની જેમ (ભ્રમાત્મક) હોય છે. આ કારણે યોગી ભાવનિષ્પત્તિમાન હોય છે.*

**भावेन नास्ति सम्बन्धः केवलज्ञानयोगिनः।**
**तथापि भावं कुर्वीत शिवे संसारमोचके।।३८।।**

*અથવા તો કેવળ જ્ઞાનયોગીનું ભાવની સાથે કોઈ સંબંધ નથી હોતો તથાપિ યોગીને જોઈએ કે તે સંસારબંધનથી મુક્તિ અપાવાવાળા શિવના પ્રતિ (આરાધ્યની) ભાવના કરે.*

**परिपूर्णप्रबोधेऽपि भावं शम्भौ न वर्जयेत्।**
**भावो हि निहितस्तस्मिन् भवसागरतारकः।।३९।।**

*પ્રબોધનું પરિપૂર્ણ થવાથી શિવના પ્રતિ સેવ્યસેવક ભાવનો ત્યાગ ના કરવો જોઈએ કારણ કે ભવસાગર પાર કરવાવાળા ભાવ તે શિવમાં નિહિત રહે છે.*

**निवर्त्य जन्मजं दु:खं भाव: शैवो निवर्तते।**
**यथा काष्ठादिकं दग्ध्वा स्वयं शाम्यति पावक:।।४०।।**

*(શૈવભાવની આવશ્યકતા જન્મજન્ય દુ:ખની નિવૃતિ સુધી જ હોય છે.) જન્મહેતુક દુ:ખનું નિવારણ કર્યા પછી શૈવભાવ તેવી જ રીતે શાંત થઈ જાય છે જેવી રીતે - કાષ્ઠ વગેરેને સળગાવ્યા પછી અગ્નિ સ્વયં શાંત થઈ જાય છે.*

**प्रकाशिते शिवानन्दे तद्भावै: किं प्रयोजनम्।**
**सिद्धे साध्ये चिरेणापि साधनै: किं प्रयोजनम्।।४१।।**

*શિવાનંદના પ્રગટ થવાથી તેના ભાવોનું (અર્થાત્ શિવના પ્રતિ આરાધ્ય-આરાધક વગેરે ભાવો) શું પ્રયોજન ? (અર્થાત્ તે નિષ્ફળ થઈ જાય છે.) બહુ વિલંબથી પણ સાધ્યના સિદ્ધ થવાથી સાધનોનું શું પ્રયોજન ?*

**एकीकृते शिवे भावे ज्ञानेन सह संयमी।**
**विस्मितात्मसमावेश: शिवभावे विभासते।।४२।।**

*જ્ઞાનની સાથે શિવભાવનાનું એક થવાથી પોતાના શિવસમાવેશથી આશ્ચર્યચકિત સંયમી શિવના રૂપમાં વિશેષરૂપથી પ્રકાશિત થાય છે.*

**न भावेन विना ज्ञानं न भावो ज्ञानमन्तरा।**
**मोक्षाय कारणं प्रोक्तं तस्मदुभयमाश्रयेत्।।४३।।**

*ભાવના વિના જ્ઞાન નથી થતું અને જ્ઞાનના વિના ભાવ થતો નથી એટલા માટે મોક્ષના પ્રતિ કારણભૂત બંનેનું સેવન કરવું જોઈએ.*

**ज्ञानस्य व्यवहारेऽपि ज्ञेयाभावात् स्वभावत:।**
**स्वप्नवज्ज्ञाननिष्पत्त्या ज्ञाननिष्पन्न इत्यसौ।।४४।।**

*(જ્ઞાનનિષ્પત્તિસ્થળ વર્ણન) - (શિવજ્ઞાનથી સંપન્ન શિવયોગીના) વ્યવહારમાં પણ તેના જ્ઞાનના વિષય સ્વભાવત: કંઈ થતું નથી (કારણ કે શિવના અતિરિક્ત તેને કંઈ પ્રતીત થતું નથી)*

**स्वप्नजातं यथा ज्ञानं सह स्वार्थैर्निवर्तते।**
**तथात्मनि प्रकाशे तु ज्ञानं ज्ञेयं निवर्तते।।४५।।**

*જે પ્રકારે સ્વપ્નમાં ઉત્પન્ન જ્ઞાન પોતાના ઘટ-પટ વગેરે વિષયોની સાથે નષ્ટ થઈ જાય છે તેવી જ રીતે આત્મસ્વરૂપનો પ્રકાશ થવાથી જ્ઞાન અને જ્ઞેય બંને નિવૃત થઈ જાય છે.*

**परिपूर्णे महानन्दे परमाकाशलक्षणे।**
**शिवे विलीनचित्तस्य कुतो ज्ञेयान्तरे कथा।।४६।।**

*પરિપૂર્ણ મહાનંદસ્વરૂપ ઉપરાંત પરમાકાશ લક્ષણવાળા શિવમાં વિલીન ચિત્તવાળા શિવયોગીના માટે બીજા જ્ઞેયની શી ચર્ચા? (અર્થાત્ તેના માટે બીજું જ્ઞેય હોતું જ નથી.)*

**अखण्डानन्दसंवित्तिस्वरूपं ब्रह्म केवलम्।**
**मिथ्या तदन्यदित्येषा स्थितिर्ज्ञानमिहोच्यते।।४७।।**

*અખંડ આનંદ અને (અખંડ) જ્ઞાન સ્વરૂપ બ્રહ્મ જ કેવળ (અર્થ એકમાત્ર સત્ય છે) તેનાથી અન્ય બધું જ મિથ્યા છે - એવી સ્થિતિ આ સંસારમાં અથવા આ વિષયમાં જ્ઞાન કહેવાય છે.*

**सत्तात्मनानुवृत्तं यद् घटादिषु परं हि तत्।**
**व्यावर्तमाना मिथ्येति स्थितिर्ज्ञानमिहोच्यते।।४८।।**

*જે ઘટ વગેરેમાં સતાના રૂપમાં અનાવૃત છે (અર્થાત્ વ્યાપ્ત છે - "ઘટોऽસ્તિ", "પટોऽસ્તિ", "મઠોऽસ્તિ" સર્વત્ર "અસ્તિ" ના રૂપમાં ભાસિત થાય છે) તે પર તત્વ અર્થાત્ શિવ છે. જે વ્યાવર્તમાન છે. (અર્થાત્ એકના હોવાથી બીજા નથી રહેતા જેવી રીતે ઘટના રહેવાથી પટ નથી.) તે મિથ્યા છે. આવી સ્થિતિ જ્ઞાન કહેવાય છે.*

**अकारणमकार्यं यदशेषोपाधिवर्जितम्।**
**तद्ब्रह्म तदहं चेति निष्ठा ज्ञानमुदीर्यते।।४९।।**

*જેના કારણ છે ના કાર્ય તથા જે સમસ્ત ઉપાધિઓથી રહિત છે તે બ્રહ્મ છે અને હું પણ તે જ છું - એવી દૃઢ ધારણા જ્ઞાનની કહેવાય છે.*

**ज्ञाताप्यहं ज्ञेयमिदमिति व्यवहृतिः कुतः।**
**अभेदब्रह्मस्वारस्ये निरस्ताखिलवस्तुनि।।५०।।**

*સમસ્ત સાંસારિક પ્રપંચથી રહિત અભેદ બ્રહ્મના સામરસ્યમાં "હું જ્ઞાતા છું", "હું જ્ઞેય છું" એવો વ્યવહાર ક્યાં સંભવ છે.*

**यथा पिण्डस्थ आकाशस्तथात्मा पूर्ण उच्यते।**
**एतदर्थविवेको यः पिण्डाकाशस्थलं विदुः।।५१।।**

*(પિંડાકાશસ્થળ વર્ણન) - જે પ્રકારે આ પિંડ અર્થાત્ આ શરીરમાં સ્થિત આકાશ પૂર્ણ કહેવાય છે તેવી જ રીતે આ પિંડમાં સ્થિત આત્મા પણ પૂર્ણ કહેવાય છે - આ અર્થનું જે વિશિષ્ટ જ્ઞાન તે પિંડાકાશસ્થળ કહેવાય છે.*

**घटोपाधिर्यथाकाशः परिपूर्णः स्वरूपतः।**
**तथा पिण्डस्थितो ह्यात्मा परिपूर्णः प्रकाशते।।५२।।**

*જેવી રીતે ઘટરૂપ ઉપાધિથી યુક્ત આકાશ સ્વરૂપતઃ પરિપૂર્ણ હોય છે તેવી જ રીતે શરીરમાં સ્થિત આત્મા પરિપૂર્ણ થઈને પ્રકાશિત થાય છે.*

**अन्तःस्थितं पराकाशं शिवमद्वैतलक्षणम्।**
**भावयेद् यः सुमनसा पिण्डाकाशः स उच्यते।।५३।।**

*અદ્વૈત લક્ષણ શિવની જે અંતઃસ્થિત પરાકાશના રૂપમાં શુદ્ધ મનથી ભાવના કરે છે તે પિંડાકાશ કહેવાય છે.*

**शिवागारमिदं प्रोक्तं शरीरं बोधदीपितम्।**
**षट्त्रिंशत्तत्त्वघटितं सुमनःपद्मपीठकम्।।५४।।**

*છત્રીસ તત્વોથી રચિત મનરૂપી કમલપીઠથી યુક્ત તથા બોધ અર્થાત્ શિવજ્ઞાનથી દીપિત (અર્થાત્ પ્રકાશિત) આ શરીર શિવના આગાર (અર્થાત્ નિવાસસ્થળ) કહેવાય છે.*

**पराकाशस्वरूपेण प्रकाशः परमेश्वरः।**
**हृदाकाशगुहालीनो दृश्यतेऽन्तः शरीरिणाम्।।५५।।**

*પરાકાશરૂપથી પ્રકાશમાન પરમેશ્વર જીવોના અંદર હૃદયાકાશરૂપી ગુફામાં લીન જોવા મળે છે.*

**एतच्छिवपुरं प्रोक्तं सप्तधातुसमावृतम्।**
**अत्र हृत्पङ्कजं वेश्म सूक्ष्माम्बरमनोहरम्।।५६।।**

**तत्र सन्निहितं साक्षात् सच्चिदानन्दलक्षणम्।**
**नित्यसिद्धं प्रकाशात्मा जलस्थाकाशवच्छिवः।।५७।।**

*સાત ધાતુઓથી સમાવૃત (અર્થાત્ નિર્મિત) આ શરીર શિવનું પુર કહેવાયું છે. એમાં સૂક્ષ્મ આકાશથી યુક્ત ઉપરાંત મનોહર હૃદયકમળ શિવનું અંતઃપુર છે તેમાં સાક્ષાત્ સચ્ચિદાનંદ સ્વરૂપ નિત્ય સિદ્ધ પ્રકાશમાન શિવ જળમાં સ્થિત આકાશના સમાન વિરાજમાન છે.*

**अन्तराकाशबिम्बस्थमशेषोपाधिवर्जितम् ।**
**घटाकाश इव च्छिन्नं भावयेच्चिन्मयं शिवम्।।५८।।**

*(યોગીને જોઈએ કે તે) હૃદયાકાશ બિંબમાં સ્થિત સર્વ ઉપાધિઓથી રહિત, ચિન્મય શિવની ઘટાકાશના સમાન પરિચ્છિન્ન રૂપમાં ભાવના કરવી (અર્થાત્ જેવી રીતે મહાકાશ ઘટથી અવિચ્છિન્ન થઈને પણ આકાશ જ છે તેવી જ રીતે શિવ હૃદયથી અવિચ્છન્ન થઈને પણ શિવ જ છે- એવી ભાવના કરવી)*

**यथाकाशो विभुर्ज्ञेयः सर्वप्राण्युपरि स्थितः।**
**तथात्मेत्युपमानार्थं बिन्द्वाकाशस्थलं विदुः।।५९।।**

*(બિન્દ્વાકાશસ્થળ વર્ણન) - સર્વ પ્રાણીઓના ઉપર સ્થિત આકાશ જેવી રીતે વ્યાપક મનાય છે તેવી જ રીતે આત્મા પણ (સર્વ પ્રાણીઓના શરીરના અંદર પરિચ્છન્ન રૂપમાં રહીને પણ વ્યાપક છે) આ તુલનાના અર્થને વિદ્વાન લોકો બિન્દ્વાકાશસ્થળ કહે છે.*

**यथैको वायुराख्यातः सर्वप्रणिगतो विभुः।**
**तथात्मा व्यापकः साक्षात् सर्वप्रणिगतः स्वयम्।।६०।।**

*જેવી રીતે એક જ વાયુ સર્વ પ્રાણીઓમાં રહે છે અને વ્યાપક છે તેવી જ રીતે એક આત્મા સાક્ષાત્ સ્વયં સર્વ પ્રાણીઓમાં રહે છે અને વ્યાપક છે (અર્થાત્ પ્રાણીઓના અંદર અને બહાર સર્વત્ર સ્થિત છે.)*

**यथा वह्नेरमेयात्मा सर्वत्रैकोऽपि भासते।**
**तथा शम्भुः समस्तात्मा परिच्छेदविवर्जितः।।६१।।**

*જેવી રીતે અપરિમેય અગ્નિ એક હોવા છતાં પણ સર્વત્ર ભાસિત થાય છે તેવી જ રીતે બધાના આત્મસ્વરૂપ શિવ પણ (એક હોવા છતાં) અપરિસીમ છે.*

**सर्वेषां देहिनामन्तश्चित्ततोऽयं प्रकाशते।**
**तस्मिन् प्रतिफलत्यात्मा शिवो दर्पणवद् विभुः।।६२।।**

*બધા જીવોની અંદર ચિત્તરૂપી જળ પ્રકાશિત થાય છે. જેવી રીતે દર્પણમાં તેવી રીતે તે (ચિત્તરૂપી જળ) માં આત્મારૂપી શિવ પ્રતિબિંબિત થાય છે (અથવા શિવ આત્માના રૂપમાં પ્રતિબિંબિત થાય છે પરંતુ ચિત્તને દર્પણ અથવા શુદ્ધ જળની ભાંતિ સ્વચ્છ હોવું જોઈએ)*

**एको वशीकृतः संवित्प्रकाशात्मा परात्परः।**
**सर्वप्राणिगतो भाति तथापि विभुरुच्यते।।६३।।**

*પરાતપર ઉપરાંત અવશીકૃત અર્થાત્ કોઈના નિયંત્રણમાં ન રહેવાવાળો અર્થાત્ સર્વતંત્રસ્વતંત્ર પ્રકાશસ્વરૂપ પરમેશ્વર સર્વ પ્રાણીઓમાં પ્રકાશિત થઈ રહે છે. (અર્થાત્ અવ્યાપક જેવો દેખાય છે) તો પણ તે વ્યાપક કહેવાય છે. (તેની દૃશ્યમાન અવ્યાપકતા ઉપાધિહેતુકી છે.)*

**एक एव यथा सूर्यस्तेजसा भाति सर्वगः।**
**तथात्मा शक्तिभेदेन शिवः सर्वगतो भवेत्।।६४।।**

*જેવી રીતે એક જ સૂર્ય પોતાના તેજથી સર્વગામી ભાસિત થાય છે તેવી રીતે પરમાત્મા શિવ પણ પોતાના શક્તિભેદથી સર્વવ્યાપી છે.*

**पिण्डाण्डस्थं महाकाशं न भिन्नं तद्वदात्मनः।**
**अभिन्नः परमात्मेति महाकाशस्थलं विदुः।।६५।।**

*(મહાકાશસ્થળ વર્ણન) - જેવી રીતે પિંડ અર્થાત્ શરીર અને અંડ અર્થાત્ બ્રહ્માંડ (અથવા પ્રાકૃતાંડ અથવા માયાંડ) માં સ્થિત આકાશ પરસ્પર ભિન્ન નથી હોતા તેવી જ રીતે (જીવાત્માથી) પરમાત્મા અભિન્ન છે તેને જાણવું મહાકાશસ્થળ કહેવાયું છે.*

**यथा न भिन्नमाकाशं घटेषु च मठेषु च।**
**तथाण्डेषु पिण्डेषु स्थितो ह्यात्मा न भिद्यते।।६६।।**

*જેવી રીતે ઘટો અથવા મઠોમા સ્થિત અર્થાત્ તેનાથી અવિચ્છિન્ન આકાશ ભિન્ન નથી હોતા તેવી જ રીતે બ્રહ્માંડો અને (બ્રહ્માંડના અંદર રહેવાવાળા) વ્યષ્ટિ શરીરોમાં સ્થિત આત્મા પણ ભિન્ન નથી.*

**अनिर्देश्यमनौपम्यमवाङ्मानसगोचरम्।**
**सर्वतोमुखसम्पन्नं सत्तानन्दं चिदात्मकम्।।६७।।**

**कालातीतं कलातीतं क्रमयोगादिवर्जितम्।**
**स्वानुभूतिप्रमाणस्थं ज्योतिषामुदयस्थलम्।।६८।।**

**शिवाख्यं परमं ब्रह्म परमाकाशलक्षणम्।**
**लिङ्गमित्युच्यते सद्भिर्यद्विना न जगत्स्थितिः।।६९।।**

*અનિર્દેશ્ય, અતુલનીય, વાણી અને મનનો વિષય ન હોવાવાળા સર્વતોમુખી, સત્ ચિત્ આનંદસ્વરૂપ, કાળથી પર, કલાતીત અર્થાત્ આડત્રીસ કલાઓથી રહિત, પોતાનો અનુભવ જેમાં પ્રમાણ છે એવા, નક્ષત્ર વગેરે (=સૂર્ય, ચંદ્ર વગેરે) ના ઉત્પતિનું મૂળકારણ, પરમાકાશસ્વરૂપ શિવ નામક પરબ્રહ્મને સત્પુરુષોના દ્વારા લિંગ કહેવાય છે. તેના વિના સંસારની સત્તા સંભવ નથી.*

**परमाकाशमव्यक्तं प्रबोधानन्दलक्षणम्।**
**लिङ्गं ज्योतिर्मयं प्राहुर्लीयन्ते यत्र योगिनः।।७०।।**

*જેમાં યોગી લોકો લીન થઈ જાય છે તે પરમાકાશ અવ્યક્ત, ચિત્ આનંદસ્વરૂપ જ્યોતિર્મય તત્વને વિદ્વાન લોકો લિંગ કહે છે.*

**संविदेव परा काष्ठा परमानन्दरूपिणी।**
**तामाहु: परमाकाशं मुनयो मुक्तसंशया:।।७१।।**

*પરમાનંદરૂપિણી સંવિત્ જ પરાકષ્ઠા (અર્થાત્ અંતિમ સીમા) સંશય રહિત મુનિગણ તેને પરમાકાશ કહે છે.*

**तरङ्गादि यथा सिन्धो: स्वरूपान्नातिरिच्यते।**
**तथा शिवाच्चिदाकाशाद् विश्वमेतन्न भिद्यते।।७२।।**

*જે પ્રકારે (સમુદ્રમાં ઉઠવાવાળી) લહેરો વગેરે સમુદ્રના સ્વરૂપથી ભિન્ન નથી હોતી તેવી જ રીતે ચિદાકાશરૂપી શિવથી ઉત્પન્ન થવાવાળું આ વિશ્વ શિવથી ભિન્ન નથી.*

**यथा पुष्पपलाशादि वृक्षरूपान्न भिद्यते।**
**तथा शिवात् पराकाशाज्जगतो नास्ति भिन्नता।।७३।।**

*જેવી રીતે (વૃક્ષના પુષ્પ, પત્ર) વૃક્ષના રૂપથી ભિન્ન નથી હોતા તેવી જ રીતે જગત પરાકાશરૂપી શિવથી ભિન્ન નથી.*

**यथा ज्योतींषि भासन्ते भूताकाशे पृथक्पृथक्।**
**तथा भान्ति पराकाशे ब्रह्माण्डानि विशेषत:।।७४।।**

*જેવી રીતે ભૂતાકાશમાં નક્ષત્રગણ પૃથક પ્રકાશિત થાય છે તેવી જ રીતે પ્રખર પરાકાશમાં બ્રહ્માંડ વિશેષરૂપથી (અર્થાત્ અસંખ્ય રૂપથી) ફરતાં રહે છે.*

**निरस्तोपाधिसम्बन्धं निर्मलं संविदात्मकम्।**
**पराकाशं जगच्चित्रविलासालम्बभित्तिकाम्।।७५।।**

*ઉપાધિ સંબંધથી રહિતનિર્મળ સંવિત્ સ્વરૂપ આકાશ જગતના ચિત્રવિચિત્ર વિલાસ અર્થાત્ વિસ્તારની આધારભિતિ છે.*

**शिवस्य परिपूर्णस्य चिदाकाशस्वरूपिण:।**
**आत्मत्वेनानुसान्धनात् क्रियाद्योतनवान् यमी।।७६।।**

*(ક્રિયાપ્રકાશસ્થળ વર્ણન) - ચિદાકાશરૂપ પરિપૂર્ણ શિવના આત્માના રૂપમાં અનુસંધાન કરવાથી સંયમી ક્રિયાપ્રકાશવાન થાય છે.*

**निष्कलङ्कचिदानन्दगगनोपमरूपिणः ।**
**शिवस्य परिपूर्णस्य वृत्तिश्चैतन्यरूपिणी।।७७।।**

*નિષ્કલંક ચિદાનંદ આકાશરૂપ પરિપૂર્ણ શિવની વૃતિ (અર્થાત્ "હું શિવ છું" - આ ભાવના) ચિત્ સ્વરૂપ છે.*

**निष्कलङ्के निराकारे नित्ये परमतेजसि।**
**विलीनचित्तवृत्तस्य तथा शक्तिः क्रियोच्यते।।७८।।**

*નિષ્કલંક નિરાકાર નિત્ય ઉપરાંત પરમતેજઃસ્વરૂપ શિવમાં વિલીન ચિતવૃતિવાળા (શિવયોગી) ની તેવા જ પ્રકારની શક્તિ ક્રિયા કહેવાય છે.*

**सर्वज्ञः सर्वकर्ता च सर्वगः परमेश्वरः।**
**तदैक्यचिन्तया योगी तादृशात्मा प्रकाशते।।७९।।**

*પરમેશ્વર સર્વજ્ઞાતા, સર્વકર્તા અને સર્વવ્યાપી છે. તેની સાથે ઐક્યભાવનાના દ્વારા યોગી તાદશાત્મા (અર્થાત્ સર્વજ્ઞાતા સર્વકર્તા વગેરેના રૂપમાં) પ્રકાશિત થાય છે.*

**सर्वेन्द्रियाणां व्यापारे विद्यमानेऽपि संयमी।**
**प्रत्युन्मुखेन मनसा शिवं पश्यन् प्रमोदते।।८०।।**

*સંયમી શિવયોગી પોતાના સમસ્ત ઇન્દ્રિયોના સર્વ વ્યાપારના વિદ્યમાન થવા છતાં પણ પ્રત્યુન્મુખ (અર્થાત્ તેનાથી વિપરિત સ્થિતિમાં સ્થિત) મનના દ્વારા શિવનો સાક્ષાત્કાર કરતાં પ્રમુદિત થતાં રહે છે.*

**कूटस्थमचलं प्राज्ञं गुणातीतं गुणोत्तरम्।**
**शिवतत्त्वस्वरूपेण पश्यन् योगी प्रमोदते।।८१।।**

*કૂટસ્થ અચળ પ્રકૃષ્ટ જ્ઞાનવાન ગુણોથી પર ઉપરાંત ગુણોત્તર (અર્થાત્ પૂર્ણ જ્ઞાન વૈરાગ્ય વગેરે ગુણોથી ઉત્કૃષ્ટ) શિવ તત્વના સ્વરૂપેણ જોતાં (અર્થાત્ ઉક્ત*

*ગુણોવાળા શિવ હું જ છું - એવું માનવાવાળા યોગી આનંદયુક્ત રહે છે.)*

**परात्मनि क्रिया सर्वा गन्धर्वनगरीमुखा।**
**प्रकाशत इति प्रोक्तं क्रियायास्तु प्रकाशनम्।।८२।।**

*જ્યારે પરમાત્મામાં ઘટવાવાળી સર્વ ક્રિયાઓ ગંધર્વનગરીના સમાન (તુચ્છ) થઈને પ્રકાશે છે તો એને ક્રિયાપ્રકાશન કહેવાય છે.*

**तरङ्गाद्या यथा सिन्धौ न भिद्यन्ते तथात्मनि।**
**भावा बुद्ध्यादयः सर्वे यत्तद् भावप्रकाशनम्।।८३।।**

*(ભાવપ્રકાશસ્થળ વર્ણન) - જેવી રીતે સમુદ્રમાં ઉઠવાવાળી લહેરો વગેરે (સમુદ્રથી) ભિન્ન નથી હોતી તેવી જ રીતે આત્મામા ઉઠવાવાળી બુદ્ધિ વગેરે બધા ભાવ (આત્માથી ભિન્ન નથી - તે) જે છે તે ભાવપ્રકાશન હોય છે.*

**शिव एव जगत्सर्वं शिव एवाहमित्यपि।**
**भावयन् परमो योगी भावदोषैर्न बाध्यते।।८४।।**

*"આ સંપૂર્ણ સંસાર શિવ જ છે. હું પણ શિવ જ છું." - એવી ભાવના કરવાવાળા પરમયોગી સંસાર અથવા જન્મના દોષોથી ઉપલિપ્ત નથી થતો.*

**शिवभावे स्थिरे जाते निर्लेपस्य महात्मनः।**
**ये ये भावाः समुत्पन्नास्ते ते शिवमयाः स्मृताः।।८५।।**

*(સાંસારિક વિષય વાસનાઓથી) નિર્લિપ્ત મહાત્મા શિવયોગીના અંદર જે જે ભાવ ઉત્પન્ન થાય છે તે બધાના બધા શિવમય માનવામાં આવ્યા છે.*

**अद्वितीयशिवाकारभावनाध्वस्तकर्मणा ।**
**न किञ्चिद्भाव्यते साक्षात् शिवादन्यन्महात्माना।।८६।।**

*અદ્વિતીય શિવાકારની ભાવનાથી સર્વ કર્મોનો નાશ કરવાવાળા મહાત્મા શિવયોગીને પ્રત્યક્ષતઃ શિવથી અતિરિક્ત ના તો કંઈ દેખાય છે ના તો કંઈ અનુભૂત થાય છે.*

**गलिताज्ञानबन्धस्य केवलात्मानुभाविनः।**
**यत्र यत्र इन्द्रियासक्तिस्तत्र तत्र शिवात्मता।।८७।।**

*જેનું અજ્ઞાનબંધન નષ્ટ થઈ ગયું છે એવા કેવલાત્માનું અનુભવ કરવાવાળા શિવયોગીની જે જે વિષયોમાં ઈન્દ્રિયાસક્તિ હોય છે તે તે વિષયમાં શિવત્વ જ અનુભવાય છે (તથા તેના માટે અથવા યોગીની ઈચ્છા થવાથી સર્વને માટે તેમાં શિવ જ જોવા મળે છે.)*

**रागद्वेषादयो भावाः संसारक्लेशकारणम्।**
**तेषामुपरमो यत्र तत्र भावः शिवात्मकः।।८८।।**

*રાગ, દ્વેષ વગેરે ભાવ સંસારરૂપી કલેશના કારણ હોય છે જેનામાં તે નષ્ટ કે શાંત થઈ ગયા હોય તેનામાં શિવાત્મા ભાવ આવી જાય છે.*

**यथा सूर्यसमाक्रान्तौ न शक्नोति तमः सदा।**
**तथा प्रकाशमात्मानं नाविद्याक्रामति स्वयम्।।८९।।**

*જેવી રીતે સૂર્યના નીકળવાથી અંધકાર ઊભો નથી રહી શકતો તેવી જ રીતે પ્રકાશમાન આત્માની સમક્ષ અવિદ્યાનું સ્વયં આક્રમણ નથી થતું.*

**मुख्यार्थेऽसम्भवे जाते लक्षणायोगसंश्रयात्।**
**तज्ज्ञानयोजनं यत्तदुक्तं ज्ञानप्रकाशनम्।।९०।।**

*(જ્ઞાનપ્રકાશસ્થળ વર્ણન) - વાચ્યાર્થના અસંભવ અર્થાત્ બાધિત હોવાથી લક્ષણાની સહાયતાથી તે જ્ઞાન અર્થાત્ અંગલિંગના જ્ઞાનની જે યોજના તે જ્ઞાનપ્રકાશ કહેવાય છે.*

**मुक्तस्य ज्ञानसम्बन्धो ज्ञेयाभावः स्वभावतः।**
**उपाधिसहितं ज्ञानं न भेदमतिवर्तते।।९१।।**

*જીવમુક્તનો જે જ્ઞાન સંબંધ અર્થાત્ લક્ષ્યાર્થરૂપ જ્ઞાનથી સમન્વય સ્વભાવિક છે. ફલતઃ જ્ઞેયનો અભાવ પણ સ્વભાવિક છે. જે જ્ઞાન ઉપાધિરહિત હોય છે તેમાં ભેદનો અભાવ નથી રહેતો અર્થાત્ ભેદ રહે જ છે.*

**ज्ञानमित्युच्यते सद्भिः परिच्छेदोऽपि वस्तुनः।**
**परात्मन्यपरिच्छेदे कुतो ज्ञानस्य सम्भवः।।९२।।**

*વિદ્વાનલોકો વસ્તુના પરિચ્છેદને પણ જ્ઞાન કહે છે (ઘટત્વાવચ્છિન્ન ઘટમાં ઘટત્વાવચ્છેદ જ જ્ઞાન છે. તે જ ઘટને અવિચ્છિન્ન કે પરિચ્છિન્ન કરે છે) પરમાત્મા પરિચ્છેદથી રહિત છે તેનામાં વિષયવિષયી ભાવ અર્થાત્ સંબંધ કેવી રીતે સંભવ થઈ શકે છે.*

**ज्ञानस्याविषये तत्त्वे शिवाख्ये चित्सुखात्मनि।**
**आत्मैकत्वानुसन्धानं ज्ञानमित्युच्यते बुधैः।।९३।।**

*જ્ઞાનના અવિષયભૂત ચિદાનંદસ્વરૂપ શિવ નામના તત્વની સાથે આત્માના એકત્વના અનુસંધાનને વિદ્વાન લોકો જ્ઞાન કહે છે.*

**अपरिच्छिन्नमानन्दं सत्ताकारं जगन्मयम्।**
**ब्रह्मेति लक्षणं ज्ञानं ब्रह्मज्ञानमिहोच्यते।।९४।।**

*બ્રહ્મ અખંડ આનંદરૂપ, સત્તાકાર અર્થાત્ સદ્ રૂપ તથા જગન્મય અર્થાત્ વિશ્વરૂપ છે આ લક્ષણવાળું જે જ્ઞાન છે તે જ આ સંસારમાં બ્રહ્મજ્ઞાન કહેવાય છે.*

**ब्रह्मज्ञाने समुत्पन्ने विश्वोपाधिविवर्जिते।**
**सर्वं संविन्मयं भाति तदन्यन्नैव दृश्यते।।९५।।**

*વિશ્વરૂપ ઉપાધિથી રહિત બ્રહ્મજ્ઞાનના ઉત્પન્ન થવાથી બધું જ ચિન્મય અર્થાત્ જ્ઞાનસ્વરૂપ ભાસિત થાય છે. તેનાથી ભિન્ન કશું દેખાતું નથી.*

**तस्मादद्वैतविज्ञानमपवर्गस्य कारणम्।**
**भावयन् सततं योगी संसारेण न लिप्यते।।९६।।**

*આ કારણે "અદ્વૈત વિજ્ઞાન અપવર્ગ અર્થાત્ મોક્ષનું કારણ છે" - એવી નિરંતર ભાવના કરવાવાળો યોગી સંસારથી લિપ્ત થતો નથી.*

**नित्ये निर्मलसत्त्वयोगिषु परे निर्वासने निष्कले**
**सर्वातीतपदे चराचरमये सत्तात्मनि ज्योतिषि।**

**संविद्व्योम्नि शिवे विलीनहृदयस्तद्भेदवैमुख्यतः**
**साक्षात् सर्वगतो विभाति विगलद्विश्वः स्वयं संयमी।।९७।।**

*નિત્ય, નિર્મલ સત્વયોગીઓમાં પર અર્થાત્ પ્રધાન, વાસનારહિત, નિષ્કલ, સર્વાતીત, ચરાચરમય, સત્સ્વરૂપ, તેજોમય, ચિદાકાશરૂપી શિવમાં વિલીનહૃદયવાળા, ભેદભાવનાથી રહિત, સંસારને તિરસ્કૃત કરવાવાળા, સંયમી અર્થાત્ શિવયોગી સ્વયં સાક્ષાત્ સર્વવ્યાપીના રૂપમાં પ્રકાશિત થાય છે.*

******

## વીસમો પરિચ્છેદ

### ઐક્યસ્થલ

**अथागस्त्यप्रश्नः—**

**स्थलभेदास्त्वया प्रोक्ताः शरणस्थलसंश्रिताः।**
**ऐक्यस्थलगतान् ब्रूहि स्थलभेदान् गणेन्द्र मे।।१।।**

*(ઐક્યસ્થળ વર્ણન) - અગસ્ત્યે કહ્યું - હે ગણેશ્વર ! પોતાના શરણસ્થળમાં આવવાવાળા (અવાન્તર) સ્થળભેદો તમે બતાવ્યા. હવે મને ઐક્યસ્થળમાં આવવાવાળા સ્થળભેદો બતાવો.*

**स्थलानां नवकं चैक्यस्थलेऽस्मिन् प्रकीर्त्यते ।।२।।**

**तत्स्वीकृतप्रसादैक्यस्थलमादौ प्रकीर्तितम्।**
**शिष्टोदनस्थलं चाथ चराचरलयस्थलम्।।३।।**

**भाण्डस्थलं ततः प्रोक्तं भाजनस्थलमुत्तमम्।**
**अङ्गालेपस्थलं पश्चात् स्वपराज्ञस्थलं ततः।।४।।**

**भावाभावविनाशं च ज्ञानशून्यस्थलं ततः।**
**तदेषां क्रमशो वक्ष्ये शृणु तापस लक्षणम्।।५।।**

*રેણુકાચાર્યે કહ્યું - આ ઐક્યસ્થળોમાં નવ સ્થળોની ચર્ચા કરવામાં આવી છે. પ્રથમ સ્વીકૃતપ્રસાદદૈક્યસ્થળ કહેવાય છે. પછી શિષ્ટૌદનસ્થળ, ચરાચરલયસ્થળ, ભાંડસ્થળ પછી ભાજનસ્થલ કહેવાયા છે. તેના પછી*

અંગાલેપસ્થળ પછી સ્વપરાજ્ઞાસ્થળ ફરીથી ભાવાભાવવિનાશસ્થળ અને અંતમાં જ્ઞાનશૂન્યસ્થળ વર્ણવ્યા છે. હે તપસ્વી હવે તેમના ક્રમથી લક્ષણ બતાવી રહ્યો છું. સાંભળો.

**मुख्यार्थो लक्षणार्थश्च यत्र नास्ति चिदात्मनि।**
**विशृङ्खलतया तस्य प्रसादः स्वीकृतो भवेत्।।६।।**

*(સ્વીકૃતપ્રસાદૈક્યસ્થળ વર્ણન) - ચિદાત્મા અર્થાત્ જ્ઞાનપ્રકાશસંપન્ન જેમાં મુખ્યાર્થ અને લક્ષ્યાર્થ વિશ્રૃંખલતયા અર્થાત્ પૃથક પૃથક નથી. (અર્થાત્ બંને અર્થ એક થઈ ગયા છે) તેનો પ્રસાદપૂર્ણ જ્ઞાનપ્રસાદના રૂપમાં સ્વીકૃત હોય છે.*

**मातृमेयप्रमाणादिव्यवहारे विहारिणीम्।**
**संवित्साक्षात्कृतिं लब्ध्वा योगी स्वात्मनि तिष्ठति।।७।।**

*પ્રમાતા, પ્રમેય અને પ્રમાણ વગેરેના વ્યવહારમાં રમણ કરવાવાળી સંવિત્ નો સાક્ષાત્કાર પ્રાપ્ત કરી જ્ઞાનપ્રકાશસંપન્ન શિવયોગી પોતાના સ્વરૂપમાં સ્થિત હોય છે.*

**अद्वैतबोधनिर्धूतभेदावेशस्य योगिनः।**
**साक्षात्कृतमहासंवित्प्रकाशस्य क्व बन्धनम्।।८।।**

*અદ્વૈત બોધના દ્વારા દ્વૈત આવેશને હટાવવાવાળા તથા મહાસંવિત્ પ્રકાશનો સાક્ષાત્કાર કરવાવાળો યોગીને બંધન ક્યાં ? (અર્થાત્ તે મુક્ત થઈ જાય છે.)*

**चिदात्मनि शिवे न्यस्तं जगदेतच्चराचरम्।**
**जायते तन्मयं सर्वमग्नौ काष्ठदिकं यथा।।९।।**

*જેવી રીતે અગ્નિમા નાખેલું કાષ્ઠ વગેરે તન્મય (અર્થાત્ અગ્નિસ્વરૂપ) થઈ જાય છે તેવી જ રીતે ચિત્તરૂપી શિવને સમર્પિત આ સમસ્ત ચરાચર જગત (શિવમય થઈ જાય છે.)*

**न भाति पृथ्वी न जलं न तेजो नैव मारुतः।**
**नाकाशो न परं तत्त्वं शिवे दृष्टे चिदात्मनि।।१०।।**

*ચિદાત્મા શિવનો સાક્ષાત્કાર થવાથી પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ અથવા પર તત્વ (અર્થાત્ શિવથી ભિન્ન રૂપમાં નથી જોતાં)*

**ज्योतिर्लिङ्गे चिदाकारे ज्वलत्यन्तर्निरन्तरम्।**
**विलीनं निखिलं तत्त्वं पश्यन् योगी न लिप्यते।।११।।**

*(પોતાના હૃદયના) અંદર ચિત્તસ્વરૂપ જ્યોર્તિલિંગના નિરંતર પ્રકાશિત રહેવાથી સર્વ તત્વોને વિલીન જોવાવાળો યોગી (સાંસારિકતાના મૂળભૂત તત્વોથી) લિપ્ત થતો નથી.*

**अन्तर्मुखेन मनसा स्वात्मज्योतिषि चिन्मये।**
**सर्वानप्यर्थविषयान् जुह्वन् योगी प्रमोदते।।१२।।**

*ચિન્મય આત્મારૂપી તેજ અર્થાત્ અગ્નિમાં સર્વ વિષયોનું અંતર્મુખી મનથી હવન કરવાવાળા યોગી આનંદિત થતા રહે છે.*

**सच्चिदानन्दजलधौ शिवे स्वात्मनि निर्मलः।**
**समर्प्य सकलान् भुङ्क्ते विषयान् तत्प्रसादतः।।१३।।**

*નિર્મળ યોગી સત્ ચિત્ આનંદ સ્વરૂપ સ્વાત્મશિવમાં સંપૂર્ણ વિષયોનું સમર્પણ કરી તે (શિવ) ની કૃપાથી તેનો ભોગ કરે છે.*

**प्रकाशते या सर्वेषां माया सैवोदनाकृतिः।**
**लीयते तत्र चिल्लिङ्गे शिष्टं तत्परिकीर्तितम्।।१४।।**

*(શિષ્ટોદનસ્થળ વર્ણન) - જે માયા સર્વ (અર્થાત્ વિજ્ઞાનાકલ, પ્રલયાકલ વગેરે સકળ જીવો) ને પ્રકાશિત થાય છે. (અર્થાત્ તત્ શરીર ઇન્દ્રિયરૂપમાં વ્યવહારનો વિષય બને છે) તે ભાત અર્થાત્ ચોખા સદૃશ છે. તેનું જે તે ચિત્તસ્વરૂપ શિવલિંગમાં લય થવાનું હોય છે તે શિષ્ટ કહેવાય છે.*

**जगदङ्गे परिग्रस्ते मायापाशविजृम्भिते।**
**स्वात्मज्योतिषि बोधेन तदेकमवशिष्यते।।१५।।**

*માયાના પાશ અર્થાત્ માયાના કલા, વિદ્યા, રાગ, કાલ, નિયતિ રૂપ પાંચ કવચ તથા તેનાથી ઉત્પન્ન પ્રકૃતિથી લઈને ભૂમિ સુધીના ત્રીસ તત્વરૂપી પાશથી બંધાયેલા જગદ્ રૂપી શરીરના આત્મજયોતિમાં વિલીન થઈ જવાથી એકમાત્ર માયા તત્વ શેષ રહી જાય છે.*

**अखण्डसच्चिदानन्दपरब्रह्मस्वरूपिण: ।**
**जीवन्मुक्तस्य धीरस्य माया कैङ्कर्यवादिनी।।१६।।**

*આ માયા અખંડ સત્ ચિદ્ આનંદ રૂપ પરબ્રહ્મ થયેલા ધીર અને જીવનમુક્ત શિવયોગીની દાસી બનીને રહે છે.*

**विश्वसंमोहिनी माया बहुशक्तिनिरङ्कुशा।**
**शिवैकत्वमुपेतस्य न पुर: स्थातुमीहति।।१७।।**

*સંસારને મોહમાં નાખવાવાળી તથા અસીમ શક્તિથી સંપન્ન હોવાના કારણે નિરંકુશ માયા શિવૈકત્વને પ્રાપ્ત યોગીના સામે ટકવાનું સાહસ નથી કરતી.*

**ज्योतिर्लिङ्गे चिदाकारे निमग्नेन महात्मना।**
**भुज्यमाना यथायोगं नश्यन्ति विषया: स्वत:।।१८।।**

*ચિદ્ રૂપ જ્યોર્તિલિંગમાં નિમગ્ન મહાત્મા શિવયોગીના દ્વારા યથાયોગ્ય (અર્થાત્ પોતાની યોગ્યતા ઉપરાંત ક્રમના અનુસાર) ભોગ કરવામાં આવતા વિષય સ્વયં નષ્ટ થઈ જાય છે. (અર્થાત્ યોગીના અંદર વિલીન થઈ જાય છે)*

**शब्दादयोऽपि विषया भुज्यमानास्तदिन्द्रियै:।**
**आत्मन्येव विलीयन्ते सरित: सागरे यथा।।१९।।**

*શબ્દ વગેરે (=રૂપ, રસ, ગંધ સ્પર્શ) વિષય યોગીની ઇન્દ્રિયોના દ્વારા ભૂજ્યમાન થઈને આત્મામાં એવી રીતે વિલીન થઈ જાય છે જેવી રીતે નદીઓ સમુદ્રમાં મળીને (વિલીન થઈ જાય છે.)*

**अर्थजातमशेषं तु ग्रसन् योगी प्रशाम्यति।**
**स्वात्मनैवास्थितो भानुस्तेजोजालमशेषत:।।२०।।**

*યોગી સંપૂર્ણ વિષયનો ઉપભોગ કરી આત્મામાં સ્થિત થઈ જાય છે જેવી રીતે સૂર્ય (બધાને પ્રકાશિત કરી પોતાના તેજોજાળને સમેટીને સ્વયં શાંત થઈ જાય છે.)*

**लिङ्गैक्ये तु समापन्ने चरणाचरणे गते।**
**निर्देही स भवेद्योगी चराचरविनाशकः।।२१।।**

*(ચરાચરલયસ્થળ વર્ણન) - ચર તથા અચર જ્યારે લિંગની સાથે એક થઈ જાય છે ત્યારે તે યોગી દેહરહિત થઈને ચરાચરનો વિનાશક બની જાય છે.*

**अनाद्यविद्यामूला हि प्रतीतिर्जगतामियम्।**
**स्वात्मैकबोधात्तन्नाशे कुतो विश्वप्रकाशनम्।।२२।।**

*જગત્ નું આ ભાન અનાદિ અવિદ્યાનું કારણ છે. (સંસારના) પોતાના આત્માની સાથે ઐક્યનું જ્ઞાન થવાથી તે અવિદ્યાના નાશ હોવાના પશ્ચાત્ વિશ્વનો આભાસ ને ક્યાં ?*

**यथा मेघाः समुद्भूता विलीयन्ते नभस्थले।**
**तथात्मनि विलीयन्ते विषयाः स्वानुभाविनः।।२३।।**

*જેવી રીતે આકાશમાં ઉત્પન્ન મેઘ આકાશમાં જ વિલીન થઈ જાય છે તેવી જ રીતે સ્વસ્વરૂપનું અનુભવ કરવાવાળા શિવયોગીના આત્મામાં બધા વિષય વિલીન થઈ જાય છે.*

**स्वप्ने दृष्टं यथा वस्तु प्रबोधे लयमश्नुते।**
**तथा सांसारिकं सर्वमात्मज्ञाने विनश्यति।।२४।।**

*જેવી રીતે સ્વપ્નમાં જોયેલી વસ્તુ જાગવાથી વિલીન થઈ જાય છે તેવી જ રીતે સંસારના બધા પદાર્થનો આત્મજ્ઞાન થવાથી તે લુપ્ત થઈ જાય છે.*

**जाग्रत्स्वप्नसुषुप्तिभ्यः परावस्थामुपेयुषः।**
**किं वा प्रमाणं किं ज्ञेयं किं वा ज्ञानस्य साधनम्।।२५।।**

*જાગ્રત સ્વપ્ન સુષુપ્તિથી પર અર્થાત્ મુક્ત ઉપરાંત તુરીયાતીત અવસ્થાને પ્રાપ્ત થવાવાળા શિવયોગીના માટે શું પ્રમાણ ? શું જ્ઞેય ? અને શું જ્ઞાનનું સાધન*

? *(અર્થાત્ જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય આ ત્રિપુરી જ્ઞાન નષ્ટ થઈ જાય છે)*

**तुर्यातीतपदं यत्तद् दूरं वाङ्मनसाध्वनः।**
**अनुप्रविश्य तद्योगी न भूयो विश्वमीक्षते।।२६।।**

*જે મુક્તિપ્રદ અવસ્થા છે તે વાણી અને મનની પહોચથી પર છે. તેમાં પ્રવેશ કરી યોગી વિશ્વની તરફ જોતો નથી.*

**नान्यत् पश्यति योगीन्द्रो नान्यज्जानाति किञ्चन।**
**नान्यच्छृणोति सन्दृष्टे चिदानन्दमये शिवे।।२७।।**

*શિવયોગી જ્યારે ચિદાનંદમય શિવના સમ્યક દર્શન (અર્થાત્ સાક્ષાત્કાર) કરી લે છે ત્યારે તે (શિવના અતિરિક્ત અથવા પોતાનાથી ભિન્ન) કોઈ અન્યને જોતો નથી.*

**असदेव जगत्सर्वं सदिव प्रतिभासते।**
**ज्ञाते शिवे तदज्ञानं स्वरूपमुपपद्यते।।२८।।**

*(શિવજ્ઞાનની પહેલા) આ સંપૂર્ણ અસત્ જગત્ સત્ જેવું પ્રતીત થાય છે. શિવનું જ્ઞાન થવાથી તે અજ્ઞાન (અર્થાત્ અસત્ ને સત્ સમજવાની બુદ્ધિ અથવા ભેદાત્મકજ્ઞાન) સ્વરૂપને પ્રાપ્ત થઈ જાય છે કારણ કે સ્વરૂપ સ્વયં ચિત્ત રૂપ છે.*

**ब्रह्माण्डशतकोटीनां सर्गस्थितिलयान् प्रति।**
**स्थानभूतो विमर्शो यस्तद्भाण्डस्थलमुच्यते।।२९।।**

*(ભાંડસ્થળ વર્ણન) - સૈંકડો કરોડ બ્રહ્માંડોની સૃષ્ટિ સ્થિતિ અને પ્રલયના પ્રતિ જે સ્થાનભૂત અર્થાત્ આધારસ્થળ વિમર્શ છે તેને ભાંડસ્થળ કહેવાય છે.*

**विमर्शाख्या पराशक्तिर्विश्वोद्भासनकारिणी।**
**साक्षिणी सर्वभूतानां समिन्धे सर्वतोमुखी।।३०।।**

*(ઈશ્વરની) વિમર્શ નામના પરાશક્તિ જે વિશ્વની રચનાનું કારણ છે, સર્વ ભૂતોની સાક્ષી બનીને સર્વતોમુખી બની (અર્થાત્ સંપૂર્ણ અને નાના રૂપોમાં) પ્રકાશિત થઈ રહી છે.*

**विश्वं यत्र लयं याति विभात्यात्मा चिदाकृतिः।**
**सदानन्दमयः साक्षात् सा विमर्शमयी कला।।३१।।**

*જેમાં સંપૂર્ણ વિશ્વ લીન થઈ જાયછે. જેને કારણે આત્મા ચિત્ અને આનંદમયસ્વરૂપમાં ભાસિત થાય છે તે સાક્ષાત્ વિમર્શમયી કલા છે.*

**पराहन्तासमावेशपरिपूर्णविमर्शवान् ।**
**सर्वज्ञः सर्वगः साक्षी सर्वकर्ता महेश्वरः।।३२।।**

*મહેશ્વર પરાહન્તાના સમાવેશથી પરિપૂર્ણ વિમર્શવાળા સર્વજ્ઞ, સર્વવ્યાપી સાક્ષી અને બધાનો રચયિતા થઈ જાય છે.*

**विश्वाधारमहासंवित्प्रकाशपरिपूरितम्।**
**पराहन्तामयं प्राहुर्विमर्शं परमात्मनः।।३३।।**

*વિશ્વની આધારભૂતા જે મહાસંવિત્ પ્રકાશથી પરિપૂર્ણ વિમર્શને વિદ્વાનલોકો પરાહન્તામય કહે છે (અથવા જે વિશ્વની આધારભૂત મહાસંવિત્ ના પ્રકાશથી પરિપૂર્ણ તથા પરાહન્તામય છે વિદ્વાન લોકો તેને પરમાત્માનો વિમર્શ કહે છે.)*

**विमर्शभाण्डविन्यस्तविश्वतत्त्वविजृम्भणः।**
**अनन्यमुखसम्प्रेक्षी मुक्तः स्वात्मनि तिष्ठति।।३४।।**

*વિશ્વ તત્વની વિકસવું અર્થાત્ વિસ્તાર ને વિમર્શરૂપી ભાંડ અર્થાત્ પાત્રમાં મૂકી દેવાવાળા, અનન્યમુખસમ્પ્રેક્ષી (અર્થાત્ બીજાની અપેક્ષા ન કરવાવાળા) મુક્ત શિવયોગી પોતાના સ્વરૂપમાં સ્થિત રહે છે.*

**समस्तजगदण्डानां सर्गस्थित्यन्तकारणम्।**
**विमर्शो भासते यत्र तद्भाजनमिहोच्यते।।३५।।**

*(ભાજનસ્થળ વર્ણન) - સર્વ બ્રહ્માંડોની સૃષ્ટિ સ્થિતિ અને સંસારના કારણભૂત વિમર્શ જેમાં ભાસિત થાય છે આ સંસારમાં તેને ભાજન કહે છે (અર્થાત્ કલાવિદ્યા રાગ કાલ નિયતિ નામના પાંચ કંચુકથી આવૃત ચૈતન્યરૂપ પુરુષના*

*ત્રણ મળ જ્યારે સમાપ્ત થઈ જાય છે ત્યારે તેને ભાજન કહેવાય છે.)*

**विमर्शाख्या पराशक्तिर्विश्ववैचित्र्यकारिणी।**
**यस्मिन् प्रतिष्ठितं ब्रह्म तदिदं विश्वभाजनम्।।३६।।**

*વિશ્વની વિચિત્ર રચના કરવાવાળી વિમર્શ નામની શક્તિ જેમાં સ્થિત છે તે બ્રહ્મ વિશ્વનું ભાજન કહેવાય છે.*

**अन्त:करणरूपेण जगदङ्कुररूपत:।**
**यस्मिन् विभाति चिच्छक्ति र्ब्रह्मभूत: स उच्यते।।३७।।**

*(પરમશિવમાં સમવેત) ચિતશક્તિ જગતના અંકુરના રૂપથી અંતઃકરણ અર્થાત્ મૂળ અહંકારના રૂપમાં જેમાં ભાસિત થાય છે તે (પરશિવ) બ્રહ્મ ભૂત કહેવાય છે.*

**यथा चन्द्रे स्थिरा ज्योत्स्ना विश्ववस्तुप्रकाशिनी।**
**तथा शक्तिविमर्शात्मा प्रकारे ब्रह्मणि स्थिता।।३८।।**

*ચંદ્રમાં સ્થિત રહેવાવાળી કિરણ જેવી રીતે સર્વ વસ્તુઓને પ્રકાશ કરે છે તેવી જ રીતે બ્રહ્મમાં સ્થિત વિમર્શરૂપા શક્તિ પ્રકાર અર્થાત્ વિશેષણના રૂપમાં સ્થિત થઈને (વિશ્વનું પ્રકાશન કરે છે)*

**अकार: शिव आख्यातो हकार: शक्तिरुच्यते।**
**शिवशक्तिमयं ब्रह्म स्थितमेकमहंपदे।।३९।।**

*("અહં" પદમાં) આકાર શિવનો બોધક છે, હકાર શક્તિ કહેવાય છે. આવી રીતે "અહં" પદમાં શિવશક્તિમય એક બ્રહ્મ સ્થિત છે.*

**अहन्तां परमां प्राप्य शिवशक्तिमयीं स्थिराम्।**
**ब्रह्मभूयंगतो योगी विश्वात्मा प्रतिभासते।।४०।।**

*પરમ અર્થાત્ પૂર્ણ ઉપરાંત સ્થિર શિવ-શક્તિમયી અહન્તાને પ્રાપ્ત કરી યોગી બ્રહ્મ સ્વરૂપ થયેલો વિશ્વના રૂપમાં પ્રકાશિત થાય છે.*

**वृक्षस्थं पत्रापुष्पादि वटबीजस्थितं यथा।**
**तथा हृदयबीजस्थं विश्वमेतत् परात्मन:।।४१।।**

*જેવી રીતે વૃક્ષમાં સ્થિત પત્ર, પુષ્પ (પોતાની સ્ફૂટ સત્તાના પહેલા) ઘટબીજમાં પ્રચ્છન્ન રૂપમાં સ્થિત રહે છે તેવી જ રીતે પરમાત્મા અર્થાત્ ભાજનસ્થળ સંપન્ન શિવયોગીના હૃદયબીજમાં આ વિશ્વ સ્થિત રહે છે.*

**दिक्कालाद्यनवच्छिन्नं चिदानन्दमयं महत्।**
**यस्य रूपमिदं ख्यातं सोऽङ्गलेप इहोच्यते।।४२।।**

*(અંઙ્ગલેપસ્થળ વર્ણન) - જેના દેશકાળ વગેરેના અવચ્છેદથી રહિત ચિદાનંદમય મહાન આ રૂપ કહેવાયું છે તે અહીં અંઙ્ગલેપ કહેવાય છે.*

**समस्तजगदात्मापि संविद्रूपो महामति:।**
**लिप्यते नैव संसारैर्यथा धूमादिभिर्नभ:।।४३।।**

*સર્વ જગતસ્વરૂપ હોવા છતાં પણ સંવિદ્ રૂપ મહામતિમાન શિવયોગી સાંસારિકતાથી તેવી રીતે પ્રભાવિત નથી થતો જેવી રીતે ધૂમ વગેરેથી આકાશ.*

**न विधिर्न निषेधश्च न विकल्पो न वासना।**
**केवलं चित्स्वरूपस्य गलितप्राकृतात्मन:।।४४।।**

*પ્રકૃતિના સર્વ ગુણોથી રહિત કેવળ ચિતસ્વરૂપ યોગીના માટે ના વિધિ છે ના નિષેધ ના વિકલ્પ અને ના વાસના.*

**घटादिषु पृथग्भूतं यथाऽऽकाशं न भिद्यते।**
**तथोपाधिगतं ब्रह्म नानारूपं न भिद्यते।।४५।।**

*જેવી રીતે ઘટ વગેરેમાં પૃથક થયેલું આકાશ (ઘટાકાળ, મઠાકાશ વગેરે મૂળરૂપમાં) પૃથક નથી હોતું તેવી જ રીતે (શરીર વગેરે અનેક) ઉપાધિઓથી અવિચ્છિન્ન ઉપરાંત નાના રૂપ બ્રહ્મ પણ ભિન્ન નથી. (અર્થાત્ એક જ છે)*

**अनश्वरमनिर्देश्यं यथा व्योम प्रकाशते।**
**तथा ब्रह्मापि चैतन्यमत्र वैशेषिकी कला।।४६।।**

*આકાશ જેવી રીતે અનશ્વર અને અવર્ણનીય અર્થાત્ અતુલનીય થઈને પ્રકાશિત થાયછે તેવી જ રીતે બ્રહ્મ પણ છે. ચૈતન્ય આ બ્રહ્મમાં વિશેષ કલા છે.*

**न देवत्वं न मानुष्यं न तिर्यक्तवं न चान्यथा।**
**सर्वाकारत्वमाख्यातं जीवन्मुक्तस्य योगिनः।।४७।।**

*જીવનમુક્ત યોગી ના દેવ હોય છે ના મનુષ્ય, ના પક્ષી ના અન્ય કંઈ. તે સર્વાકાર કહેવાયા છે.*

**अप्रमेये चिदाकारे ब्रह्मण्यद्वैतवैभवे।**
**विलीनः किं नु जानाति स्वात्मानं परमेव वा।।४८।।**

*(સ્વપરાજ્ઞસ્થળ વર્ણન) - અપ્રમેય ચિત્ સ્વરૂપ અદ્વિતિય બ્રહ્મમાં વિલીન શિવયોગી ના પોતાને જાણે છે ના પરમાત્મા શિવને.*

**यत्र नास्ति भिदायोगादहं त्वमिति विभ्रमः।**
**न संयोगो वियोगश्च न ज्ञेयज्ञातृकल्पना।।४९।।**

**न बन्धो न च मुक्तिश्च न देवाद्यभिमानिता।**
**न सुखं नैव दुःखं च नाज्ञानं ज्ञानमेव वा।।५०।।**

**नोत्कृष्टत्वं न हीनत्वं नोपरिष्टान्न चाप्यधः।**
**न पश्चान्नैव पुरतो न दूरे किञ्चिदन्तरे।।५१।।**

**सर्वाकारे चिदानन्दे सत्यरूपिणि शाश्वते।**
**पराकाशमये तस्मिन् परे ब्रह्मणि निर्मले।।५२।।**

**एकीभावमुपेतानां योगिनां परमात्मनाम्।**
**परापरपरिज्ञानपरिहासकथा कुतः।।५३।।**

*જ્યાં ભેદની સાથે યોગ થવાથી (અર્થાત્ જીવ અને બ્રહ્મમાં ભેદબુદ્ધિ હોવાથી) "અહમ્" એવો બ્રહ્મ નથી (અથવા યોગ અર્થાત્ જીવ અને બ્રહ્મનું ઐક્ય થવાથી જ્યાં "અહમ્" એવો ભેદ અર્થાત્ ભ્રમ નથી.) ના સંયોગ છે ના વિયોગ,*

*ના જ્ઞેય અને જ્ઞાતાની કલ્પના છે. ના બંધન ના મોક્ષ અને ના, (પોતાના વિષયમાં ના અન્યત્ર) દેવત્વ વગેરેનું અભિમાન છે. ના સુખ છે ના દુઃખ, ના અજ્ઞાન છે ના જ્ઞાન, ના શ્રેષ્ઠ અને ના અધમ છે, ના ઉપર ના નીચે, ના પાછળ ના આગળ, ના દૂર ના નિકટની સ્થિતિ છે. સર્વરૂપ ચિદાનંદ સત્યસ્વરૂપ શાશ્વત પર આકાશ અર્થાત્ ચિદાકાશમય તે નિર્મળ બ્રહ્મની સાથે ઐક્યભાવને પ્રાપ્ત મહાત્મા યોગીઓના વિષયમાં પર અપર પરિજ્ઞાનરૂપ પરિહાસની ચર્ચા કેવી રીતે થઈ શકે છે.*

**देशकालानवच्छिन्नतेजोरूपसमाश्रयात् ।**
**स्वपरज्ञानविरहात् स्वपराज्ञस्थलं विदुः ।।५४।।**

*દેશ કાળના અવચ્છેદથી પર તેજસ રૂપ પરબ્રહ્મના આશ્રિત અર્થાત્ સામરસ્ય તથા સ્વપર જ્ઞાનના અભાવવાળા શિવયોગીની અવસ્થાને વિદ્વાનલોકો સ્વપરાજ્ઞસ્થળ કહે છે.*

**त्वन्ताहन्ताविनिर्मुक्ते शून्यकल्पे चिदम्बरे ।**
**एकीभूतस्य सिद्धस्य भावाभावकथा कुतः ।।५५।।**

*(ભાવાભાવસ્થળ વર્ણન) - "ત્વમ્" અને "અહમ્" ભાવથી રહિત શૂન્યકલ્પ ચિદાકાશમાં એકીભૂત સિદ્ધ શિવયોગીના માટે ભાવ અને અભાવની કથા ક્યાંથી થઈ શકે છે (અર્થાત્ ત્યાં ના ભાવ છે ના અભાવ)*

**अहंभावस्य शून्यत्वादभावस्य तथात्मनः ।**
**भावभावविनिर्मुक्तो जीवन्मुक्तः प्रकाशते ।।५६।।**

*અહમ્ ભાવ તથા આત્માના અભાવથી શૂન્ય હોવાના કારણે ભાવ અભાવથી વિનિર્મુક્ત જીવનમુક્ત પ્રકાશિત થાય છે.*

**सुखदुःखादिभावेषु नाभावो भाव एव वा ।**
**विद्यते चित्स्वरूपस्य निर्लेपस्य महात्मनः ।।५७।।**

*નીર્લેપ અર્થાત્ પાપ પુણ્ય વગેરે દ્વન્દ્વોથી પર મહાન આત્માવાળા ચિત્*

*સ્વરૂપ શિવયોગીના માટે સુખ દુઃખ વગેરે ભાવોના વિષયમાં ના ભાવ રહે છે ના અભાવ.*

**यस्मिन् ज्योतिषि चिद्रूपे दृश्यते नैव किञ्चन।**
**सद्रूपं वाप्यसद्रूपं भावभावं विमुञ्चतः।।५८।।**

*ભાવ અને અભાવનો ત્યાગ કરવાવાળા (અર્થાત્ આ દ્વન્દ્વથી પર) ચિત્તસ્વરૂપ તેજોમય શિવયોગીને સદરૂપ અથવા અસદરૂપ કંઈ પણ દેખાતું નથી.*

**प्रतीयमानौ विद्येते भावभावौ न कुत्रचित्।**
**लिङ्गैक्ये सति यत्तस्माद्भावाभावलयस्थलम्।।५९।।**

*જે કારણે શિવલિંગની સાથે એકત્વ (અર્થાત્ સામરસ્ય) ને પ્રાપ્ત શિવયોગીના માટે પ્રતીયમાન ભાવ-અભાવ ક્યાંય પણ વિદ્યમાન રહેતા નથી (તે દશા) ભાવાભાવસ્થળ કહેવાય છે.*

**परापरसमापेक्षभावाभावविवेचनम् ।**
**ज्ञानं ब्रह्मणि तन्नास्ति ज्ञानशून्यस्थलं विदुः।।६०।।**

*(જ્ઞાનશૂન્યસ્થળ વર્ણન) - પર અને અપરના અપેક્ષી ભાવ અને અભાવના વિવેચનરૂપ જ્ઞાન બ્રહ્મમાં (અર્થાત્ પરબ્રહ્મ સ્વરૂપ શિવયોગીમાં) નથી રહેતું. એ કારણથી આ (ચિદજજનોના દ્વારા) જ્ઞાનશૂન્યસ્થળ કહેવામાં આવ્યું છે.*

**जले जलमिव न्यस्तं वह्नौ वह्निरिवार्पितम्।**
**परे ब्रह्मणि लीनात्मा विभागेन न दृश्यते।।६१।।**

*જળમાં ભેગું કરેલું જળ, અગ્નિમાં નાખેલું અગ્નિના સમાન પરબ્રહ્મમાં લીન આત્માવાળા શિવયોગી પૃથક જોવા મળતા નથી.*

**सर्वात्मनि परे तत्त्वे भेदशङ्काविवर्जिते।**
**ज्ञात्रादिव्यवहारोत्थं कुतो ज्ञानं विभाव्यते।।६२।।**

*ભેદની શંકાથી રહિત વિશ્વરૂપ પરતત્વમાં જ્ઞાતા, જ્ઞેય, અને જ્ઞાનના વ્યવહારથી ઉત્પન્ન (ત્રિપુટી) જ્ઞાનનો અનુભવ ક્યાંથી થશે ?*

**निर्विकारं निराकारं नित्यं सीमाविवर्जितम्।**
**व्योमवत् परमं ब्रह्म निर्विकल्पतया स्थितम्।।६३।।**

**न पृथ्व्यादीनि भूतानि न ग्रहा नैव तारकाः।**
**न देवा न मनुष्याश्च न तिर्यञ्चो न चापरे ।।६४।।**

**तस्मिन् केवलचिन्मात्रसत्तानन्दैकलक्षणे।**
**त्वन्ताहन्तादिसंरूढं विज्ञानं केन भाव्यते।।६५।।**

*વિકારોથી શૂન્ય, આકારરહિત, નિત્ય, અસીમ, આકાશના સમાન સર્વવ્યાપી પરમ બ્રહ્મ નિર્વિકલ્પ રૂપમાં વર્તમાન છે. પૃથ્વી વગેરે પંચમહાભૂત, સૂર્ય, ચંદ્ર વગેરે (નવ) ગ્રહ, (અશ્વિની વગેરે) તારાઓ, દેવતા, મનુષ્ય, પક્ષી અથવા અન્ય બધાથી પ્રતીત નથી થતા. કેવળ સત્ ચિત્ આનંદ સ્વરૂપ તે બ્રહ્મરૂપ શિવયોગીમાં "ત્વમ્" અને "અહમ્" આદિની ભાવનાથી દઢ જ્ઞાન (અર્થાત્ ભેદ જ્ઞાન) કોને અનુભૂત થઈ શકે છે. અર્થાત્ કોઈને નહીં.*

**ज्ञेयाभावाद्विशेषेण शून्यकल्पं विभाव्यते।**
**ज्ञातृज्ञेयादिभिः शून्यं शून्यं ज्ञानादिभिर्गुणैः।।६६।।**

**आदावन्ते च मध्ये च शून्यं सर्वत्र सर्वदा।**
**द्वितीयेन पदार्थेन शून्यं शून्यं विभाव्यते।।६७।।**

*વિશેષ રૂપથી જ્ઞેયનો અભાવ હોવાના કારણે શૂન્ય જ્ઞાનનો અનુભવ થાય છે. આ અનુભવ જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય આધિથી શૂન્ય તથા જ્ઞાન ઈચ્છા આદિ ગુણોથી શૂન્ય હોય છે. આ આદિ, મધ્ય અને અંતમાં સર્વત્ર સર્વદા શૂન્ય હોય છે. આ શૂન્ય (બ્રહ્મથી અતિરિક્ત કોઈ) દ્વિતીય પદાર્થથી શૂન્ય અનુભૂત થાય છે.*

**केवलं सच्चिदानन्दप्रकाशाद्वयलक्षणम्।**
**शून्यकल्पं पराकाशं परब्रह्म प्रकाशते।।६८।।**

*કેવળ, સત્ ચિત્ આનંદ પ્રકાશ અને અદ્વિતીય લક્ષણવાળા, શૂન્ય સદશ*

*પરાકાશ પરબ્રહ્મ પ્રકાશિત થાય છે.*

**शून्यज्ञानादिसङ्कल्पे शून्यसर्वार्थसाधने।**
**ज्योतिर्लिङ्गे चिदाकारे स्वप्रकाशे निरुत्तरे।।**
**एकीभावमुपेतस्य कथं ज्ञानस्य सम्भवः।।६९।।**

*જે જ્ઞાન વગેરે સંકલ્પથી શૂન્ય, સર્વ પુરુષાર્થ સાધનોથી રહિત નિરુત્તર (અર્થાત્ સર્વોપરિ) ચિત્તસ્વરૂપ, સ્વપ્રકાશ જ્યોર્તિલિંગની સાથે એક થઇ ગયેલા તેને જ્ઞાન ક્યાંથી થશે ? (કારણ કે તે તો સ્વયં જ્ઞાન સ્વરૂપ થઇ ગયા)*

**यस्य कार्यदशा नास्ति कारणत्वमथापि वा।**
**शेषत्वं नैव शेषित्वं स मुक्तः पर उच्यते।।७०।।**

*જેને ન તો કાર્યાવસ્થા છે ન કારણાવસ્થા. જે ન શેષ (અર્થાત્ અંગ) છે ન શેષી (અર્થાત્ અંગી) તે પર મુક્ત (અર્થાત્ શ્રેષ્ઠ મુક્ત) છે.*

**एतावदुक्त्वा परमप्रबोधमद्वैतमानन्दशिवप्रकाशम्।**
**देव्यै पुरा भाषितमीश्वरेण तूष्णीमभूद् ध्यानपरो गणेन्द्रः।।७१।।**

*(ઉપદેશોસંહાર વર્ણન) - ગણેશ્વર રેણુકાચાર્ય ઈશ્વર (અર્થાત્ શિવ) ના દ્વારા પહેલા દેવી પાર્વતીને ગુપ્ત રૂપથી ઉપદિષ્ટ અદ્વૈત આનંદ શિવ પ્રકાશ કરવાવાળા પરમ પ્રબોધ અર્થાત્ ઉત્તમ જ્ઞાનના આ પ્રકાર ઉપરાંત એટલો ઉપદેશ આપીને ધ્યાનસ્થ થઈને મૌન થઈ ગયા.*

**एवमुक्त्वा समासीनं शिवयोगपरायणम्।**
**रेणुकं तं समालोक्य बभाषे प्राञ्जलिर्मुनिः।।७२।।**

*એવું કહીને (આસન પર) વિરાજમાન શિવયોગી તે રેણુકાચાર્યને જોઈને અગસ્ત્ય મુનિ હાથ જોડીને બોલ્યા.*

**शिवयोगविशेषज्ञ शिवज्ञानमहोदधे।**
**समस्तवेदशास्त्रादिव्यवहारधुरन्धर ।।७३।।**

**आलोकमात्रनिर्धूतसर्वसंसारबन्धनः ।**
**स्वच्छन्दचरितोल्लासस्वप्रकाशात्मवच्छिव।।७४।।**

**अवतीर्णमिदं शास्त्रमनवद्यं त्वदाननाम्।**
**श्रुत्वा मे मोदते चित्तं ज्योतिः पश्ये शिवाभिधम्।।७५।।**

*હે શિવયોગના વિશેષજ્ઞ. હે શિવજ્ઞાનના મહાસાગર. હે સમસ્ત વેદશાસ્ત્ર આદિ વ્યવહારના ધુરંધર. હે આલોકમાત્રથી ઉપવારિત સર્વ સંસારરૂપ બંધનવાળા. હે સ્વચ્છંદચરિતથી ઉલ્લાસયુક્ત. હે સ્વપ્રકાશરૂપ શિવ ! તમારા મુખથી નિઃસૃત આ નિર્મળ શાસ્ત્રને સાંભળીને મારું ચિત્ત આનંદથી ભરાઈ ગયું. હું શિવ નામના જ્યોતિનો સાક્ષાત્કાર કરી રહ્યો છું.*

**अद्य मे सफलं जन्म गतो मे चित्तविभ्रमः।**
**सञ्जाता पाशविच्छित्तस्तपांसि फलितानि च।।७६।।**

*આજે મારો જન્મ સફળ થઈ ગયો. મારા મનનો સંદેહ દૂર થઈ ગયો. પાશ કપાઈ ગયા અને મારી તપસ્યાઓ ફળીભૂત થઈ ગઈ.*

**इदानीमेव मे जातं मुनिराजोत्तमोत्तमम्।**
**इतः परं मया नास्ति सदृशो भुरनत्रये।।७७।।**

*આ જ સમયે મારામાં મુનિશ્રેષ્ઠતા આવી ગઈ. એના પછી ત્રણે ભુવનોમાં મારી જેવો કોઈ નથી.*

**शास्त्रं तव मुखोद्गीर्णं शिवाद्वैतपरम्परम्।**
**मां विना कस्य लोकेषु श्रोतुमस्ति तपः शुभम्।।७८।।**

*તમારા મુખથી નીકળેલા શિવાદ્વયપરંપરાવાળા શુભ શાસ્ત્રને સાંભળવાને માટે મારા અતિરિક્ત બીજા કોની તપસ્યા હોઈ શકે છે.*

**तपसां परिपाकेन शङ्करस्य प्रसादतः।**
**आगतस्त्वं महाभाग मां कुतार्थयितुं गिरा ।।७९।।**

*હે મહાત્મા મારી તપસ્યાના પરિપાકથી શંકરની કૃપાના કારણે તમે તમારી વાણીથી મને કૃતકૃત્ય કરવા માટે આવ્યા છો.*

**इति स्तुवन्तं विनयादगस्त्यं मुनिपुङ्गवम्।**
**आलोक्य करुणादृष्ट्या बभाषे स गणेश्वरः।।८०।।**

*આવી રીતે વિનય પૂર્વક સ્તુતિ કરતાં મુનિશ્રેષ્ઠ અગસ્ત્યને કૃપામયી દષ્ટિથી જોઈને ગણેશ્વર રેણુકાચાર્યે કહ્યું.*

**अगस्त्य मुनिशार्दूल तपःसिद्धमनोरथ।**
**त्वां विना शिवशास्त्रस्य कः श्रोतुमधिकारवान्।।८१।।**

*હે તપસ્યાના દ્વારા સિદ્ધમનોરથવાળા મુનિશ્રેષ્ઠ અગસ્ત્ય ! તમારા વિના શિવશાસ્ત્રને સાંભળવાનો અધિકારી બીજું કોઈ હોઈ શકે છે.*

**पात्रं शिवप्रसादस्य भवानेको न चापरः।**
**इति निश्चित्य कथितं मया ते तन्त्रमीदृशम्।।८२।।**

*"શિવની કૃપાના પાત્ર એક તમે જ છો બીજું કોઈ નહિ" - એવો નિશ્ચય કરી મે આ પ્રકારના તંત્રનો તમને ઉપદેશ આપ્યો.*

**स्थाप्यतां सर्वलोकेषु तन्त्रमेतत् त्वया मुने।**
**ईदृशं शिवबोधस्य साधनं नास्ति कुत्रचित्।।८३।।**

*હે મુનિ ! તમે આ તંત્રનો બધા લોકોમાં (અથવા સર્વ લોકોમાં) પ્રચાર પ્રસાર અને સ્થાપન કરો. શિવજ્ઞાનનું આવું સાધન ક્યાંય નથી.*

**रहस्यमेतत् सर्वज्ञः सर्वानुग्राहकः शिवः।**
**अवादीत् सर्वलोकानां सिद्धये पार्वतीपतिः।।८४।।**

*સર્વજ્ઞ સર્વાનુગ્રહ કર્તા પાર્વતીપતિ શિવને બધા લોકોની સિદ્ધિના માટે આ રહસ્ય (તત્વોપનિષદ) ને બતાવ્યું.*

**तदिदं शिवसिद्धान्तसाराणामुत्तमोत्तमम्।**
**वेदवेदान्तसर्वस्वं विद्याचारप्रवर्तकम्।।८५।।**

**वीरमाहेश्वरग्राह्यं शिवाद्वैतप्रकाशकम्।**
**परीक्षितेभ्यो दातव्यं शिष्येभ्यो नान्यथा क्वचित्।।८६।।**

*અઠયાવીસ શૈવાગમોના તત્વોમાં ઉત્તમ, ઉપરાંત વેદાંતનું સર્વસ્વ, વિદ્યાચારના પ્રવર્તક, વીર માહેશ્વરોના સ્વીકાર્ય, શિવાદ્વૈતના પ્રકાશક આ શાસ્ત્ર પરીક્ષિત શિષ્યોને જ આપવું જોઈએ. અન્ય પ્રકારના લોકોને ક્યારેય નહીં.*

**एतच्छ्रवणमात्रेण सर्वेषां पापसंक्षयः।**
**अवतीर्णं मया भूमौ शास्त्रस्यास्य प्रवृत्तये।।**
**प्रवर्तय शिवाद्वैतं त्वमपि ज्ञानमीदृशम्।।८७।।**

*કેવળ તેને સાંભળવાથી બધા પ્રકારના લોકોના પાપનો ક્ષય થઈ જાય છે. આ શાસ્ત્રના પ્રવર્તનના માટે મે આ પૃથ્વી પર અવતાર લીધો. તમે પણ આ પ્રકારના શિવાદ્વૈત જ્ઞાનનો પ્રચાર કરો.*

******

## એકવીશમો પરિચ્છેદ

### વિભીષણ અભીષ્ટ દાન

**इत्युक्त्वा पश्यतस्तस्य पुरस्तादेव रेणुकः।**
**अन्तर्दधे महादेवं चिन्तयन्नन्तरात्मना।।१।।**

*(વિભીષણને અભિષ્ટદાન) - એમ કહીને રેણુક ગણેશ્વર પોતાના અંતરાત્મામાં મહાદેવનું ધ્યાન કરતાં તે અગસ્ત્યના સામે જ અંતર્ધાન થઈ ગયા.*

**य इदं शिवसिद्धान्तं वीरशैवमतं परम्।**
**शृणोति शुद्धमनसा स याति परमां गतिम्।।२।।**

*જો આ વીરશૈવધર્મસંમત શિવસિદ્ધાંતને મનથી સાંભળે છે તે પરમગતિને પ્રાપ્ત થાય છે.*

**स्वच्छन्दाचाररसिकः स्वेच्छानिर्मितविग्रहः।**
**आससाद पुरीं लङ्कां रेणुको गणनाथकः।।३।।**

*સ્વચ્છંદ આચરણમાં આનંદનો અનુભવ કરવાવાળા તથા પોતાની ઈચ્છાનુસાર શરીર ધારણ કરવાવાળા ગણેશ્વર (અંતર્ધાન થયા બાદ) લંકા પહોંચી ગયા.*

**समागतं महाभागं सर्वागमविशारदम्।**
**विभीषणः समालोक्य गेहं प्रवेशयन्निजम्।।४।।**

*કામુકથી લઈને વાતુલ પર્યંત સર્વ દિવ્ય આગમોમાં વિશારદ તે મહાભાગ રેણુકાચાર્યને આવેલા જોઈને વિભીષણે તેમને પોતાના ઘરમાં પ્રવેશ કરાવ્યો.*

**भद्रासने निजे रम्ये निवेश्य गणनायकम्।**
**अर्ध्यपाद्यादिभिः सर्वैरुपचारैरपूजयत्।।५।।**

*પોતાના રમણીય સિંહાસન પર ગણેશ્વરને બેસાડીને (વિભીષણે) અર્ધ્યપાદ્ય આદિ સર્વ ઉપચારોથી તેની પૂજા કરી.*

**पूजितेन प्रसन्नेन रेणुकेन निरूपितः।**
**निषसाद तदभ्याशे स निजासनमाश्रितः।।६।।**

*પૂજિત ઉપરાંત પ્રસન્ન રેણુકાચાર્યના દ્વારા આદેશને પ્રાપ્ત કરી તે વિભીષણ તેમની પાસે પોતાના આસન પર બસી ગયા.*

**आबभाषे गणेन्दं तं कृताञ्जलिर्विभीषणः।**
**मानुषाकारसम्पन्नं साक्षच्छिवमिवापरम्।।७।।**

*ત્યાર પછી મનુષ્યનો આકાર ધારણ કરેલા સાક્ષાત્ બીજા શિવની સમાન તે ગણેશ્વરને વિભીષણે હાથ જોડીને કહ્યું.*

**रेणुक त्वां गणाधीश शिवज्ञानपरायण।**
**अवतीर्णं महीमेनामिति सम्यक् श्रुतं मया।।८।।**

*હે શિવજ્ઞાનપરાયણ ગણેશ્વર રેણુક ! તમે આ ધરા ધામ પર અવતાર લીધો છે એવું મેં ભલીભાંતિ સાંભળ્યું છે.*

**मद्भाग्यगौरवादद्य समायास्त्वं पुरीमिमाम्।**
**कथं भाग्यविहीनानां सुलभाः स्युर्भवादृशाः।।९।।**

*મારા મહાભાગ્યથી આજે આપ આ નગરીમાં આવ્યા છો. ભાગ્યહીન લોકોને આપ જેવા લોક કેવી રીતે સુલભ થઈ શકો છો.*

**मत्समो नास्ति लोकेषु भाग्यातिशयवत्तया।**
**यस्य गेहं स्वयं प्राप्तो भवान् साक्षान्महेश्वरः।।१०।।**

*આ સંસારમાં મારા સમાન અતિશય ભાગ્યશાલી કોઈ નથી. જેના ઘરે સાક્ષાત્ મહેશ્વર સ્વરૂપ તમે પોતે પધાર્યા છો.*

**कृतार्था मे पुरी ह्येषा कृतार्थो राक्षसान्वयः।**
**जीवितं च कृतार्थं मे यस्य त्वं दृष्टिगोचरः।।११।।**

*જેની સામે તમે દૃશ્યમાન છો તે મારી લંકાપુરી અને આ રાક્ષસકુળ તથા મારું જીવન (આજે) કૃતકૃત્ય થઈ ગયું.*

**इति ब्रुवाणं कल्याणं राक्षसेन्द्रं गणेश्वरः।**
**बभाषे सस्मितो वाणीं विश्वोल्लासकरीं शुभाम्।।१२।।**

*એવું કહેવાવાળા કલ્યાણયુક્ત (અથવા એવા કલ્યાણયુક્ત વચન કહેવાવાળા) રાક્ષચેન્દ્રથી ગણેશ્વર મંદહાસ્યની સાથે વિશ્વોલ્લાસકારિણી શુભ વાણી બોલ્યા.*

**विभीषण महाभाग जाने त्वां धर्मकोविदम्।**
**त्वां विना कस्य लोकेषु जायते भक्तिरीदृशी।।१३।।**

*હે મહાભાગ્યશાળી ! વિભીષણ તમને હું ધર્મજ્ઞાતાના રૂપમાં જાણું છું. આ લોકમાં તમારા અતિરિક્ત અને કોનામાં આ ભક્તિ હોઈ શકે છે.*

**समस्तशास्त्रसारज्ञं सर्वधर्मपरायणम्।**
**अध्यात्मविद्यानिरतमाहुस्त्वां राक्षसेश्वर।।१४।।**

*હે રાક્ષસેશ્વર ! (વિદ્વાન લોકો) તમને સર્વ શાસ્ત્રોમાં તત્વવેત્તા, સર્વધર્મપરાયણ તથા અધ્યાત્મ વિદ્યામાં નિરત કહે છે.*

**त्वदीयधर्मसम्पत्तिं श्रुत्वाहं विस्मिताशयः।**
**व्रजन् कैलासमचलं त्वदन्तिकमुपागतः।।१५।।**

*તમારી ધર્માચરણપ્રવૃત્તિને સાંભળીને વિસ્મિતચિત્તમાં કૈલાસ પર્વત જતાં તમારી પાસે આવી ગયો.*

**प्रीतोऽस्मि तव चारित्रैः शोभनैर्लोकविश्रुतैः।**
**दास्यामि ते वरं साक्षात् प्रार्थयस्व यथेप्सितम्।।१६।।**

*હું તમારી લોકવિશ્રુત સુંદર ચરિત્રોથી પ્રસન્ન છું. હું તમને સાક્ષાત્ વરદાન આપીશ. યોગ્ય વરદાન માંગો.*

**इति प्रसादसुमुखे भाषमाणे गणेश्वरे।**
**प्रणम्य परया प्रीत्या व्याजहार विभीषणः।।१७।।**

*પ્રસન્નતાથી યુક્ત ગણેશ્વરના એવું કહેવાથી વિભીષણ પરમ પ્રસન્નતાની સાથે પ્રણામ કરી બોલ્યા.*

**दुर्लभाः सर्वलोकानां समपद्यान्त सम्पदः।।१८।।**

*તમારા જેવા શિવયોગીના આગમનરૂપી કૃપાથી જ બધા લોકોને દુર્લભ સંપતિઓ મળે છે.*

**तथापि प्रार्थनीयं मे किञ्चिदस्ति गणेश्वर।**
**सुकृते परिपक्वे हि स्वयं सिद्ध्यति वाञ्छितम्।।१९।।**

*તો પણ હે ગણેશ્વર ! મારી કંઈક પ્રાર્થના છે. પુણ્યના પરિપક્વ થવાથી અભિષ્ટની સિદ્ધિ સ્વયં થઈ જાય છે.*

**रावणो हि मम भ्राता माहेश्वरशिखामणिः।**
**अदृष्टशत्रुसम्बाधं शशास हि जगत्त्रयम्।।२०।।**

*મારા ભાઈ રાવણ, જે શિવભક્તોમાં શિખામણિ (ના સમાન શ્રેષ્ઠ) હતા તથા જેની પાસે શત્રુરૂપી બાધા ન હતી, ને ત્રણે લોકો પર શાસન કર્યું.*

**यस्य प्रतापमतुलं सोढुमक्षतशक्तयः।**
**इन्द्रादयः सुराः सर्वे राज्यलक्ष्म्या वियोजिताः।।२१।।**

*જેના અતુલ પ્રતાપને સહેવામાં અસમર્થ ઈન્દ્ર આદિ સમસ્ત દેવગણ (જેના દ્વારા) રાજ્યલક્ષ્મીથી રહિત કરવામાં આવ્યા.*

**स तु कालवशेनैव स्वचरित्रविपर्ययात्।**
**रणे विष्ण्वतारेण रामेण निहतोऽभवत्।।२२।।**

*તે પરાક્રમી રાવણકાળના પ્રભાવવશ પોતાના વિપરિત ચરિત્રના કારણે વિષ્ણુના અવતારભૂત રામના દ્વારા યુદ્ધમાં માર્યા ગયા.*

**स तु रामशराविद्धः कण्ठस्खलितजीवितः।**
**अवशिष्टं समालोक्य मामवादीत् सुदुःखितः।।२३।।**

*રામના બાણોથી પૂર્ણતયા વિદ્ધ એટલા માટે કંઠગતપ્રાણવાળા તે રાવણ અવશિષ્ટ (અર્થાત્ રાવણવંશમાં એક માત્ર બચેલા) મને જોઈને દુઃખી થઈ બોલ્યા.*

**विभीषण विशेषज्ञ महाबुद्धे सुधार्मिक।**
**अवशिष्टोऽसि वंशस्य रक्षसां भाग्यगैरवात् ।।२४।।**

*હે ધર્માચરણશીલ મહાબુદ્ધિમાન વિશેષજ્ઞ ! અર્થાત્ વિશિષ્ટ જ્ઞાનવાળા વિભીષણ રાક્ષસોના મહાભાગ્યથી એકમાત્ર તમે રાક્ષસોના વંશમાં અવશિષ્ટ છો.*

**वयमज्ञानसम्पन्ना महत्सु द्रोहकारिणः।**
**ईदृशीं तु गतिं प्राप्ता दुस्तरा हि विधिस्थितिः।।२५।।**

*અજ્ઞાની, મહાન લોકોનો વિરોધ કરવાવાળા અમે આ પ્રકારની ગતિને પ્રાપ્ત થયા. ભાગ્યની સ્થિતિ અનુલ્લંઘનીય હોય છે.*

**नवकं लिङ्गकोटीनां प्रतिष्ठाप्यमिह स्थले।**
**इति सङ्कल्पितं पूर्वं मया तदवशिष्यते।।२६।।**

*મેં પહેલા એ સંકલ્પ કર્યો હતો કે આ લંકા નગરીમાં નવ કરોડ શિવલિંગની સ્થાપના કરીશ. એમાંથી કેટલાક શેષ છે.*

**कोटिषट्कं तु लिङ्गानां मया साधु प्रतिष्ठितम्।**
**कोटित्रयं तु लिङ्गानां स्थापनीयमतस्त्वया।।२७।।**

*છ કરોડ લિંગની મે ભલીભાંતિ પ્રતિષ્ઠા કરી. એના પછી ત્રણ કરોડ લિંગોની સ્થાપના તમારે કરવાની છે.*

**इति तस्य वचः श्रुत्वा दीनबुद्धेर्मरिष्यतः।**
**तथा साधु करोमीति प्रतिज्ञातं मया तथा।।२८।।**

*દીનબુદ્ધિ તથા મરણાસન્ન તે રાવણની વાત સાંભળીને "હું તે જ પ્રમાણે ભલીભાંતિ કરીશ" એવી મે પ્રતિજ્ઞા કરી.*

**युगपच्छिवलिङ्गानां कोटित्रयमनुत्तमम्।**
**प्रतिष्ठाप्यं यथाशास्त्रमिति मे निश्चयोऽभवत्।।२९।।**

*પછી મે નિશ્ચય કર્યો કે ત્રણ કરોડ ઉત્તમોત્તમ શિવલિંગની હું એકસાથે શાસ્ત્રોક્તવિધિથી સ્થાપના કરીશ.*

**लिङ्गकोटित्रयस्येह युगपत् स्थापनाविधौ।**
**अविदन्नेकमाचार्यमहमेवमवस्थितः ।।३०।।**

*ત્રણ કરોડ શિવલિંગોની સ્થાપના કરવામાં સમર્થ એક આચાર્યને ન જાણવાને કારણે મે અહીં હું અહીં (=લંકામાં) આ પ્રકારે (વિના લિંગ સ્થાપનાથી) પડયો છું.*

**शिवशास्त्रविशेषज्ञ शिवज्ञाननिधिर्भवान्।**
**आचार्यभावमासाद्य मम पूरय वाञ्छितम्।।३१।।**

*તમે શિવશાસ્ત્રના વિશેષજ્ઞ તથા શિવજ્ઞાનની નિધિ છો. આચાર્ય પદનો સ્વીકાર કરી મારી ઇચ્છાને પૂર્ણ કરો.*

**तस्येति वचनं श्रुत्वा राक्षसेन्द्रस्य धीमतः।**
**तथेति प्रतिशुश्राव सर्वज्ञो गणनायकः।।३२।।**

*બુદ્ધિશાળી વિભીષણની આ વાણી સાંભળી સર્વજ્ઞ ગણેશ્વરે "એવું જ થશે" - એવી પ્રતિજ્ઞા કરી.*

**ततः सन्तुष्टचित्तस्य पौलस्त्यस्येष्टसिद्धये।**
**कोटित्रयं तु लिङ्गानां यथाशास्त्रं यथाविधि।।**
**त्रिकोट्याचार्यरूपेण स्थापितं तेन तत्क्षणे।।३३।।**

*સંતુષ્ટચિત્ત વિભીષણ પણ ઈશ્વરસિદ્ધિના માટે ત્રિકોટીઆચાર્યના રૂપ માં રેણુકને ત્રણ કરોડ શિવલિંગોની શાસ્ત્ર અને વિધિવિધાન અનુસાર તત્કાળ સ્થાપના કરી દીધી.*

**तादृशं तस्य माहात्म्यं समालोक्य विभीषणः।**
**प्रणनाम मुहुर्भक्त्या पादयोस्तस्य विस्मितः।।३४।।**

*વિભીષણ તે રેણુકાચાર્યની તે પ્રકારના મહિમાને જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા અને વારંવાર ભક્તિપૂર્વક તેમના ચરણોમાં પ્રણામ કરવા લાગ્યા.*

**प्रणतं विनयोपेतं प्रहृष्टं राक्षसेश्वरम्।**
**अनुगृह्य स्वमाहात्म्याद् रेणुकोऽन्तर्हितोऽभवत्।।३५।।**

*વિનયથી યુક્ત પ્રસન્ન તથા નમસ્કાર કરતાં રાક્ષસેશ્વરના ઉપર અનુગ્રહ કરી રેણુકાચાર્ય પોતાના માહાત્મ્યથી અંર્તધાન થઈ ગયા.*

**विभीषणोऽपि हृष्टात्मा रेणुकस्य प्रसादतः।**
**शिवभाक्तिरसासक्तः स्थिरराज्यमपालयत्।।३६।।**

*રેણુકાચાર્યની કૃપાથી વિભીષણ પણ પ્રસન્નચિત્ત તથા શિવભક્તિરસથી પરિપ્લાવિત થઈ સ્થિર રાજ્યની રક્ષામાં નિમગ્ન થયા.*

**रेणुकोऽपि महातेजाः सञ्चरन् क्षितिमण्डले।**
**प्रच्छन्नश्च प्रकाशश्च परमाद्वैतभावितः।।३७।।**

**कांश्चिद् दृष्टिनिपातेन करुणारसवर्षिणा।**
**अपरानुपदेशेन शिवाद्वैताभिमर्शिना।।३८।।**

**अन्यांश्च सहवासेन समस्तमलहारिणा।**
**कृतार्थयन् जनान् सर्वान् कृतिनः पक्वकर्मिणः।।३९।।**

**दर्शयित्वा निजाधिक्यं शिवदर्शनलालसः।**
**खण्डयित्वा दुराचारान् पाषण्डान् भिन्नदर्शनान्।।४०।।**

**यन्त्रमन्त्रकलासिद्धान् विमतान् सिद्धमण्डलान्।**
**विजित्य स्वप्रभावेण स्थापयित्वा शिवागमान्।।**
**आजगाम निजावासं कोल्लिपाक्यभिधं पुरम्।।४१।।**

*મહાતેજસ્વી રેણુકાચાર્ય પણ પૃથ્વીમંડળ પર (ફરતા) - યાત્રા કરતાં ક્યારેક પ્રગટ ક્યારેક તિરોહિત, પરમઅદ્વૈતભાવથી ભાવુક થઈ કોઈકને કરુણાપૂર્ણ દૃષ્ટિથી અનુગૃહિત કરતાં, કોઈકને શિવાદ્વૈત વિષયક ઉપદેશ આપતાં, અન્ય લોકોને સર્વ સદ્ગુણી લોકો ને સહવાસથી ધન્ય-ધન્ય કરતાં, ભેગા કરતા પૂણ્ય કમાવવા પોતાના આધિક્ય બતાવીને કૃતાર્થ કરતાં, ભિન્ન દર્શનવાળા પાખંડી દુરાચારિયોનું ખંડન કરી, યંત્ર, મંત્ર, કલામાં સિદ્ધ વિરોધી સિદ્ધ મંડળોને પોતાના પ્રભાવથી જીતીને શૈવાગમની સ્થાપના કરી શિવદર્શનની ઈચ્છાથી પોતાના આવાસ કોલ્લિપાક્ય નામના નગરમાં આવી ગયા.*

**तत्र सम्भावितः सर्वैर्जनैः शिवपरायणैः।**
**सोमनाथाभिधानस्य शिवस्य प्राप मन्दिरम्।।४२।।**

*ત્યાં શિવપરાયણ સર્વ ભક્તોના દ્વારા સન્માનિત થઈને રેણુકાચાર્ય સોમનાથ નામના શિવમંદિરમાં ગયા.*

**पश्यतां तत्र सर्वेषां भक्तानां शिवयोगिनाम्।**
**तन्वानो विस्मयं भावैस्तुष्टाव परमेश्वरम्।।४३।।**

*ત્યાં આગળ દૃષ્ટા બનેલા સર્વ શિવયોગી ભક્તોના આશ્ચર્યમાં વૃદ્ધિ કરતાં તેમણે ભાવોથી પરમેશ્વરની ભક્તિ કરી (અથવા પોતાના ભક્તિભાવથી ભક્તોના વિસ્મયને વધારતાં સ્વયં શિવની સ્તુતિ કરી)*

**देव देव जगन्नाथ जगत्कारणकारण।**
**ब्रह्मविष्णुसुराधीशवन्द्यमानपदाम्बुज ।।४४।।**

*(રેણુકાચાર્ય દ્વારા કરવામાં આવેલી સ્તુતિ) - હે દેવદેવ ! જગન્નાથ, સંસારના કારણભૂત માયા કે પ્રકૃતિ આદિના કારણ, બ્રહ્મા, વિષ્ણુ, સુરાધીશ અર્થાત્ ઈન્દ્રના દ્વારા પોતાના ચરણ કમળોની વંદના કરવામાં આવે છે.*

**संसारनाटकभ्रान्तिकलानिर्वहणप्रद ।**
**समस्तवेदवेदान्तपरिबोधितवैभव ।।४५।।**

*તમે સંસાર નાટકરૂપી ભ્રમની કલાનું નિર્વહણ કરવાવાળા તથા સર્વ વેદ-વેદાંતના દ્વારા પૂર્ણતયા બોધિત વૈભવવાળા છો.*

**संसारवैद्य सर्वज्ञ सर्वशक्तिनिरङ्कुश।**
**सच्चिदानन्द सर्वस्व परमाकाशविग्रह।।४६।।**

*તમે સંસારરૂપી રોગના વૈદ્ય, સર્વજ્ઞ, સર્વશક્તિ, નિરંકુશ, સત્ ચિત્ આનંદસ્વરૂપ, સર્વસ્વ તથા પરાકાશરૂપી શરીરવાળા છે.*

**समस्तजगदाधारज्योतिर्लिङ्गविजृम्भण ।**
**सदाशिवमुखानेकदिव्यमूर्तिकलाधर ।।४७।।**

*સંપૂર્ણ સંસારના આધાર તથા જ્યોર્તિલિંગના પ્રકાશક (અથવા સર્વ જગતના આધારભૂત જ્યોર્તિલિંગના પ્રકાશક તથા પ્રમુખ અનેક દિવ્ય મૂર્તિઓના કલાકાર છે.)*

**गुणत्रयपदातीत मलत्रयविनाशन।**
**जगत्त्रयविलासात्मन् श्रुतित्रयविलोचन।।४८।।**

*સત્વ વગેરે ત્રણ ગુણોથી યુક્ત, આણવ વગેરે ત્રણ મલોના વિનાશક, ત્રલોકયના રૂપમાં ચાલવાવાળા (સૃષ્ટિ વગેરે) પંચકૃત્ય પીડાનો આનંદ લેવાવાળા તથા ઋગયજુ:સામ નામના ત્રણ વેદરૂપી ત્રિનેત્રવાળા છે.*

**पाहि मां परमेशान पाहि मां पार्वतीपते।**
**त्वदाज्ञया मयैतावत्कालमात्रं महीतले।।**
**अचारि भवदुक्तानामागमानां प्रसिद्धये।।४९।।**

*હે પરમેશ્વર ! મારી રક્ષા કરો. હે પાર્વતીપતિ ! મારો ત્રાણ કરો. તમારી આજ્ઞાથી મે આટલા સમય સુધી પૃથ્વીતળ પર તમારા દ્વારા કહેવાયેલા આગમોની પ્રસિદ્ધિ (અર્થાત્ પ્રચાર પ્રસાર) ના માટે વિચરણ કર્યુ.*

**अतः परं स्वरूपं ते प्राप्तुकामोऽस्मि शङ्कर।**
**अन्तरं देहि मे किञ्चिदनुकम्पाविशेषतः।।५०।।**

*હે શંકર ! આના પછી હું તમારા સ્વરૂપને પ્રાપ્ત કરવા માગું છું. વિશેષ કૃપા કરી મને થોડો અવકાશ આપો.*

**इत्युक्ते गणनायकेन सहसा लिङ्गात् ततः शाङ्करात्**
**वत्सागच्छ महानुभाव भवतो भक्त्या प्रसन्नोऽस्म्यहम्।**
**इत्युच्चैरगदाद् वचस्तनुभृतामाश्चर्यमासीत्तदा**
**दिव्यो दुन्दुभिराननाद गगने पुष्पं ववर्षुर्गणाः।।५१।।**

*ગણેશ્વરના આમ કહેવાથી અચાનક શિવલિંગમાંથી મોટા સ્વરમાં વાણી નીકળી - "હે વત્સ ! આવો, હે મહાનુભાવ ! હું તમારી નવધા ભક્તિથી પ્રસન્ન છું." તે સમયે બધા મનુષ્યોને આશ્ચર્ય થયું. આકાશમાં દેવદુંદુંભિ વાગવા લાગી અને દેવગણોએ પુષ્પવૃષ્ટિ કરી.*

**श्रुत्वा लिङ्गाद् वचनमुदितं शाङ्करं सानुकम्पं**
**संहृष्टात्मा गणपतिरथो ज्योतिषा दीप्यमानः।**
**जातोत्कण्ठैः परमनुचरैर्योगिभिः स्तूयमानो**
**ज्योतिर्लिङ्गं परमनुविशत् स्वप्रकाशं तदानीम्।।५२।।**

*લિંગમાંથી નીકળેલા અનુકંપાયુક્ત શંકર વચનને સાંભળી ગણેશ્વરનું મન પ્રસન્ન થઇ ગયું. જ્યોતિથી તે દીવ્યમાન થઇ ગયા. પરમઉત્કંઠાયુક્ત અનુચરભૂત યોગીઓના દ્વારા સ્તૂયમાન તેઓ તે સમયે પરમ સ્વપ્રકાશ જ્યોર્તિલિંગમાં પ્રવેશ કરી ગયા.*

**लीने तस्मिन् शाङ्करे स्वप्रकाशे**
**दिव्याकारे रेणुके सिद्धनाथे।**
**सर्वो लोको विस्मिताभूत्तदानीं**
**शैवी भक्तिः सप्रमाणा बभूव।।५३।।**

*દિવ્ય આકારવાળા સિદ્ધનાથ રેણુકાચાર્યે તે સમયે સ્વપ્રકાશ શંકરલિંગમાં લીન થઈ ગયા તે સમયે બધા લોકો આશ્ચર્ય ચકિત થઈ ગયા તથા શૈવી ભક્તિ પ્રમાણિત થઈ ગઈ.*

**श्रीवेदागमवीरशैवसरणिं श्रीषट्स्थलोद्यन्मणिं**
**श्रीजीवेश्वरयोगपद्मतरणिं श्रीगोप्यचिन्तमणिम्।**
**श्रीसिद्धान्तशिखामणिं लिखयिता यस्तं लिखित्वा परान्**
**श्रुत्वा श्रावयिता स याति विमलां भाक्तिं च मुाक्तिं पराम्।।५४।।**

*(ફલશ્રુતિ વર્ણન) - શ્રી વેદાગમ વીરશૈવના સિદ્ધાંતનું અનુસરણ કરવાવાળી, મંગલકારી છ સ્થળોની ઉગતી (અર્થાત્ ચમકતી) મણિ, જીવ અને ઈશ્વરના યોગરૂપી કમલનું સૂર્ય, ગોપ્યચિંતામણિ રૂપ શ્રીસિદ્ધાંતશિકામણિને લખવાવાળા જે મનુષ્ય એને લખશે અથવા લખાવશે અથવા લખીને સંભળાવશે અથવા સ્વયં સાંભળશે તે નિર્મળ ભોગ અને પરમ્ મોક્ષને પ્રાપ્ત કરશે.*

*****